श्री मोहन चरित्रम्.

जैन ग्रन्थोत्तेजक मंडळी.

॥ श्रीरस्तु ॥

श्रीमोहनचरितम्

वैराजक्षेत्रवासिना महाराष्ट्राभिजनेन

गोविन्दाचार्यसूनुना पण्डितदामोदरशर्मणा

विरचितम् ।

तच्च

जैनग्रन्थोत्तेजकपर्षदा निर्णयसागरयन्त्रालये मुद्रितम्.

संवत् १९५२.

શ્રીમોહનચરિત્ર.

પણ્ડિત દામોદર ગોવિન્દાચાર્ય કાનડે

એમણે રચ્યું,

તે

બાલાવબોધસહિત

જૈનગ્રન્થોત્તેજક મંડળીના પ્રમુખ

શા૦ દેવકરણ મૂળજી ભાઇએ

મુંબઇમાં,

જાવજી દાદાજીના "નિર્ણયસાગર" પ્રેસમાં છપાવી પ્રગટ કર્યું.

સંવત્ ૧૯૫૨. સને ૧૮૯૫.

(એ ચરિત્ર સન ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીસ્ટર કર્યું છે.)

अर्पणपत्रिका.

નેક નામદાર ગુણજ્ઞ શેઠ તલકચંદ માણેકચંદ જસ્ટિસ આફ ધી પીસ.

આપ જૈનભાઇઓની સુધરેલી સ્થિતિ જોવાને ઘણા આતુર
છો, યુવાન જૈનગ્રંથકારોના ગુણની ગણના કરી યોગ્ય
આશ્રય આપવાને અહર્નિશ અગ્રેસર છો, જૈનભાઇઓની
સાંસારિક તથા ધાર્મિક સ્થિતિ સુધારવાને ઘણી કાળજી
રાખો છો, કેટલીએક ખરાબ રૂઢિઓનો નાશ કર-
વાને તથા જૈનશાસનની ઉન્નતિ કરવાને યોગ્ય
મદદ આપોછો, વળી સુરત જૈન નિરાશ્રિત
ફંડમાં તન, મન, ધનથી મદત કરી તે કા-
મની શરૂઆતમાં આગેવાન થયા,
ઇત્યાદિ ઇત્યાદિ કારણોને લીધે
પ્રીતિપૂર્વક આ મુનિરાજ ચરિત્ર
સાથે આપનું મુબારક નામ
જોડી રાખીને મગરૂર
થઇએ છિયે.

ગ્રંથકર્તા
તથા
જૈનગ્રંથોત્તેજક મંડળી.

मुनिराज महाराज श्रीमोहनलालजी.



मुनिराज महाराज श्रीमोहनलालजी.

જન્મ,

સંવત્ ૧૮૮૭ વૈશાખ વદિ ૬.

॥ विज्ञापना ॥

विदितमेतद्विदुषां यदेतस्मिन्भारते वर्षे चिरंतनानि धर्मप्रतिपादकानि दर्शनानि कालदोषादनुदिनं निदाघसमये सरांसीव तानवं भजन्ते। विरलतराश्चास्मिन्समये स्वयं समयानुसरणेन भविकसंघं सन्मार्गं प्रापयन्तः सन्तोऽपि प्रत्यूषे तारकापुञ्जा इव। तद्यदि कोऽपि मरुष्वमरतरुरिवान्धतमसे प्रदीप इव भवदवदग्धान्मिथ्याभिनिवेशान्धांश्च जनानुपदेशामृतं पाययित्वा सम्यक्त्वप्रदीपं च दत्त्वानुगृह्णीयात्तत्स लोकोत्तरगुणभाजनं पुरुषपुङ्गवः सर्वेषां गुणग्राहकाणां प्रशंसनीयोऽभ्यर्चनीयश्च नात्र संशीतिः। सांप्रतं खरतरगच्छनभोनभोमणिकल्पाः श्रीमन्मोहनमुनयः सर्वज्ञवचनानुगुणयुक्तियुक्तप्रबोधदानेन दुर्जनानां दौर्जन्यमपहरन्त एतामवसर्पिणीमुत्सर्पिणीदेश्यां विदधते। चरितमेतेषामा जन्मतः श्रवणीयमभिनन्दनीयमनुकरणीयं चेत्यवधार्य जैनग्रन्थोत्तेजिकया पर्षदा प्रोत्साहितः स्वयमनुभूतं श्रुतं चानुरुद्ध्येदं यथामति प्राणयम्। इदं चामूलान्निरीक्ष्य संस्करणे साहाय्यं ददतां गाडगिळोपाह्वकेशवात्मजदिनकरशास्त्रिणां महान्तमुपकारभारं वहामि। अत्र च भ्रान्तेः पुरुषधर्मत्वाद्यत्स्तोकं वा बहु वा स्खलितं परिदृश्येत तत्सुधीभिः क्षन्तव्यं संस्करणीयं चेत्यलं पल्लवितेन।

अत्रच प्रथमद्वितीयसर्गयोर्यत्र यत्र 'संवदि' इति पदमागच्छति तत्र तत्र 'संवद्वर्षे' इत्यादिकोशप्रामाण्येन संवदीत्येतस्य प्रयुक्तस्याशुद्धिप्रतिपादनं न कार्यम्, बहुषु जैनीयग्रन्थेषु तथा प्रयुक्तत्वात्। अपिच, कोशकारस्यापि संवदित्यव्ययमेवेति नाग्रहः। ध्वनितं चेदं तदुपरितनटीकाकारेण 'प्रभवाख्या संवत्' इत्युदाहरणं ददता महेश्वरेण। अन्यथा 'क्रियाव्ययविशेषणे' इति लिङ्गानुशासनानुरोधेन 'प्रभवाख्यमित्येवोद्येत। नच तेनोदाहरणेन पाक्षिकी तस्य स्त्रीलिङ्गता ध्वन्यत इति अमुकमिते संवदीत्यनुपपन्नमिति वाच्यम्। दृढं भक्तिरस्य 'दृढभक्तिः' इत्यादाविव लिङ्गविशेषाभिधानाविवक्षया सामान्ये नपुंसकस्य सूपपादत्वात् भवत्येवोदीरितः प्रयोग इति।

मोहमय्याम्
ज्ञानपञ्चम्यां मङ्गले
संवत् १९९२.

दामोदरशर्मा.

વિજ્ઞાપના.

આ ચરિત્રના સંબંધમાં ટૂકમાં જે કંઈ લખવાનું હતું તે સંસ્કૃતમાં લખ્યું છે. તોપણ સંસ્કૃત ભાષાના અજાણ લોકોને જાહેર કરવાવાસ્તે ભાષામાં થોડું લખવાની જરૂર છેજ. મુનિરાજ **શ્રીમોહનલાલ** મહારાજજીના શિષ્યોનું અધ્યાપકત્વ આજ પાંચ વર્ષ થયાં મેં ધારણ કર્યું છે. તેટલી મુદતમાં પ્રસ્તુત ચરિત્રનાયકના જે લોકોત્તર ગુણ મારી નજરમાં આવ્યા તેથી હું ઘણો રાજી થયો છું. ગમે તેવો અધર્મી હોય તોપણ તેને ધર્મી કરવાની જે વચનકલા મોહનમુનિજીમાં રહી છે, તેવી આજ જૈનસંઘમાં પ્રાયઃ દુર્લભ છે. કદાચ હશે તો એક બે ડેકાણેજ ! શા. **ધર્મચંદ ઉદેચંદનો** સંઘ **સુરતથી પાલીતાણે** ગયો ત્યારે પ્રસ્તુત મહારાજ શ્રી તેની જોડે પધાર્યા હતા, અને હુંપણ તે વખતે તેમના પરિવારમાં હતો. મહારાજજી ઉપર અપરિમિત રાગ રાખનારા કેટલાક ભવ્યજીવોએ એમનું જન્મચરિત્ર લખવાવાસ્તે મને **પાલીતાણે** જતાં રસ્તામાં પ્રેરણા કરી. પછી **જૈનગ્રંથોત્તેજક** મંડળીયે છપાવવાનું કામ માથે લીધું, ત્યારે આ કામને ઘણુંજ ઉત્તેજન મળ્યું. પ્રથમ આ ગ્રંથના મૂળની સંસ્કૃતમાં મે રચના કરી, અને તે મૂળમાત્રજ છપાવવાનો પહેલો વિચાર હતો; પણ બધાને લાભ થવાવાસ્તે બાલાવબોધ કરવાનો પ્રયત્ન કરયો. બાલાવબોધ કઠણ નહીં થવાવાસ્તે મૂળ ગ્રંથનો ભાવાર્થ માત્ર લીધો છે. નિર્ણયસાગરના અધિપતિસાહેબે આ ગ્રંથ છાપવાનું કામ મારા મનમાફક કર્યું છે, અને નવીન ગ્રંથ હોવાથી જે વધારે તસ્દી પડી તે સહન કરી, વાસ્તે હું તેમનો આભાર માનું છું. તેમજ બાલાવબોધનાં પ્રુફ્સ તપાસવાના કામમાં શા૦ ફતેચંદ કર્પૂરચન્દ્ર લાલને ઘણી મેહનત લીધી તેથી તેમનો પણ આભાર માનુંછું. એમાં જે કંઈ દોષ રહ્યા હોય તે સુધારી લેશમાત્ર ગુણ હોય તે લેવાની સજ્જનો કૃપા કરશે, એવી હું આશા રાખું છું.

મુંબઈ,
કાર્તિક શુદિ ૫ ને મંગળવાર
સંવત્ ૧૯૫૨.

પંડિત દામોદર ગોવિંદાચાર્ય કાનડે.

જૈનગ્રન્થોત્તેજક મંડળીના મેંબરોનાં નામો.

શા૦ દેવકરણભાઈ મૂળજીભાઈ,
શા૦ મૂળચંદ હેમરાજ,
શા૦ કેસરીચંદ ઉત્તમચંદ,
શા૦ મૂળચંદ ઇચ્છાચંદ,
શા૦ અમેચંદ કસ્તુરચંદ,
શા૦ હેમચંદ મૂળચંદ,
શા૦ મોતીચંદ હેમરાજ,
શા૦ ભાઇચંદ રતનચંદ.

॥ श्रीः ॥

॥ नमः सिद्धेभ्यः ॥

॥ अथ मोहनचरितम् ॥

शंसन्तं त्रिदिवपतिं न यः शशंस
निघ्नन्तं वृषभपुषं न यो निनिन्द ॥
यस्यासीज्जनुषि मही प्रहर्षिणीयं
सोऽव्याद्वस्त्रिजगदिनो भवाद्भव्यात् ॥ १ ॥
बभूवुरमिता इह त्रिजगदीश्वरा भाविनः
स्वरूपत इमे समास्तदपि यस्तपोवृद्धितः ॥

(॥ श्रीपार्श्वनाथो विजयते तराम् ॥)

॥ श्रीमोहनचरित्रस्य संस्कृते रचितस्य च ॥
॥ बालावबोधं बोधार्थं यथामति तनोम्यहम् ॥ १ ॥

સ્તુતિ કરનારા સૌધર્મેંદ્રની જે ભગવાને વખાણ ન કરી, અને શરીરઉપર ચાબુકનો પ્રહાર કરનારા તથા કાનમાં ખીલી ઠોકનારા ગોવાળિયાની જેમણે નિંદા પણ ન કરી. જેમના જન્મસમયે આ ભૂમિ (ચૌદે રાજલોક) પ્રહર્ષિણી (ઘણી હર્ષવાળી) થઈ. તે બધા જીવોપર મનની વૃત્તિ સમાન રાખનારા, ત્રણે જગતના નાથ શ્રીમહાવીર સ્વામી આ અસાર સંસારથી, હે ભવ્યજીવો ! તમારી રક્ષા કરો. (૧) આ ભારત ક્ષેત્રમાં અગણિત તીર્થંકર થઈ ગયા, અને થશે પણ. આ બધા તીર્થ-

---

૧:–સંસ્કૃતમાં રચેલા મોહનચરિત્રનો બધાને બોધ થવાવાસ્તે યથામતિ બાલાવબોધ કરૂં છું. ૨:–'प्रहर्षिणी' એ શબ્દથી આ શ્લોકનો પ્રહર્ષિણી છંદ છે એમ સૂચવ્યું. એ છંદમાં અનુક્રમે ' म, न, भ, र, ' એ ચાર ગણ અને છેલ્લો ગુરૂ આવે છે.

जगत्यलभ्यतान्यदुर्लभयशःप्रथां पावनीं
स पार्श्व इह संमतां दिशतु वः श्रुते संविदम् ॥ १ ॥
यदीयगुणगौरवात्कमलमप्यगाज्जौरवं
यदीयवचनामृताद्गुरुरवामुचज्जौरवम् ॥
बुधैर्नृपसदोगतैः कृतमहार्हणागौरवं
भजामि तदनारतं भयहरं पदं गौरवम् ॥ २ ॥
अथ श्रीमन्महाराज–मोहनाख्यमुनीशितुः ॥
चरित्रं चारित्रयुत–मिदं प्रस्तूयतेऽद्भुतम् ॥ ४ ॥
महान्ति सन्ति महतां प्रणीतानि महात्मभिः ॥
चरित्राणि लवित्राणि घनकर्मलतातते: ॥ ५ ॥

કરો સ્વરૂપથકી સરખાજ છે; તોપણ જે ભગવાન્ પૂર્વભવોમાં કરેલી ઘણી તપસ્યાથી ભવ્યલોકોને પવિત્ર કરનારી દુર્લભ કીર્તિ પામ્યા, તે પાર્શ્વનાથ ભગવાન્ આ સંસારમાં તમોને સારૂં શ્રુતજ્ઞાન આપો. (૨) જે ગુરૂપદ: કોમલતા, લાલાશપણું વિગેરે ગુણેકરીને આપણાથી ઘણું શ્રેષ્ઠ છે, એમ વિચારીને કમળપણ ગૌરવ (જડતા) પામ્યું. જે ગુરૂની અમૃતસરખી વાણી સાંભળીને, દેવતાના ગુરૂ બૃહસ્પતિએપણ ગૌરવ (મોટાઈ) છોડી દીધું. તથા રાજસભામાં બેસનારા પંડિતલોકોએપણ જે ગુરૂપદની ઘણી પૂજા અને ગૌરવ (આદરસત્કાર) કર્યો. એવા ભયને દૂર કરનાર ગુરૂપદની નિરંતર સેવા કરૂં છું. (૩) શ્રીમોહનલાલ મહારાજજીનું ચરિત્ર તથા ચારિત્ર ઘણુંજ અદ્‌ભુત છે. એની રચના કરવા વાસ્તે હું પ્રસ્તાવના કરૂં છું. (૪) પોતે પોતાના મનમાં ડાહ્યા સમજનારા કેટલાક લોકોએ કુતર્ક કર્યો કે, મોટા મોટા મહાત્માઓએ રચેલાં અને કઠણ કર્મરૂપી જાળને તોડવા સમર્થ એવાં આચાર્યો વિગે-

---

૧:–ગ્રંથનો સંબંધ લાવવાવાસ્તે જે કહેવું પડે છે તે.

किमिदानींतनस्यैक-मुनिराजस्य वृत्ततः ॥
प्रयोजनमिति प्राञ्चं-मन्याः केऽपि शशाङ्किरे ॥६॥
तान्प्रत्याचक्ष्महे भव्याः सत्यं वो वचनं परम् ॥
एकान्तवाददुष्टत्वा-न्न स्याद्वादिकसंमतम् ॥७॥
अपि नूमण्डलेऽखण्डे मार्तण्डे चण्डतां गते ॥
किं गन्तागारतमसो नुदे दीपो न युज्यते ॥ ८ ॥
तमागेऽम्बुधिकल्पेऽपि नृन्निर्मन्दाग्निन्निर्न किम् ॥
नातिमिष्टं च लघु च कौपं पेपीयते पयः ॥ए॥
तपे तपनतापार्ता आढ्या जानपदा अपि ॥
किं न सौधं समुत्सृज्या-रामोटजनिवासिनः॥१०॥
शतघ्नी शतहन्त्री या तथान्याप्यायुधावलिः ॥
सास्तां दूरे यन्निहन्ति शस्त्र्येकान्तिकमागतम् ११

રેનાં ઘણાં ચરિત્રો વિદ્યમાન છે. (૫) તે છતાં આ કાળમાં વિદ્યમાન એવા એક મુનિરાજનું ચરિત્ર રચવાનું કારણ શું? (૬) એ કુતર્કનો ઉત્તર આ રીતે છે કે, હે ભવ્યલોકો! આપનું કહેવું ઠીક છે; પણ તેમાં એકાન્ત-વાદરૂપ દોષ હોવાથી તે સ્યાદ્વાદિ લોકોને માનવા લાયક નથી. (૭) આ-ખા પૃથ્વીમંડળને વિષે સૂર્ય ઉગ્ર થઇને તપતો હોય તોપણ ભોંયરામાં રહેલા અંધકારને દૂર કરવા માટે દીવો નહીં જોઇએ શું? જરૂર જોઇયે. (૮) સમુદ્રજેવડું મીઠા પાણીનું તળાવ પાસે ભરેલું છે, તોપણ તેને મૂકીને મંદ-જઠરાગ્નિવાળા લોકો મોળું પણ હલકું કુવાનું પાણી દૂરથી મંગાવીને પણ હમેશાં પીતા નથી કે શું? પિયેછેજ. (૯) ગરમીની મોસમમાં તાપથી કાયર થયેલા શહેરના મોટા ખાનદાન લોકોપણ પોતાના મહેલ મૂકીને બગીચામાંની ઝુંપડીમાં રહેતા નથી કે શું ? રહેછેજ. (૧૦) લડાઇના વખતમાં સેંકડો માણસના પ્રાણ હરણ કરનારી મોટી તોપ અને કેટલાંક

एवमन्तरमासाद्य यः कश्चित्प्रभवत्यपि ॥
सत्स्वन्येषु प्रबन्धेषु तथायमवधार्यताम् ॥ ११ ॥
किं चाल्पगुणपात्रेषु गुणवत्त्वं प्रकल्प्य ये ॥
भजन्ति सत्फलं तेऽपि लभन्त इति निश्चितम् ॥१३॥
पुनः श्रीमुनिराजेऽस्मिन् भक्त्या च श्रद्धयापि च ॥
ये बिभ्रत्युत्कटं रागं ते सत्फलभुजो न किम् ॥ १४ ॥
तेषां भक्तिविवर्धनाय भवसंतानाल्पभावाय च
कालेनाध्यवसायशुद्धिवशतो निर्वाणसंपत्तये ॥
श्राद्धैः श्रद्दधतां वरैः सुमतिभिः संप्रेर्यमाणो मुदा
प्रस्तावागतमाश्रियेत्र विबुधाः क्षाम्यन्तु वैयात्यकम् १५

હથીઆર પાસે રહ્યાં હોય તોપણ બાથોબાથ ભિડીને બિલકુલ પાસે આવી લડનારા શૂરવીરોને મારવાના કામમાં કટારી નાની છે, તોપણ કેવી સચોટ મદત આપેછે. (૧૧) આ પ્રમાણે વખતસર કોઈ સાધારણ વસ્તુ પણ મોટું કામ કરવાને શક્તિમાન થાય છે; તેમજ બીજાં મોટાં મોટાં ઘણાં ચરિત્રો છે; તોપણ આ ચરિત્ર વખતસર ભવ્યજીવોપર જરૂર ઉપકાર કરશે, એમ સમજવું. (૧૨) બીજું કોઈ સાધુમાં થોડા ગુણ છે, તોપણ કોઈ પુરૂષ એને દાન વિગેરે આપી શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરે, અને 'એ સાધુ ઉત્તમ ગુણવાન્ છે.' એવી શ્રદ્ધા રાખે, તો તે પુરૂષ પણ જરૂર સ્વર્ગાદિ સુખ પામે, એવું સિદ્ધાન્તવચન છે. (૧૩) એમ છે તો ધર્મ-ઉપર શ્રદ્ધા રાખવાવાળા જે લોકો શ્રીમોહનલાલ મહારાજજી જેવા મુનિરાજનેવિષે ઘણો રાગ રાખે છે, અને તેમની ભક્તિ કરેછે, તે લોકો સ્વર્ગાદિ સુખ પામવાવાળા નથી કે શું ? અર્થાત્ જરૂર પામશેજ. (૧૪) બુદ્ધિમાન્, શ્રદ્ધાવાન્ અને ધર્મરાગી એવા લોકોએ ઉત્સાહથી આ ચરિત્ર રચવામાટે મને પ્રેરણા કરી, તેથી હું પ્રસ્તુત ચરિત્ર રચવા આરંભ કરૂં છું. આ ચરિત્ર રચવાનાં ત્રણ કારણો છે. એક તો આ ચરિત્રના વાંચવા સાંભળવાથી રાગી લોકોની આ મહારાજજી ઉપર ભક્તિ વધે, બીજું

क्व चरित्रप्रणयनं क्व चेयं प्राकृता मतिः ॥
ज्ञविताऽस्मि सतां नून-मुपहासस्य ज्ञाजनम् ॥ १६ ॥
महिमा श्रीगुरोर्यद्वा मनसोऽपि न गोचरः ॥
तदालम्बादिदं कर्तुं प्रवर्तेऽहं सुदुष्करम् ॥१७॥
(॥ इति प्रस्तावः ॥)
ज्ञारतेऽस्मिन् दक्षिणार्धे मध्यखण्डेऽब्धिमण्डिते ॥
सौवीराख्योऽस्ति विषयः सुवीरजनतास्पदम् ॥ १८ ॥
यत्राज्ञूवन् ज्ञूरिज्ञव्याः शीलज्ञूषणज्ञूषिताः ॥
रमाया यऽतिस्थानं हंसालेर्मानसं यथा ॥ १९ ॥
यस्मिन् राजन्वति जनाः प्रायः पुण्यपरायणाः ॥
ज्ञातमेवावेदयन्तां-बध्नंश्चापि तदेव हि ॥ २० ॥

એ લોકોનો દીર્ઘ સંસાર પરિમિત (અલ્પ) થાય, અને ત્રીજું કાલે કરીને એમના અધ્યવસાય ઘણાજ શુદ્ધ થવાથી નિર્વાણની પ્રાપ્તિ થાય. આ રચનામાં મારાથી જે દોષ થાય તેની, હે વિદ્વજ્જનો! આપ ક્ષમા કરશો. (૧૫) આ ચરિત્રની રચના તે ક્યાં, અને મારી સંસ્કારવગરની તથા જડ એવી મતિ તે ક્યાં! નક્કી આ રચના જોઈને પંડિતલોકો મારો ઉપહાસ (મશ્કરી) કરશે, એમ હું માનું છું. (૧૬) પણ સદ્‌ગુરૂનો મહિમા કે જેની કલ્પના પણ થઈ શકે નહીં, તેના આશ્રયથી હું આ ઘણુંજ કઠણ કામ કરવાને તૈયાર થયો છું. (૧૭) (અહીં પ્રસ્તાવના પૂરી થઈ.) આ ભારત ખંડના દક્ષિણાર્ધનેવિષે જેને ત્રણ બાજુથી સમુદ્ર છે, એવો મધ્યખંડનામા દ્વીપકલ્પ છે. તે મધ્યખંડમાં સૌવીર-(મથુરાનો પ્રદેશ) નામે દેશ છે. તે દેશના લોકો ઘણાજ શૂરવીર છે. (૧૮) તે દેશમાં શીલવ્રત ધારણ કરનારા ઘણા ભવ્યજીવો થઈ ગયા. હંસોનું ક્રીડા કરવાનું સ્થાનક જેમ માનસ સરોવર, તેમ તે દેશ લક્ષ્મીનું ક્રીડાસ્થાન હતું. (૧૯) તે દેશ સારા રાજાઓએ રક્ષણ કરેલો હોવાથી, ત્યાંના ઘણા-

बन्धनं कुसुमेष्वेव छेदनं हाटकादिषु ॥
कुट्टनं स्वर्णरूप्यादौ यत्र नान्यत्र दृश्यते ॥ २१ ॥
कौटिल्यमलकेष्वेव कलङ्कश्च कलानिधौ ॥
कालुष्यं वार्षिकजले यत्र नान्यत्र दृश्यते ॥ २२ ॥
दण्डो ध्वजे तथा छत्रे कम्पश्च करिकर्णयोः ॥
चिन्ता गहनशास्त्रेषु यत्र नान्यत्र दृश्यते ॥ २३ ॥
करग्रहः परिणये रतावेव कचग्रहः ॥
चित्रकर्मसु वर्णानां संकरोऽन्यत्र नेक्ष्यते ॥ २४ ॥

ખરા લોકો ધર્મકરણી કરવામાં તત્પર હતા, તેથીજ તે આ લોકમાં સુખ ભોગવતા હતા, અને પરલોકને વાસ્તે પુણ્ય ગાંઠે બાંધતા હતા. (૨૦) તે દેશમાં બંધન (ફૂલનું ડીચું) ફૂલનેજ હતું. પણ બીજા કોઈ લોકોને બંધન–(બેડી વિગેરે-)નો સંભવ નહોતોજ. કાપવાનું તથા કૂટવાનું કામ સોના રૂપાને વિષેજ ચાલતું હતું. પણ આપસમાં ગરદન મારવી, મારપીટ કરવી વિગેરે કોઈ દિવસ થતુંજ નહોતું. (૨૧) તથા તે દેશમાં કુટિલતા (વાંકાપણું) તો કેશમાંજ દેખાતી હતી. પણ પ્રજામાં કોઇનો પણ કુટિલ સ્વભાવ હતોજ નહીં. કલંક (ચંદ્રમાની અંદર દેખાતો ડાઘો) ચંદ્રમાને વિષેજ દેખાતું હતું. બીજા કોઈપણ માણસને કુકર્મના દોષેકરીને કલંક (અપયશરૂપી ડાઘો) હતુંજ નહીં. મલિનતા તો વરસાદના જળથીજ તળાવ, નદી તથા ખાડી વિગેરેમાંજ દેખાતી હતી. પણ માણસોના ચિત્તમાં તો નહોતીજ. (૨૨) તે દેશમાં દંડ તો ધ્વજાને અને છત્રને વિષેજ દેખાતો હતો. પરંતુ રાજા તરફથી કોઇને દંડ થતો નહીં હતો. કંપ (ધ્રુજારો) તો હાથીના કાનને વિષેજ દેખાતો હતો. પણ લોકો કોઇના પણ ભયેકરીને કાંપતા નહોતા. ચિંતા (વિચાર) તો એક ગહન શાસ્ત્રનીજ ચાલતી હતી. પરંતુ આજીવિકાદિકની ચિંતા (કાળજી) નહોતીજ. (૨૩) તે દેશમાં કરગ્રહ (હસ્ત-

शून्यं गृहं शारिफले मदो मत्तमतङ्गजे ॥
जालमार्गो गवाक्षेषु यत्र नान्यत्र दृश्यते ॥ २५ ॥
गलबन्धः कूपघटे मर्दनं कुचकुम्भयोः ॥
निगडश्च गजेन्द्रेषु यत्र नान्यत्र दृश्यते ॥ २६ ॥
गोष्ठा ग्रामोपमा यस्मिन् ग्रामाश्च नगरोपमाः ॥
नगराणि पुनर्विद्या-धरश्रेणीसमान्यहो ॥ २७ ॥
गोकुलानि यदीयानि तिष्ठन्ति विहरन्ति च ॥
को वा क्षमेत संख्यातु-मपि संख्यानपण्डितः ॥ २८ ॥

મેલાપ) તો વિવાહમાંજ દેખાતો હતો. પણ રાજાઓ કોઈ પાસેથી કરગ્રહ એટલે વેરો લેતા નહોતા. કેશ પકડવાનું તો રતિક્રીડાના વખતેજ થતું હતું. પણ કોઈ લડાઈ વિગેરેમાં માણસો પરસ્પર કેશ પકડતા નહોતા. વર્ણસંકર (રંગોનું મિશ્રણ) તો ચિત્રામણની કલામાંજ દેખાતો હતો. પણ પ્રજામાં વર્ણસંકર (ઉંચ નીચ જાતીના શરીરસંબંધથી થયલી સંતતિ) નહીં હતી. (૨૪) મદે કરીને ઉન્મત્ત થયેલા હાથિઓમાંજ મદ જણાતો હતો. પણ કોઈ સ્ત્રી યા પુરૂષ મદોન્મત્ત હતાજ નહીં. શૂન્યગૃહ તો સોકટાંની બાજીમાંજ દેખાતું હતું. પણ શહેરમાં કોઇનું સુનું ઘર નહોતુંજ. જલમાર્ગ (જળીમાંથી જોવાનો રસ્તો) તો ગોખને વિષેજ દેખાતો હતો. પણ પ્રજામાં જલમાર્ગ એટલે કૂડકપટનો રસ્તો હતોજ નહીં. (૨૫) કુવામાંથી પાણી ભરતી વખતેજ ગલબંધ એટલે ઘડાનો કાંઠલો બાંધતા હતા. પણ પ્રજામાં કોઈ કોઇનું ગળું નહોતા પકડતા. સ્તનોનુંજ મર્દન થતું હતું. પણ કોઈ કોઇને મારપીટ કરતા નહોતા. હાથિઓનેજ સાંકળથી બાંધતા હતા. પણ ગુન્હો કર્યાથી કોઇના પગમાં બેડિયો નહીં પડતી હતી. (૨૬) તે દેશમાં મોટાં ગામડાંજેવડી તો ગાયોને બાંધવાને માટે કોહોડો હતી. શહેરજેવડાં તો ગામડાં હતાં, અને નગરો તો વૈતાઢ્યપર્વત ઉપર આવેલી વિદ્યાધરોની શ્રેણીજેવાં દેખાતાં હતાં. (૨૭) તે દેશમાં ગાયોનાં કેટલાંક ટોળાં વનમાં ઉભાં રહેતાં

घटोध्न्यो गृष्टयो यस्मिन् कामदोह्या दिवानिशम् ॥
यासां पयः पिबन् मर्त्यः सुरधेनुं तृणायते ॥ २९ ॥
तत्रास्ति मथुरा नाम मथितारिनृपावितां ॥
राजन्वती राजधानी राजवृन्दनिषेविता ॥ ३० ॥
तीर्थे श्रीशीतलेशस्य हरिनामा नृपोऽभवत् ॥
बहवस्तद्वंशभवाः पालयन्ति स्म यां चिरम् ॥ ३१ ॥
ततस्तदीये वंशेऽभून्मुक्ताहारोपमो नृपः ॥
नाम्ना यदुरिति ख्यातो यशोधवलिताम्बरः ॥ ३२ ॥
यदोराविरभूद्यस्यां यदुवंशोऽतिविस्तृतः ॥
श्रीमता नेमिविभुना पावितो निजजन्मना ॥ ३३ ॥

તથા કેટલાંક રમતાં તેની ગણતરી કોઈ સારો ગણિતશાસ્ત્રી પણ કરી ન શકે. (૨૮) જેનાં અવાડાં ઘડા સરખાં, એવી તે દેશની ગાયો ગમે તે વખતે ઇચ્છામાફક દૂધ આપેછે, તેથી એનું દૂધ પીવાવાળો માણસ કામધેનુને પણ તણખલા સરખી ગણેછે. (૨૯) એવા સૌવીર દેશમાં મથુરા-નામે રાજધાની છે. શત્રુના નાશ કરનારા રાજાઓ તેનું રક્ષણ કરતા હતા. દુષ્ટ રાજાનો ઉપદ્રવ તે નગરીમાં કોઈ પણ વખતે નહીં થતો હતો. ઘણા માંડલિક રાજાઓ તે નગરીમાં આવીને મંડલેશ્વરની સેવામાં રહેતા હતા. (૩૦) શ્રીશીતલનાથના વારામાં હરિનામા રાજા થઈ ગયો, તેના વંશમાં થયેલા ઘણા રાજાઓના તાબામાં તે નગરી ઘણા કાળસુધી હતી. (૩૧) ત્યાર પછી તે હરિરાજાના વંશ–(કુલ, વાંસડો-)માં મોતીના હાર જેવો પ્રસિદ્ધ યદુરાજા થયો. એ રાજાએ પોતાના યશોકરીને આકાશ ઉજ્વળ કર્યું. (૩૨) એવા મોટા વિસ્તારવાળા યદુવંશની ઉત્પત્તિ તે મથુરા નગરીમાં એ હરિરાજાથી થઈ. પછી તે વંશ શ્રીનેમિનાથ ભગવાને પોતાના જન્મથી પ-

यस्यां श्रीजिनभद्राख्यैर्गणिभिर्वाचनाकृत ॥
तदादि प्रथिता लोके माथुरी वाचना किल ॥ ३४ ॥
मदवाची मकारः स्याद्धाकारो रागवाचकः ॥
यन्निवासी थूत्करोति द्वाविमौ मथुरा ततः ॥ ३५ ॥
तस्याः प्रतीच्युत्तरस्यां गव्यूतिदशकान्तरे ॥
पुरं चन्द्रपुरं नाम विद्यते मुनिमण्डितम् ॥३६॥
सुखेन यत्र वसति जन ईतिविवर्जितः ॥
सद्धर्मो यत्र रमते विरागो विरते यथा ॥ ३७ ॥
ब्राह्मणा ब्रह्मनिरताः क्षत्रियास्त्राणतत्पराः ॥
वैश्याश्च यत्र वाणिज्य-पराः शूद्राश्च सेवकाः ॥ ३८ ॥

वित्र करयो. (३३) पूर्वकाळमां बार वरसनो दुकाळ पडवाथी श्रुतधर साधुओनो विहार बहुज थोडो थई गयो. तेथी सूत्रोनो विच्छेद थशे एवो विचार करीने श्री जिनभद्रगणि क्षमाश्रमणजीए आ मथुरा नगरीमां संघ भेगो करीने सूत्रोनी वाचना (साधुओना मुखमांथी पाठ सांभळीने पुस्तकमां लखवुं) करी. ते दिवसथी मांडीने लोकोमां "माथुरी" वाचना प्रसिद्ध थई. (३४) मारी समजमां मथुरा शब्दनो एवो अर्थ छेः—'म' एवो अक्षरनो अर्थ मद, 'थु'एवो अक्षरनो अर्थ त्याग अने 'रा'एवो अक्षरनो अर्थ राग, जे मथुरा नगरीमां रहेवावाळा लोको मद (अहंकार), राग (विषयप्रीति) एवो बेनो त्याग करेछे तेथी एवो नगरीनुं नाम मथुरा पडी गयुं. (३५) ते मथुरा नगरीनी वायव्य (उत्तर-पश्चिम) दिशामां वीस गाउने छेटे साधुवडे शोभायमान एवुं चंद्रपुर (चांदपुर) नामे नगर छे. (३६) ते नगरमां घणो या थोडो वरसाद अथवा अग्निनो तथा तीड इत्यादिकनो उपद्रव नहीं होवाथी त्यांना रहीश लोको सुखमां रहे छे. जेम साधुमां कुदरतथी वैराग्य देखाय छे, तेम ते चांदपुर नगरमां धर्म हमेशां जोवामां आवेछे. (३७) ते नगरमां ब्राह्मणो शास्त्राभ्यास

स्वस्वकर्मरता एवं धर्ममाराध्य भक्तितः ॥
साधयन्ति चतुर्वर्गं त्रिवर्गं वा यथाबलम् ॥ ३९ ॥
यत्रानिशं यशःकान्ति-द्योतिताम्बरमण्डलाः ॥
चतुःषष्टिकलावन्तः समाः पक्षद्वयेऽपि च ॥ ४० ॥
चन्द्रातिशायिमाहात्म्याः सन्ति लोकाः सहस्रशः ॥
तेनेदं प्रथितं लोके नाम्ना चन्द्रपुरं किल ॥ ४१ ॥
चकारो वक्ति दुष्कर्म तं द्रावयति यज्जनः ॥
तेन चन्द्रपुरं नामा-ऽन्वर्थतैतन्मतं मम ॥ ४२ ॥

કરવામાં, ક્ષત્રિય લોકો ભયથી રક્ષણ કરવામાં, વૈશ્યો ખેતી, વ્યાપાર વગેરે કામમાં, તેમજ શૂદ્રો ત્રણે વર્ણોની (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય લોકોની) સેવા કરવામાં હમેશાં તત્પર રહે છે. (૩૮) એ પ્રમાણે પોતપોતાના કામમાં તત્પર એવા ચારે વર્ણો ભક્તિથી ધર્મની આરાધના કરીને પોતાની શક્તિમાફક ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એની સાધના કરેછે. (૩૯) તે ચાંદપુરમાં રહેનારા લોકોમાં ચંદ્રના કરતાં ગુણ અધિક છે. તે એ રીતેઃ—ચંદ્ર તો માત્ર મહિનામાં કેટલીક રાત્રીસૂધીજ અજવાળું આપે છે, અને આ ચાંદપુરના લોકો તો પોતાના યશના કિરણથી નિરંતર દિશા તથા આકાશને પ્રકાશિત કરેછે. ચંદ્રની તો માત્ર શોળજ કળા છે, અને એ લોકો તો ચોસઠ કળાના ધણી છે. ચંદ્ર તો માત્ર એકજ પક્ષમાં વૃદ્ધિ પામે છે, ને બીજા પક્ષમાં તો ક્ષીણ થાયછે. પણ એ નગરીના લોકો તો બંને પક્ષોમાં સરખા એટલે જેમના યશની કાન્તિ હમેશાં વધતી રહેછે એવા તથા નિષ્પક્ષપાતી છે. એવા હજારો લોકો આ પુરમાં રહેછે. તેથી એનું ચંદ્રપુર એવું નામ લોકોમાં પ્રસિદ્ધ થયું એમ લાગે છે. (૪૦-૪૧) અથવા 'च'નો અર્થ દુષ્કર્મ અને 'द्र'નો અર્થ દૂર કરવાવાળો, આ ચાંદપુરમાં રહેનારા લોકો દુષ્કર્મોને દૂર કરવાવાળા

सनाढ्या नाम तत्रैका जातिरस्ति द्विजन्मनाम् ॥
विद्याविनयसंपन्ना यस्यामुदभवन् द्विजाः ॥ ४३ ॥
योऽस्यां संजायते जातौ स ना आढ्य इति स्फुटम् ॥
स्वकीयं नाम निर्वक्ति सनाढ्या तत उच्यते ॥ ४४ ॥
तस्यामेको द्विजन्मानू–न्नाम्ना बदरमल्लकः ॥
तस्य शीलवती नाम्ना सुन्दरी सद्धर्मिणी ॥ ४५ ॥
बलवाची बकारःस्या–द्दकारेण दयोच्यते ॥
बलं कर्मरिपूच्छेदि दया षट्कायजीवनी ॥ ४६ ॥
एताभ्यां राजते यः स बदरः परिकीर्त्यते ॥
विनायुधं यो जयति रिपून्मल्लः स उच्यते ॥ ४७ ॥
दधान ईदृशं योगं–रूढं नाम स वाडवः ॥
गमयन्नस्ति कालं स्व–मार्तरौद्रविवर्जितः ॥ ४८ ॥

હોવાથી એ પુરનું નામ ચંદ્રપુર પડ્યું હશે. (૪૨) તે ચાંદપુરમાં સનાઢ્ય નામથી પ્રસિદ્ધ એવી એક બ્રાહ્મણની જાતિ છે. એ જાતિમાં વિદ્વાનો છતાં વિનયી એવા ઘણા પુરૂષો થઈ ગયા. (૪૩) સનાઢ્ય શબ્દનો અર્થ એ છે કે, 'સ'નો અર્થ તે, 'ના'નો અર્થ પુરૂષ અને 'આઢ્ય' નો અર્થ માલીક. એ જ્ઞાતિમાં થયેલા પુરૂષો વિદ્યાદિકના માલીક થાયછે, તેથી એ જ્ઞાતિનું પણ સનાઢ્ય એવું નામ પડ્યું હોય ? (૪૪) તે જ્ઞાતિમાં બદરમલ્લ (બદારમલ) નામા એક બ્રાહ્મણ ઉત્પન્ન થયો. નિર્મળ શીળવ્રત ધારણ કરવાવાળી સુંદરીનામની તેમની સ્ત્રી હતી. (૪૫) 'બ'નો અર્થ બલ, 'દ'નો અર્થ દયા અને 'ર'નો અર્થ શોભાયમાન, કર્મરૂપ શત્રુનો નાશ કરનારૂં બલ અને ષટ્કાયની રક્ષા કરનારી દયા એ બેવડેકરીને જે શોભે છે, તેનું નામ "બદર." પોતાના હાથમાં શસ્ત્ર નહીં હોવા છતાં જે શત્રુઓનો નાશ કરેછે, તેનું નામ મલ્લ. (૪૬-૪૭) એવું યથાર્થ નામ ધા-

पतिशुश्रूषणरता विरतावद्यकर्मणः ॥
शान्ता चोदारचित्ता च करुणाकोमला नृशम् ॥४९॥
दोषप्रकटने मूका गुणोज्ञाने च वाग्मिनी ॥
दोषेक्षणे तथान्धा च गुणालोके सुलोचना ॥ ५० ॥
रहस्यश्रवणेऽन्येषा-मतीव बधिरा तथा ॥
गुणानुवादश्रवणे पटुश्रवणशालिनी ॥ ५१ ॥
एवं सद्गुणरत्नानां मन्दिरं सा तु सुन्दरी ॥
कालं गमयति श्रेयः-काम्ययाधिविनाकृता ॥ ५२ ॥
एकदा सा निशाशेषे सुखसुप्ता निरामया ॥
मुखे विशन्तमद्राक्षीत् पूर्णमिन्दुं शुभानना ॥ ५३ ॥
सद्यः प्रबुद्धा ननाम देवदेवं ततो मुदा ॥
शुचिर्भूत्वा प्रबुद्धाय भर्त्रे स्वप्नमचीकथत् ॥ ५४ ॥

' રણ કરનારો તે બ્રાહ્મણ આર્ત અને રૌદ્ર ધ્યાનથી દૂર રહીને પોતાનો વખત ગાળતો હતો. (૪૮) પતિની સેવામાં નિરંતર તત્પર, પાપકર્મથી દૂર રહેનારી, શાન્ત, ઉદાર ચિંત્તવાળી, મનમાં દયા હોવાથી ઘણીજ કોમળ, કોઇના પણ દોષ પ્રગટ કરવામાં મુંગી, કોઈ બીજાના ગુણનું વર્ણન કરવામાં બહુ બોલકી, કોઇના દોષ જોવામાં આંધળી, પણ ગુણ જોવામાં ઝીણી નજરવાળી, કોઇની ગુપ્તવાત (છાની વાત) સાંભળવામાં બહેરી, પણ કોઇના ગુણનું વર્ણન કાન દઇને સાંભળનારી, સદ્‌ગુણરૂપ રત્નોનો ભંડારજ હોયની શું? એવી તે સુંદરી કંઇપણ ચિન્તા ન કરતાં કલ્યાણની ઇચ્છાથી પોતાનો વખત ગાળતી હતી. (૪૯–૫૦–૫૧–૫૨) એક વખત સુંદરમુખવાળી સુંદરી રાત્રે સુખમાં સુતી હતી, ત્યારે તેનું શરીર નિરોગી હતું. થોડી રાત બાકી રહી ત્યારે મુખમાં પ્રવેશ કરતા પૂર્ણ ચંદ્રમાને તેણીએ જોયો. (૫૩) સ્વપ્નું જોવાબાદ તરત જાગી ઉઠીને

श्रुत्वा स्वप्नं स मोदावि-र्नवदस्त्रार्द्रगल्लकः ॥
प्राह प्रियामश्रुबिन्दून् हृदि हारनिभान्दधत् ॥ ५५ ॥
दिष्ट्या सुन्दरि सूनुस्ते भविता भुवनातिगः ॥
धन्यासि कृतपुण्यासि भवेशाराधनादृता ॥ ५६ ॥
स्वीकृत्य शिरसा पत्यु-र्वचनं सुन्दरी तदा ॥
देवं गुरुं पतिं चापि विशेषात्पर्युपास्त सा ॥ ५७ ॥
सँहस्रं च शतान्यष्टौ षडशीतिस्तथैव च ॥
एतावद्वत्सरप्रमिते विक्रमादित्यसंवदि ॥ ५८ ॥
आषाढ्यामुत्तराषाढा-गते सोमे निशीथके ॥
स्वश्च्युतः श्रीमोहनात्मा सुन्दरीगर्भमाविशत् ॥ ५९ ॥
तदादि मोदपूर्णा सा प्रसन्नास्या च सुन्दरी ॥
सत्ववन्तमथात्मानं निश्चिकाय स्वया धिया ॥ ६० ॥

તેણીએ શુદ્ધ થઈ દેવાધિદેવને નમસ્કાર કર્યા, અને પોતાની મેળે જાગી ઉઠેલા પતિને સ્વપ્નની વાત કહી. (૫૪) તે સ્વપ્નની વાત સાંભળીને ભદ્રારમલ સુંદરીને કહેવા લાગ્યા. તે વખતે તેને ઘણોજ આનંદ થયો હતો, અને હર્ષનાં આંસુ પડવાથી તેના ગાલ ભીંજાઈ ગયા, તે આંસુ ધીમે ધીમે છાતીપર પડ્યાં, તે જાણે મોતીનો હારજ પહેર્યો હોયની શું? એવાં દેખાવા લાગ્યાં. (૫૫) ભદ્રારમલે કહ્યું કે, સુંદરિ! બહુ સારૂં. તને જગતમાં નામાંકિત એવો પુત્ર થશે. ધન્ય છે તને! તે પૂર્વભવમાં ઘણું સુકૃત કર્યું છે. હજુ પણ તું ભગવાનની સેવા કરવામાં તત્પર રહે. (૫૬) તે વખતે પતિનું વચન માથે ચઢાવીને સુંદરી દેવ, ગુરૂ અને પતિ એમની પહેલાં કરતાં પણ વધારે સેવા કરવા લાગી. (૫૭) સંવત્ અઢારસો પચાશી-(૧૮૮૫)ના આષાઢ શુદી પુનેમને દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રની જોડે ચંદ્રમાનો યોગ આવે છતે મધ્યરાત્રીએ સ્વર્ગથી ચ્યવેલા શ્રીમોહનમુનિજીના જીવે સુંદરીના ગર્ભમાં પ્રવેશ કર્યો. (૫૮-૫૯) તે દિવસથી આરંભીને સુંદરીનું

द्वितीये मासि सुन्दर्याः शरीरे मानसे तथा ॥
गर्भिणीलक्षणान्येवं प्राऽऽसन् शुभान्यथ ॥ ६१ ॥
स्वयं कार्श्यमुरीकृत्या-पुषज्जन्तुं तु सादरात् ॥
परोपकारव्यसनी नहि स्वार्थमपेक्षते ॥ ६२ ॥
अस्मिन् भवेऽयं सूनुर्मे कर्माणि तनुतां नयेत् ॥
इतीवावेदयन्ती सा तनोस्तानवमातनोत् ॥ ६३ ॥
कषायानिन्द्रियार्थांश्च परिग्रहमथाखिलम् ॥
वमेदयमितीवासौ वमिव्याजादसूसुचत् ॥ ६४ ॥
सुखं पौऋलिकं त्वस्मै नैवेषदपि रोचिता ॥
इतीव शंसितुं सान्नू-दरोचकनिपीडिता ॥ ६५ ॥

મુખ પ્રસન્ન અને મન આનંદી દેખાવા લાગ્યું, અને પોતાની બુદ્ધિએ કરીને તેની ખાત્રી થઈ કે, હું ગર્ભવતી છું. (૬૦) બીજે મહિને સુંદરીના શરીર તથા મન ઉપર સારાં ચિન્હ જણાવા લાગ્યાં. તે આ રીતેઃ—(૬૧) પહેલું લક્ષણ, તે દહાડે દહાડે સુકાઈ ગઈ. તે ઉપરથી મારી સમજમાં એમ આવે છે કે, પોતે સુકાઈ જઈ તેણે ગર્ભને આદરથી પુષ્ટ કર્યો. ઠીકજ છે, કારણ, પરોપકાર કરવાનુંજ જેને વ્યસન એવા મનુષ્ય સ્વાર્થની જરૂર રાખતા નથી. (૬૨) અથવા, "ગર્ભમાં રહેલો આ મારો પુત્ર એજ ભવમાં પોતાનાં કર્મોને પાતળાં કરશે" એ વિચાર જાણે દુનિઆને દેખાડવા માટેજ સુંદરીએ પોતાનું શરીર પાતળું કર્યું. (૬૩) બીજું લક્ષણ, ઉલટી થવા માંડી. મારી સમજમાં એમ આવે છે કે, ક્રોધ, માન વિગેરે કષાય; રૂપ, રસ ઇત્યાદિ ઇન્દ્રિયોના વિષય; અને દ્રવ્ય, સ્ત્રી ઇત્યાદિ પરિગ્રહ એ બધાંનું મારો પુત્ર વમન(ત્યાગ) કરશે, એ મનનો ખુલાસો સુંદરીએ ઉલટીનું બહાનું કરીને લોકોને જણાવ્યો. (૬૪) ત્રીજું લક્ષણ, અન્નની અરૂચી થઈ ગઈ. મને એમ લાગે છે કે, ગર્ભમાં

आचामाम्लादितपसा क्षपयिष्यत्यसौ रजः ॥
इतीवाम्लरसास्वादे सुन्दरी लालसां दधौ ॥ ६६ ॥
गर्भस्थेनैव मुनिना मूर्छा या निरवास्यत ॥
सा निर्यान्ती कियत्काल–मवसत्सुन्दरीतनौ ॥ ६७ ॥
गर्भस्थेनैव यत्कर्म क्षपितं मुनिनाशुभम् ॥
तद्रोमराजिमिषत उदियायोदरे किल ॥ ६८ ॥
पूतः पाता कदायं मे पय इत्येवमार्तितः ॥
अपि पुष्टं स्तनयुगं किलाभूत्कृष्णचूचुकम् ॥ ६९ ॥

રહેલા મારા પુત્રની પુદ્ગલિક સુખઉપર થોડી પણ રૂચી નહીં થશે, એ વાત લોકોમાં જાણે પ્રસિદ્ધ કરવાને વાસ્તેજ હોયની શું ? સુંદરી આવા અરૂચીના રોગથી દુખી થઈ. (૬૫) ચોથું લક્ષણ, તેને ખાટી વસ્તુઓ ખાવાની ઇચ્છા થઈ. મને એમ લાગે છે કે, ગર્ભમાં રહેલો મારો પુત્ર આંબિલાદિ તપસ્યા કરીને કર્મરજને ખપાવી દેશે. એ વાત પ્રગટ કરવાને વાસ્તેજ જાણે સુંદરીએ ખટાશવાળી વસ્તુઓ ખાવાઉપર ઘણુંજ મન રાખ્યું. (૬૬) પાંચમું લક્ષણ, તે કોઈ કોઈ વખતે મૂર્છા (બેભાનપણું) ખાતી હતી. મારી કલ્પનામાં એમ આવે છે કે, ગર્ભમાં રહેલા મોહનજીએ જે મૂર્છા (પરિગ્રહની મમતા) મનમાંથી કાઢી નાંખી, તે નિકળતાં નિકળતાં સુંદરીના શરીરઉપર થોડા કાળ સુધી રહી. (૬૭) છઠું લક્ષણ, તેના પેટઉપર રોમરાજી સ્પષ્ટ દેખાવા લાગી. મને એમ ભાસે છે કે, ગર્ભમાં રહેલા મોહનજીએ જે અશુભ (કાળું) કર્મ ખપાવ્યું તેજ રોમરાજીના બહાનાથી સુંદરીના પેટઉપર પ્રગટ થયું. (૬૮) સાતમું લક્ષણ, તેના સ્તનની ડિટળી કાળી થઈ ગઈ. એ ઉપરથી એવી કલ્પના થાયછે કે, "સુંદરીનો આ પવિત્ર પુત્ર મારામાં રહેલું દૂધ ક્યારે પાન કરશે." એવી આતુરતાથીજ જાણે તેનાં બે સ્તન પુષ્ટ હતાં તોપણ ડિટળીપર

गर्भस्थस्य मुनेः सेवां कर्तुं गङ्गागमत्किल ॥
सा प्रसेकमिषान्मन्ये सुन्दरीमुखतोऽवहत् ॥ ७० ॥
चतुर्विधस्य संघस्य रक्षामेष विधास्यति ॥
इतीव सुन्दरीरक्षा-स्वादने दोहदं दधौ ॥ ७१ ॥
धर्मोपदेशं विमलं भविभ्योऽयं प्रदास्यति ॥
अतोऽनुकम्पादिदाने सुन्दरी सस्पृहाभवत् ॥ ७२ ॥
गर्भस्थेनैव मुनिना प्रेरिता खलु सुन्दरी ॥
चतुर्थाद्येकभुक्तादि तपस्तप्तुमियेष च ॥ ७३ ॥
ऐच्छत्सा देशनां दातु-मियेष व्रतपञ्चकम् ॥
चकमे विविधां तीर्थ-यात्रां संघेन संयुता ॥ ७४ ॥

કાળાં પડી ગયાં. (૬૯) આઠમું લક્ષણ, સુંદરીના મુખમાંથી લાળ ગળવા માંડી. તે ઉપરથી એમ જણાયછે કે, ગર્ભમાં રહેલા મોહનજીની સેવા કરવા વાસ્તે ગંગાજ આવી કે શું ? તે લાળનું બહાનું કરીને સુંદરીના મોહોડામાંથી બહાર પડવા માંડી. (૭૦) નવમું લક્ષણ, તેને ચુલામાંની રક્ષા (રાખ) ખાવાઉપર પ્રીતિ થઈ. મારી સમજમાં એમ આવે છે કે, એ ગર્ભમાં રહેલા મોહનજી કાલાન્તરે ચતુર્વિધ સંઘની રક્ષા (રક્ષણ) કરશે, એ વાત લોકોને જણાવવા વાસ્તેજ જાણે સુંદરીએ રક્ષા (રાખ) ખાવાઉપર મન ચલાવ્યું. (૭૧) દશમું લક્ષણ, તેને અનુકંપાદિ દાન આપવાની ઇચ્છા થઈ. તે ઉપરથી એમ ભાસે છે કે, ગર્ભમાં રહેલા મોહનજી કાલાંતરે ભવ્યલોકોને શુદ્ધ ધર્મોપદેશનું દાન કરશે, એ વાત પ્રગટ કરવાને વાસ્તેજ જાણે સુંદરીને અનુકંપાદિ દાન દેવાની ઇચ્છા થઈ. (૭૨) અગિઆરમું લક્ષણ, તેને ઉપવાસાદિ તપસ્યા કરવાની ઇચ્છા થઈ. તે ઉપરથી મને એમ લાગે છે કે, ગર્ભમાં રહેલા મોહનજીએ સુંદરીને તપસ્યા કરવા માટે પ્રેરણા કરી તેથીજ જાણે તેને ઉપવાસ, એકાશન ઇત્યાદિ તપસ્યા કરવાની ઇચ્છા થઈ. (૭૩) બા-

एवमादीनि चिह्नानि शुभोदर्काणि भूरिशः ॥
शाताशातोत्पादकानि सेहे साम्येन सा सती ॥ ७५ ॥
मासेषु निधिमानेषु दिवसेषु च पञ्चसु ॥
अतिक्रान्तेषु सुन्दर्याः सूतिकाल उपागमत् ॥ ७६ ॥
मुनीभ्रनेगंजभूमिते नृपतिविक्रमाद्वत्सरे
रवावुदगिते मधौ मधुसुमे सिते माधवे ॥
तिथौ च गुहदैवते शशिनि वैश्वदेवं गते
तथा द्युमणिमण्फलेऽम्बरतले ललाटंतपे ॥ ७७ ॥
रवावजगते विधौ मकरगे कुजे मेषगे
बुधे ऋषगते गुरावपि च कन्यकायां गते ॥

રમું લક્ષણ, તેને ધર્મદેશના દેવાની મરજી થઈ. તેરમું લક્ષણ, પાંચ વ્રતો લેવાનું મન થયું. ચૌદમું લક્ષણ, સાથે સંઘ લઈને તીર્થયાત્રા કરવાની ઇચ્છા થઈ. (૭૪) એ આદે લઈને ઘણાં ગર્ભનાં લક્ષણો સુંદરીને જણાયાં; તેમાંથી કેટલાંક તો દુઃખ તથા કેટલાંક સુખ ઉપજાવનારાં હતાં; પણ તે બધાનું પરિણામ સારૂં હતું, તેથી તે સતીએ સમતા રાખીને બધાંએો સહન કર્યાં. (૭૫) ગર્ભ ધારણ કર્યા પછી આઠ મહિના અને પાંચ દિવસ વીતી ગયે છતે સુંદરીનો પ્રસૂતિનો સમય નજીક આવ્યો. (૭૬) સંવત્ અઢારસો સત્યાશી-(૧૮૮૭)ના વૈશાખ શુદી છઠને દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રની જોડે ચંદ્રમાનો યોગ આવે છતે, ઉત્તરાયણનો સૂર્ય મધ્યાનનો થયે છતે, સારા સિંહ લગ્નઉપર સુંદરીએ લોકોત્તર પુત્ર પ્રસવ્યો; તે વખતે વસન્તઋતુ બેઠો હતો, સૂર્ય મેષરાશિનો, ચંદ્રમા મકરરાશિનો, મંગળ

(જન્મકુંડલી)



मृगौ घटगते शनौ मिथुनगे च सिंहान्विधे
सुलग्न इह सुन्दरी सुतमसूत लोकोत्तरम्॥७७॥युग्दम्

तदा प्रसन्ना ह्रितो बभूवुः
सुखास्तथा गन्धवहा ववुश्च ॥
प्रदक्षिणार्चिर्द्रुतमुग्दिदीपे
सुनिर्मलं चाम्बु यथा घनान्ते ॥ ७९ ॥
फुल्ला तथोद्यानततिर्बभासे
हृष्टाखिलानूजनता नितान्तम् ॥
मन्येऽमुना स्वःसमुपागतेन
स्तोकं ददे दिव्यसुखं जनाय ॥ ८० ॥
कर्माष्टकोच्छेदकरं महद्बलं
संप्राप्नुतात्कालवशादयं मुनिः ॥
मत्वेति धात्री तमसेचयद्बला-
तैलेन सूतिव्यथितं सुतं मुदा ॥ ८१ ॥

मेषराशिनो, बुध मीनराशिनो, गुरु कन्याराशिनो, शुक्र कुंभराशिनो अने शनि मिथुनराशिनो हतो. (७७–७८) ते वखते दिशाओ प्रसन्न देखाती हती; मंद, शीतळ, सुगंधी एवो पवन सुख उपजे एवीरीते वातो हतो, प्रदक्षिणानी रीतनी ज्वाळावाळो अग्नि (देवता) धुमाडो नहीं थाय एवी रीते सळगी रह्यो, अने शरद्ऋतुनी माफक पाणी निर्मळ थई गयुं. (७९) तेमज बगीचानी हार फुलेली जणाई. सर्वे प्रजा घणो हरख पामी. मने एम लागे छे के, स्वर्गथी आवेला मोहनजीए साथे लावेलुं स्वर्गनुं सुख क्षणमात्र लोकोने आप्युं. (८०) "कालोकरीने आठे कर्मोनो उच्छेद करवावाळुं मोटुं बळ

कर्ता कुलोद्द्योतमयं किलात्मनू-
रित्येवमाज्ञाय धियानवद्यया ॥
सावादयत्कर्णयुगेऽस्य गोलकौ
यद्दुस्त्यजा लौकिकधर्मपद्धतिः ॥ ८१ ॥
ततः समाकर्ण्य सुतोद्भवं गृहे
प्रहृष्टचेता बदरः समाययौ ॥
सुखप्रसूतामथ सुन्दरीं विदन्
स जातकर्माकुरुतात्मजन्मनः ॥ ८३ ॥
कर्माणि चत्वार्यवशेष्य घातका-
न्यन्यानि भेत्ता कतिभिर्भवैरयम् ॥
मत्वेति नालं चतुरङ्गुलं तु सा
मुक्त्वावशेषं सकलं समञ्जिनत् ॥ ८४ ॥

આ પુત્ર–(મોહનજી)માં આવો," એમ વિચારીનેજ કે શું ? જાણે ધાવ-માતાએ ગર્ભમાંથી નિકળતાં થયેલી પીડા મટાડવાને વાસ્તે આનંદથી એ પુત્રને [1]બલા નામની વનસ્પતિનું તેલ ચોપડ્યું. (૮૧) આ પુત્ર કુલને દીપાવશે, એમ શુદ્ધબુદ્ધિથી જાણીનેજ હોયની શું તેમ તે ધાવ-માતાએ એના બે કાનને વિષે પથ્થરના ગોળા વગાડ્યા. ઠીકજ છે, કારણ, લૌકિક આચારની જે પદ્ધતિ છે, તે છોડી દેવી ઘણું મુશ્કેલ છે. (૮૨) પછી પુત્ર ઉત્પન્ન થયો એવું સાંભળીને બદારમલ ઘેર આવ્યા, સુંદરીને કોઈ પણ જાતની પીડા શિવાય પુત્ર ઉત્પન્ન થયો એવું જાણીને તે ખુશી થયા, અને પુત્રનું જાતકર્મ કરવા લાગ્યા. (૮૩) "એ પુત્ર કેટલાક

૧:–બલામૂળ અથવા બલદાણા.

कान्त्या सुवर्णान्नतनुर्न्नवेदयं
क्षान्त्यान्नयं सत्त्वचयाय यन्नतात् ॥
संप्रीणयेन्नव्यजनान्वचोऽमृतै-
र्ब्राह्मीं स्थितिं साधयतान्ननैःशनैः ॥ ८५ ॥
कर्म्माण्ययं तापयतात्तपश्चर्यै-
रेवं समाधाय मनस्यपाययत् ॥
धात्री सुवर्णी त्वन्नयां वचामपि
ब्राह्मीं तथा ताप्यकमर्न्नकं द्रुतम्॥८६॥ युग्मम्
गर्न्नोदकं वामयितुं ततश्च सा
सर्पिस्तया सैन्धवमप्यपाययत् ॥

ભવ કરીને ચરમશરીરી થશે; ત્યારે પહેલા ચાર ઘાતી કર્મોનો ઉચ્છેદ કરશે "એમ જાણીનેજ કે શું ? તે ધાવમાતાએ એનો નાળ ચાર આંગળ રાખીને બાકી બધો કાપી નાંખ્યો. (૮૪) ત્યારપછી તે ધાવમાતાએ [1]સુવર્ણ, [2]અભયા, [3]વચા, બ્રાહ્મી અને [4]તાપ્યક, એ પાંચ વાંનાંનું ચાટણ એને પાયું. તે ઉપરથી એવી કલ્પના થાયછે કે, આ પુત્રની સોનાજેવી કાન્તિ થાએા; એ વાસ્તેજ જાણે ચાટણમાં પહેલું સોનું લીધું. " પરીષહ ઉપદ્રવ ખમીને આ પુત્ર ષટ્કાય જીવોને અભય" દેએા એ કારણથીજ જાણે ચાટણમાં બીજી ચીજ અભયા લીધી. "વચનરૂપ અમૃત પાઇને ભવ્યજનોને આ પુત્ર તૃપ્ત કરેા." એ હેતુ મનમાં રાખીનેજ જાણે ચાટણમાં ત્રીજી ચીજ વચા આપી. "ધીમે ધીમે આ પુત્ર બ્રાહ્મી (શુદ્ધચારિત્રની) સ્થિતિ પામેા" એ મતલબ મનમાં રાખીનેજ જાણે ચાટણમાં ચેાથી ચીજ બ્રાહ્મી લીધી. તેમજ "આ પુત્ર ઘણી તપસ્યા કરીને ઘનઘાતી કર્મોને તપાવેા" એ નિમિત્ત મનમાં રાખીનેજ જાણે ચાટણમાં પાંચમી ચીજ તાપ્યક લીધી. (૮૫-૮૬) તદનંતર ધાવમાતાએ પેટમાં રહેલું ગ-

---

१:–સોનું. २:–હરડે. ३:–વજ. ४:–સુનામખી દગડી.

स्वस्थं परिज्ञाय जहर्षुरर्भकं
धात्री सुपात्री बदरश्च सुन्दरी ॥ ८७ ॥
दिनेषु रुद्रप्रमितेषु जन्मनो
गतेषु माङ्गल्यविधिं विधाय सः ॥
व्यधत्त सूनोरभिधानमादरा-
ज्जनेषु यन्मोहन इत्युदीर्यते ॥ ८८ ॥
यथा कलावान् कलयैधते सिते
यथा कुपः प्रावृषि पत्रलेखया ॥
तथैष बाल्ये कलयाभ्यवर्धत
सन्तः शनैः. सत्पदमाक्रमन्ति यत् ॥ ८९ ॥
आस्येन सोमं त्वधरेण बिम्बं
पद्भ्यां कराभ्यामम्बुजं सरोजम् ॥
कण्ठेन कम्बुं च जिगाय बालः
कर्माणि जेतुं तुलना किलेयम् ॥ ९० ॥

ર્ભનું પાણી ઓકાવવા માટે ઘી તથા સિંધાલૂણ એકઠું કરીને તેને ચટાડ્યું. પછી ધાવમાતા, સતી સુંદરી અને બદારમલ એ બધાં બાલકને ખુશીમાં જાણીને હરખ પામ્યાં. (૮૭) જન્મથી અગિયાર દિવસ વીતી ગયે છતે બદારમલે માંગલીક ઉત્સવ કરીને પુત્રનું આદરથી "મોહન" એવું નામ પાડ્યું, જે હાલ લોકોમાં પ્રસિદ્ધપણે બોલાય છે. (૮૮) જેમ શુક્લપક્ષમાં ચંદ્રમા એક એક કલા રોજ વધે છે, અથવા ચોમાસામાં રોપા એકેક ફણગાથી જેમ ધીરે ધીરે વધે છે, તેમ આ મોહનજી પણ બાળકપણામાં હળવે હળવે વધવા માંડ્યા. ઠીકજ છે; કારણ, સારા પુરૂષો હળવે હળવેજ આગળ પગલું ભરે છે. (૮૯) પછી આ બાલકે પોતાના

स दन्तहीनस्मितचारुकान्तिना
मुखेन बिम्बोष्ठपुटेन हारिणा ॥
अधश्चकाराऽनिनवाम्बुजन्मनः
श्रियं नखालूनमृणालसंततेः ॥ ९१ ॥
मासेषु पञ्चस्वथ निर्गतेषु
पञ्चाङ्गशुद्धे दिवसेऽतिहृष्टः ॥
सज्ञातिवर्गो बदरो व्यधत्त
क्षीरौदनप्राशनकर्म सूनोः ॥ ९२ ॥
वैमानिकेष्वेषु भवाः कियन्तो
भोग्या मयेतीक्षितुमेव मन्ये ॥
षण्मासमेकाग्रदृशैव सोऽय-
मुत्तानशाय्यूर्ध्वमपश्यदभ्रम् ॥ ९३ ॥

મુખે કરીને ચંદ્રમાને, હોઠે કરીને પાકા ગીલોડાંને, પગે કરીને તરત પુટેલા રાતા કમળને અને કંઠે કરીને શંખને જીત્યા. એ ઉપરથી એમ લાગે છે કે, આવતા કાલમાં જે કર્મો જીતવાનાં છે તેની તુલના કરી. (૯૦) દાંત નહીં હોવાથી હાસ્યની સુંદર કાન્તિ જે ઉપર દેખાય છે, પાકા ગીલોડાં જેવા બે હોઠ જેની અંદર રહ્યા છે, એવા તે બાલકના સોહામણા મુખ આગળ જેના દાંડાની અંદર રહેલા સફેત તંતુ નખે કરીને તોડી નાખ્યા છે એવા રાતા કમળની શોભા ફિક્કી પડી ગઈ. (૯૧) તે ઉપરાંત પાંચ મહિના વીતી ગયે છતે છઠ્ઠે મહિને સારો દિવસ જોઈને બદારમલે ઘણા હરખથી જ્ઞાતિલાને બોલાવીને તે બાલકને અન્નપ્રાશન (ચાટણ) કરવાનો ઉત્સવ કર્યો. (૯૨) તે બાલક બાલસ્વભાવથી ચત્તો પડીને છ મહિનાસૂધી એકી નજરે આકાશ તરફજ જોતો રહ્યો. એ ઉપરથી એમ લાગે છે કે, ઉપર રહેલા વૈમાનિક દેવલોકોમાં મારે હજી કેટલા ભવ ભોગવા બાકી

नीचैः कियद्वारमहं पुरागा-
मिति प्रसंस्यातुमिवैष बालः ॥
अधोमुखीभूय ततो ददर्श
संवेगकृत्पूर्वभवज्ञता हि ॥ ९४ ॥
ततोऽष्टमे मास्युदपद्यतास्य
दन्तद्वयं कुन्दनिभं सुतीक्ष्णम् ॥
स्याद्वत्सरेऽयं द्विगुणेऽष्टमाने
दान्तोऽयमित्येवमसूसुचद्यत् ॥ ९५ ॥
भवे चतुर्गत्युपलक्षितेऽह-
मनन्तवारं निजकर्मणागाम् ॥
जानुद्वयेनापि करद्वयेन
रिङ्गन्मुदेत्येवमचीकयत्सः ॥ ९६ ॥

રહ્યા છે, એ જોવાને વાસ્તેજ કે શું, એકી નજરે તે ટગમગ ઊંચે જોઈ રહ્યો. (૯૩) છ મહિના વીતી ગયા પછી તે બાલક ઉંધો પડીને નીચે જોવા લાગ્યો. એઉપરથી એવી કલ્પના થાયછે કે, હું આ અનાદિ સંસારની અંદર કેટલીવાર અધોલોકમાં ગયો હતો તેની ગણતરી કરવાને વાસ્તેજ કે શું ? તે નીચે જોઈ રહ્યો. બરાબર છે, કારણકે, સારા તથા નરસા પૂર્વભવો જાણવાથી સંવેગ ઉપજે છે. (૯૪) આઠમે મહિને તે બાલકને બે દાંત આવ્યા; તે આકાર અને રંગથી કુંદપૂલની કલી જેવા અને ઘણા અણીઆરા હતા. આ ઉપરથી એમ લાગે છે કે, આ બાલક આઠને બમણા કરવાથી જેટલી સંખ્યા થાય તેટલામે વર્ષે (સોળમે વરસે) દીક્ષા લેશે, એવું આ આઠમે મહિને થયેલા બે દાંતે જણાવ્યું. (૯૫) તે બાલકે હરખથી બે ઢીંચણ અને બે હાથે કરીને ધુટણીઆં કરતાં એમ સૂચવ્યું કે, હું આ ચાર ગતિવાળા સંસારમાં અનંતકાળ સૂધી પોતાના કર્મે કરીને

गतिद्वयं देवनराभिधानं
शिष्टं ममेति प्रकटीचिकीर्षुः ॥
करं जनन्या अवलम्ब्य गन्तु-
मैच्छत्पदाभ्यामसकृत्स्खलन्सः ॥ ९७ ॥
मामा जनाः पतत संसृतिडुस्तराब्धौ
संयच्छतेन्द्रियगणं श्रयतात्मधर्मम् ॥
इत्येवमाप्तवचनाडुपदेष्टुकामो
मामेति वाक्यमवदत्प्रथमं किलासौ ॥ ९८ ॥
विज्ञाय वाग्मिनमथो सुतमात्मनीनं
सद्मासरे स बदरो मुदितो नितान्तम् ॥
विद्याः कलाश्च परिशीलयितुं बुधानु-
मत्या तु लौकिकगुरोः कर आर्पयत्तम् ॥ ९९॥

ભમ્યો. (૯૬) તે બાલક વારંવાર ગબડી પડતો હતો તોપણ માનો હાથ પકડીને બે પગે ચાલવાનું મન કરવા લાગ્યો. એ ઉપરથી એવો તર્ક થાયછે કે, "મારી દેવતાની તથા મનુષ્યની એ બેજ ગતિ બાકી રહી છે." એવી વાત તે બાલકે પ્રગટ કરી. (૯૭) તે બાલક પ્રથમ "મામા" એવો શબ્દ બોલવા લાગ્યો. તેથી તેણે એમ જણાવ્યું કે, હે ભવ્યલોકો! તમે આ દુસ્તર ભવસાગરમાં મા પડો, મા પડો, તથા ઇંદ્રિયોના સમુદાયને તાબામાં રાખો, અને આત્મધર્મનો આશ્રય કરો. (૯૮) તે ઉપરાંત બદારમલ પોતાનો પુત્ર સારી પેઠે બોલતાં શીખ્યો એમ જાણીને ઘણો આનંદ પામ્યા અને વિદ્વાનની અનુમોદનાથી સારા મુહૂર્તઉપર વિદ્યાનો તથા કલાનો અભ્યાસ કરાવવામાટે તેણે તેને મેહેતાજીને સોંપ્યો. (૯૯)

यद्यद्यथा गुरुरुवाच यथानुपूर्वि
तत्तत्तथा सपदि सोऽपि विदांचकार ॥
बाया न मृन्मयतले लभते प्रतिष्ठां
शुद्धे तु दर्पणतले सुलभावकाशा ॥ १०० ॥
इति विशदविशालप्रज्ञया मान्ययायं
सपदि विदधदन्तर्मोदमध्यापकं स्वम् ॥
जननदिवसतो निर्यापयामास सप्त
विगलितमदमानो वत्सरान्संमदेन ॥ १०१ ॥

॥ इति श्रीमत्पदवाक्यप्रमाणपारावारीण–विद्वन्मुकुटालंकार-श्रीबालकृष्णभगवच्चरणारविन्दमिलिन्दायमानान्तेवासिनः कानडोपाह्व–गोविन्दात्मज–दामोदरस्य कृतौ शाङ्के श्रीमोहनचरिते जन्मादिवर्णनं नाम प्रथमः सर्गः ॥१॥ ॥ ॥ ॥

મેહેતાજીએ જે જે પાઠ જે જે પ્રમાણે કહ્યા, તે તે પાઠ તેપ્રમાણે તેણે જલદીથી સમજી લીધા. ઠીકજ છે, પ્રતિબિંબ કંઈ જમીન ઉપર પડતું નથી; તો ચોખ્ખા અરીસામાંજ પડે છે. (૧૦૦) તે બાલકે પોતાની શુદ્ધ અને વિશાળ બુદ્ધિથી મેહેતાજીને તરત રાજી કર્યો, અને બુદ્ધિનો અહંકાર છોડી દઈને ઘણી ખુશીની સાથે જન્મથી પોતાની ઉમરનાં સાત વરસ ત્યાં કાઢ્યાં. (૧૦૧)

(પહેલા સર્ગનો બાલાવબોધ સમાપ્ત.)

॥ अथ द्वितीयः सर्गः ॥

शंकरः कर्मसंहाराद् विष्णुः सद्धर्मरक्षणात् ॥
ब्रह्मा धर्मोत्पादकत्वाद् यः स वो दिशतु श्रियम् ॥ १ ॥
इतश्च भारते देशो मरुनामा मनोहरः ॥
गुणाधिकं यद्उदकं वीक्ष्यागाद्घनतां घृतम् ॥ २ ॥
सुकृतैकनिधौ यस्मिन् प्रायो जानपदा जनाः ॥
पूर्णायुषोऽतिबलिन-स्तथाधिव्याधिवर्जिताः ॥ ३ ॥
यन्मात्रावद्धेम मेरौ ततः स मात्रयाङ्कितः ॥
अमात्रमस्मिंस्तेनायं मरुरित्यभिधीयते ॥ ४ ॥

સર્ગ બીજો.

કર્મરૂપ શત્રુનો સંહાર કરીને પોતે સિદ્ધ થયાછે તેથી, અથવા સેવા કરનારા ભવ્યજનોના ભારે કર્મોનો સંહાર કરેછે માટે જે શંકર કહેવાય છે, સદ્ધર્મનું રક્ષણ કરેછે તેથી વિષ્ણુ કહેવાય છે, અને લોપ પામેલા ધર્મનો ફરીથી ઉદય કરેછે તેથી જે બ્રહ્મા કહેવાય છે, એવો જે કોઈ દેવાધિદેવ છે, તે તમને સ્વર્ગાદિ સુખ આપો. (૧) આ તરફ ભરતખંડમાં મરૂ (મારવાડ) નામે દેશ છે. તે દેશના પાણિમાં પોતાના કરતાં વધારે ગુણ છે, એમ જાણીનેજ જાણે ઘી પણ ઘાડું થઈ ગયું હોયની શું? (૨) પુણ્યનો જાણે ભંડારજ એવા તે દેશના રહીશ લોકો ઘણુંકરીને પૂર્ણઆઉખાવાળા, ઘણા મજબૂત તેમજ મનની તથા શરીરની વ્યાધિ વગરના હોય છે. (૩) મેરૂપર્વત ઉપર રહેલું સોનું માત્રાવાળું (જેની ગણતરી કરી શકાય એટલું) છે, તેથી 'મેરૂ-'શબ્દમાં માત્રા આવી છે, પણ આ

૧ 'મેરુ' શબ્દમાં 'મ' ઉપર માત્ર છે તે લઈને આ કલ્પના કરેલ છે.

सौन्दर्यं यत्र सोदर्यं शीलं शशिकलोज्ज्वलम् ॥
वामानामप्यवामानां स्वान्तं सम्यक्त्वसंस्कृतम् ॥ ५ ॥
सद्गुणैकनिधौ यस्मिन् श्राद्धाः श्रद्धालवो नृशम् ॥
साधवोऽप्यनतीचार-चारित्राचरणोद्यताः ॥ ६ ॥
अर्हन्निराचार्यवर्यै-रुपाध्यायैश्च साधुभिः ॥
वासेन च विहारेण पुपूये यः पदे पदे ॥ ७ ॥
श्रवणेन जिनाज्ञायाः श्राद्धा विनयसंनृताः ॥
सद्धर्मे निरतास्तेन ख्याता यत्र जडा-(ला-)ऽपता॥८॥
पतन्तः पाशकाः पात-वशाज्ञोषवशंवदाः ॥
पातयन्ति ध्रुवं पात-यितारं नरकावनौ ॥ ९ ॥

મરૂદેશમાં તો સોનાની માત્રા (ગણતરી) નથી, તેથી 'મંરૂ-' શબ્દ માત્રા વગરનો કહેવાય છે. (૪) તે દેશમાં માણસને સૌંદર્યતો સ્વાભાવિકજ હોય છે. જેમનો સ્વભાવ વામ (વાંકો) નથી, એવી તે દેશની સ્ત્રીઓનું શીલ ચંદ્રમાની કલા જેવું ઉજ્વલ હોય છે. તથા ત્યાંના લોકોનું ચિત્ત તો સમકિતથી શુદ્ધ જણાય છે. (૫) સારા ગુણનું જાણે એક નિધાનજ એવા તે દેશના શ્રાવકો ઘણી ધર્મની શ્રદ્ધા રાખનારા હોય છે. તેમ સાધુઓપણ અતિચારરહિત ચારિત્ર પાળવામાં ઘણી યતના કરેછે. (૬) શ્રી અરિહંતો, મોટા મોટા આચાર્યો, ઉપાધ્યાયો તથા સાધુઓ એ બધાના નિવાસથી તથા વિહારથી તે દેશ ડગલે ડગલે પવિત્ર થયેલ છે. (૭) ત્યાંના શ્રાવકો જીનેશ્વર ભગવાનની આણા સાંભળવાથી ઘણા વિનયવંત થઇને સદ્ધર્મ આચરવામાં તત્પર રહે છે. જાણે તેથીજ તે દેશમાં જડની (જળની) અછત પ્રસિદ્ધ છે. (૮) દુખ દેનારાં સાત વ્યસનો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તેમાં પહેલું દ્યૂત (જુગાર) કહેવાય છે, કે જેની અંદર રહેલા પાસાને જે માણસ ભોંયઉપર નાંખે છે, તેના ઉપર જાણે તે ઘણા

---

૧ 'મરુ' શબ્દમાં 'મ' ઉપર માત્ર નથી.

अधर्म्यमयशस्यं च लोकद्वयसुखापहम् ॥
द्यूतं द्युतिहरं मूलं व्यसनानां प्रकीर्तितम् ॥ १० ॥
य इच्छेन्निरये गन्तुं मां स भुङ्क्तामिहाल्पधीः ॥
इति निर्वचनं यस्य तन्मांसमतिगर्हितम् ॥ ११ ॥
जायायां च जनन्यां च पानाद्यस्य मतिः समा ॥
मद्यं तद्बहुसावद्यं यशोधर्मार्थनाशनम् ॥ १२ ॥
बलनाशकरं व्याधिजरयोर्मूलमादिमम् ॥
परस्त्रीसेवनं गर्ह्यं कोऽभिनन्देद्विचक्षणः ॥ १३ ॥
सद्धर्मसाधनं देहं या तुच्छधनलिप्सया ॥
विक्रीणातीह सा वेश्या विश्वस्तजनघातनी ॥ १४ ॥

બીજાઇનેજ કે શું, બલાત્કારથી તેને નરકમાં નાંખી દેછે. (૯) એવું ધર્મથી ભ્રષ્ટ કરનારૂં, અપજશને ફેલાવનારૂં, આ લોકના તથા પરલોકના સુખનો નાશ કરનારૂં તથા માણસનું નૂર ઊતારનારૂં દ્યૂત સર્વ વ્યસનોનું મૂળ કારણ છે, એવું શાસ્ત્રમાં કહ્યું છે. (૧૦) બીજું વ્યસન માંસભક્ષણ કહેવાય છે. શાસ્ત્રમાં 'માંસ' શબ્દનો અર્થ એ રીતે કહ્યો છેઃ—'માં' કહેતાં મને અને 'સ' કહેતાં તે પુરૂષ; એટલે 'જેને નરકે જવાની ઇચ્છા હોય, તે દૂંકી બુદ્ધિનો માણસ મને ખાવો.' એવો જે 'માંસ-'શબ્દનો અર્થ શાસ્ત્રમાં કહ્યોછે, તે માંસ ભક્ષણ કરવું એ આ જગતમાં ઘણુંજ નિંદનિક છે. (૧૧) ત્રીજું વ્યસન મદ્યપાન કહેવાય છે. મદ્યપાનથી મા તથા પોતાની બાયડી એ બન્નેઉપર સરખીજ વિષયબુદ્ધિ રહેછે, વિવેકનો તદન સત્યાનાશ વળી જાયછે, તથા ધર્મ, અર્થ અને જશ એ ત્રણેનું તો નામ પણ રહેતું નથી. (૧૨) પારકી સ્ત્રી ભોગવવી એ ચોથું વ્યસન કહેવાય છે. શરીરને નાતાકદ કરનાર તથા રોગોનું અને જરાનું તો મૂળ કારણજ એવું નિંદનિક જે પરદારગમન (પારકી સ્ત્રી ભોગવવી) તેને કોણ ડાહ્યો પુરૂષ સારૂં કહે ? (૧૩) પાંચમું વ્યસન વેશ્યાગમન

यत्र क्षणिकलीलार्थं ह्रियते जन्म जन्मिनाम् ॥
मृगया सेह मृतिदा परत्र निरयप्रदा ॥ १५ ॥
वित्तं नामेह जन्तूनां प्राणाः प्रोक्ता बहिश्चराः ॥
तद्धरन् हरति प्राणांस्तस्माच्चौर्यं विगर्हितम् ॥१६॥
प्रतिषिद्धं जिनवरै-रिदं व्यसनसप्तकम् ॥
ज्ञात्वा परिज्ञया प्रत्याख्यायते यत्र धर्मिभिः ॥ १७ ॥
भारते निखिलेऽप्यस्मि-न्नाक्रान्ते यवनादिभिः ॥
देशो य आसीदार्याणां राज्ञां हस्ते यथा पुरा ॥ १८ ॥

(ખરાબ ધંધો કરનારી સ્ત્રી ભોગવવી.) જેથી સારી ધર્મકરણી કરી શકાય એવા મનુષ્યદેહને પણ તુચ્છ દ્રવ્યની આશાથી આ જગતમાં વેચી નાખનારી અને પોતાની ઉપર ભરોસો રાખીને તન, મન અને ધન આપનારો પુરૂષ વખતે નિર્ધન થાય તો તેને કદાચ મારી પણ નાંખે એવી વેશ્યા નજરે પણ જોવી નહીં. (૧૪) શિકાર કરવો એ છઠ્ઠું વ્યસન કહેવાય છે. તેમાં ક્ષણમાત્ર રમત કરવાને માટે મૃગલા આદિ જીવોનો પ્રાણ લેવાય છે, તથા વખતે શિકાર કરનાર પણ પોતેજ ક્રૂર જનવરનું ભક્ષ્ય (ખાવાની ચીજ) થઈ પડે છે, અને તેમ નહીં બને તો પરલોકમાં તો તે નક્કી નરકમાંજ જાય છે. (૧૬) સાતમું વ્યસન ચોરી કરવી. દ્રવ્ય તો માણસના બહાર રહેલા પ્રાણ કહેવાય છે, વાસ્તે જે જેનું દ્રવ્ય હરણ કરે છે, તે તેનો પ્રાણજ લીએ છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે; તેથી ચોરી કરવી એ પણ લોકમાં તથા શાસ્ત્રમાં ઘણું નઠારૂં કહેવાય છે. (૧૬) તીર્થંકરોએ આ સાતે વ્યસનો આચરવાની મના કરી છે. મારવાડદેશના ધર્મિલોકો એ વાત "જ્ઞ-" પરિજ્ઞાવડે જાણીને "પ્રત્યાખ્યાન-" પરિજ્ઞાવડે ઉપર કહેલા વ્યસનોનું પચ્ચખાણ કરે છે. (૧૭) આ સંપૂર્ણ ભરતખંડમાં જ્યારે યવન લોકો ભરી રહ્યા હતા, ત્યારે પણ આ દેશ પ-

---

૧ આગમમાં કહેલું પચ્ચખાણ યથાર્થ જાણવું તેને જ્ઞપરિજ્ઞા કહે છે. ૨ આગમાનુસાર જાણ્યા પછી પચ્ચખાણ કરવા લાયક વસ્તુનું પચ્ચખાણ કરવું એનું નામ પ્રત્યાખ્યાનપરિજ્ઞા.

कालेन यस्मिन् बहवोऽ-भूवन् माण्डलिका नृपाः ॥
तेषां कतिपयेऽद्यापि विद्यन्ते जनविश्रुताः ॥ १९ ॥
ख्यातं नाम्ना जयपुरं जयश्रीकेलिमन्दिरम् ॥
तथा योधपुरं नाम योधवृन्दविभूषितम् ॥ २० ॥
राजधानीद्वयमिदं पुरग्रामादिसंकुलम् ॥
भारतश्रीविशालोरःकल्पे तस्मिन् विराजते ॥ २१ ॥
द्वयोर्विरत्योः सर्वस्मा-द्विरतिर्यद्वदुत्तमा ॥
तथैतस्मिन्द्वये योध-पुरं सर्वपुरोत्तमम् ॥ २२ ॥
तत्र भद्रासने राज-पुत्राख्यान्वयजा नृपाः ॥
चिरादशासुस्तं देशं रघवः कोशलं यथा ॥ २३ ॥

હેલાંની પેઠે આર્યરાજાઓનાજ તાબામાં હતો. (१८) કાલે કરીને તેમાં ઘણા માંડલિક રાજાઓ થઈ ગયા, તેમાંથી કેટલાક હજુ પણ લોકમાં પ્રખ્યાત છે. (१९) જયરૂપી લક્ષ્મીનું જાણે ક્રીડામંદિરજ હોયની શું એવું પ્રસિદ્ધ જયપુર તથા સુભટોના ઘણા સમુદાય જેને શોભાવેછે એવું જોધપુર, એ બે રાજધનીઓના તાબામાં ઘણાં શહેરો તથા ગામો છે. આ ભરતખંડ તો એક લક્ષ્મી છે, અને મારવાડ દેશ તો તેની પોહોળી છાતીમાફક છે, ઉપર કહેલી બે રાજધાનીઓ હારની વચમાં આવેલા ગુચ્છામાફક છે, અને તે રાજધાનીની અંદર આવેલાં શહેરો તથા ગામડાંઓ મોતીના હાર બરાબર છે. (२०–२१) દેશવિરતિ (શ્રાવકપણું) અને સર્વવિરતિ (સાધુપણું) એ બેમાં જેમ સર્વવિરતિ શ્રેષ્ઠ છે, તેમ આ બે રાજધાનીઓમાં જોધપુર બધાં કરતાં વખાણવાલાયક છે. (२२) જેમ રઘુવંશના ઘણા રાજાઓ કોશલ દેશનું રાજ્ય કરતા હતા, તેમ આ જોધપુરની રાજગાદી ઉપર રજપૂત વંશના ઘણા રાજાઓ મારવાડ

विक्रमार्काब्दतस्योन–विंशस्यान्त्ये तुरीयके ॥
नागे तस्मिन्पुरे राजा मानसिंहान्निधोऽभवत् ॥ २४ ॥
मानसिंहे यथान्यायं राज्यं शासति धीमति ॥
प्रजाः प्रजावत्य आसन् धनाढ्या धर्मतत्पराः ॥ २५ ॥
भद्रकत्वात्तस्य राज्ञो जैनसंघश्चतुर्विधः ॥
यथार्हमाचरद्धर्मं तद्राष्ट्रे बाधया विना ॥ २६ ॥
तस्माद्योधपुरात्पञ्च–त्रिंशत्क्रोशमितेऽन्तरे ॥
पुरं नागपुरं नाम विद्यतेऽतिसमृद्धिमत् ॥ २७ ॥
श्रेष्ठार्थगोचरो नाग–शब्दः शास्त्रे प्रकीर्तितः ॥
श्रेष्ठानां वसतेरेत–द्भवेन्नागपुरान्निधाम् ॥ २८ ॥
आलस्येनानुद्यमी यः सोऽग इत्यभिधीयते ॥
नैवास्त्यगोऽस्मिन्नित्येत–त्पुरं नागाभिधं किल ॥ २९ ॥

દેશનું રાજ્ય પૂર્વકાલથી ચલાવતા આવ્યા. (૨૩) વિક્રમસંવત્‌ના ઓગણીસમા શતકના છેલ્લા ચોથા ભાગમાં, એટલે સંવત્‌ અઢારસો પંચોતેર (૧૮૭૫) પછી માનસિંહ નામે રાજા જોધપુરની ગાદીઉપર થયો. (૨૪) રાજકાર્યમાં ઘણો વાકેફગાર એવો તે રાજા ન્યાયેકરીને રાજ્ય ચલાવતો હતો, ત્યારે પ્રજાઓ છૈયાંછોકરાંવાળી તથા ઘણી પૈસાદાર અને ધર્મકરણીમાં તત્પર હતી. (૨૫) તે રાજા ભદ્રિક હોવાથી તેના રાજ્યમાં ચતુર્વિધ સંઘ કંઈપણ બાધા પામ્યાવગર પોતાની યોગ્યતામાફક ધર્મકરણી કરતો હતો. (૨૬) જોધપુરથી પાંત્રીશ ગાઉને છેટે નાગપુર (નાગોર) નામે ઘણું સમૃદ્ધિવાળું શહેર છે. (૨૭) શાસ્ત્રમાં ઊંચી વસ્તુ "નાગ" એવા નામથી ઓળખાય છે. ઊંચા લોકો આ શહેરમાં રહે છે, તેથીજ જાણે એને "નાગપુર" એવું નામ મળ્યું હોયની શું? (૨૮) આળસુ હોવાથી જે બિલકુલ ઉદ્યોગ કરી શકતો નથી

आचार्योपाध्यायसाधु-वर्याणामत्र विद्यते ॥
नूयसी स्पर्शना तस्मा-दिदं पावनमुच्यते ॥ २० ॥
सन्ति यद्यपि राष्ट्रेऽस्य पुराण्यन्यानि नूरिशः ॥
तथापि तेभ्यः सर्वेभ्य इदं राज्ञोऽतिवल्लभम् ॥ २१ ॥
यद्यप्यस्माद्योधपुरं सुमहद्दक्षिशालि च ॥
तथापि राज्ञोऽत्र रुचि-र्नैतच्चित्रं यदुच्यते ॥ २२ ॥
जनाः सुकृतिनो यस्मि-न्वसन्ति विमलाशयाः ॥
तत्पुरं नगरं वापि सतां स्वान्तं हरेत्सदा ॥ २३ ॥
प्रायशो निवसन्त्यत्र जनाः सुलभबोधयः ॥
मुनयः समवासार्षुरस्मिन् प्राग्भाविकास्तथा ॥ २४ ॥
बहवोऽत्र समाजग्मु-र्मुनयः पञ्चमीं गतिम् ॥
श्राद्धास्तथाराध्य धर्म-मवापुः स्वर्गतिं पराम् ॥ २५ ॥

તેને "અગ" કેહેછે, એવો માણસ આ શહેરમાં નથી તેથીજ જાણે એને "નાગ" એવું નામ મળ્યું કે શું? (२९) આચાર્યો, ઉપાધ્યાયો અને મોટા મુનિરાજો એમની ઘણી ફર્સના આ શહેરમાં થાયછે, તેથી એ ઘણું પવિત્ર કહેવાય છે. (३०) આ જોધપુરના રાજ્યમાં બીજાં ઘણાં શહેરો છે, તોપણ તે બધાં કરતાં નાગોર ત્યાના રાજાને ઘણું વહાલું છે. (३१) એના કરતાં જોધપુર રાજધાની હોવાથી ઘણું મોટું અને સુખસંપન્ન છે, તોપણ રાજાની તો નાગોરઉપરજ ઘણી પ્રીતિ છે. ઠીકજ છે, એમાં કંઈ નવાઈની વાત નથી. કહ્યું છે કે, જે ઠેકાણે શુદ્ધમનવાળા પુણ્યશાળી લોક રહેછે, તે મોટું શહેર હોય અથવા એક ગામડું હોય તોપણ સત્પુરૂષોના ચિત્તને હમેશાં તે ખેંચી લેછે. (३२–३३) એ શહેરમાં ઘણા ખરા લોકો સહેજમાં સમકિત પામે એવા રહેછે, તથા ઘણા પ્રાભાવિક આચાર્યો એમાં પૂર્વકાલે સમોસર્યા. (३४) કેટલાક મુનિરાજો

स्पर्शनार्हमतः क्षेत्र-मिदं मत्वा मुनीश्वराः ॥
यथासुखं वसन्ति स्म श्राद्धैः संमानिता नृशम् ॥ ३६ ॥
समवात्सुस्तत्र रूप-चन्द्राख्या विमलाशयाः ॥
यतयो निरतीचार-तुरीयव्रतधारिणः ॥ ३७ ॥
तदा खरतरे गच्छेऽ-भवन् प्राज्ञाविकास्तु ये ॥
रेखावन्त इमेऽभूवं-स्तेषु विद्याप्रभावतः ॥ ३८ ॥
श्रुतं शमाय मन्त्रादि-विज्ञानं विघ्नशान्तये ॥
वचो यदीयं बोधाय धन्यास्ते यतयो भुवि ॥ ३९ ॥
शासनाधीशभगव-न्महावीराद्यथागमत् ॥
संतान एषां तत्प्रास-ङ्गिकं किंचिदिहोच्यते ॥ ४० ॥

આ શહેરમાં પહેલા કાળમાં મુક્તિ પામ્યા, તથા શ્રાવકો પણ ધર્મકરણી કરીને સ્વર્ગમાં સારી ગતિ પામ્યા. (૩૫) ઉપર કહેલા કારણથી આ ક્ષેત્ર ફરસવા લાયક છે, એમ વિચારીને ઘણા મુનિરાજો ત્યાં સુખથી રહેતા હતા, અને શ્રાવકો પણ તેમનું ઘણું આદરમાન રાખતા હતા. (૩૬) આ નાગોરમાં શુદ્ધ અંતઃકરણવાળા અને અતિચારરહિત ચોથું વ્રત પાળનારા રૂપચંદનામા યતિ રહેતા હતા. (૩૭) તે વખતે ખરતરગચ્છમાં વિદ્યાના પ્રભાવથી જાણીતા થએલા જે કંઈ જતિઓ હતા, તેમાં એમની પણ ગણતરી હતી. (૩૮) શાસ્ત્રનો ઘણો અભ્યાસ કરવાથી જે શાંતિ પામેછે, પણ અહંકાર પામતા નથી; મંત્રાદિકના પ્રભાવથી જે શાસનઉપર આવેલું વિઘ્ન શમાવેછે, પણ કોઈને વગરકારણે દુઃખ દેતા નથી; તથા જેમનું વચન કેવળ બોધનેવાસ્તેજ છે, પણ ફોગટ વિવાદ કરવાવાસ્તે નથી, એવા જતિઓને પણ ભૂતળને વિષે ધન્ય છે. (૩૯) વર્તમાન શાસનના ચલાવનાર ભગવાન્ શ્રીમહાવીરસ્વામીથી રૂપચંદજીસૂધીની પાટપરંપરા શી રીતે આવેલી છે, તે વાત પ્ર-

महावीरात्सुधर्मार्य–जम्बूश्रीप्रभवादयः ॥
आचार्याः क्रमशोऽभूवन् नवत्रिंशत्[३९]सुसंयताः ॥ ४१ ॥
चत्वारिंशास्ततोऽभूव–न्सूरयः श्रीजिनेश्वराः ॥
अणहिल्लं पत्तनं ते विहरन्तः समागमन् ॥ ४२ ॥
धर्मोद्द्योतं कृतं तत्र श्रीजिनेश्वरसूरिभिः ॥
वीक्ष्य भीमनृपः सद्यः प्रससाद महामनाः ॥ ४३ ॥
प्रतिवादिमतोत्साद एते खरतरा इति ॥
तेभ्यः खरतरेत्याख्यं बिरुदं प्रददौ नृपः ॥ ४४ ॥
गगनेभ्योमर्चन्द्र[१०८]–मिते विक्रमसंवदि ॥
अलभन्त नृपादेतद् बिरुदं श्रीजिनेश्वराः ॥ ४५ ॥
शासने वर्धमानस्य कुलं चान्द्रं पुरातनम् ॥
तस्मादारभ्य लोकेऽस्मि–न्नाप्नोत्खरतरानिधाम् ॥४६॥

સંગથી થોડી ઘણી અહીં જણાવીએ છઇએ. (૪૦) ભગવાન્ શ્રીમહાવીરસ્વામીથી અનુક્રમે સુધર્માસ્વામી, જંબૂસ્વામી, પ્રભવસ્વામી ઇત્યાદિ શુદ્ધ ચારિત્રના ધોરી આચાર્યો ઓગણચાળીશ [૩૯] થઈ ગયા. (૪૧) તે પછી ચાળીસમા પાટઉપર શ્રીજીનેશ્વર નામના આચાર્ય થઈ ગયા. તેઓ વિહાર કરતા અણહિલ્લપાટણમાં આવ્યા. (૪૨) તે વખતે મનનો મોટો ઉદાર એવો ભીમરાજા ત્યાંની ગાદીઉપર હતો. જીનેશ્વરસૂરીએ ત્યાં કરેલો ઘણો ધર્મનો ઉદ્યોત જોઇને તે રાજા ખુશી થયો. અને "સામા વાદીઓનો મત તોડી નાંખવામાં આપ ખરતર (ઘણા આકરા) છો." એમ કહીને "ખરતર" એવું બિરૂદ તેણે આચાર્યજીને આપ્યું. (૪૩–૪૪) ઉપર કહેલું બિરૂદ સંવત્ અઢારસો એંશી–(૧૮૮૦)માં ભીમરાજા પાસેથી, શ્રીજીનેશ્વરસૂરિજી પામ્યા. (૪૫) શ્રીમહાવીરસ્વામીના શાસનમાં જે જૂનું અને જાણીતું ચાંદ્રકુલ છે, તે આ દિવસથી માંડીને

तत्पट्टे जिनचन्द्राख्या अभवन्सूरयस्ततः ॥
संवेगरङ्गशालादि-ग्रन्थरत्नविधायकाः ॥ ४७ ॥
सूरयोऽभयदेवाख्या-स्तेषां पट्टेऽतिविश्रुताः ॥
नवाङ्गीवृत्तिकर्त्तारो-ऽभूवंस्तीर्थप्रभावकाः ॥ ४८ ॥
ततस्तेषां पट्ट आसन् सूरयो जिनवल्लभाः ॥
संघपट्टादिकर्तारो भव्यबोधविशारदाः॥ ४९ ॥
तेषां पट्टे जज्ञिरेऽथ जिनदत्तादयोऽमलाः ॥
सूरयः संयमैमिताः शासनोन्नतिकारकाः ॥ ५० ॥
प्राग्रासन्नेकषष्टि-तमे पट्टेऽथ संवदि ॥
नेत्रेन्द्ररसभूमाने (१६१२) जिनचन्द्राख्यसूरयः ॥ ५१ ॥
लुप्तप्रायमथाचारं साधूनां संप्रधार्य ते ॥
संविग्नैः साधुभिः सार्धं क्रियोद्धारं व्यधुः स्वयम् ॥५२॥

લોકમાં " ખરતર " એવું નામ પામ્યું. (૪૬) ત્યાર બાદ શ્રીજીનેશ્વરસૂરિજીના પાટઉપર જીનચંદ્ર નામના સૂરિ થયા, તેમણે સંવેગરંગશાળાને આદે લઇને ઘણા અપૂર્વ ગ્રંથો રચેલા છે. (૪૭) પછી નવાંગીની ટીકા બનાવીને જીનશાસનની પ્રભાવના કરનારા ઘણા પ્રસિદ્ધ એવા શ્રીઅભયદેવ સૂરિજી શ્રીજીનચંદ્રસૂરિજીના પાટઉપર થયા. (૪૮) અભયદેવ સૂરિજીના પાટઉપર શ્રીજીનવલ્લભનામા સૂરિ થયા. (૪૯) શ્રીજીનવલ્લભ સૂરિજીના પાટ ઉપર જીનદત્ત સૂરિજી વિગેરે સત્તર (૧૭) આચાર્યો શુદ્ધ ચારિત્ર પાળનારા અને શાસનની ઉન્નતિ કરનારા થઈ ગયા. (૫૦) ત્યારપછી સંવત્ સોળસો બાર-(૧૬૧૨)માં જીનચંદ્રનામા સૂરિ એકસઠમા પાટઉપર વિરાજમાન થયા. (૫૧) સાધુનો આચાર ઘણોખરો લુપ્ત જેવો થઈ ગયેલો જોઇને જીનચંદ્ર સૂરિએ કેટલાક સંવેગી સાધુઓની

पत्तनेऽथाणहिल्लाख्ये कंचिदुत्सूत्रवादिनम् ॥
ते तत्त्वयुक्त्या निर्जित्य विशदं यश आसदन् ॥ ५३ ॥
अथ लोहपुरे गत्वा-कबराख्यं महीपतिम् ॥
वाचोयुक्त्या विविधया बोधयामासुरन्वहम् ॥ ५४ ॥
प्रतिबुद्धः स तेभ्योऽदा-द्युगंधरपदं वरम् ॥
अमारीपटहोद्घोषं पर्वसु प्रत्यपद्यत ॥ ५५ ॥
तेषु स्वर्गं प्रयातेषु जज्ञिरे पट्टधारकाः ॥
जिनसिंहाभिधास्तेऽपि वितेनुः शासनोन्नतिम् ॥ ५६ ॥
पट्टे तेषामराजन्त जिनराजाख्यसूरयः ॥
जिनरत्नाभिधानास्तत्पट्टे सूरिवरा बभुः ॥ ५७ ॥
पञ्चषष्टितमे पट्टे सप्तमा जज्ञिरे ततः ॥
सूरयो जिनचन्द्रास्ते स्वनामानुगुणं व्यधुः ॥ ५८ ॥

જેઓ પોતે ક્રિયોદ્ધાર કરીને સંવેગીપણું આદર્યું. (૫૨) ત્યારપછી અણહિલ્લ-પાટણમાં ઉત્સૂત્ર પ્રરૂપણા કરનાર કોઈ વાદિને સિદ્ધાંતમાં કહેલી યુક્તિથી જીતીને શ્રીજીનચંદ્ર સૂરિજીએ શુદ્ધ કીર્તિ મેળવી. (૫૩) પાટણથી લાહોર જઈને ત્યાં આગમાનુસાર વચનોની યુક્તિથી અકબરરાજાને તે સૂરિજીએ ઘણીવાર બોધ કર્યો. (૫૪) તેથી પ્રતિબોધ પામેલા અકબરે ચંદ્રસૂરિજીને શ્રેષ્ઠ એવી ' યુગંધર '-પદવી દીધી. અને પર્વતિથિને દિવસે અમારી પડહની ઘોષણા કરાવવાનું કબૂલ કર્યું. (૫૫) જીનચંદ્ર સૂરિજી દેવલોક ગયા પછી પાટને શોભાવનારા જીનસિંહ નામા આચાર્યજી થયા. તેમણે પણ વર્તમાન શાસનની ઉન્નતિ કરી. (૫૬) તેમના પાટઉપર જીનરાજનામા સૂરિજી વિરાજમાન થયા. તે પછી જીનરત્નનામા સૂરિજીએ પાટને શોભાવ્યો. (૫૭) ત્યાર પછી પાંસઠમા પાટઉપર સાતમા જીનચંદ્રનામા સૂરિજી થયા. તેમણે પણ જેવું પોતાનું નામ તેજપ્રમાણે

पट्टे रंसर्तुप्रमिते जिनादिसुखसूरयः ॥
रेजिरे शुद्धयशसा धवलीकृतदिङ्मुखाः ॥ ५९ ॥
रंसर्षिमितपट्टेऽथ जिनाद्या भक्तिसूरयः ॥
आसन्भव्यमनोऽम्भोज–प्रबोधे भानुसंनिभाः ॥ ६० ॥
जिनादिसुखसूरीणां कर्मचन्द्राभिधाः परे ॥
विनेया नयभङ्गीषु निपुणा अभवन्भुवि ॥ ६१ ॥
तेषामीश्वरदासाख्याः शिष्या आसन्सतां मताः ॥
तद्विनेया वृद्धिचन्द्रा नयनीतिविशारदाः ॥ ६२ ॥
तद्विष्या लालचन्द्राख्या अभवन्नतिविश्रुताः ॥
जिनभाषिततत्त्वार्थ–ज्ञातारोऽमलबुद्धयः ॥ ६३ ॥
तेषां विनेया अभवन् रूपचन्द्रा महाधियः ॥
प्रायः शातोत्पादके ते पुरे नागपुरेऽवसन् ॥ ६४ ॥

ચતુર્વિધ સંઘને ધર્મોપદેશરૂપી અમૃત પાઇને તૃપ્ત કર્યો. (૫૮) છાશઠમા પાટઉપર જીનસુખનામા સૂરિજી વિરાજ્યા, તેમણે પોતાના શુદ્ધ યશથી જગત્ને દીપાવ્યું. (૫૯) ભવ્યજીવોના મનરૂપી કમળને પ્રબોધ (સમજાવવું–ખીલાવવું) કરવામાં જાણે સાક્ષાત્ સૂર્યજ હોયની શું ! એવા શ્રીજીનભક્તિ સૂરિજી સડશઠમા પાટઉપર થઈ ગયા. (૬૦) જીનસુખસૂરિજીના બીજા કરમચંદનામા શિષ્ય (ચેલા) થયા, તે નયભંગીમાં ઘણા નિપુણ હતા. (૬૧) તે કરમચંદજીના, સત્પુરૂષોને માન્ય એવા ઈશ્વરદાસનામના શિષ્ય થયા. નયમાં તથા નીતિમાં નિપુણ એવા તેમના વૃદ્ધિચંદનામા શિષ્ય થયા. (૬૨) શુદ્ધબુદ્ધિવાળા તથા જીનભાષિત આગમના જાણ એવા ઘણા પ્રખ્યાત લાલચંદનામા તેમના શિષ્ય થયા. (૬૩) ઘણા બુદ્ધિશાળી એવા રૂપચંદજીનામા લાલચંદજીના શિષ્ય થયા. તે શાતા ઉપજાવે એવા નાગોરમાંજ ઘણું કરીને રહેતા હતા.

नँन्नोमुनिमिते पट्टे जिनहर्षाख्यसूरयः ॥
अलंचक्रूरूपचन्द्रा-स्तत्पार्श्वे व्रतमादृडुः ॥ ६५ ॥
एवं वीराडूपचन्ड्र-संतान उपवर्णितः ॥
अधुना प्रस्तुताख्याना-वसरस्तन्निगद्यते ॥ ६६ ॥
एकदा क्वणदायामे चरमे गदवर्जिताः ॥
सुखसुप्ता रूपचन्द्राः स्वप्नमेवं व्यलोकयन् ॥ ६७ ॥
हैमं कुम्भं पायसेना-पूर्णं कश्चित्करे दधत् ॥
प्रसद्येदं स्वीक्रियता-मेवं प्रार्थयते मुहुः ॥ ६८ ॥
ततः प्रबुद्धास्ते सद्यः स्वप्नार्थं तं यथाश्रुतम् ॥
व्यचारयन्देशकाल-द्रव्यक्षेत्रानुसारतः ॥ ६९ ॥
विनेयो नयवान्नून-मस्माल्लब्धा मम द्रुतम् ॥
निश्चित्यैवं तेऽन्तरायो मा भूदित्यजपन्मनुम् ॥ ७० ॥

---

(६४) શ્રીમહાવીરસ્વામીના શિત્તેરમા પાટઉપર જીનહર્ષનામા આચાર્યજી વિરાજમાન થયા. તેમની પાસે રૂપચંદજીએ જતિવ્રત લીધું. (૬૫) શ્રીમહાવીરસ્વામીથી રૂપચંદજીસૂધીની પાટપરંપરા એરીતે પ્રસંગથી વર્ણવી. હવે આટલું કહ્યા પછી પ્રસ્તુત (ચાલતી વાત) કહીએ છઇએ. (૬૬) એકવખતે રોગરહિત એવા રૂપચંદજી સુખેકરીને સૂતા હતા, ત્યારે રાત્રિને ચોથે પ્રહરે તેમણે સ્વપ્નું જોયું, તે આ રીતે કેઃ- (૬૭) કોઈ પુરૂષ દૂધપાકથી ભરેલો સોનાનો ઘડો હાથમાં લઈને ઘણીવાર વિનંતી કરતો ઉભો રહ્યો છે કેઃ-"આપ પ્રસન્ન થઈને આનો સ્વીકાર કરો." (૬૮) સ્વપ્નું જોઈને તરતજ રૂપચંદજી જાગી ઉઠ્યા; અને દેશ, કાલ, દ્રવ્ય તથા ક્ષેત્રને અનુસરીને સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે સ્વપ્નનો વિચાર કરવા લાગ્યા. (૬૯) પછી "જીનાગમોક્ત નયભંગીનો જાણ એવો એક શિષ્ય મને થોડા કાળમાં મળશે, એવું આ સ્વપ્નઉપરથી જણાયછે-" એવો નિશ્ચય

इतश्चन्द्रपुरेऽप्यार्या सुन्दरी बदरस्तथा ॥
चिन्तानाचान्तमनसौ स्वप्नमेवमपश्यताम् ॥ ७१ ॥
परिविष्टं पायसान्नं पुरोवर्त्यपि कश्चन ॥
जहार स्वर्णपात्रस्थं वीक्ष्येदं तौ विषेदतुः ॥ ७२ ॥
पृष्टो नैमित्तिकस्ताभ्या-मवोचत महाशयौ ॥
तनयो युवयोर्दीक्षां जैनीमादास्यति ध्रुवम् ॥ ७३ ॥
प्रियसूनोरावयोश्च वियोगो भविता किल ॥
इति मत्वा तावभूतां मनसि व्यथितौ भृशम् ॥ ७४ ॥
यद्भावि न तद्भावि भावि चेन्न तदन्यथा ॥
एवं विदन्तावपि तौ नेतुं नाशकतां मनः ॥ ७५ ॥

કરીને તેમાં કંઈ અંતરાય નહીં થાય, વાસ્તે કોઈ મંત્રનો તે રૂપચંદજી જપ કરવા લાગ્યા. (૭૦) હવે ચાંદપુરમાં બદારમલ તથા સતી સુંદરી એ બન્ને જણાં મનમાં કંઈ ચિંતા કરયા વગર કાલ ગાળતાં હતાં, એટલામાં તેમણે પણ સ્વપ્નું જોયું, તે આ રીતેઃ-(૭૧) "સોનાની થાળીમાં પિરસેલો દૂધપાક આગળ મુકેલો હતો, તે કોઈ પુરૂષે ઉપાડી લીધો" એવું સ્વપ્નું જોઇને બદારમલ તથા સુંદરી બેદ પામ્યા. (૭૨) પછી તે બન્ને જણાએ કોઈ નિમિત્તિયાને સ્વપ્નાનું ફળ પૂછયું ત્યારે તેણે કહ્યું કેઃ-"તમારો પુત્ર જૈનધર્મની દીક્ષા લેશે, એ વાતમાં ફેર પડશે નહીં; તેથી આ વહાલા પુત્રનો અને તમારો વિયોગ થશે!" એ વાત જાણીને તે બન્ને જણાં મનમાં ઘણાં દુખી થયાં. (૭૩-૭૪) "જે વાતની ભવિતવ્યતા નથી તે વાત નહીંજ બનવાની, અને જેની ભવિતવ્યતા છે, તે બન્યાવગર રહેવાનીજ નહીં;" એવો શાસ્ત્રનો નિશ્ચય તેઓ જાણતાં હતાં, તોપણ પુત્રના ભાવી વિયોગથી આકુળ વ્યાકુળ થયેલા મનને તેઓ તાબામાં રાખી શક્યા નહીં.

अन्यदार्या सुन्दरी सा विवेकाविशदाशया ॥
जित्वा सुर्दुर्जयं स्नेहं भर्तारमिदमब्रवीत् ॥ ७६ ॥
यदि स्वयमयं सूनु-र्विहायास्मान्व्रजेत्तदा ॥
शोकाम्बुधौ मज्जतां नः शरणं को भवेद्भुवि ॥ ७७ ॥
सुपात्रं यतिनं वीक्ष्य स्वयमेव वयं यदि ॥
तनयं वितरेमैनं मनाग्दुःखं तदा भवेत् ॥ ७८ ॥
एवं श्रवणयोस्तस्य पपात स्त्रीवचस्तदा ॥
विधीयतां कथं कार्य-मेवं चिन्ताकुलोऽभवत् ॥ ७९ ॥
चिन्तयित्वा चिरं सोऽथ विवेकामलमानसः ॥
अजानाद्दारवचनं तदात्वे चायतौ हितम् ॥ ८० ॥
गृहीत्वेमं सुतं सम्यक् कः पालयितुमर्हति ॥
ध्यायन्नेवमथो नाग-पुरस्यास्मरदप्यसौ ॥ ८१ ॥

---

(७५) વિવેકથી શુદ્ધમનવાળી સતી સુંદરીએ સહેજમાં જીતી શકાય નહીં એવા પણ પુત્રના સ્નેહને જીતીને એક વખતે બદારમલને આવું વચન કહ્યું કેઃ- (૭૬) "એ આપણેા પુત્ર એનીમેળેજ જો અમેાને મૂકી જશે તેા શેાકરૂપી સમુદ્રમાં ડૂબી રહેલા એવા અમેાને આ જગતમાં કેાણ શરણ છે? (૭૭) વાસ્તે આપણેજ કેાઈ સુપાત્ર જતિ જોઈ તેને આ પુત્ર આપીશું તેા અમને કિંચિત્ માત્ર દુઃખ થશે." (૭૮) એ સુંદરીનું વચન કાને સાંભળીને "હવે પ્રસ્તુત કામ શીરીતે કરવું" એવી ચિંતામાં બદારમલ પડ્યા. (૭૯) ઘણા કાળસૂધી વિચાર કર્યાથી વિવેક ઉપજ્યેા, ત્યારે બદારમલનું ચિત્ત શુદ્ધ થઈ ગયું, તેથી સુંદરીનું વચન વર્તમાન તથા ભાવી કાલમાં હિતકારી છે, એવેા તેણે નિશ્ચય કર્યો. (૮૦) "આ મારા પુત્રનેા અંગીકાર કરીને એનું સારી રીતે રક્ષણ કરવા લાયક કેાણ છે." એવેા વિચાર કરતાં બદારમલજીને નાગેાર યાદ આવ્યું. (૮૧)

रूपचन्द्राः पुरे नाग–पुरे ये सन्ति सत्तमाः ॥
त एव पात्रमेतस्य निश्चिकायेति स द्रुतम् ॥ ८२ ॥
समये शोभनोदर्के बदरो मुदितोऽन्यदा ॥
शकुनैः प्रेरितो रम्यैः प्राप नागपुरं पुरम् ॥ ८३ ॥
वसतौ रूपचन्द्राणां स गत्वाप परां मुदम् ॥
तेषां शमरसापूर्णं विज्ञाय हृदयाम्बुजम् ॥ ८४ ॥
पप्रच्छानामयं सोऽथ गुरुदेवप्रसादतः ॥
प्रत्यूचुरिति ते सोऽपि निजवृत्तमचीकथत् ॥ ८५ ॥
स्वप्नः स्वप्नफलं विज्ञैः प्रोक्तं जायावचस्तथा ॥
स्वान्निप्रायश्चेति सर्वं बदरेण न्यवेद्यत ॥ ८६ ॥
निपीय पीयूषनिभं वचनं बदरोदितम् ॥
रूपचन्द्रा निजं स्वप्नं फलोन्मुखमवीविदन् ॥ ८७ ॥

પછી તરત તેણે નિશ્ચય કર્યો કે, નાગોરમાં રૂપચંદજી નામા જે સારા જતિ રહેછે, તેજ મારા પુત્રનું રક્ષણ કરવા સમર્થ છે. (૮૨) પછી જેથી ઇષ્ટ ફલની પ્રાપ્તિ થાય, એવો સમય જોઇને ખુશી થયેલા તથા સારાં શકુન થયાં તેથી ત્યાં જવાને ઉત્સાહ પામેલા બદારમલ એક વખતે નાગોર આવ્યા. (૮૩) પછી રૂપચંદજીની વસતિમાં ગયા ત્યારે તેમનું હૃદયરૂપી કમળ સમતારસે કરીને ભરેલું જાણીને બદારમલને ઘણો હર્ષ થયો. (૮૪) બદારમલે રૂપચંદજીને સુખશાતા પૂછી, ત્યારે તેમણે "દેવગુરૂપ્રસાદથી" એમ કહ્યું, પછી પોતાની હકિકત જે કહેવાની હતી, તે તેણે કહી. (૮૫) અને પોતાને તથા સુંદરીને આવેલું સ્વપ્નું, સ્વપ્નશાસ્ત્રના જાણ પુરૂષોએ કહેલું તેનું ફલ, સુંદરીનું વચન તથા પોતાના મનમાં ધારેલી વાત એ બધું તેણે રૂપચંદજીની પાસે પ્રગટ કર્યું. (૮૬) બદારમલનું અમૃતસરખું વચન સાંભળીને રૂપચંદજીએ પણ પોતાના સ્વપ્નાનું ફલ થોડા

द्रव्यक्षेत्रे कालभावौ यथामति विचिन्त्य ते ॥
वचोऽनुमेनिरे तस्य विज्ञायायतिमुत्तमम् ॥ ८८ ॥
अङ्गीकृते वचसि तैर्बदरान्तरात्मा
हर्षं च शोकमनजद्युगपत्तदानीम् ॥
तेनायमन्वकुरुतेन्दुमनूनबिम्बं
राकामुखोदितमपि प्रततालरेखम् ॥ ८९ ॥
स्वप्नोऽविसंवादिफलस्ततोऽयं
मदात्मजः स्थास्यति नैव गेहे ॥
न रूपचन्द्रप्रतिमोऽस्ति लोके
शरण्य इत्येष जहर्ष चित्ते ॥ ९० ॥
आलोक्यते स्म सुकृतैर्बहुभिर्यदीय-
मस्माभिरिन्दुविमलं वदनारविन्दम् ॥
योऽस्मन्मनोरथतरोर्दृढमूलमस्य
सोढा कथं विरह एवमसौ शुशोच ॥ ९१ ॥

કાળમાં મળશે એમ જાણ્યું. (૮૭) દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એનો યથામતિ વિચાર કરીને તથા પરિણામ સારો જાણીને રૂપચંદજીએ બદારમલનું કહેવું કબૂલ કર્યું. (૮૮) ત્યારે બદારમલના મનમાં સમકાલે હર્ષ તથા શોક પ્રગટ થયા, તેથી તેમનું મન પુનેમના પણ કલંકવાળા ચંદ્રમા જેવું થયું. (૮૯) "આવેલા સ્વપ્નાનું ફલ શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે મળ્યાવગર રહેજ નહીં, તેથી મારો પુત્ર (મોહનજી) ગૃહાવાસમાં નહીંજ રહેશે; તથા રૂપચંદજીજેવા શરણે આવેલાની રક્ષા કરનારા લોકમાં બીજા કોઈ જતિ નથીજ." એવો વિચાર કરીને બદારમલ હર્ષ પામ્યા. (૯૦) "અમે ઘણા સુકૃતથી જેનું પ્રસન્ન મુખારવિંદ જોયું એવા

इत्थं क्षणं प्रमदशोकवशंवदः स
श्रेयो द्वयोः कतरदित्यवगन्तुमीशः ॥
नाऽनूदवास्थित परं स्थिर एष कांत-
युग्मेन कृष्ट इव मध्यगतोऽपि लोहः ॥ ९२ ॥
स रूपचन्द्रानुमतिं गृहीत्वा
गन्तुं प्रतस्थे पुरमुत्सुकः स्वम् ॥
गच्छन्नयं वर्त्मनि नान्यचेताः
विचिन्तयामास दशां भविष्नीम् ॥ ९३ ॥
आगात्क्रमेणैष निजं निशान्त-
मेनं निरीक्ष्याहृषदस्य जाया ॥
रथाङ्गकान्ता विरहानलार्ता
प्रत्यूषसीव प्रियमभ्युपेतम् ॥ ९४ ॥

અને અમારા મનોરથરૂપી વૃક્ષનું જે મજબૂત મૂળ છે, એવા આ પ્રિય-પુત્રનો વિયોગ અમારે શીરીતે સહન કરવો.” એવો વિચાર મનમાં આવ-વાથી તે શોક કરવા લાગ્યા. (૯૧) ઉપર કહ્યાપ્રમાણે હર્ષ અને શોકને સ્વા-ધીન થયેલા બદારમલ સ્નેહનેલીધે પુત્રને ઘરમાં રાખવો, અથવા રૂપચંદજીને આપવો એ બેમાંથી એકે વાતનો નિશ્ચય કરી શક્યા નહીં, તો બે પડખે રહેલા લોહચુંબકોની વચમાં આવેલી લોહશલાકા-(લોહડાની શળી-)ની પેઠે સ્થિર રહ્યા. (૯૨) પછી ચાંદપુર જવાને ઉત્સુક થયેલા બદારમલ રૂપચંદજીની અનુમોદના લઈને નાગોરથી વિદાય થયા. માર્ગમાં જતાં બીજી તરફ મન નહીં હોવાથી એજ વાતનો તથા પોતાની ભાવી અવ-સ્થાનો તે વિચાર કરતા હતા. (૯૩) વિયોગરૂપી અગ્નિના તાપથી પી-ડાયલી ચક્રવાકપક્ષીની સ્ત્રી (ચકલી) જેમ સવારે સામે નજરે પડેલા પોતાના પ્રિયને જોઈને આનંદ પામેછે, તેમ અનુક્રમે ઘરપાસે આવેલા

स सुन्दरीं तां श्रवणोत्कमानसां
सर्वं यथावृत्तमुवाच दुर्मनाः ॥
सती परिज्ञाय तदीयमाशयं
धैर्यं सृजन्त्येनमबोधयत्पुनः ॥ ९५ ॥
स बोधितः स्वप्रियया बभार
स्वान्तं प्रसन्नं शरदीव नीरम् ॥
तस्मिन्प्रसन्ने तनयोज्झवेन
मोहेन सद्यो मुमुचे स धन्यः ॥ ९६ ॥
श्रीमोहनो यद्यपि वत्सराद्य-
पृथक्त्ववर्ती वयसा तदानीम् ॥
तथापि नैच्छत्स गृहेऽधिवस्तुं
सन्तः प्रकृत्या विमुखा गृहेभ्यः ॥ ९७ ॥
अथो मुहूर्ते बदरो विशुद्धे
स्नातः समभ्यर्चितदेवदेवः ॥

બદારમલના સામું જોઇને સુંદરી પણ ઘણોજ હર્ષ પામી. (૯૪) પછી મનમાં થોડા ખેદ પામેલા બદારમલજીએ, શું થયું તે સાંભળવા વાસ્તે ઉત્સુક થએલી સુંદરીને થઈ ગયેલી બધી વાત કહી. બદારમલનો અભિપ્રાય જાણીને તેને ધીરજ ઉપજાવવા વાસ્તે સતી સુંદરીએ ફરીથી બોધ કર્યો. (૯૫) સુંદરીએ બોધ કર્યો ત્યારે શરદૃતુમાં જેમ પાણી ચોખ્ખું થાયછે, તેમ બદારમલનું મન પ્રસન્ન થઈ ગયું, તેથી પુત્રઉપર જે મોહ હતો તે તેજ વખતે મનમાંથી નીકળી ગયો. (૯૬) જો પણ તે વખતે મોહનજીનું વય નવ વર્ષની અંદરનું હતું, તોપણ ગૃહાવાસમાં રહેવાની એમની મરજી નહીં હતી. ઠીકજ છે, સત્પુરૂષો સ્વભાવથીજ ગૃહાવાસથી વિરતિ પામેલા હોયછે. (૯૭) પછી બદારમ-

प्रोत्साहितः स्वप्रियया स नाग-
पुरं प्रतस्थे तनयेन साकम् ॥ ९८ ॥
ततश्च वामेतरमक्षि शश्व-
ल्लीमोहनस्यास्फुरदिष्टशंसि ॥
चाषश्च वामे ददृशे विहङ्ग-
वृन्दं द्रुमाग्रे मधुरं चुक्रूज ॥ ९९ ॥
इति शुभशकुनैस्तावीषदाश्वास्यमानौ
ययतुरनुपमानं पत्तनं नागपूर्वम् ॥
वसतिमुपगतावालोक्य तौ रूपचन्द्र-
चरणयुगमभूतामस्तचिन्तार्तिशोकौ ॥ १०० ॥
अवददथ स पुत्रं पादयोर्न्यस्य तेषां
बदर इममनाथं पुत्रवद्रक्षतेति ॥

લજીએ ન્હાઈધોઈને દેવાધિદેવની પૂજા કરી, અને સારા મુહૂર્ત ઉપર પુત્રની જોડે નાગોર જવામાટે પ્રસ્થાન કર્યું. તેવખતે સુંદરીએ બદારમલજીને ઘણું ધૈર્ય આપ્યું. (૯૮) તે બે જણાં ચાંદપુરથી નીકળ્યાં ત્યારે સારા ફળની સૂચના આપનારી મોહનજીની જમણી આંખ ફરકી, ચાસપક્ષિનું દર્શન ડાબી બાજુપર થયું, અને પક્ષિનું ટોળું ઝાડઉપર મધુર શબ્દ કરવા લાગ્યું. (૯૯) એવાં સારાં શકુનો થયાં તેથી મનમાં થોડી શાતા પામેલા મોહનજી અને બદારમલજી, જેને ઉપમા આપી શકાય નહીં એવા નાગોરમાં આવ્યા. અપાસરામાં આવ્યા પછી રૂપચંદજીના ચરણ જોઈને તેમની ચિંતા, દુઃખ તથા શોક જતા રહ્યા. (૧૦૦) પછી બદારમલજીએ રૂપચંદજીને પગે મોહનજીને મૂકીને કહ્યું કે, "આ અનાથ બાલકની પુત્રની પેઠે આપ રક્ષા કરો." એવું બદારમલજીનું વચન

बदर तनयमेनं विद्धि राजासनस्थं
किमपि न कुरु चित्तेऽज्ञातमूचुस्त एवम् ॥ १०१ ॥
इति वचनसुधां स श्रोत्रपेयां निपीय
सपदि सुतसमुत्थं मोहमुत्सार्य दूरम् ॥
अगमदनुमतः श्रीरूपचन्द्रैः स्वगेहं
विगलितसलिलाम्भोवाहवत्सारहीनः ॥ १०२ ॥

इति श्रीमत्पदवाक्यप्रमाणपारावारीण–विद्वन्मुकुटालंकार–श्रीबालकृष्णजगवच्चरणारविन्दमिलिन्दायमानान्तेवासिनः कानडोपाह्व–गोविन्दात्मज–दामोदरस्य कृतौ शाङ्के मोहनचरिते नागपुरागमनं नाम द्वितीयः सर्गः ॥ २ ॥ ॥ ॥

સાંભળી રૂપચંદજીએ કહ્યું કેઃ–"બદારમલજી! આ બાલક રાજગાદી-ઉપર બેઠો છે એમ તું સમજ, અને મનમાં કંઇપણ ફિકર કરીશ નહીં." (૧૦૧) એવું રૂપચંદજીનું અમૃતરૂપી વચન બદારમલે સાંભળ્યું તેથી પુત્રઉપર રહેલો તેનો મોહ તરત જતો રહ્યો. પછી વૃષ્ટિ કર્યાથી ખાલી થઈ ગયેલા માટે સારવગરના વાદળાજેવા બદારમલજી રૂપચંદજીની શીખ લઇને પોતાને ઘેર ચાંદપુર આવ્યા. (૧૦૨)

(બીજા સર્ગનો બાલાવબોધ સમાપ્ત.)

॥ अथ तृतीयः सर्गः ॥

शङ्काकाङ्क्षादिरहितं दर्शनं यः प्रपन्नवान् ॥
तस्मै मुक्तिपदं दत्ते यः स जीयादनारतम् ॥ १ ॥
प्राप्य नागपुरश्रीः श्री–मोहनं शुशुभे तराम् ॥
शारदी पूर्णमासीव कलापूर्णं कलानिधिम् ॥ २ ॥
चन्द्रालोकाद्धर्धतेऽब्धिः परमेतन्महाद्भुतम् ॥
यद्रूपचन्द्रो ववृधे मोहनास्येन्दुदर्शनात् ॥ ३ ॥
रूपचन्द्र अथो यद्य–दभिलेषुः सुलक्षणम् ॥
तत्तत्प्रायो व्यलोकन्त मोहने मोहमुज्झरे ॥ ४ ॥
अनुरूपविनेयस्य लाभाद्यज्जायते सुखम् ॥
द्वावेव तद्विजानीतो केवली गुरुरेव च ॥ ५ ॥

સર્ગ ત્રીજો.

જે જીવ શંકા, કાંક્ષા વિગેરે દોષે કરીને રહિત એવું ક્ષાયિક સમકિત પામ્યો. તેને મુક્તિપદ આપનાર એવા ભગવાન્ હમેશાં જયવંત રહો. (૧) શરદ્‌ની પુનેમ પરિપૂર્ણ ચંદ્રમાને પામીને જેમ શોભે છે, તેમ નાગોર નગરની લક્ષ્મી મોહનજીને પામીને અધિક શોભવા લાગી. (૨) ચંદ્રમાના દર્શનથી સાગરની વૃદ્ધિ થાયછે, એ વાતતો પ્રસિદ્ધ છે. પણ મોટું આશ્ચર્ય એ છે કે, મોહનજીના મુખરૂપી ચંદ્રમાના દર્શનથી રૂપચંદજીનો મુખરૂપી ચંદ્ર વૃદ્ધિ(આનંદ) પામ્યો; (૩) પછી રૂપચંદજીને જે જે સારા લક્ષણની અભિલાષા હતી, તે તે ઘણાં ખરાં લક્ષણો મોહને જીતનાર એવા મોહનજીની અંદર જોવામાં આવ્યાં. (૪) યોગ્ય શિષ્ય–(ચેલા–)નો લાભ થાય ત્યારે જે કંઈ સુખ થાયછે, તે તો બે જણાજ જાણેછે. એકતો

अध्यापयामासुरिमं रूपचन्द्रा यथा यथा ॥
तथा तथैषां वव्रृधेऽ–ध्यापनेच्छा गुणेक्षणात् ॥ ६ ॥
पपाठ मोहनो रूप–चन्द्रप्रोक्तं यथा यथा ॥
तथा तथा पिपठिषा वव्रृधेऽस्यापि शोभना ॥ ७ ॥
शिष्यप्रज्ञाध्यापकस्या–ध्यापने कौशलं द्वयम् ॥
लावण्यं यौवनेनेव संपृक्तमशुभत्किल ॥ ८ ॥
प्रतिक्रमणसूत्रादि तथौपयिकमेव यत् ॥
तत्सर्वं स्वल्पकालेन मोहनोऽपठदञ्जसा ॥ ९ ॥
उदारः कल्प एवायं यन्महाव्रतधारणम् ॥
सुदुश्चरं दुश्चरेषु तेषु तुर्यं व्रतं विदुः ॥ १० ॥
यदि तन्निरतीचारं तर्हि सद्गुरुसेवया ॥
शेषाणि यानि चत्वारि लभ्यन्ते तानि निश्चितम् ॥११॥

કેવલી ભગવાન્ અને બીજા સદ્‌ગુરૂ. (૫) રૂપચંદજી મોહનજીને જેમ જેમ ભણાવવા લાગ્યા, તેમ તેમ સારા ગુણો નજરે આવ્યાથી તેમની ભણાવવાની ઇચ્છા વધી. (૬) એજપ્રમાણે મોહનજીપણ રૂપચંદજીએ આપેલો પાઠ જેમ જેમ ભણવા લાગ્યા, તેમ તેમ એમનીપણ ભણવાની ઇચ્છા વધતી ગઈ. (૭) શિષ્યની સારી બુદ્ધિ અને ભણાવનારની ભણાવવામાં કુશલતા, એ બે વસ્તુ ભેગી થઈ ત્યારે સ્વાભાવિક સુંદરતા જેમ જુવાનીના યોગથી શોભેછે, તેમ તે શોભવા લાગી. (૮) પ્રતિક્રમણસૂત્ર વિગેરે જે કંઈ હમેશાં બપમાં આવે એવું હતું, તે બધું થોડા કાળમાં અને થોડી મહેનતથી મોહનજી ભણી રહ્યા. (૯) પછી કાલાનુસાર ગુણની ઇચ્છા કરનારા રૂપચંદજીએ વિચારયું કેઃ–" પંચ મહાવ્રત આદરવાં એતો મુખ્યકલ્પ (આચાર) છે. ઘણા કષ્ટથી પળાય એવા પાંચ મહાવ્રતોમાં પણ ચોથું વ્રત નિષ્કલંક પાળવું ઘણુંજ કઠણ છે. જો તે

ध्यात्वैवं प्राङ् मोहनाय रूपचन्द्रा गुणेभ्वः ॥
दातुमैभ्यतेर्दीक्षां सन्महाव्रतलब्धये ॥ ११ ॥
संवीक्ष्य द्रव्यक्षेत्रादि पुनर्विमृशुस्ततः
षोडशोऽब्देऽस्य दीक्षायाः कालं ते प्रतिपेदिरे ॥ १२ ॥
नङ्क्ष्यस्तथातिचारश्चो–त्पद्यते नवमाब्दतः ॥
यद्यप्युपान्त्यं त्यक्त्वान्य–सद्व्रतानां प्रमादतः ॥ १४ ॥
तुर्यव्रते तथाप्येतौ यावदब्दं हि षोडशम् ॥
प्रायः संभवतो नैवे–त्येतल्लोकेऽपि विश्रुतम् ॥ १५ ॥
एतस्यां यतिदीक्षायां मुख्यं तुर्यं व्रतं विदुः ॥
यतस्तदितराण्यस्यां प्रायः सन्त्यपि सन्ति नो ॥ १६ ॥
तथापि यतिदीक्षा यं–दीयते नवमेऽब्दके ॥
तत्पूर्वान्याससिध्यर्थं पूर्वान्यासो हि दुर्लभः ॥ १७ ॥

અતિચારરહિત પાળ્યું હોય તો, કાલાંતરે સદ્‌ગુરૂની સેવાથી બાકી રહેલાં ચાર મહાવ્રતો નક્કી મળી શકે છે.” એમ વિચારીને અંતે મહાવ્રતની પ્રાપ્તિ થવા માટે મોહનજીને જતિદીક્ષા આપવાનો ઇરાદો કરચો. (૧૦–૧૧–૧૨) દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ વિગેરે જોઇને રૂપચંદજીએ ફરીથી વિચાર કરચો, ત્યારે નક્કી થયું કે સોળ વર્ષની ઊમર થાય ત્યારેજ એને જતિદીક્ષા આપવાનું બનશે. (૧૩) મને એમ લાગેછે કે, “ચોથું વ્રત મૂકીને બીજાં ચાર વ્રતોને પ્રમાદથી ભંગ તથા અતિચાર નવમા વરસથી લાગેછે, એવો આગમનો સિદ્ધાંત છે. ચોથા વ્રતને ભંગ તથા અતિચાર ઘણુંકરીને સોળમા વરસસુધી લાગતો નથી. એ વાત લોકમાં પણ પ્રસિદ્ધ છે. આ જતિદીક્ષામાં ચોથું વ્રત મુખ્ય ગણાયછે. કારણ, બીજાં ચાર વ્રતો એમાં છતાં પણ પ્રાયે કરીને નહીં સરખાંજ છે. એમ છતાં નવમે વર્ષે જતિદીક્ષા અપાયછે તેનું કારણ, બાળકપણાથી

वीरः स्वयं न यः सोऽत्र सेनाबलमपेक्षते ॥
तथेन्द्रियदमाशक्तः पूर्वाभ्यासमनिन्दितम् ॥ १८ ॥
मोहनोऽयं स्वयं शूरः पूर्वाभ्यासोऽत्र किंफलः ॥
इतीव चिन्तयित्वा ते जगदुः षोडशोऽस्य ताम् ॥ १९ ॥
रूपचन्द्राशयं ज्ञात्वा मोहनोऽपि यथामति ॥
पपाठ पठनासक्तो दण्डकादीन्यथाक्रमम् ॥ २० ॥
एवं दिनानि कतिचि-त्तयोर्निवसतोः सुखम् ॥
मिथो गुणानुरागोऽभू-दुचितं हि सतामिदम् ॥ २१ ॥
एकदा सुप्रभाते ते रूपचन्द्रा व्यचिन्तयन् ॥
अत्रैव वसतिः श्रेय-स्यथवाविहृतिः खलु ॥ २२ ॥

સામાચારીનો અભ્યાસ કરવા માટેજ એમ સમજવું જોઇએ. કારણ, જીવને સામાચારીનો અભ્યાસ મળવો પણ દુર્લભ છે. જે પુરૂષ પોતે શૂરવીર નથી, તે જેમ લશ્કરની જરૂર રાખેછે, તેમ જે પોતે ઇંદ્રિયોને દમવાને અશક્ત હોયછે, તેજ આચારના અભ્યાસની અપેક્ષા રાખેછે. આ મોહનજીતો પોતે શૂરવીર છે, માટે એને આચારના અભ્યાસની શી જરૂર?" એમ વિચારીનેજ કે શું! રૂપચંદજીએ મોહનજીને સોળમે વર્ષે જતિદીક્ષા આપવાનું કહ્યું. (૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯) મોહનજીપણ, રૂપચંદજીનો ઉપર કહેલો અભિપ્રાય જણાયો ત્યારે ભણવામાંજ મન રાખીને બુદ્ધિપ્રમાણે દંડક, નવતત્ત્વ વિગેરે ગ્રંથો એકપછી એક ભણી ગયા. (૨૦) એપ્રમાણે કેટલાક દિવસસૂધી રૂપચંદજી અને મોહનજી ભેગા રહ્યા, ત્યારે એક બીજાના ગુણ જાણવામાં આવવાથી તેમનો માંહોમાંહે ઘણો રાગ બંધાઈ ગયો. ગુણ જાણીને સ્નેહ રાખવો એ વાત સત્પુરૂષોને ઉચિતજ છે. (૨૧) એક વખતે રૂપચંદજી સવારના પોહોરમાં મનમાં વિચારવા લાગ્યા કેઃ-"અહીંજ વસતિ કરવી, અથવા બીજે ઠેકાણે જવું.

चिरमेकत्र वसते-र्मनःसंगो हि जायते ॥
स एव ऩवसंतत्या मूलं मुनिऩिरुच्यते ॥ ७३ ॥
विहारे सन्ति बहवो गुणा लोकद्वये सुखाः ॥
तस्मात्स एव कर्तव्य इहामुत्र सुखेप्सुऩिः ॥ ७४ ॥
नानाविधेषु देशेषु पुमांसः पर्यटन्ति ये ॥
निपुणा जायते तेषां मतिर्व्यवहृतौ किल ॥ ७५ ॥
व्यवहारचणा ये ते निश्चयेऽपि विचक्षणाः ॥
व्यवहारं विना यन्न निश्चयो लभते पदम् ॥ ७६ ॥
कदा कथं वर्तितव्यं कथं दुःखं सहेत च ॥
कथं व्यवहरल्लोके सर्वेषां वल्लभो ऩवेत् ॥ ७७ ॥
कस्मिन् जनपदे जान-पदा बीजेन केन वा ॥
कृषिवाणिज्यनिरताः संपन्नाश्च निरामयाः ॥ ७८ ॥

ઘણા કાળસુધી એક ઠેકાણે રહેવાથી ત્યાં મન વળગી રહેછે, અને મનનું વળગી રહેવું એજ ભવસંતતિનું મૂળ કારણ છે, એમ કેવલી ભગવાન્ કહેછે. વિહાર કરવામાં ઘણા ગુણ રહેલા છે, તેથી આ લોકમાં તથા પરલોકમાં પણ સુખ થાયછે, વાસ્તે બન્ને ભવમાં સુખની પ્રાપ્તિ થવાને અર્થે મુનિએ વિહારજ કરવો. લૌકિકમાં પણ જે પુરૂષો અનેક દેશોમાં પર્યટન કરેછે, તેમની બુદ્ધિ લોકવ્યવહારમાં ઘણી કુશલ થાયછે. જે લોકો વ્યવહારમાં ઘણા કુશળ હોયછે, તેઓને નિશ્ચયમાં પણ તેવાજ સમજવા. કારણકે, વ્યવહારવગર નિશ્ચયનો લાભ નથી. તેમજ કયે સમયે કેવી રીતે ચાલવું, માથે પડેલું દુખ શીરીતે ખમવું, અને શીરીતે વ્યવહાર કરે તો માણસ બધાને વહાલો થાય. હમેશાં ખેતી અને વેપાર કરનારા શહેરના રહીશ લોકો કયા દેશમાં અને શા કારણથી નિરોગી તથા ધનવાન્ છે, કયા દેશના રહીશ લોકો શા કારણથી દરિદ્રી થઇને બૂરી હા-

कस्मिन् देशे निमित्तेन केन वा तन्निवासिनः ॥
प्राज्ञाः शूरतमाश्चापि दौर्गत्येन निपीडिताः ॥ २९ ॥
को वा जनपदाधीशः केन लोकोत्तरेण वा ॥
गुणेन सर्वलोकानां विद्यते प्रीतिभाजनम् ॥ ३० ॥
को वा जनपदाधीशः केन दुर्व्यसनेन वा ॥
द्विष्टः प्रजानां सर्वासां विद्यतेऽत्यन्तदुर्मनाः ॥ ३१ ॥
को वा जनपदो वास-योग्यः सद्धर्मलाभतः ॥
को वा पाखण्डिबाहुल्या-द्धर्मलोपकरोऽहितः ॥ ३२ ॥
को वा जनपदः केन सदाचारेण सत्फलम् ॥
को वाचारेण दुष्टेन फलं लेभेऽतिदुःखदम् ॥ ३३ ॥
पुरावृत्तप्रसिद्धानि यदा स्थानानि पश्यति ॥
तदैवं सूक्ष्मया बुद्ध्या विवेकं लभते बुधः ॥ ३४ ॥
किंनामेदं स्थलं कस्य कर्मणा केन विश्रुतम् ॥
तस्मात्स किं यशो लेभेऽ-थवा गर्हामवाप्तवान् ॥३५॥

લતમાં આવી ગયેલા છે; તોપણ તે ઘણા બુદ્ધિશાળી અને શૂરવીર છે. કયો રાજા કયા લોકોત્તર ગુણથી સર્વ પ્રજાનો પોતાના ઉપર પ્રેમ ધરાવેછે. કયો રાજા કયા દુર્વ્યસનથી બધી પ્રજાને નિંદા તથા દુગંછા કરવાલાયક થઇ ઘણું દુખ પામ્યોછે. સારા ધર્મનો લાભ થવાથી, કયો દેશ રહેવા લાયક છે. તેમજ પાખંડીની ઘણી વસતિ હોવાથી કયો દેશ ધર્મનો લોપ કરી સામો અનર્થ ઉપજાવેછે. કયો દેશ સારા આચરણથી સારૂં ફલ પામ્યોછે, અને કયો દેશ અનાચારથી દુખી થયોછે. વિવેકી પુરૂષ ઇતિહાસમાં પ્રસિદ્ધ એવાં સ્થળો જ્યારે જુવેછે, ત્યારે તેના મનમાં સૂક્ષ્મબુદ્ધિથી એવો વિચાર ઉપજેછે કે, "આ સ્થળનું નામ શું, કયા પુરૂષની

नानाधर्मरतान् नाना-विधजातिकुलान्वितान् ॥
पर्यटन्विविधान्देशा-नेतद्विज्ञानमश्नुते ॥ ३६ ॥
(उक्तं च) लाघवं कर्मसामर्थ्यं दीप्तोऽग्निर्मेदसः क्षयः ॥
विन्नक्तघनगात्रत्वं व्यायामाऽुपजायते ॥ ३७ ॥
आलोच्यैवं रूपचन्द्रा आगमोक्तं च लौकिकम् ॥
विहारफलमत्रस्ता निश्चिक्युस्तं परेद्यवि ॥ ३८ ॥
विहारमात्मना सार्धं रूपचन्द्रा विधित्सवः ॥
विज्ञायैतन्मोहनोऽपि मुमुदे मोहमोहनः ॥ ३९ ॥
मुहूर्ते निश्चिते रूप-चन्द्रा मोहनसंयुताः ॥
प्रतस्थिरे सुप्रशस्तैः शाकुनैर्विकसन्मुखाः ॥ ४० ॥

કઇ કરણીથી એ પ્રસિદ્ધ થયું, અને જે પુરૂષની કરણીથી એ પ્રસિદ્ધિ પામ્યું, તે પુરૂષે તેથી જગતમાં યશ મેળવ્યો કે અપયશ" શ્રદ્ધાથી જૂદા જૂદા ધર્મને વળગી રહેલા તથા નાનાપ્રકારની જાતિથી અને કુલોથી વસેલા એવા વિવિધ દેશોમાં પર્યટન કરનાર પુરૂષ ઉપર કહેલી બાબતોનું જ્ઞાન મેળવેછે. વળી વૈદકમાં પણ કહ્યુંછે કેઃ-"પર્યટન કરવાથી શરીર હલકું થાયછે, કામકાજ કરવાની તાકદ આવેછે, જઠરાગ્નિ વધેછે, મેદ (જેથી શરીર જાડું થાયછે એવો એક જાતનો રોગ) ઝરી જાયછે, તથા શરીરના અવયવ મજબૂત થઈ જૂદા જૂદા દેખાયછે." (૨૨-૩૭) સિદ્ધાંતમાં કહેલું તથા લોકપ્રસિદ્ધ એવું ઉપર જણાવેલું વિહારનું ફલ મનમાં વિચારીને પ્રસંગે ગંભીર એવા રૂપચંદજીએ આવતીકાલે વિહાર કરવાનો નિશ્ચય કરયો. (૩૮) "રૂપચંદજી મારીજોડે વિહાર કરવા ઇચ્છેછે." એ વાત જાણીને મોહને મોહ પમાડનાર એવા મોહનજીને પણ હર્ષ થયો. (૩૯) નક્કી કરેલા મુહૂર્તઉપર રૂપચંદજીએ મોહનજીને સાથે લઈને વિહાર કરયો. તે વખતે સારાં શકુન થયાં તેથી રૂપચંદજીનું મુખ પ્રસન્ન થઈ

दक्षिणस्यां जनपदा दक्षिणाः सन्ति भूरयः ॥
इतीव तां प्रति ययु-र्दाक्षिण्यं हि सतां प्रियम् ॥ ४१ ॥
यथासुखं ते पन्थान-मतिक्रामन्त आययुः ॥
स्थाने स्थाने वन्दमाना-श्चैत्यान्यमलया धिया॥ ४२ ॥
दिनैः कतिपयैरूप-चन्द्राः श्रीमोहनोऽपि च ॥
प्रह्लादनपुरं नाम साह्लादैरार्हतैर्नृतम्॥ ४३ ॥ युग्मम्॥
गूर्जराणामुदीचीना-वाचीना मरुनीवृतः ॥
सीमा यऽच्यते लोके पालनादिपुराख्यया ॥ ४४ ॥
तत्रस्थजिनचैत्यानां परिपाटीं विधाय ते ॥
स्तोकमेवावसंस्तत्र पुरतो गन्तुमुत्सुकाः॥ ४५ ॥
प्रातः प्रह्लादनपुरात् प्रस्थितास्तेऽथ दक्षिणाम् ॥
गूर्जराणां श्रियं रम्या-मपश्यन्हृदयंगमाम् ॥ ४६ ॥

ગયું. (૪૦) દક્ષિણમાં ઘણા દેશો સરલ (સીધા) છે. એવો વિચાર કરીનેજ કે શું? રૂપચંદજી દક્ષિણદિશા તરફ ગયા. ઠીકજ છે, સત્પુરૂષોને સરલતા (સીધાપણું) ઘણી વહાલી હોયછે. (૪૧) જેમ સુખ ઉપજે તેમ રસ્તો કાપતા, તથા ઠેકાણેઠેકાણે શુદ્ધબુદ્ધિથી જિનાલયને વાંદતા એવા રૂપચંદજી તથા મોહનજી કેટલેક દિવસે સુખસંપન્ન એવા શ્રાવકોથી વસેલા પ્રલ્હાદન પુરમાં આવ્યા. (૪૨-૪૩) તે નગર ગુજરાતની ઉત્તરસીમા અને મારવાડની દક્ષિણસીમા કહેવાયછે, તથા તે હાલ "પાલનપુર" એવા નામથી લોકમાં ઓળખાયછે. (૪૪) આગળ જવાની ઉતાવળ હતી તેથી ત્યાં ચૈત્યપરિપાટી કરીને થોડા વખતસૂધી રહ્યા. (૪૫) પ્રભાતે તેમણે પાલનપુરથી દક્ષિણદિશીએ વિહાર કર્યો, ત્યારે મનને ખેચનારી ગુજરાતની રમણીય શોભા તેમની

पार्श्वयोश्चम्पकाशोक–पाटलाबकुलार्जुनान् ॥
जम्बीरजम्बूनारङ्ग–दाडिमामलकादिकान् ॥ ४७ ॥
कपित्थबदरीचिञ्चा–रसालखदिरादिकान् ॥
हिंतालतालखपुर–नारिकेलतमालकान् ॥ ४८ ॥
मल्लिकायूथिकाझिण्टी–सुरसाप्रस्थपुष्पकान् ॥
वासन्तीमालतीकुन्द–मुचुकुन्दकुरण्टकान् ॥ ४९ ॥
उद्यानान्तर्वर्तमाना–नेवं नानाविधानगान् ॥
शाकुन्तध्वानमुखरान् वीक्ष्माणाः क्वचिन्मुदा ॥ ५० ॥
क्षेत्रेषु शालिगोधूम–कर्पासतुवरीमुखाः ॥
परिपक्वा ओषधीश्च प्रेक्षमाणाः पदे पदे ॥ ५१ ॥
क्वचिन्मालेऽकृष्टपच्या–न्नीवारादीन्मनोहरान् ॥
आरण्यकान्भूरुहांश्च कुर्वाणा दृष्टिगोचरान् ॥ ५२ ॥

નજરે આવી. (૪૬) કોઇ ઠેકાણે બે બાજુએ બગીચાની હારો તેમની નજરે આવી. તેમાં ચંપા, આસોપાલવ, પાટલા, બકુળી, વરસોલી, અર્જુન (સાદડો), જંબીર, જાંબુડી, નારંગી, દાડમી, આમળી, કોઠી, બોરડી, આમલી, આંબા, ખેરડી, હિંતાલ (તાડની એક જાતિ), તાડ, સોપારી, નાળિએરી, તમાલ, મોગરા, જુઇ, અંબેરિયા, તુલસી, મરવો, વાસંતી(મોગરાની એક જાતિ), જાઈ, કુંદ, મુચુકુંદ, ધોળા અંબેરિયા વિગેરે તરેહ તરેહનાં ઝાડો દેખાતાં હતાં, તેના ઉપર પક્ષિઓ બેસીને કલોલ કરતા હતા, તેથી તેમને ઘણોજ હર્ષ થયો. (૪૭–૪૮–૪૯–૫૦) તેમજ ઠેકાણે ઠેકાણે સાળ, ઘઉં, કપાસ, તુવર વિગેરે પાકેલાં ધાન્યો તેમના જોવામાં આવ્યાં. (૫૧) કોઇ ઠેકાણે વગર ખેડેલી જમીનમાં પોતાની મેળે પાકેલા નિયારો, કોદરા, અંટિયો, કાંગ, ચીણો વિગેરે

कुमुदैर्लीनमधुपैः पद्मैर्गुञ्जन्मधुव्रतैः ॥
निनदद्भिश्चक्रवाकै-श्चकोरैः सारसैस्तथा ॥ ५३ ॥
विविक्तत्वाज्जलं पातु-मागतैर्हरिणादिभिः ॥
मनोरमं सरो वीक्ष्य क्वचिद्विकसिताननाः ॥ ५४ ॥
चञ्चूपुटेन हरितान् शालीनादाय वप्रतः ॥
वृक्षाग्रेषूपविशतः शुकान् दृष्ट्वा मुदं गताः ॥ ५५ ॥
रूपचन्द्रा मोहनेन सार्धमेवं यथासुखम् ॥
विहरन्तः क्रमादापु-र्नगरं राजपूर्वकम् ॥ ५६ ॥ कुलकम्
यत्रान्यशासनरतै-रपि जैनजनैरिव ॥
प्राणातिपातविरतिः पाल्यते स्वयमेव हि ॥ ५७ ॥
उद्दीपयन्तः श्रीवीर-शासनं निजतेजसा ॥
देवचन्द्रादयोऽभूवन् बहवो यत्र संयताः ॥ ५८ ॥

સુંદર ખડધાન્યો તથા જાત જાતનાં જંગલી ઝાડો નજરે આવ્યાં. (૫૨) ભરાઈ ગયેલા ભમરા અંદર રહીને મિચાઈ ગયેલાં ચંદ્રવિકાસી કમલો, તથા ભમરાના ગુંજાસથી રળિયામણાં એવાં સૂર્યવિકાસી કમલો જેની અંદર છે; ચકવા, ચકોર અને સારસ પક્ષિઓ જ્યાં શબ્દ કરી રહ્યા છે; તથા કોઈ હિંસક પ્રાણિની હીલચાલ નહીં હોવાથી હરણ, સસલા વિગેરે જનવરો જ્યાં પાણી પીવામાટે આવ્યાં છે, એવું સુંદર સરોવર કોઈ ઠેકાણે જોઇને તેમનું મુખ હર્ષથી પ્રસન્ન થઈ ગયું. (૫૩–૫૪) ખેતરોમાંથી પાકેલી ડાંગર ચાંચમાં લઇને ઝાડઉપર બેસનારા પોપટોને જોઇને તેમને આનંદ થયો. (૫૫) એવી રીતે સુખ ઉપજે તેમ વિહાર કરતા રૂપચંદજી તથા મોહનજી અનુક્રમે અમદાવાદ આવ્યા. (૫૬) તેમાં અન્યદર્શની લોકોપણ શ્રાવકોનીપેઠે અહિંસાવ્રત પોતાની મેળેજ પાળે છે. (૫૭) પોતાના તેજથી શ્રીમહાવીરશાસનને દીપાવતા એવા દેવચંદજી વિગેરે

श्रेष्ठिनोऽपि श्रेष्ठतरा यत्रोन्नवमवाप्नुवन् ॥
भूजानयोऽपि बहवो येषामासन् वशंवदाः ॥ ५९ ॥
चतुर्विधोऽपि श्रीसंघो महान्यत्राद्य वर्तते ॥
जिनालयास्तथासेच-नकाः सन्ति परःशताः ॥ ६० ॥
एवंविधं रूपचन्द्रा अवलोक्य वरं पुरम् ॥
विधातुं तत्र वसतिं मनश्चक्रुः समाहिताः ॥ ६१ ॥
तेषामाशयमालक्ष्य मोहनोऽनुससार तान् ॥
चन्द्रमेव हि चन्द्रस्य करोऽन्वेति नचेतरम् ॥ ६२ ॥
मोहनेन समं तत्रो-पाश्रये दोषवर्जिते ॥
तस्थिवांसो रूपचन्द्रा धर्मध्यानं वितेनिरे ॥ ६३ ॥
चैत्यानां परिपाट्या च गहनागमचिन्तया ॥
मोहनाध्यापनेनापि तेषां कालो विनिर्ययौ ॥ ६४ ॥

ઘણા સંવેગી સાધુઓ ત્યાં થઈ ગયા. (૫૮) ત્યાંના શેઠિયા લોકો પણ ઘણા ખાનદાન થઈ ગયા, તે એવા કે કેટલાક રાજાઓ પણ તેમના કહ્યામાં હતા. (૫૯) હજુ પણ મોટો ચતુર્વિધ શ્રીસંઘ ત્યાં વસેછે. તેમજ વારંવાર જોઇએ તો પણ તૃપ્તિ થાય નહીં એવા જિનમંદિરો તો ત્યાં સેંકડો વિરાજમાન છે. (૬૦) પ્રમાદરહિત રૂપચંદજીએ અમદાવાદ રહેવા લાયક છે એમ વિચારીને ત્યાં રહેવાનું મન કર્યું. (૬૧) રૂપચંદજીનો અભિપ્રાય જાણીને મોહનજીપણ તેમને મળતા થયા, બરાબર છે, ચંદ્રમાનાં કિરણ ચંદ્રમાનીજ પાછળ પડેછે, બીજી તરફ જતાં નથી. (૬૨) પછી મોહનજીની જોડે ત્યાં ઉપદ્રવરહિત અપાસરામાં રહેલા રૂપચંદજીએ ધર્મધ્યાન શરૂ કર્યું. (૬૩) ચૈત્યપરિપાટી, કઠણ ગ્રંથનો વિચાર અને મોહનજીને ભણાવવું એ ત્રણ કામોમાં રૂપચંદજી કાળ

मोहनो रूपचन्द्राणां सेवया पठनेन च ॥
कालं निर्यापयामास चैत्यानां वन्दनेन च ॥ ६५ ॥
एवं यथासुखं तत्र तेषां निवसतां सताम् ॥
निरगादपरिज्ञात श्चैकः परिवत्सरः ॥ ६६ ॥
विहर्तुकामाः पुरतो रूपचन्द्रास्ततोऽभवन् ॥
मोहनोऽप्येकत्र वासा-ज्जन्तुमुत्कमना अभूत् ॥ ६७ ॥
निजाशयानुकूलं ते मोहनं गुणमन्दिरम् ॥
परिज्ञायाहनि शुभे शस्ते लग्ने प्रतस्थिरे ॥ ६८ ॥
विहरन्तः समासेदुः क्रमात्ते नृगुपत्तनम् ॥
सुव्रतस्वामिपादानां निवासेन पवित्रितम् ॥ ६९ ॥
यत्प्राचीनं क्षेत्रमाहु-र्यस्मिन् भव्यजना घनाः ॥
आर्षं धर्मं समाराध्य सद्गतिं समवाप्नुवन् ॥ ७० ॥

ગાળતા હતા. (૬૪) મોહનજીએપણ રૂપચંદજીની સેવા, શાસ્ત્રનો અભ્યાસ અને ચૈત્યપરિપાટી એ ત્રણ કામોમાં વખત વીતાવ્યો. (૬૫) એ રીતે સુખ ઉપજે તેમ રૂપચંદજી અને મોહનજી ત્યાં રહ્યા છતાં એક વર્ષ એવી રીતે નીકળી ગયું કે, તે બિલકૂલ જણાયુંજ નહીં. (૬૬) પછી આગળ વિહાર કરવાનો રૂપચંદજીનો વિચાર થયો, અને મોહનજીપણ એકવરસ એક ઠેકાણે રહેવાથી વિહાર કરવાને ઉત્સુક થયા. (૬૭) સારા ગુણનો જાણે એક ભંડારજ હોયનીશું, એવા મોહનજી આપણા અભિપ્રાયને મળતા છે એમ જાણીને રૂપચંદજીએ સારો દિવસ અને સારૂં લગ્ન જોઇને વિહાર કરયો. (૬૮) અનુક્રમે વિહાર કરતા રૂપચંદજી મુનિસુવ્રતસ્વામીના ચરણથી પવિત્ર થયેલા ભરૂચમાં આવ્યા. (૬૯) ભરૂચ નગર ઘણું પુરાણું ક્ષેત્ર કહેવાયછે, તે ક્ષેત્રમાં

तत्रापि चैत्ययात्रादि विधायाग्रे यियासवः ॥
रेवामुत्तीर्य विषये दक्षिणे ते पदं न्यधुः ॥ ७१ ॥
महाराष्ट्रान्तर्गतं यत् कोंकणाख्योपवर्तनम् ॥
सीमामुदग्नवां तस्य पश्यन्तस्ते मुदं ययुः ॥ ७२ ॥
ततः सूर्यपुरं नाम पुरं लोकेऽति विश्रुतम् ॥
प्राविशन्रूपचन्द्रा यत् समृद्धैरार्हतैर्युतम् ॥ ७३ ॥
यत्पूर्वमासीत्सामुद्र–व्यापारेण समृद्धिमत् ॥
देशान्तरायातपण्यो–त्तरणस्थानमेककम् ॥ ७४ ॥
तत्रापि पूर्ववद्यात्रां कृत्वा प्रास्थिषताग्रतः ॥
कोंकणानां श्रियं रम्यां पश्यन्तः पार्श्वयोर्द्वयोः ॥ ७५ ॥
मुम्बापुरीं कतिपयै–र्दिवसैस्ते समाययुः ॥
या मोहमय्याख्ययापि प्रथिताखिलभूतले ॥ ७६ ॥

ઘણા ભવ્યજીવો જીનભાષિત ધર્મની આરાધના કરીને સારી ગતિ પામ્યા. (૭૦) આગળ જવાની ઉતાવળ હતી માટે વધારે વખત નહીં ગાળતાં કેવળ ચૈત્યપરિપાટી વિગેરે આવશ્યક કૃત્ય કરીને ત્યાંથી વિદાય થયેલા રૂપચંદજીએ તથા મોહનજીએ નર્મદા નદી ઉતરીને દક્ષિણદેશમાં પગ મૂક્યો. (૭૧) મહારાષ્ટ્ર દેશના પેટામાં આવેલા કોંકણ દેશની ઉત્તર સીમા જોઇને તેમને ઘણો આનંદ થયો. (૭૨) ત્યારપછી લોકમાં ઘણું જાણીતું અને ધનાઢ્ય શ્રાવકોનું રહેવાનું સ્થાનક એવા સુરત શહેરમાં તે આવ્યા. (૭૩) એ શહેર પ્રાચીન કાળમાં દરિઆઈ વેપારથી ઘણું સમૃદ્ધિવાળું હતું, તથા પરદેશમાંથી જળમાર્ગે આવેલા કરિઆણાને ઉતારવામાટે આખા હિંદુસ્થાનમાં એક મોટું બંદર હતું. (૭૪) ત્યાંપણ ભરૂચની પેઠે ચૈત્યપરિપાટી વિગેરે કરીને બે બાજુ ઉપર કોંકણ દેશની રળિયામણી શોભા જોતા તે આગળ ચાલ્યા. (૭૫) કેટલેક દિવસે મુ-

सांप्रतं दक्षिणार्धे य-द्राजधानीत्रयं विदुः ॥
या तत्रोद्यमबाहुल्या-त्समृद्ध्या च विशिष्यते ॥ ७७ ॥
सांप्रतं सन्ति यावन्तः ख्याता जनपदा भुवि ॥
तेषां यया समं भूयान् व्यवहारोऽस्ति संप्रति ॥ ७८ ॥
देशान्तरेऽद्य यत्किंचि-त्सत्पण्यं कुशलैर्नरैः ॥
निर्मीयते तदायाति यस्यां प्रथममञ्जसा ॥ ७९ ॥
जातयः सन्ति यावन्त्यो धर्मा यावन्त एव च ॥
तद्धर्मीयास्तथा तज्ज्ञा-तीयाश्चाधिवसन्ति याम् ॥८०॥
यत्तुल्या नास्ति नगरी भारते विश्रुतेऽधुना ॥
शोभां यदीयामालोक्य नरः स्वर्गं निरादरः ॥ ८१ ॥
अतिक्रामति यः क्रोशान् मुहूर्ताद्दश पञ्च च ॥
स बाष्पशकटो यस्याः संप्रति व्यासमासदत् ॥ ८२ ॥

પચંદજી તથા મોહનજી મુંબાપુરી (મુંબઈ) આવ્યા, તે નગરી " મોહમયી " એવા બીજા નામથી પણ આખા જગતમાં પ્રસિદ્ધ છે. (૭૬) હાલ હિંદુસ્થાનમાં જે ત્રણ મોટી રાજધાનીઓ કહેવાય છે, તેની અંદર મુંબઈ મુખ્ય છે. કારણ કે, તેમાં ઉદ્યમી લોક ઘણા હોવાથી સંપત્તિ વિપુલ છે. (૭૭) હાલમાં પૃથ્વીઉપર જેટલા મોટા મોટા દેશો પ્રસિદ્ધ છે, તે બધાનો એની જોડે ઘણો વેપાર ચાલે છે. (૭૮) આજકાલ બહારદેશમાં કુશળ કારીગરો જે કંઈ નવી સારી ચીજ તૈયાર કરેછે, તે તરત પહેલી મુંબઈમાં આવેછે. (૭૯) હમણાં જેટલી જ્ઞાતો તથા ધર્મો મોજૂદ છે, તે બધી જ્ઞાતિના તથા તે તમામ ધર્મના લોકો આ શહેરમાં વસેછે. (૮૦) હાલમાં જેટલું ભરતખંડ પ્રસિદ્ધ છે, તેમાં એના જેવું બીજું શહેર નથી, માણસ એની શોભા જુવે ત્યારે તે સ્વર્ગને પણ તુચ્છ માને છે. (૮૧) બે ઘડિની

या योजनसहस्राणां पृथक्त्वमपि लङ्घते ॥
निमिषेणापि सा विद्यु-त्तन्त्री लोकोत्तरस्यदा ॥ ८३ ॥
चीनपारसशार्मण्या-ङ्ग्लादिदेशेषु भूरिषु ॥
आर्यावर्तेऽपि विस्तारं यतः सांप्रतमागमत् ॥ ८४ ॥
तत्र श्रीरूपचन्द्रास्ते मोहनेन समं मुदा ॥
न्यवसन् वसातै धर्म-ध्यानं तन्वन्त आत्मनि ॥ ८५ ॥
कारणेऽथ समुत्पन्ने मोहनेन सहान्यदा ॥
गत्वा मालवके मुम्बा-पुरीं पुनरुपागमन् ॥ ८६ ॥
एवं द्विस्त्रिर्मालवके गत्वा पुनरुपेयुषाम् ॥
तेषां चतुष्टयी जग्मु-र्वत्सराणां यथासुखम् ॥ ८७ ॥
मोहनोऽपि पठन् पञ्च-दशवर्षोऽभवत्तदा ॥
रूपचन्द्रास्तमालोक्य चेतस्येवमचिन्तयन् ॥ ८८ ॥

અંદર આસરે દશપંદર ગાઉનો રસ્તો કાપનારી રેલગાડી હમણા આ શહેર-માંથી શરૂ થઈને આખા હિંદુસ્થાનમાં વિસ્તાર પામી. (૮૨) દસ વીસ હજાર ગાઉનું છેટું હોય તોપણ એક પળવારમાં કાપી નાંખે એવો જબરો વેગવા-ળો તારપણ હમણા એ શહેરમાંથી આખા હિંદુસ્થાનમાં ફેલાયો છે; તથા ચીન, ઇરાન, જર્મન, ઈંગ્લંડ વિગેરે ઘણા દેશોસાથે જોડાઇ ગયોછે. (૮૩-૮૪)એવા મુંબઇ શહેરમાં રૂપચંદજી તથા મોહનજી ધર્મધ્યાનની વૃદ્ધિ કરતા ખુશીમાં રહ્યા. (૮૫) ત્યારપછી કંઈ કારણસર રૂપચંદજી મોહનજીની જોડે એક દિવસ માળવે જવા વાસ્તે મુંબઇથી વિદાય થયા, ત્યાં જઈ પાછા થોડા દહાડામાં મુંબઈ આવ્યા. (૮૬) કારણસર માળવે જઈ પાછું મુંબઈ આવવું, એમ બે ત્રણવાર કરતાં તેમણે ચાર વરસ સુખમાં ગાળ્યાં. (૮૭) યથાશક્તિ કર્મગ્રંથાદિક ભણતાં મોહનજી પણ પંદર વર્ષના થયા, ત્યારે રૂપચંદજી મોહનજીને જોઇને આ રીતે મનમાં વિચાર કરવા લાગ્યાઃ- (૮૮)

मया यत्प्रागवधृतं तस्यायं समयोऽभ्यगात् ॥
मोहनोऽयं पञ्चदश-वर्षो यत्समजायत ॥ ८९ ॥
देयास्मै यतिदीक्षा सा श्रीपूज्यैरेव दीयते ॥
तेषां योगश्च मगसी-पार्श्वोपान्ते भविष्यति ॥ ९० ॥

एवं विमृश्य क्षणदावसाने
शास्ते मुहूर्तेऽपि च मोहनं ते ॥
प्रस्थापयामासुरुदारसत्त्वं
मुहुः पठन्तः परमेष्ठिमन्त्रम् ॥ ९१ ॥
मुम्बापुरात्स्थानकमग्रतः स
ग्रामेष्वनेकेषु वसन्समागात् ॥
ख्यातं जनस्थानमथो सुरम्यां
रेवां समुत्तीर्य पुरश्चचाल ॥ ९२ ॥
अथेन्द्रपूर्वं पुरमभ्युपागा-
द्यद्दाक्षिणात्यो नृपतिः प्रशास्ति ॥

"જે મે પહેલું ધાર્યું હતું તેનો સમય આવી ગયો, કારણ કે, હમણાં મોહનને પંદરમું વરસ પૂરું થયું. એને જતિદીક્ષા આપવાની છે, તેનો શ્રીપુજ્યજી-થીજ અપાય. તેમનો યોગ શ્રીમગસીપાર્શ્વનાથની પાસે થશે." (૮૯–૯૦) એમ વિચારીને સવારમાં વારંવાર શ્રીનવકારમંત્રને ગણતા રૂપચંદજીએ મોટાસત્વના ધણી એવા મોહનજીને સારા મુહૂર્તઉપર મુંબઇથી મગસી જવા માટે વિદાય કર્યા. (૯૧) મુંબઇથી વિદાય થયેલા મોહનજી ઠાણે આવ્યા, ત્યાંથી આગળ ગામોગામ મુકામ કરતા પ્રસિદ્ધ નાસી-કમાં આવ્યા. ત્યાંથી વિદાય થયા તે ઠેકાણેઠેકાણે મુકામ કરતા રળિયા-મણી નર્મદાનદી ઉતરીને આગળ ચાલ્યા, તે હોળકરનામે મહારાષ્ટ્રરા-જાની રાજધાની ઇંદોર કહેવાયછે ત્યાં આવ્યા, ખરતરગચ્છના અધિ-

यदध्यवात्सुर्विहरन्त आगता-
स्तदा गणाधीशमहेन्द्रसूरयः ॥ ९३ ॥
आकर्ण्य ते मोहनमभ्युपेतं
बभूवुरुत्कास्तमवेक्षितुं झाक् ॥
आयातमात्रः स महेन्द्रसूरीन्
नन्तुं समागाद्विधुतान्यकृत्यः ॥ ९४ ॥
खरतरगच्छाधिपति-श्रीपूज्यानां पदारविन्देषु ॥
पतितो मोहनभृङ्गो मोदममानं समापेदे ॥ ९५ ॥
उत्थाप्य शीघ्रमेनं सास्रं चक्षुः प्रमृज्य पाणिभ्याम् ॥
देवगुरुप्रसादा-त्स्वस्त्यस्त्विति सूरयः प्रोचुः ॥ ९६ ॥
आदाय मोहनमथेन्द्रपुरात्प्रयाता-
स्ते सूरयः सुखमवापुरवाप्तमोदाः ॥
पार्श्वे च पार्श्वमहितं मगसीप्रतिष्ठं
घोरे कलावपि भुवि प्रथितानुभावम् ॥ ९७ ॥

પતિ શ્રીપૂજ્ય શ્રીમહેંદ્રસૂરિજીપણ વિહાર કરતા ત્યાં પહેલેજ વસતિ કરી રહ્યા હતા. (૯૨-૯૩) મોહનજી આવ્યાછે એ વાત સાંભળતાંજ શ્રીપૂજ્ય તેમને જોવામાટે ઘણા ઉત્સુક થયા, મોહનજીપણ ત્યાં જતાં વારને બીજાં બધાં કામ મૂકીને શ્રીપૂજ્યજીને પ્રણામ કરવાવાસ્તે ગયા. (૯૪) મહેંદ્રસૂરિજીના ચરણકમલઉપર પડેલો મોહનરૂપી ભમરો ઘણેાજ આનંદ પામ્યેા (૯૫) ત્યારે મહેન્દ્રસૂરિજીયે પગે પડેલા મોહનજીને તરત ઉઠાડ્યો, અને આંખમાં આવેલાં આનંદનાં આંસુ લૂસીને "દેવગુરૂના પ્રસાદથી તારૂં કલ્યાણ થાએા" એવી મોહનજીને આશીષ આપી. (૯૬) ત્યારપછી ખુશી થએલા મહેંદ્રસૂરિજી મોહનને સાથે લઈને ઇંદોરથી નીકળ્યા તે, ઘોર

अदीक्षयन्ये यतिरूपचन्द्रान्
पट्टेऽथ तेषां क्रमतोऽनवन्ये ॥
ते खल्विमे सूरिवरा महेन्द्रा-
स्तीर्थं तथैतद्विदितं पृथिव्याम् ॥ ९८ ॥
योगः खल्वयमीदृशो न सुलभो भाग्याद्विना देहिनाम्
प्राग्जन्मार्जितधर्मकर्मवशतस्तं मोहनोऽभ्यागमत् ॥
प्राप्यार्थो सुमुहूर्तमागममतं राचार्यवर्या यति-
दीक्षां ते विदितां दद्युर्गुणकरीं श्रीमोहनाय द्रुतम् ९९
जगति यतिदीक्षां सुप्रापां विचिन्त्य सुखप्रदाम्
बहव उररीकृत्य प्रान्ते पतन्ति पथो हितात् ॥
विरल इह तामादाय प्राग्विवेकबलादथो
भवति किल संवेगी धन्यः स एव महीतले ॥ १०० ॥

इति श्रीमत्पदवाक्यप्रमाणपारावारीणविद्वन्मुकुटालंकारश्रीबाल-कृष्णभगवच्चरणारविन्दमलिन्दायमानान्तेवासिनः कानडोपाह्व-गोविन्दात्मजदामोदरस्य कृतौ शाङ्के मोहनचरिते तृतीयः सर्गः ३

કલિયુગમાં પણ જેનો પ્રભાવ જગતમાં પ્રસિદ્ધ છે, એવા ભગસીપા-ર્શ્વનાથની પાસે આવ્યા. (૯૭) રૂપચંદ્રજીને દીક્ષા આપનારા જીનહર્ષસૂ-રિજીના પાટઉપર અનુક્રમથી થયેલા શ્રીમહેંદ્રસૂરિજી જેવા આચાર્ય અને ભગસીપાર્શ્વનાથ જેવું જગતમાં જાણીતું તીર્થ એવો યોગ જીવને ભાગ્યવિના મળવો દુર્લભ છે, તોપણ પૂર્વભવમાં ઉપાર્જેલા સુકૃતથી મો-હનજીને તે યોગ મળી આવ્યો. ઘણાજ અવસરના જાણ એવા મહેંદ્ર-સૂરિજીએ સિદ્ધાંતના અનુસારથી સારૂં મુહૂર્ત લઇને સદ્‌ગુણ આપનારી જતિદીક્ષા મોહનજીને આપી. (૯૮–૯૯) સહેજમાં લઈ શકાય એવી

॥ अथ चतुर्थः सर्गः ॥

शं तनोतु स वः शान्ति–र्नाकिनाथनमस्कृतः ॥
स्वर्गापवर्गयोर्दाता निहन्ता सकलापदाम् ॥ १ ॥
अथ श्रीमोहनेनात्त–यतिदीक्षेण सूरयः ॥
सहागमन्नन्तरिक्ष–पार्श्वपार्श्वं मुदा युताः ॥ २ ॥
यथोचितां तत्र यात्रां विधायाजग्मुरञ्जसा ॥
पुरं भूपालनामानं यत्रास्ते यवनो नृपः ॥ ३ ॥
दिनानि कति चित्तत्र स्थित्वा ते सूरयोऽन्यदा ॥
श्रीमोहनाय मुम्बायां गन्तुमाज्ञां वितेनिरे ॥ ४ ॥

અને ચરણક્રિયાનો ઘણો પ્રતિબંધ નહીં હોવાથી સુખ આપનારી જતિ-દીક્ષા લઇને આત્મહિતના માર્ગથી પડી ગયેલા ઘણા લોકો જગતમાં છે; પણ પહેલી જતિદીક્ષા લઇને પછી વિવેકના બલથી સંવેગી થાય એવા વિરલા માણસ આ દુનિયામાં છે, અને તેથી તેને ધન્યવાદ ઘટે છે. (૧૦૦)

(ત્રીજા સર્ગનો બાલાવબોધ સમાપ્ત.)

સર્ગ ચોથો.

ચોસઠ ઇંદ્રોએ વાંદેલા, સ્વર્ગના અને મોક્ષના આપનારા અને સકલ આપદાનો નાશ કરનારા એવા શ્રીશાંતિનાથ ભગવાન્ તમને સુખ આપો. (૧) ત્યાર પછી જતિદીક્ષા આપેલા મોહનજીને સાથે લઇને શ્રીમહેંદ્રસૂરિજી આનંદથી અંતરિક્ષ પાર્શ્વનાથ આવ્યા. (૨) ત્યાં આગ-મના કહ્યાપ્રમાણે યાત્રા કરીને યવનરાજના તાબામાં રહેલા ભોપાળ શહેરમાં આવ્યા. (૩) ત્યાં કેટલાક દિવસ રહીને પછી એકવખત મ-

श्रीमोहनोऽपि लब्ध्वाज्ञां निश्चक्राम ततः पुरात् ॥
मुम्बापुरीं क्रमादाप रूपचन्द्रदिदृक्षया ॥ ५ ॥
दृष्ट्वा श्रीमोहनं रूप–चन्द्रा मोदमवाप्नुवन् ॥
सोऽपि प्रवृत्तिं दीक्षाया वृत्तं सर्वमचीकथत् ॥ ६ ॥
ततस्तोकमुषित्वा ते मुम्बायामार्हतश्रियाम् ॥
श्रीमोहनेन भूपालं प्रयातुं निरचिन्वत ॥ ७ ॥
प्रस्थिताः सुमुहूर्ते श्री–मोहनेन समं मुदा ॥
रूपचन्द्राः क्रमादापु–र्भूपालं भूपराजितम् ॥ ८ ॥
प्रसन्नमनसस्तत्र रूपचन्द्रा अथावसन् ॥
न्यवात्सीद्भ्रीमोहनोऽपि पठन्नागममादरात् ॥ ९ ॥
समीक्ष्यासन्नमथ ते वर्षासमयमागतम् ॥
तत्रैव वर्षावसतिं निश्चिक्युश्च समोहनाः ॥ १० ॥

હેંદ્રસૂરિજીએ મોહનજીને મુંબઈ જવાવાસ્તે આજ્ઞા દીધી. (૪) મોહનજીપણ શ્રીપૂજ્યજીની આજ્ઞા લઈ ભોપાળથી વિદાય થયા તે રૂપચંદજીને જોવાની ઘણી ઉત્કંઠા મનમાં રાખતા અનુક્રમે મુંબઈ આવ્યા. (૫) મોહનજીને જોઈને રૂપચંદજી હર્ષ પામ્યા, પછી દીક્ષા લીધાની તથા બીજી પણ વાતો જે કહેવા લાયક હતી તે બધી મોહનજીએ રૂપચંદજીને કહી. (૬) ત્યાર પછી શ્રાવકલોકોથી શોભતા એવા મુંબઈ શહેરમાં થોડા વખત રહીને રૂપચંદજીએ મોહનજીની જોડે ભોપાળ જવાનો વિચાર કર્યો. (૭) સારા મુહૂર્ત ઉપર મુંબઈથી વિદાય થયેલા રૂપચંદજી તથા મોહનજી વિહાર કરતા સુખથી ભોપાળ રાજધાનીમાં આવ્યા. (૮) મન પ્રસન્ન હોવાથી રૂપચંદજીએ ત્યાં વસતિ કરી, ત્યારે મોહનજી પણ આદરથી શાસ્ત્રનો અભ્યાસ કરવામાં વખત ગાળતા હતા. (૯) ત્યાર બાદ ચોમાસું નજીક આવ્યું જોઈ ત્યાંજ વસતિ કરવાનો રૂપચંદજીએ તથા મોહનજીએ

देवानां च गुरूणां च प्रसादात्ते यथासुखम् ॥
प्रावृषं गमयामासु–स्तन्वन्तस्तपआदिकम् ॥ ११
रूपश्रिया स्पर्धमाना गुणश्रीर्ववृधे तराम् ॥
यौवनश्रीरपि परा–जिग्ये तस्य गुणश्रिया ॥ १२ ॥
एवं प्रवर्धमानः स–कुणैः श्रीमोहनस्तदा ॥
समाचकर्ष चित्तानि विदुषामपि लीलया ॥ १३ ॥
गमनावसरं ज्ञात्वा रूपचन्द्राः सदोद्यताः ॥
मोहनेन समं मुम्बा–माजग्मुः स्वःपुरीनिभाम् ॥१४॥
मुम्बायाः सुषमां दृष्ट्वा–भिनवामिव मोहनः ॥
मेने तस्या मोहमयी–त्याख्यामनुगतार्थकाम् ॥ १५ ॥
तस्या विपण्यां वणिजो वाणिज्ये बहुशोऽन्वहम् ॥
डुस्था भवन्ति संपन्नाः संपन्नाश्चापि डुर्गताः ॥ १६ ॥

નિશ્ચય કર્યો. (૧૦) દેવના અને ગુરૂના પ્રસાદથી તપસ્યા, ભણવુંગણવું વિગેરે કાર્યમાં તેમણે સુખથી ચોમાસું કાઢ્યું. (૧૧) મોહનજીના ગુણની શોભા તેમના રૂપની શોભા જોડે સ્પર્ધા (હરીફાઈ) કરતી ઘણી વધી ગઈ, તે એટલી બધી કે, યુવાવસ્થાની શોભાને પણ તેણે જીતી લીધી. (૧૨) એ રીતે સદ્‌ગુણોની જોડે વૃદ્ધિ પામતા એવા મોહનજીએ વિદ્વાન્ લોકોના પણ મનને સહેજમાં ખેંચી લીધાં. (૧૩) હમેશાં ઉચિત કાર્યમાં ઉદ્યમ કરનારા રૂપચંદજી વિહાર કરવાનો અવસર જાણીને મોહનજીની જોડે, સ્વર્ગપુરીની પેઠે રળિયામણા મુંબઈ શહેરમાં આવ્યા. (૧૪) જાણે પૂર્વે નહીંજ જોએલી હોયની શું? એવી મુંબઈની શોભા જોઈને તેનું " મોહમયી " એવું નામ સાચું છે એમ મોહનજીને લાગ્યું. (૧૫) મુંબઈના બજારમાં દરરોજ વેપારીઓને વેપારમાં ઘણો લાભ

दृष्ट्वा विपर्यासमिमं निश्चिकाय स चेतसि ॥
संपदश्चञ्चलेत्याख्या–मन्वर्थामागमोदिताम् ॥ १५ ॥
तृणीकृतस्वर्गसुखान् धनिनो धनदोपमान् ॥
शतखण्डांशुकधरान् याचमानांश्च दुर्गतान् ॥ १८ ॥
वीक्ष्य सोऽन्तर्निरणयद् धर्माधर्मफलं श्रुतम् ॥
धर्मात्सुखं बहुविध–मधर्माद्दुःखमीदृशम् ॥१९॥युग्मम्
राजमार्गान्तिकस्थेषु सौधानां मूर्धसद्मसु ॥
श्रीमोहनोऽधिरुह्याध्व–चरान्पश्यन्नचिन्तयत् ॥ २० ॥
पिपीलिकानिभा एते शतशोऽथ सहस्रशः ॥
गच्छन्त्यनेन मार्गेण नरा नार्यश्च संततम् ॥ २१ ॥
श्रेष्ठोऽहं जगतीत्येवं सर्वे यद्यपि मन्वते ॥
तथाप्येषामसारत्व–मधुना स्फुटमीक्ष्यते ॥ २२ ॥

थवाथी निर्धनिया होय ते धनवान् थाय छे, अने जे धनवान् छे ते खोट आववाथी निर्धन थायछे. ए फेरफार जोईने मोहनजीए निश्चय कर्यो के, सिद्धांतमां कहेलुं लक्ष्मीनुं "चंचला" एवुं नाम साचुं छे. (१६–१७) स्वर्गना सुखने पण तणखला समान गणनारा एवा कुबेरभंडारीसरखा धनवान् लोकोने अने सेंकडो थीगडावाळुं कपडुं पहेरीने भीख मागनारा भीखारी लोकोने जोईने मोहनजीए धर्मनां अने अधर्मनां जे फळ सिद्धांतमां सांभळ्यां हतां, तेनो एवी रीते सार काढ्यो के, धर्मथी माणस अनेक प्रकारनां सुख अने अधर्मथी घणी जतनां दुःख भोगवे छे. (१८–१९) मोटा रस्ता उपर आवेला महेलनी ऊंची अगाशी उपर चढीने मोहनजीए रस्ते चालनारा लोको जोया, त्यारे तेमना मनमां एवो विचार आव्यो के, सेंकडो, हजारो भायडिओ तथा मरदो रस्ते जतां कीडी सरखा देखाय छे. एमां एक एक जण "हुं ज-

असारे मानवे देहे सारं धर्ममतो विदुः ॥
तस्मात्स एव सततं सेवनीयः सतां मतः ॥ २३ ॥
एवं मुम्बापुरीशोभा–मालोक्याध्यात्मभावनाम् ॥
श्रीमोहनो वितन्वानो गमयामास वासरान् ॥ २४ ॥
वयस्यैः श्रीमोहनस्य कथितां भावनामिमाम् ॥
रूपचन्द्राः परिज्ञाया–मानं मोदमवाप्नुवन् ॥ २५ ॥
आसन्नां प्रावृषं वीक्ष्य रूपचन्द्राः समोहनाः ॥
उत्तरस्यामथाशायां गन्तुकामास्तदाभवन् ॥ २६ ॥
उदीच्यां कुत्र गन्तव्य–मेवं ते हृदयेऽन्यदा ॥
चिन्तयन्तो मालवस्या–स्मार्षुर्भरतहृन्मणेः ॥ २७ ॥
मा संपूर्णास्ति मय्येवा–न्येषु देशेषु मालवः ॥
एवं योऽहर्निशंजल्प–न्नाप मालवनामताम् ॥ २८ ॥

गत्માં મોટો છું” એમ માને છે, તોપણ એમનું તુચ્છપણું હમણા કેટલું ચોખ્ખું દેખાય છે! માટે જેમાં સાર નથી એવા ક્ષણભંગુર માનવદેહમાં ધર્મકરણી કરવી એજ સાર છે, એવો જ્ઞાની લોકો ઉપદેશ કરે છે. વાસ્તે સત્પુરૂષોને માન્ય એવી ધર્મકરણીજ હમેશાં કરવી.” (૨૦–૨૧–૨૨–૨૩) એ રીતે મુંબઈ શહેરની શોભા જોઈને અધ્યાત્મભાવના કરનારા મોહનજીએ કેટલાક દિવસ ગાળ્યા. (૨૪) મોહનજીની જોડે મિત્રાચારી રાખનારા લોકોએ એ અધ્યાત્મભાવના રૂપચંદજીને કહી, ત્યારે તેમને ઘણો આનંદ થયો. (૨૫) ચોમાસું નજીક આવેલું જોઈને રૂપચંદજીએ મોહનજીની જોડે ઉત્તરદિશી જવાનો વિચાર કર્યો. (૨૬) પણ ઉત્તરદિશામાં ક્યાં જવું એવો તે મનમાં વિચાર કરવા લાગ્યા, ત્યારે ભરતખંડના હૃદયનો અલંકારજ હોયની શું? એવો માળવા પ્રાંત તેમને યાદ આવ્યો. (૨૭) “ ભરપૂર લક્ષ્મી તો મારી પાસેજ છે. બીજા દે-

गानवादनचञ्चुत्वा–ऽऽनाम्नायेऽपि योऽद्भुताम् ॥
रागेषु गणनां लेने स्थाने ध्यानात्तदात्मता ॥ २९ ॥

गन्तव्यं तत्र सत्रा श्री–मोहनेनाविलम्बितम् ॥
निर्णीयेति शुभे लग्ने प्रस्थानं चक्रिरेऽथ ते ॥ ३० ॥

क्रमेण मालान्यमला–न्यवाक्षुर्मालवस्य ते ॥
संपन्नता तस्य यदा–लोकेनैवानुमीयते ॥ ३१ ॥

ग्रामानुग्राममथ ते निवसन्तः समाययुः ॥
राजधानीं मालवस्यो–ज्जयनीं विजयावनिम् ॥ ३२ ॥

विख्यातविक्रमो विद्या–विदितो विबुधाश्रयः ॥
वदान्यः कल्पतरुवद् यामपाद्विक्रमो नृपः ॥ ३३ ॥

शमां तो "मालव" એટલે લવમાત્ર લક્ષ્મી છે." એવી રીતે હમેશાં બોલે છે તેથીજ કે શું ? આ દેશનું નામ માલવ (માળવા) એવું પડી ગયું. (२८) એ દેશ ગાવાબજાવવાની કલામાં ઘણો નામીચો છે. તેથી એના નામની ગાયનના રાગમાં ગણતરી થઈ. ઠીકજ છે, હમેશાં જે, જે ચીજનું ધ્યાન કરેછે, તે તદ્રૂપ થાય છે. (२९) ત્યાં મોહનજીની જોડે શીઘ્ર જવાનું નક્કી કરીને રૂપચંદજી સારા લગ્ન ઉપર મુંબઇથી વિદાય થયા. (३०) અનુક્રમે જતાં માળવાના મોટાં મોટાં ખેતરો તેમના જોવામાં આવ્યાં. તેથીજ તે દેશની સંપન્નતા (આબાદી) તેમને જણાઈ. (३१) એક ગામથી બીજે ગામ મુકામ કરતા રૂપચંદજી માળવાની જયવંતી એવી જુની રાજધાની જે ઉજ્જન કહેવાય છે, ત્યાં આવ્યા. (३२) મોટો પરાક્રમી, વિદ્યાથી જાણીતો થયેલો, પંડિત લોકોને આસરો આપનારો, કલ્પવૃક્ષની પેઠે ઇષ્ટવસ્તુનો દાતાર એવો વિક્રમરાજા તે ઉજ્જ-

पश्चात्क्रमेण ये नञा–सने तस्याधिशिश्रियुः ॥
तेषां नैकोऽपि तद्वर्त्म व्यतीयाय शुभावहम् ॥ ३४ ॥
शासनोन्नतिकर्तुः श्री–सिद्धसेनमुनेर्वचः ॥
सत्यं चिकीर्षुः श्रीपार्श्वो यस्यां प्राकट्यमागमत् ॥ ३५ ॥
तत्त्वार्थोद्द्योतमातन्वन् भव्याज्ञानतमोनुदम् ॥
यथार्थनामा यत्रासी–त्सिद्धसेनदिवाकरः ॥ ३६ ॥
शोभनो नाम यत्रानू–न्मुनिराडतिविश्रुतः ॥
धनपालं व्यधात्सम्यग्–दृष्टिं सविविधोक्तिभिः ॥३७॥
यस्यामुपात्तजन्मासौ धनपालो महाकविः ॥
धारायामाखेटरतं यदधीशमबोधयत् ॥ ३८ ॥
तामालोक्यावदन्रूप–चन्द्राः श्रीमोहनं तदा ॥
अत्रैव वर्षावसतिः कर्तव्येति मतं मम ॥ ३९ ॥

નનું પૂર્વકાળમાં રક્ષણ કરતો હતો. (૩૩) પછી અનુક્રમે તેની ગાદી-પર જે રાજાઓ થયા તેમાં કોઈએ પણ વિક્રમની કરેલી મર્યાદાને ઉલંઘન કરી નહીં. (૩૪) શ્રીમહાવીર ભગવાનના શાસનની ઉન્નતિ કરનારા સિદ્ધસેનાચાર્યજીનું વચન સાચું કરવામાટે શ્રીપાર્શ્વનાથ ભગવાન્ તે ઉજ્જનમાં આગળના વખતમાં પ્રગટ થયા, તે ભગવાન્ હાલ અયવંતી પાર્શ્વનાથ એવા નામથી પ્રસિદ્ધ છે. (૩૫) ઉપર કહેલા શ્રીસિદ્ધસેન દિવાકર આચાર્યજીએ ભવ્યલોકોના હૃદયને વિષે રહેલા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનારો તત્વાર્થરૂપી ઉદ્યોત તે ઉજ્જનમાં પ્રગટ કર્યો. (૩૬) જૈનમંડળમાં ઘણા જાણીતા એવા શોભનમુનિજીપણ તે ઉજ્જનમાં થયા, તેમણે વચનની ઘણી યુક્તિથી ધનપાળ કવિને સમકિતી કર્યો. (૩૭) ઉજ્જનમાંજ જન્મેલા ધનપાળ કવિએ શિકાર કરવામાં ઘણો વ્યસની એવા ભોજનામા એ નગરીના રાજાને ધારા નગરીમાં ઉપદેશ કરીને વ્યસનથી છોડાવ્યો. (૩૮) એવું ઉજ્જન શહેર

श्रीमज्ज्यो यज्जोचते त–न्मह्यमेवं प्रतिब्रुवन् ॥
मोहनः श्रीरूपचन्द्र–वचनं प्रत्यपद्यत ॥ ४० ॥
उपद्रवैर्विरहितेऽ–ध्युषितास्ते प्रतिश्रये ॥
तत्रातिवाह्यामासु–र्वर्षामासचतुष्टयीम् ॥ ४१ ॥
अष्टादशाब्ददेश्यो मोहनोऽपि शुभैर्गुणैः ॥
गुणानुरागिणां तत्र स्पृहणीयोऽभवन्नृशम् ॥ ४२ ॥
न प्रगल्भं वयो नापि श्रुते पारीणता तथा ॥
तथापि मोहने भव्य–जीवा रागं दधुस्तदा ॥ ४३ ॥
आसन्नेऽवसरे रूप–चन्द्रा निश्चिक्युरन्यदा ॥
विहारमविलम्बेन पत्तने कोट्टनामके ॥ ४४ ॥
मोहनोऽस्मान्परित्यज्य विहर्ता किल सांप्रतम् ॥
मत्वेति तत्रत्याः श्राद्धा विषादं परमाययुः ॥ ४५ ॥

જોઈને રૂપચંદજીએ મોહનજીને તે વખતે કહ્યું કે, "અહીં ચોમાસું કરવું એમ મને લાગે છે." (૩૯) "આપની પ્રસન્નતા જેમાં હોય તે વાત મને પણ પસંદ છે." એવો ઉત્તર આપનારા મોહનજીએ રૂપચંદજીનું વચન કબૂલ કર્યું. (૪૦) કોઈ પણ જાતના ઉપદ્રવથી રહિત એવા ઉપાસરામાં રહીને રૂપચંદજીએ મોહનજીની જોડે ત્યાં વર્ષાકાળનું ચોમાસું કાઢ્યું. (૪૧) મોહનજીની ઉમ્મર માત્ર અઢાર વરસની હતી, તોપણ ત્યાંના ગુણરાગી શ્રાવકોને તે ઘણા વહાલા થયા. (૪૨) નહીં પુખ્ત ઉમ્મર, નહીં આગમમાં પારંગતપણું, તોપણ તે વખતે ભવ્યજીવો મોહનજી ઉપર ઘણા રાગી થયા. (૪૩) ચોમાસું ઉતર્યા પછી વિહારનો અવસર નજીક આવ્યો, ત્યારે રૂપચંદજીએ એક વખત કોટા શહેર તરફ શીઘ્ર વિહાર કરવાનો નિશ્ચય કર્યો. (૪૪) મોહનજી અમને બધાને મૂકીને હમણા વિહાર કરશે, એવો વિચાર મનમાં આવ્યાથી ઉજ્જનના

वासरे सुप्रशस्तेऽथ रूपचन्द्राः प्रतस्थिरे ॥
मोहनोऽपि नमोऽर्हद्भ्य इत्युक्त्वानुससार तान् ॥ ४६ ॥
अश्रान्तं विहरन्तस्त आययुः कोट्टपत्तनम् ॥
मनःप्रसत्तिदायां च वसतावववसन्मुदा ॥ ४७ ॥
महेन्द्रसूरयस्तत्र विहरन्तः समाययुः ॥
रूपचन्द्रान्मोहनं च दृष्ट्वा मुमुदिरे तराम् ॥ ४८ ॥
परिच्छदपरीतानां सूरीणां समुपेयुषाम् ॥
वितेनुः समुदाचारं यथार्हं ते विचक्षणाः ॥ ४९ ॥
आगामिवर्षावसतिं चिकीर्षन्ति स्म तत्र ते ॥
श्रीपूज्यवचनाद्यस्मा–न्मन्तव्यं महतां वचः ॥ ५० ॥
देवगुर्वोः प्रसादेन प्रत्यूहेन विनैव ते ॥
चतुर्मासीं तत्र निन्यु–स्तपःस्वाध्यायतत्पराः ॥ ५१ ॥

રાગી શ્રાવકો ઘણો ખેદ પામ્યા. (૪૫) સારો દિવસ જોઇને રૂપચંદજીએ ત્યાંથી વિહાર કર્યો, ત્યારે મોહનજી પણ "નમો અરિહંતાણં" એમ કહીને તેમના પાછળ ચાલ્યા. (૪૬) એક સરખો વિહાર કરીને તે કોટા શહેરમાં આવ્યા, અને મનને પ્રસન્નતા ઉપજાવે એવા ઉપાસરામાં સુખથી રહ્યા. (૪૭) પછી મહેંદ્રસૂરિજીપણ વિહાર કરતા ત્યાં આવ્યા, અને રૂપચંદજીને તથા મોહનજીને જોઇને ઘણો હર્ષ પામ્યા. (૪૮) વ્યવહારમાં વિચક્ષણ એવા રૂપચંદજીએ તથા મોહનજીએ પરિવારસહિત આવેલા મહેંદ્રસૂરિજીનો યોગ્ય સત્કાર કર્યો. (૪૯) પછી શ્રીપૂજ્યજીના વચનથી આવતું ચોમાસું ત્યાંજ કરવાનું તેમણે નક્કી કર્યું. ઠીકજ છે, મોટાનું વચન જરૂર માનવુંજ જોઇએ. (૫૦) દેવગુરૂના પ્રસાદથી કોઇપણ જાતના અંતરાય વગર તેમણે તપસ્યા તથા ભણવુંગ-

हेमन्तेऽथ समायाते तेषां जिगमिषाऽभवत् ॥
गोपालनगरे चक्रु–र्निश्चयं विहृतेस्तदा ॥ ५१ ॥
शिवो नाम प्रतीतोऽभू–न्नृपतिर्दक्षिणापथे ॥
निर्वास्य यवनान्येन साम्राज्यं विदधे पुरा ॥ ५३ ॥
मुख्यामात्यस्तस्य बाजी–नामासीदतिविक्रमी ॥
तस्य शिन्दोपनामाऽभू–द्राणोजी नाम सङ्भटः ॥ ५४ ॥
प्रभुप्रसादादभव–त्स सामन्तशिरोमणिः ॥
मण्डलान्तर्वर्ति चेद–मध्युवास पुरं वरम् ॥ ५५ ॥
तदन्वयभवा भूपा अद्य यावदिदं पुरम् ॥
पालयन्ति प्रजापीडा–हरणे विहितादराः ॥ ५६ ॥
महेन्द्रसूरयो रूप–चन्द्राः श्रीमोहनोऽपि च ॥
विदधुर्विहरन्तोऽथ तत्रैव वसतिं क्रमात् ॥ ५७ ॥

णवुं विगेरे करीने चोमासुं त्यां काढ्युं. (५१) पछी शियाळानी ऋतु બેઠી, त्यारे विहार करवानी ईच्छा थवाथी ग्वालियर तरफ जवानो तेमणे निश्चय कर्यो. (५२) पूर्वकाळमां दक्षिण देशमां शिवाजी नामे राजा थयो, तेणे यवन लोकोने हद्दपार करी એકચક્રી राजनी स्थापना करी. (५३) ते राजनो मुख्य प्रधान બાજીરાવનામે મોટો પરાક્રમી હતો, तेनो राणोजी सिंधिया नामे એક મોટો शरदार थई गयो. (५४) બાજીરાવની મેહેરબાનીથી राणोजी तेना मांडलिक राजाओमां आगेवान थई गया. ते आपणा मुलकनी अंदर आवेला आ ग्वालियर शहेरमां रहेता हता. (५५) तेना वंशमां थयेला राजाओ रैयतनुं दुख दूर करवा माटे घणो प्रयत्न करीने आजसूधी એ नगरीनुं रक्षण करेछे. (५६) એવા ग्वालियर शहेरमां महेंद्रसूरिजी तथा मोहनजी अनुक्रमे विहार क-

स्थित्वा तत्र चतुर्मासी–मग्रे तेऽथ यियासवः ॥
प्राङ्मुखा विहरन्ति स्म कृत्वा वाराणसीं हृदि ॥ ५८ ॥
पूतापि या श्रीपार्श्वाव–तारेणापूयताधिकम् ॥
तीर्थान्तरीयैरपि या वाग्देवीपीठमुच्यते ॥ ५९ ॥
भैरवो भ्राजते गङ्गा वहते वसतीश्वरः ॥
अन्नपूर्णा पृणात्यन्नै–स्तारकस्तारकस्तथा ॥ ६० ॥
सामग्र्येवंविधा यस्यां तदेतत्क्षेत्रमुत्तमम् ॥
सेवनीयं प्रयत्नेने–त्येवं वेदविदो विदुः ॥ ६१ ॥ युग्मम्
निरन्तरायमुल्लङ्घ्य मार्गमागत्य तां पुरीम् ॥
वसतिं सपरीवाराः सूरयः समुपाविशन् ॥ ६२ ॥
कांश्चिदज्ञानकष्टं च सकामां निर्जरां तथा ॥
कांश्चिदाचरतो वीक्ष्य सूरयस्तोषमासदन् ॥ ६३ ॥

રતા આવ્યા, અને સારી વસતિ જોઇને ત્યાં રહ્યા. (૫૭) ત્યાં ચોમાસું રહ્યા પછી આગળ વિહાર કરવાનું મનમાં આવ્યું ત્યારે કાશીતરફ જવાનો વિચાર કરીને તેમણે પૂર્વ દિશામાં વિહાર કર્યો. (૫૮) જો કે તે કાશીપુરી આગળથીજ પવિત્ર હતી, તોપણ પૂર્વકાળમાં શ્રીપાર્શ્વનાથનો અવતાર થવાથી તે ઘણીજ પવિત્ર થઈ. અન્યદર્શનિયોપણ તેને સરસ્વતીપીઠ કહેછે. (૫૯) " જ્યાં ભૈરવનાથ વિરાજેછે, ગંગા વહેછે, વિશ્વેશ્વર વસેછે, અન્નપૂર્ણા તૃપ્તિ થાય ત્યાંસૂધી અન્ન આપેછે, અને તારક મંત્ર સંસારમાંથી તારેછે, એવી સામગ્રી હમેશાં હોવાથી બીજા સર્વક્ષેત્રો કરતાં ઉત્તમ એવા એ કાશીક્ષેત્રની પ્રયત્નથી સેવા કરવી. " એમ વૈદિક લોકો કહેછે. (૬૦–૬૧) કંઇપણ અંતરાય વગર માર્ગ ઓળંગીને પરિવારસહિત મહેંદ્રસૂરિજી તે નગરીમાં આવ્યા, અને વસતિમાં રહ્યા. (૬૨) કેટલાક અજ્ઞાન કષ્ટ કરનારા લોકોને અને કેટલાક સકામ નિર્જરા કર-

प्रसन्नमनसो रूप–चन्द्राः श्रीमोहनोऽपि च ॥
महेन्द्रसूरिसांनिध्या–त्काशीमध्यवसन्मुदा ॥ ६४ ॥
पिपठीर्मोहनो वारा–णसी विद्यासुधानिधिः ॥
योगोऽयं दुर्लभोऽप्यासी–त्सुलभो भाग्ययोगतः॥६५॥
मोहनो विनयी रूप–चन्द्राज्ञां शिरसा वहन् ॥
पठतीति प्रहृष्टाः श्री–सूरयोऽथ प्रतस्थिरे॥ ६६ ॥
मानयन् रूपचन्द्राज्ञां कुर्वन्नावश्यकक्रियाम् ॥
पठन्यथाशक्ति शास्त्र–मास्ते श्रीमोहनो मुदा॥ ६७ ॥
पूर्वं सारस्वतमथो चन्द्रिकां च ततः परम् ॥
गद्यपद्यात्मकं काव्य–मधीयाय स सत्वरम् ॥ ६८ ॥
पुष्पेभ्यः सारमादत्ते यथा मधुकरस्तथा ॥
पपाठ मोहनो यत्र–त्सारं तस्याददेऽञ्जसा ॥ ६९ ॥

નારાએાને જોઇને મહેંદ્રસૂરિજી સંતોષ પામ્યા. (૬૩) મહેંદ્રસૂરિજી સાથે હોવાથી મનમાં પ્રસન્ન થયેલા રૂપચંદજી તથા મોહનજી ખુશીથી ત્યાં રહ્યા. (૬૪) મોહનજીની ભણવાની ઘણી ઇચ્છા અને વિદ્યારૂપી અમૃતનો સાગરજ હોયની શું? એવી કાશીપુરી, એ યોગ પામવો ઘણો દુર્લભછે; તોપણ મોહનજીના સારા ભાગ્યથી તે સુલભ થઈ ગયો. (૬૫) "વિનયવંત એવા મોહનજી રૂપચંદજીની આજ્ઞા માથે ચઢાવીને ભણેછે." એમ જાણી ઘણા ખુશી થયેલા શ્રીમહેંદ્રસૂરિજીએ ત્યાંથી વિહાર કર્યો. (૬૬) રૂપચંદજીની આજ્ઞા માનીને આવશ્યકની ક્રિયા કરનારા અને યથાશક્તિ શાસ્ત્રનો અભ્યાસ કરનારા મોહનજી ત્યાં ખુશીથી રહ્યા. (૬૭) પહેલું સારસ્વત, પછી ચંદ્રિકા ત્યારબાદ ગદ્યપદ્યાત્મક કાવ્યો એ રીતે મોહનજી ઉતાવળથી ભણવા લાગ્યા. (૬૮) જેમ ભ્રમર ફૂલમાંથી રસ લિયેછે, તેમ મોહનજી જે જે ભણી ગયા, તે બધાનો સાર તરત લેતા હતા.

अधीयानस्य तस्यैवं निरगाद्वत्सरद्वयम् ॥
तावता रूपचन्द्राणां शरीरेऽभूदपाटवम् ॥ ७० ॥
व्योमेन्दुनन्दभूमाने विक्रमादित्यवत्सरे ॥
चैत्रे सिते चैकादश्यां रूपचन्द्रा दिवं ययुः ॥ ७१ ॥
जानानस्यापि देहादेः क्षणभङ्गुरतां तदा ॥
स्वान्तं श्रीमोहनस्याभू-च्छोकध्वान्तसमाकुलम् ॥७२॥
अपनोदाय तस्याथ शारदारुणसंनिभाः ॥
सूरयः समुपागत्या-बोधयन्मोहनं तदा ॥ ७३ ॥
सूरीणामुपदेशाच्च कालनिर्गमनादपि ॥
मोहनः स्वास्थ्यमासाद्य यथापूर्वमथापठत् ॥ ७४ ॥
एकाकी कथमत्रायं स्थास्यतीति विचिन्त्य ते ॥
वाराणस्यां वसन्ति स्म सदृशां महतामदः ॥ ७५ ॥

---

(६૯) ઉપર કહ્યા પ્રમાણે મોહનજીએ અભ્યાસ કરતાં બે વરસ ગાળ્યાં, એટલામાં રૂપચંદજીના શરીરે માંદવાડ થયો. (૭૦) સંવત્ ઓગણીસો દશ–(૧૯૧૦)ના ચૈત્રશુદી અગ્યારસ–(૧૧)ને દિવસે રૂપચંદજી કાળ કરીને દેવલોક ગયા. (૭૧) દેહાદિક વસ્તુઓ ક્ષણભંગુર છે, એ વાત મોહનજી સારી રીતે જાણતા હતા, તોપણ તેમનું મન શોકરૂપી અંધકારથી આકુળવ્યાકુળ થઇ ગયું. (૭૨) તે અંધકાર દૂર કરવામાટે જાણે શરત્કાળનો સૂર્યજ હોયની શું ! એવા શ્રીમહેંદ્રસૂરિજીએ તે વખતે આવીને મોહનજીને બોધ કર્યો. (૭૩) મહેંદ્રસૂરિજીના ઉપદેશથી તથા કેટલોક કાળ જવા પછી મોહનજીનું મન સ્થિર થયું, ત્યારે પૂર્વની પેઠે તેમણે અભ્યાસ શરૂ કર્યો. (૭૪) “ મોહનજી એકલો શીરીતે અહીં રહેશે. ” એમ વિચારીને મહેંદ્રસૂરિજી કાશીમાંજ રહ્યા. મોટાલોકોને

वत्सरांश्चतुरो याव–दधीते स्म ततोऽप्यसौ ॥
सूरयश्च समावात्सु–स्तावत्कालं निराकुलाः ॥ ७६ ॥
विहर्तुमयमेकाकी कल्पते संयतेन्द्रियः ॥
परिज्ञायैवमप्यस्मै विहाराज्ञां न ते ददुः ॥ ७७ ॥
सार्धं ते मोहनेनाथ पुरे लक्ष्मणनामनि ॥
विजिहीर्षव आगामि–दिने निरणयन् गमम् ॥ ७८ ॥
संवेगात्सर्वविरतिं जिघृक्षुरपि मोहनः ॥
भोग्यं कर्मालोक्य तस्य क्षपणायोपचक्रमे ॥ ७९ ॥
अथासौ लक्ष्मणाभिख्ये पुरे जगति विश्रुते ॥
गन्तुमैच्छच्छ्रीमदेन्द्र–वचनं परिपालयन् ॥ ८० ॥
वाराणसीवास्तव्या ये–ऽनुरक्ता मोहनेऽभवन् ॥
ते सर्वेऽपि वियोगोऽस्य भावीति शुशुचुर्भृशम् ॥८१॥

એ વાત ઉચિતજ છે. (૭૫) ત્યાર બાદ ચાર વરસસૂધી મોહનજી અભ્યાસ કરતા હતા, ત્યાંસૂધી મહેંદ્રસૂરિજીપણ સ્થિરતાથી ત્યાંજ રહ્યા. (૭૬) પછી " મોહનજી પોતાની મેળે એકલા વિહાર કરવા લાયક થયા, કારણ કે, એણે ઇંદ્રિયો જીતી લીધી છે." એમ મહેંદ્રસૂરિજી જાણતા હતા તોપણ મોહનજીને એકલ વિહારની આજ્ઞા દઈ શક્યા નહીં. (૭૭) પછી મોહનજીની જોડે લખનૌ તરફ વિહાર કરવાની ઇચ્છાથી તેમણે આવતીકાલે પ્રસ્થાન કરવાનું નક્કી કર્યું. (૭૮) સંવેગથી મોહનજી સંવેગીપણું આદરવાની ઘણી ઇચ્છા રાખતા હતા. તોપણ બાકી રહેલું ભોગકર્મ જોઇને તે ખપાવવાનો ઉદ્યમ કરવા લાગ્યા. (૭૯) પછી શ્રીપૂજ્યજીનું વચન અંગીકાર કરીને લોકમાં ઘણું પ્રખ્યાત એવા લખનૌ શહેરમાં જવાનો મોહનજીએ મનમાં વિચાર કર્યો. (૮૦) કાશીના રહીશ લોકો મોહનજી ઉપર

साग्रान् षड् वत्सरान्याव–त्काश्यां श्रीमोहनोऽवसत्॥
रागवन्तः परं काल–मिमं क्षणमिवाविदुः ॥ ८१ ॥

दृढानुरागबद्धानां पुनर्दर्शनमस्तु ते ॥
इत्येतद्वचनं तस्य श्रुतिगोचरतां ययौ ॥ ८२ ॥

संयोगा विप्रयोगाश्च संसारेऽस्मिन्ननेकशः ॥
अनवन्नवितारश्च कोऽत्र हृष्यति शोचति ॥ ८४ ॥

सद्धर्म एव सद्बन्धु–र्योऽनुयाति भवान्तरम् ॥
गुरुरेव शरण्यो यत् स तारयति संसृतेः ॥ ८५ ॥

इत्यागमाविसंवादि–वचनैस्तान्प्रबोधयन् ॥
मोहनश्च महेन्द्राश्च विजह्रुः समये शुभे ॥ ८६ ॥

ઘણો રાગ રાખતા હતા, તે બધા "હવે મોહનજીનો વિયોગ અમને નજીક થવાનો" એમ જાણીને ઘણો શોક કરવા લાગ્યા. (૮૧) છ વરસ અને ઉપર કેટલાક દિવસ એટલા કાળસૂધી મોહનજી કાશીમાં રહ્યા તોપણ રાગી લોકોને આટલો બધોકાળ ક્ષણમાત્ર જેટલો લાગ્યો. (૮૨) "ઘણા અનુરાગથી બંધાયલા એવા અમને તમારૂં ફરીથી દર્શન થાઓ." એવું તે લોકોનું વચન મોહનજીના સાંભળવામાં આવ્યું. (૮૩) "આ અનાદિ સંસારમાં જીવને અનેકવાર સંયોગ અને વિયોગ થયા, અને થશેપણ ખરા. તેમાં હર્ષ અથવા શોક કોણ માને? (૮૪) શ્રીજિનેશ્વર ભગવાને કહેલો જે સદ્ધર્મ તેજ સંસારમાં ખરેખરો બાંધવ છે, કારણ કે, પરભવમાં પણ તે સાથે આવેછે. તેમજ સત્તાવીસ ગુણના ધારક એવા જે સદ્‌ગુરૂ તેમનોજ આશ્રય કરવો. કારણકે, તેજ આ ભવસાગરમાંથી ભવ્યજીવોને તારેછે." (૮૫) એવી રીતે રાગી લોકોને આગમાનુસારી વચનથી બોધ કરીને મોહનજીએ અને મહેંદ્રસૂરિજીએ કાશીપુ-

यात्रा विधाय गन्तास्मो लक्ष्मणे नगरे वयम् ॥
निश्चित्यैवं तेऽन्यगच्छ–च्चम्पापापादिषु क्रमात् ॥ ८७ ॥
सत्संगतिश्चाशुभकर्महानि–र्मनःप्रसत्तिर्विविधार्थसिद्धिः ॥
मत्वेति भावेन वितेनिरे ते सत्तीर्थसेवां मनसामलेन॥८८॥
अथ श्रीसूरयः श्रान्ता विश्रान्तेर्लिप्सयाऽन्यगुः ॥
लक्ष्मणे नगरे लक्ष–ध्वजकोटिध्वजाङ्किते ॥ ८९ ॥
तत्र श्राद्धान्दृतमा–नुदारान्धर्मतत्परान् ॥
आलोक्य सूरयो मोद–ममानमन्नजंस्तदा ॥ ९० ॥
गुणानुरागिणस्तेऽपि मोहनं गुणमन्दिरम् ॥
ज्ञात्वा मुमुदिरे स्थाने गुणज्ञानां गुणे रतिः ॥ ९१ ॥
रूपानुरूपं तच्चित्तं तच्चित्तानुगुणान् गुणान् ॥
गुणानुरूपं विज्ञानं विज्ञाय मुमुदे जनः ॥ ९२ ॥

રીથી વિહાર કર્યો. (૮૬) " તીર્થયાત્રા કરીને પછી લખનૌ જઇશું " એવો વિચાર કરીને તેઓ અનુક્રમે ચંપા, પાવાપુરી ઇત્યાદિ તીર્થોને વિષે ગયા. (૮૭) " સત્પુરૂષોનો સમાગમ થાયછે, અશુભ કર્મ ખપી જાયછે, મનની પ્રસન્નતા રહે છે, તેમજ અનેક પ્રકારના ઇષ્ટ મનોરથની સિદ્ધિ થાયછે " એવું તીર્થયાત્રાનું ફલ જાણીને તેમણે શુદ્ધ મનથી તીર્થની સેવા કરી. (૮૮) ત્યારપછી યાત્રા કરતા થાકી ગયેલા મોહનજી તથા મહેન્દ્રસૂરિજી વિસામો લેવાની ઇચ્છાએ લખપતિ તથા કરોડપતિ જેમાં રહેછે, એવા લખનૌ શહેરમાં આવ્યા. (૮૯) તે શહેરમાં ઘણા પૈસાદાર, ઉદાર અને ધર્મકરણી કરવામાં તત્પર એવા શ્રાવક લોકોને જોઇને તેમને તે વખતે ઘણો આનંદ થયો. (૯૦) ગુણાનુરાગી એવા તે શ્રાવકો સદ્‌ગુણોનું જાણે રહેવાનું સ્થાનજ હોયની શું? એવા મોહનજીને જોઇને ઘણો આનંદ પામ્યા, ગુણના જાણ એવા લોકોની ગુણ ઉપર પ્રીતિ થાય તે ઉચિતજ છે. (૯૧) મોહનજીનું જેવું સુંદર રૂપ તેવુંજ તેનું ચિત્ત,

यथोचितं यतित्वेऽपि वितन्वन्धर्ममादरात् ॥
मोहनो न्यवसत्तत्र श्राद्धानावर्जयन् गुणैः ॥ ९३ ॥
महेन्द्रसूरयः स्तोकं विज्ञाय निजजीवितम् ॥
कथनीयं यदासीत्त–न्मोहनाय न्यवेदयन् ॥ ९४ ॥
अब्धिन्यूनन्दधरणी–मितेऽब्दे सूरयोऽनघाः ॥
भाद्रे सिते च पञ्चम्यां देवन्यूयं प्रपेदिरे ॥ ९५ ॥
मोहनः सूरिविरहा–त्क्षणं खिन्नमना अभूत् ॥
स्वरूपं संसृतेर्ज्ञात्वा ततः संवेगमासदत् ॥ ९६ ॥
यतित्वे यद्विधेयं त–त्संविग्नत्वे न संभवेत्॥
एवमालोच्य वित्तं स धर्मकर्मण्ययोजयत् ॥ ९७ ॥

જેવું ચિત્ત તેવાજ તેના ગુણ અને જેવા ગુણ તેવુંજ તેનું જાણપણું, એ બધું જોઇને ત્યાંના લોકો ઘણા ખુશી થયા. (૯૨) જતિપણામાં પણ આદરથી ઉચિત ધર્મકરણી કરનારા મોહનજી પોતાના ગુણેકરીને શ્રાવક લોકોના મનને વશ કરતા થકા ત્યાં રહ્યા. (૯૩) પછી મહેંદ્રસૂરિજીએ પોતાનું આઉખું થોડું રહેલું જાણીને જે કંઈ કહેવાનું હતું તે મોહનજીને કહી દીધું. (૯૪) સંવત્ ઓગણીસો ચૌદ–(૧૯૧૪)ના ભાંદરવા શુદિ પાંચમને દિવસે મહેંદ્રસૂરિજી સમાધિથી કાળ કરી દેવલોક ગયા. (૯૫) પછી મહેંદ્રસૂરિજીનો વિરહ થવાથી ક્ષણમાત્ર મોહનજીના મનમાં ઘણો શોક ફેલાયો, થોડા કાળ પછી દેહાદિ વસ્તુ ક્ષણભંગુર છે એવો વિવેક મનમાં આવ્યો, ત્યારે તેમને ઘણો સંવેગ ઉપજ્યો. (૯૬) "જે કામ જતિપણામાં કરવાનું તે સંવેગીપણામાં થાય નહીં." એમ

---

૧ એ મહિનો પૂર્વદેશનો સમજવો. આ દેશનો મહિનો અમાન્ત હોવાથી ભાદરવા શુદિને ઠેકાણે શ્રાવણ શુદિ પાંચમ સમજવી. એજ રીતે આ ચરિત્રમાં બીજે ઠેકાણે આવેલા મહિના ઉપર પ્રમાણે સમજવા.

यथा यथायं सद्धर्मे वित्तस्य व्ययमातनोत् ॥
तथा तथैतद्ववृधे धर्मादर्थो हि वर्धते ॥ ९८ ॥
यथायथार्थो ववृधे तथा धर्मं व्यवर्धयत् ॥
धर्मादर्थोऽर्थाच्च धर्म एतत्सत्यं वदन्ति हि ॥ ९९ ॥
सूरिपट्टे निधायैकं छात्रं लक्षणलक्षितम् ॥
चातुर्मास्यमथैकं च तत्र निर्वर्त्य मोहनः ॥ १०० ॥
सिद्धाचले गन्तुमना अभवत्सुकृतोदयात् ॥
तावच्छुद्धनमल्लस्य संघः सङ्कोऽप्यभूद्भुतम् ॥ १०१ ॥
विज्ञप्तः संघपतिना मोहनो हृष्टमानसः ॥
संघं व्यभूषयच्छ्राद्धै–र्धनाढ्यैः परिशोभितम् ॥ १०२ ॥

વિચારીને મોહનજીએ ધર્મકરણીમાં દ્રવ્ય ખરચવાં માંડ્યું. (૯૭) મોહનજીએ જેમ જેમ સારી ધર્મકરણીમાં પૈસો ખરચ્યો, તેમ તેમ તે વધવા માંડ્યો. ઠીકજ છે, ધર્મકરણીથી દ્રવ્યની વૃદ્ધિજ થાય છે. (૯૮) જેમ જેમ દ્રવ્યની વૃદ્ધિ થતી ગઈ તેમ તેમ મોહનજીએ ધર્મકરણીમાં વધારો કર્યો. "ધર્મથી અર્થ (પૈસો) અને અર્થથી ધર્મ વધે છે." એવું આગમનું વચન સાચું છે. પછી શ્રીમહેંદ્રસૂરિજીના પાટઉપર એક સારા લક્ષણે કરીને યુક્ત એવા શિષ્યની સ્થાપના કર્યાબાદ, એક ચોમાસું ત્યાં રહીને પુણ્યનો ઉદય થયાથી સિદ્ધાચલજીની યાત્રા કરવાનો મોહનજીએ વિચાર કર્યો, એટલામાં છુટ્ટનબાબુનો સંઘપણ પાલીતાણે જવા વાસ્તે શીઘ્ર તૈયાર થયો. (૯૯–૧૦૧) સાથે પધારવા વાસ્તે સંઘવીએ મોહનમુનિજીની ઘણી વિનંતિ કરી, ત્યારે એવો યોગ મળી આવ્યાથી મનમાં તે ઘણો હર્ષ પામ્યા. જોપણ સંઘમાં ઘણા પૈસાદાર શ્રાવકો હતા તોપણ મોહનમુનિજી જોડે હોવાથી તેને ઘણી શોભા આવી. (૧૦૨)

उदारत्वात्संघपते–र्यान्नूद्धर्मोन्नतिस्तदा ॥
निश्चितं सास्मदादीनां वर्तते वागगोचरा ॥ १०३ ॥
विक्रमाब्देसनूनन्द–नूमिते किल वत्सरे ॥
मोहनो व्यतनोत्सिद्ध–गिरेः स्पर्शं महामुदा ॥ १०४ ॥
विधाय यात्रां नूयः स लक्ष्मणे नगरेऽन्यगात् ॥
तत्र स्थित्वा चतुर्मासीं पुनस्तीर्थाटनं व्यधात् ॥१०५॥
एवमाचरतस्तस्य द्वादशाब्दी विनिर्ययौ ॥
स्वरूपं संसृतेस्ताव–दजानात्स यथायथम् ॥ १०६ ॥
ववृधे तेन संवेगः स्तोकं यः प्रागवर्तत ॥
तृणराशौ निपतितो–ऽनलोऽनिलवशाद्यथा ॥१०७॥
एकदा सुप्रभातेऽसौ चेतसीदं व्यचिन्तयत् ॥
अहो भवेऽस्मिञ्जीवानां सुखं किं नाम विद्यते ॥१०८॥

સંઘવી ઘણેા ઉદાર હેાવાથી તે વખતે ધર્મની જે કંઈ ઉન્નતિ થઈ તેનું અમારા જેવાથી વર્ણન થઈ શકે એમ નથી. (૧૦૩) સંવત્ ઓગણીસેં સેાળ–(૧૯૧૬)ની સાલમાં મેાહનમુનિજીએ સંઘસાથે જઈને સિદ્ધાચલજીની યાત્રા ઘણા હર્ષથી કરી. (૧૦૪) યાત્રા કરીને પાછા મેાહનમુનિજી લખનૌ આવ્યા, અને ત્યાં ચેામાસું રહીને ફરીવાર તીર્થયાત્રા કરવા પૂર્વ તરફ ગયા. (૧૦૫) એ રીતે તીર્થયાત્રા કરી પાછેા લખનૌ મુકામ કરતાં મેાહનજીએ ત્યાં બાર વરસ ગાળ્યાં, તેટલામાં સંસારનું યથાર્થ સ્વરૂપ તેમને જણાયું. (૧૦૬) ઘાસના પુળાપર પડેલેા થેાડેા અગ્નિપણ જેમ પવનથી વધેછે, તેમ મેાહનજીના મનમાં પહેલેા જે થેાડેા સંવેગ હતેા, તે હવે સંસારનું સ્વરૂપ જણાયાથી વધી ગયેા. (૧૦૭) એક વખતે પ્રભાતમાં મેાહનજીએ મનમાં ભાવના કરી તે આ રીતે કેઃ–" આ સંસારમાં જીવેાને સુખ તે શું ?" દરિદ્રી હેાય અથવા પૈસાદાર હેાય, કાયર હેાય કે શૂરવીર

न दुर्गते न संपन्ने न नीरौ नापि जित्वरे ॥
न मूर्खे नापि चतुरे सुखमन्यूनमीक्ष्यते ॥ १०९ ॥
वित्तं यदि स्वास्थ्यहेतुः किमेते धनदोपमाः ॥
श्रेष्ठिनो विविधैरेतै–र्दुःखैर्दुन्वन्त्यहर्निशम् ॥ ११० ॥
निर्धना धनमिच्छन्ति दुर्बला बलमेव च ॥
रोगिणो रोगहानिं च तृष्णया को न वञ्चितः ॥१११॥
न संतोषसमं सौख्यं न दानमभयात्परम् ॥
न दयासदृशो धर्म–स्तत्त्वमेतत्सतां मतम् ॥ ११२ ॥
वेदनायाः प्रतीकारः सुखत्वेनाभिमन्यते ॥
सुखं नैसर्गिकं तेन तिरोभूतं न लक्ष्यते ॥ ११३ ॥
सुखे पौद्गलिके हित्वा रतिमात्मरतिर्भवेत् ॥
यः स धन्यतमो लोके तरंस्तारयते परान् ॥ ११४ ॥

હોય, મૂર્ખ હોય અથવા ઘણો ચતુર હોય, તોપણ એ બધામાં કોઇને વિષે પરિપૂર્ણ સુખ દેખાતું નથી ! જો દ્રવ્ય, સુખનો હેતુ હોત, તો આવા કુબેરભંડારી સરખા શેઠિયા લોકો પણ અનેક જાતના દુખથી હમેશાં કેમ પીડા પામત. નિર્ધન લોકો ધનની ઇચ્છા કરેછે, નબળા લોકો બળને ઇચ્છે છે, અને રોગી લોકો રોગ મટાડવા ચાહેછે, એ રીતે તૃષ્ણાથી કોણ નથી ઠગાયો ? સંતોષજેવું સુખ નથી, જીવને અભય આપવા જેવું બીજું કોઈ દાન નથી, અને દયાસમાન ધર્મ નથી, એ તત્ત્વ સત્પુરૂષોને માન્ય છે. ક્ષુધા, તૃષા, કામવાસના વિગેરે વેદનાઓને મટાડવી, તેજ જીવ સુખ માનેછે. તેથી જીવનું સ્વાભાવિક સુખ ઢંકાયલું છે, તે જણાતું નથી. માટે જે પુરૂષ પુદ્‌ગલિક સુખઉપરની પ્રીતિ છોડીને આત્માને વિષેજ રત થાયછે, તે પોતે તરીને બીજા ભવ્યજીવોને

आलोच्यैवं पुनरसौ तीर्थयात्राविधित्सया ॥
विहर्तुमैच्छत्पूर्वस्यां पूर्वपुण्यसमीरितः ॥ ११५ ॥
गुणेषु पक्षपातित्वा-च्चिरं परिचयादपि ॥
मोक्तुं न मोहनं शोकुर्लक्ष्मणाख्यपुरस्थिताः ॥ ११६ ॥
बाष्परुद्गलान्सोऽथ भव्यान्मधुरया गिरा ॥
बोधयन्निरगाच्छीघ्रं लक्ष्मणाख्यात्पुरादसौ ॥ ११७ ॥
तीर्थानि यावन्तीदानीं पूर्वस्यां प्रथितानि च॥
प्रायः सर्वाणि तान्यागा-न्मोहनोऽघनिवृत्तये ॥११८॥
मनःप्रसत्तिर्यत्रान्-वसंस्तत्र यथारुचि ॥
कलिकाताराजधान्या-महोन्निः कैश्चनाव्यगात् ११९
तत्रापि रागिन्निः श्राद्धै-र्मान्यमानः स मोहनः ॥
उवास कतिचिन्मासा-न्संवेगामलमानसः ॥ १२० ॥

પણ તારેછે. માટે જગતમાં તેને ધન્ય છે.” (૧૦૮–૧૧૪) એવી ભાવના કરી રહ્યા પછી મોહનજીને પૂર્વભવમાં ઉપાર્જેલા પુણ્યની પ્રેરણાથી બીજીવાર તીર્થયાત્રા કરવાની ઇચ્છા થઈ, ત્યારે પૂર્વદિશા તરફ વિહાર કરવાનો તેમણે ઇરાદો કર્યો. (૧૧૫) સારા ગુણને વિષે પક્ષપાત હોવાથી તથા ઘણા વખતનો પરિચય હતો તેથી લખનૌના રહીશ લોકો મોહનજીને એકાએક છોડી શક્યા નહીં. (૧૧૬) પછી આંસુથી જેમનું ગળું બંધાઈ ગયું એવા ભવ્યલોકોને મધુર વચનથી બોધ કરતા મોહનજી સારો દિવસ જોઇને લખનૌથી વિદાય થયા. (૧૧૭) પૂર્વદિશીમાં હમણાં જે કંઈ તીર્થો પ્રસિદ્ધ છે, તે ઘણા ખરા તીર્થોને વિષે મોહનજી અશુભ કર્મ ખપાવવા વાસ્તે ગયા. (૧૧૮) જે ઠેકાણે મન પ્રસન્ન થયું, તે ઠેકાણે રૂચિમાફક મુકામ કરતા કેટલેક દિવસે મોહનજી કલકત્તા નામની રાજધાનીમાં આવ્યા. (૧૧૯) સંવેગથી જેમનું મન નિર્મળ થઈ

यथा यथास्य मनसि संवेग उदपद्यत ॥
तथा तथा प्रशिथिला–दरोऽभूत्स परिग्रहे ॥ १२१ ॥
वृथा वाचालतां स्वैर–मीरणं मनसा तथा ॥
सावद्यं चिन्तनं हित्वा सोऽभवद्धर्मचिन्तकः ॥१२२॥
तपस्तपन्नेकदा स ध्यानलीनमना मुनिः ॥
सर्पं सर्पन्तमद्राक्षीत् पुरो विस्फारिताननम् ॥ १२३ ॥
सहसोन्मील्य नयने परितो यावदीक्षते ॥
न क्वापि तावदुरगो दृशोर्गोचरतां ययौ ॥ १२४ ॥
निरूप्यायैतच्चित्रमसौ दध्यौ चेतसि विस्मितः ॥
किमिदं शोभनमथा–शोभनं वा भवेदिति ॥१२५॥
श्रुतोपयोगादथ च पारंपर्योपदेशतः ॥
विचार्य निर्णिनायास्य भूतार्थमिति मोहनः ॥ १२६ ॥

ગયું, એવા મોહનજી ત્યાં કેટલાક મહિનાસૂધી રહ્યા, ત્યારે રાગી શ્રાવકોએ તેમનો આદર કર્યો. (१२०) મોહનજીના મનમાં જેમજેમ સંવેગ ઉત્પન્ન થતો ગયો, તેમ તેમ તેમની પરિગ્રહસંબંધી મૂર્છા ઢીલી પડી ગઈ. (१२१) ખાલી વાચાળપણું, પ્રયોજનવગર ચેનથી આમતેમ ફરવું, તેમજ મનમાં સાવદ્ય વાત ચિંતવવી, એ બધું મૂકીને મોહનજી ધર્મધ્યાન કરવા લાગ્યા. (१२२) એક વખત તપસ્યા કરનારા મોહનજી ધર્મધ્યાનમાં તલ્લીન થયા હતા, એટલામાં મોઢું ફાડીને સામો આવતો એક કાળોસર્પ તેમના જોવામાં આવ્યો. (१२३) એકદમ આંખ ઉઘાડીને તેમણે જોયું તોપણ તે સર્પ કોઈ ઠેકાણે જણાયો નહીં. (१२४) એ આશ્ચર્યકારક વાત જોઈને તે મનમાં આશ્ચર્ય પામ્યા, અને વિચાર કરવા લાગ્યા કેઃ–"આનું ફળ શુભ વા અશુભ હશે કે કેમ." (१२५) પછી

चिरं श्रीपार्श्वनाथस्य चरणौ चिन्तयाम्यहम् ॥
तेन प्रसन्नो नागेन्द्र आत्मानं समदर्शयत् ॥ १२७ ॥
असूचयच्च मामेवं वर्णतोऽहं यथा तथा ॥
कालोऽयं भावतः कालो दशति स्वेच्छया जगत्॥१२८॥
वृथा तन्मानवभवं मा हार्षीर्बोधमाश्रय ॥
भवे भवे भुक्तमुक्तान् विषयान्मा भजस्व च॥ १२९ ॥
अथैकदा भव्यकश्चिदागत्य मोहनम् ॥
इच्छामीत्यालापमुक्त्वा ववन्दे विधिपूर्वकम्॥ १३० ॥
श्रुत्वा तमालापमथ सुप्तोत्थित इवाञ्जसा ॥
मोहनश्चारित्रमोह-नीयच्छेदादचिन्तयत् ॥१३१॥

શ્રુતોપયોગથી તથા શિષ્ટપરંપરાના ઉપદેશથી મોહનજીએ વિચાર કરીને તે દાખલાનો ભાવાર્થ કાઢ્યો તે એવી રીતે કેઃ–(૧૨૬) "ઘણા કાળ-સુધી મેં શ્રીપાર્શ્વનાથ ભગવાન્‌ના ચરણનું ચિંતન કર્યું, તેથી નાગેંદ્રે પ્રસન્ન થઈ પોતાનું સ્વરૂપ મને દેખાડ્યું, અને એવી સૂચના કરી કે, જેવો હું વર્ણથી કાળો છું, તેવો ખરેખર સ્વરૂપથીજ કાળો એવો એ કાળ–(દિવસ, માસ, વર્ષ ઇત્યાદિ સમય–)રૂપી સર્પ સ્વેચ્છાથી જગત્‌ને કરડેછે. વાસ્તે તું આ મનુષ્યભવને ફોગટ ગુમાવીશ નહીં, ગુરૂએ કરેલા ઉપદેશનો આશ્રય કરી રહે, અને ભવભવમાં ભોગવીને છોડી દીધેલા માટેજ એઠા થયેલા વિષયોને પાછા ભોગવીશ નહીં." (૧૨૭–૧૨૯) તે પછી એક દિવસે કોઈ શ્રાવકે ભદ્રકભાવથી "ઇચ્છામિ ખમાસમણો" એવો આલાવો બોલીને મોહનજીને આગમમાં કહેલી રીતપ્રમાણે વાંદ્યા. (૧૩૦) તે આલાવો સાંભળતાંજ જાણે ઉંઘમાંથી ઉઠ્યા હોયની શું? એવા મોહનજીએ ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી આ રીતે

उद्दिश्य मामिदं वक्ति क्षमाश्रमण इत्ययम् ॥
तन्नामानुगुणाः सन्ति गुणाः कति हते मयि ॥ १३१ ॥
दुर्लभं मानवभवं मुधा हारितवानहम् ॥
लब्धं चिन्तामणिं मौग्ध्या–द्व्यक्रीणां काचमूल्यतः १३२
धन्यास्ते श्लाघनीयास्त आदृतं पालयन्ति ये ॥
मया प्रमादाच्चारित्रं वृथैव मलिनीकृतम् ॥ १३४ ॥
वित्तं किं नाम मरणा–दुद्धर्तुं शक्नुयान्नरम् ॥
किमर्थं कष्टतोऽप्येत–दर्ज्यते मन्दबुद्धिभिः ॥ १३५ ॥

વિચાર કર્યોઃ–(૧૩૧) "એ શ્રાવક મને ઉદ્દેશીને ક્ષમાશ્રમણ એવું કહે-છે, પણ અભાગી એવા મારામાં તેના (ક્ષમાશ્રમણના) ગુણ કેટલા વસેછે? સહેજમાં મળી શકે નહીં એવો મનુષ્યભવ મે ફોગટ ગુમાવ્યો, હાથમાં આવેલા અમૂલ્ય ચિંતામણિને કાચના ભાવે વેચી નાંખ્યો. જે લોકો પોતે આદરેલું વ્રત પાળેછે, તેને જગત્માં ધન્ય છે, અને તે વખાણવા લાયક છે. મેતો પ્રમાદથી ફોગટ ચારિત્ર મલિન કર્યું. શું વિત્ત માણસને મરણથી રક્ષણ કરી શકેછે? એમ ન હોયતો ઘણું કષ્ટ વેઠીને આ મંદ-બુદ્ધિના લોકો શાવાસ્તે તે કમાવે છે? "દ્રવ્યથી લુગડાંલત્તાનું તથા ખાવાપીવાનું સુખ આ લોકમાં મળે છે, અને સાત ખેતરમાં વાવે તો પરભવમાં તેથી અનંતગણું ફળ મળેછે, એવું દ્રવ્યથી મળનારૂં ફળ મનમાં રાખીને લોકો તે કમાવેછે." એવો ઉત્તર પણ મને ઠીક લાગતો નથી. કારણ કે, લોકમાં ભિક્ષાનેવાસ્તે પર્યટન કરે તો દેહયાત્રા જેટલું શુદ્ધ આહારપાણી તથા વસ્ત્રપાત્ર (લુગડાં તથા પાત્રાં) મળી નહીં શકે કે શું? સાવદ્ય વ્યાપારથી દ્રવ્ય કમાવીને જે માણસ ધર્મકરણી કરવા ઇચ્છેછે, તે પોતે કાદવમાં પગ બોળીને ફરીથી તેને ધોઈ નાંખવા ચાહે-છે. દ્રવ્ય કમાતાં જેટલું નવું અશુભકર્મ બંધાય છે, તેટલુંજ જો દ્રવ્ય-થી કરેલા ધર્મે કરીને નાશ પામતું હોય તો આટલી મહેનત કરવામાં

वसनाशनपानादि–सुखमैहिकमाप्नुयात् ॥
सप्तक्षेत्र्यां च वपना–न्नवेदामुष्मिकं फलम् ॥ १३६ ॥
एतद्वित्तफलं चित्ते निधाय तदुपार्ज्यते ॥
प्रतिज्ञाति च नो चारुतयैतदपि मे वचः ॥ १३७ ॥
वसनाशनपानादि निरवद्यं च शुद्धिदम् ॥
यावदर्थं हि लोकेऽस्मि–न्पर्यटन्न लभेत किम् ॥१३८॥
सावद्येनोपार्ज्य वित्तं यस्तस्माद्धर्ममिच्छति ॥
पादं पङ्के मज्जयित्वा पुनः क्षालयतीह सः ॥ १३९ ॥
वित्तस्योपार्जनेनेह बध्यते कर्म यन्नवम् ॥
तदेव धर्मेण नश्ये–त्तत्को नाम नवो गुणः ॥ १४० ॥
हालाहलं विषं नैव वित्तं विषमवेम्यहम् ॥
प्रथमं स्वल्पदुःखाय द्वितीयं निरयार्तये ॥ १४१ ॥
विषयाणां सेवनेन विषयाशा न शाम्यति ॥
नाज्येन वह्निर्निर्वाति किं तु भूयः प्रवर्धते ॥ १४२ ॥

શું ફાયદો? હું હાલાહલને ઝહર માનતો નથી, ઝહરતો દ્રવ્યજ છે. કારણ કે, હાલાહલતો થોડા વખતસૂધી દુખ આપેછે, અને દ્રવ્યતો નારકીની વેદના આપનારું છે. વિષયના સેવનથી વિષયની આશા શાંતિ પામતી નથી. તેતો તેથી ઉલટી વધેછે. જેમ ઘી રેડે તો અગ્નિ ઓલવાતો નથી, પરંતુ ઉલટો વધારે પ્રદીપ્ત થાયછે, તેમ મરણસૂધી વિષયોનું સેવન કરીએ તો છેડે વિષયની આશા માત્ર વધેછે, બીજું કંઇજ બાકી રહેતું નથી. વૃદ્ધાવસ્થામાં તાકદ નહીં હોવાથી માણસ વિષય ભોગવી શકતો નથી, તેથી ભોગની આશા તે દશામાં જીવને ઘણો આકુળવ્યાકુળ કરે-

---

૧ એ નામથી પ્રસિદ્ધ એક જાતનું ઝહર છે.

आ मृतेर्यदि सेव्यन्ते विषयास्तर्हि तज्जता ॥
आशैव वर्धते प्रान्ते नान्यत्किमपि शिष्यते ॥ १४३ ॥
वार्धके हीनशक्तित्वा–द्विषयान्भोक्तुमक्षमः ॥
भोगाशया हि जीवोऽयं व्याकुलीक्रियते नृशम् ॥ १४४ ॥
यथा यथास्य भोगाशा वर्धतेऽयं तथा तथा ॥
विषयैस्त्यज्यते दूरं जरठः कस्य वल्लभः ॥ १४५ ॥
कृत्वास्माल्लोँलुपान्प्रान्ते विप्रलभ्य स्वयं यदि ॥
गन्तार एते तर्ह्येषां परित्यागो हितावहः ॥ १४६ ॥
स्वयमेव परित्यक्ताः पुरुषेण विवेकतः ॥
परिबाधां विधातुं हि हतास्ते प्रभवन्ति किम् ॥ १४७ ॥
तस्मात्परिग्रहं सर्वं विहाय विरतिं श्रयेत् ॥
तां विना न भवोत्तारे विद्यते साधनान्तरम् ॥ १४८ ॥
ततो मूर्छां परित्यज्य भवसंततिवर्धिनीम् ॥
संविग्नतां श्रयाम्यद्य–प्रभृत्यात्महितावहाम् ॥ १४९ ॥

છે. જેમ જેમ ભોગની આશા વધેછે તેમ તેમ ઇંદ્રિયોના વિષય એને છોડી દેછે. ઠીકજ છે, ઘરડો માણસ કોને વહાલો લાગે! એ વિષયો પોતાને વિષે આસક્ત થયેલા અમોને ઠગીને પોતેજ જે નીકળી જવાવાળા હોય, તો તેમને પહેલેથીજ છોડી દેવા એમાં આપણું હિત છે. માણસ જો વિવેકથી પોતાની મેળેજ વિષયને મૂકી દે, તો એ છોડેલા વિષય પાછા કંઈ ઉપદ્રવ કરી શકે કે શું? વાસ્તે બધો પરિગ્રહ છોડી દઈને સંયમનો આશ્રય કરવો, કારણ કે, સંસારસાગરમાંથી ઉતારનારૂં સંયમ જેવું બીજું કંઇ સાધન નથી. માટે સંસારને વધારનારી પરિગ્રહ ઉપરની મૂર્છા છોડી દઈને હું આત્માના કલ્યાણને અર્થે સંવેગીપણાનો આશ્રય કરૂં.”

निश्चित्यैवं मोहनेन यदासीत्संनिधौ वसु ॥
सर्वं न्ययोजि तद्धर्म–क्रियायामविलम्बितम् ॥ १५० ॥
क्रियोद्धारं विधातुं स देशकालाद्यचिन्तयत् ॥
सर्वं ददर्श सदृशं देशमेकं विना तदा ॥ १५१ ॥
वङ्गदेशे श्रावकाणां निवासोऽल्पतरस्ततः ॥
तदन्तर्वर्तिग्रामेषु विहर्तुं नैव कल्प्यते ॥ १५२ ॥
सौराष्ट्रा गूर्जराश्चैव कच्छाश्च मरवस्तथा ॥
एते विहर्तुं संविग्नैः शक्यन्ते न तथेतरे ॥ १५३ ॥
पन्थाः सुदूरस्तत्रापि श्राद्धवासो न भूरिशः ॥
वङ्गाविहर्तुं नान्यत्र शक्यते संयतैस्ततः ॥ १५४ ॥
सत्यप्येवंविधे देश–स्वरूपेऽसौ तदास्मरत् ॥
शुभस्य शीघ्रमित्येतद्व–चनं विश्वविश्रुतम् ॥ १५५ ॥

(૧૩૨–૧૪૯) એવો નિશ્ચય કરીને મોહનજીએ જે કંઈ પાસે હતું તે બધું તેજ વખતે ધર્મકરણીમાં વાવર્યું. (૧૫૦) પછી ક્રિયોદ્ધાર કરવા વાસ્તે મોહનજીએ દેશ, કાલ, દ્રવ્ય, ભાવ વિગેરેનો વિચાર કર્યો, ત્યારે એક દેશ વગર બાકી બધું ઠીક છે, એમ તેમના ધ્યાનમાં આવ્યું. (૧૫૧) પૂર્વદેશમાં શ્રાવક લોકોની વસતિ બહુ થોડી છે, તેથી તે દેશના ગામોમાં સાધુથી વિહાર કરી શકાય એમ નથી. (૧૫૨) કાઠિયાવાડ, ગૂજરાત, કચ્છ અને મારવાડ એ ચાર દેશોમાં જેમ સંવેગી સાધુથી વિહાર કરાય છે, તેમ બીજા દેશોમાં કરાતો નથી. (૧૫૩) તેમજ રસ્તો ઘણો લાંબો અને તેમાં પણ શ્રાવકોની વસતિ પ્રાયે નથી, વાસ્તે બંગાળાથી ગૂજરાત અને મારવાડતરફપણ સાધુથી વિહાર કરી શકાય તેમ નથી. (૧૫૪) એવું દેશનું સ્વરૂપ છતાં પણ " शुभस्य शीघ्रं " એવું લોકપ્ર-

चञ्चलं हि मनस्तस्या–ध्यवसायास्तथाविधाः ॥
को वा जानात्यनायाते समये किं भविष्यति ॥ १५६ ॥
शुभोऽस्त्यध्यवसायोऽयं तदिदानीमनातुरः ॥
क्रियोद्धारं करिष्येऽथा–पत्कल्पः शरणं मम ॥१५७॥
आपत्कल्पालोचना य–त्सुलभास्मिन्भवे नृणाम् ॥
परं विशुद्धश्चारित्र–परिणामः सुदुर्लभः ॥ १५८ ॥
तन्नाद्यप्रभृति द्रव्यं प्रतिगृह्णामि नूतनम् ॥
यदस्ति पार्श्वे तत्त्याग–संकल्पं विदधामि च ॥ १५९ ॥
इति मनसि विचिन्त्य प्राज्यसंवेगलाभात्
विमलपरिणतिः श्रीमोहनः कर्महत्यै ॥
विधुतसकलकामः संभवेशस्य पार्श्वे
व्यधित सपदि दक्षः स क्रियोद्धारमेवम् ॥ १६० ॥

॥ इति श्रीमत्पदवाक्यप्रमाणपारावारीण–विद्वन्मुकुटालंकार-श्रीबालकृष्णभगवच्चरणारविन्दमिलिन्दायमानान्तेवासिनः कानडोपाह्व–गोविन्दात्मज–दामोदरस्य कृतौ शाङ्के श्रीमोहनचरिते क्रियोद्धारकरणं नाम चतुर्थः सर्गः ॥ ४ ॥ ॥ ॥

સિદ્ધ વચન તે વખતે મોહનજીને યાદ આવ્યું. (१५५) "જેમ મન ચંચલ છે તેમ તેના અધ્યવસાય પણ તેવાજ છે. આવતા સમયમાં શું થશે તે કોણ જાણે છે. હમણાં મારા મનમાં શુભ અધ્યવસાય છે. વાસ્તે શરીરની પટુતા સારી છે, તેટલામાં હું ક્રિયોદ્ધાર કરૂં. પછી પ્રસંગ આવશે તો આપત્કલ્પ–(ધોપમાર્ગથી કરી શકાય નહીં એવી વાત સંકટમાં કરવી પડે તે–)નો આશ્રય કરીશું. આપત્કલ્પનો આશ્રય કરીને જે કંઈ કર્યું હોય તેની આલોયણા મળવી સુલભ છે; પણ આ નરભવમાં ચારિત્રનો શુદ્ધ પરિણામ પામવો ઘણોજ દુર્લભ છે. વાસ્તે આજથી માંડીને નવા દ્રવ્યનો પરિગ્રહ હું કરૂં નહીં, અને પાસે છે તેના ત્યાગનો પણ સંકલ્પ કરૂં છું." (१५६–१५७–१५८–१५९)

॥ अथ पञ्चमः सर्गः ॥

शंपासंपातसदृशं रामाणां रागमीक्ष्य यः ॥
कुमार एव चारित्रं लेभे दद्याच्छ्रियं स वः ॥ १ ॥
विहर्तुकामा मुनयो मोहना मरुनीवृति ॥
तत्र स्तोकमुषित्वाथ प्रातिष्ठन्त दिने शुभे ॥ २ ॥
नदीयाने मुखगिरौ तथान्येषु पुरादिषु ॥
विहरन्तः क्रमात्तेऽया–जग्मुर्वाराणसीपुरम् ॥ ३ ॥
संविग्नान्मोहनमुनीन् दृष्ट्वा वाराणसीस्थिताः ॥
श्राद्धाः संमदभाजोऽथ रागं पूर्वाधिकं दधुः ॥ ४ ॥

ઘણા સંવેગનો લાભ થવાથી શુદ્ધ પરિણતિવાળા અને પરિગ્રહની મૂર્છા તદ્દન કાઢી નાખનારા તથા ઉચિતકાર્ય કરવામાં દક્ષ એવા મોહનજીએ ઉપર કહ્યા પ્રમાણે વિચાર કરીને કર્મોને તોડવામાટે શ્રીસંભવનાથ ભગવાન્ આગળ તેજ વખતે ક્રિયોદ્ધાર કર્યો. (૧૬૦)

(ચોથા સર્ગનો બાલાવબોધ સમાપ્ત.)

સર્ગ પાંચમો.

સ્ત્રિયોની પ્રીતિ વિજળીના ચમકારા જેવી ક્ષણિક છે, એમ વિચારીને જે ભગવાને કુમારઅવસ્થામાંજ ચારિત્ર લીધું તે શ્રીનેમિનાથ ભગવાન્ તમને સ્વર્ગની તથા મોક્ષની લક્ષ્મી આપો. (૧) ત્યાર પછી મારવાડ તરફ વિહાર કરવાની ઇચ્છા કરનારા મોહનમુનિજી થોડા કાળસૂધી કલકત્તામાં રહીને સારા મુહૂર્ત ઉપર ત્યાંથી વિદાય થયા. (૨) નધાન, મૌંગિર તેમજ બીજા પણ ગામમાં વિહાર કરતા અનુક્રમે મોહનમુનિજી કાશીમાં આવ્યા. (૩) સંવેગી થયેલા મોહનમુનિજીને જોઈને

द्रव्यं यद्विनियोक्तव्यं तत्रासीत्पूर्वकल्पितम् ॥
तत्रत्यान्दर्शयामासुः श्राद्धांस्तन्मोहनर्षयः ॥ ५ ॥
यथार्हमथ ते तस्य विनियोगं वितेनिरे ॥
स्थित्वा तत्र चतुर्मासीं मुनीन्द्रा जग्मुरग्रतः ॥ ६ ॥
अथ ते मुनिशार्दूलाः क्रमाच्छ्रावस्त्ययोध्ययोः ॥
यात्रां विधाय विधिना ययुर्लक्ष्मणपत्तने ॥ ७ ॥
चिरं निवसनाच्छ्राद्धा–स्तत्रत्या अतिसंस्तुताः ॥
संविग्नान्मोहनमुनी–न्यथाविधि ववन्दिरे ॥ ८ ॥
पूर्वसंकल्पितं वित्तं तैस्तत्रापि निवेदितम् ॥
श्राद्धा जिनालयादौ त–द्योजयामासुरञ्जसा ॥ ९ ॥
इन्द्रप्रस्थप्रदेशेऽथ तथाग्राप्रान्त एव च ॥
विहरन्तो जयपुर–राष्ट्रं ते समवाप्नुवन् ॥ १० ॥

કાશીના રહીશ શ્રાવકો ઘણો આનંદ પામ્યા, અને તેમના ઉપર પહેલા કરતાં પણ વધારે રાગ રાખવા લાગ્યા. (૪) કલકત્તામાં ત્યાગ કરતી વખતે કાશીમાં ખરચવા વાસ્તે જે દ્રવ્ય કાઢયું હતું, તે મોહનમુનિજીએ ત્યાંના શ્રાવકોને જણાવ્યું. (૫) ત્યારે તેમણે મોહનમુનિજીની ઇચ્છા માફક તેનો વિનિયોગ કર્યો, પછી ત્યાં ચાર મહિના રહીને મોહનમુનિજી આગળ વિહાર થયા. (૬) પછી શ્રાવસ્તીની અને અયોધ્યાની યથા-વિધિ યાત્રા કરીને મોહનમુનિજી લખનૌમાં આવ્યા. (૭) પૂર્વે ઘણા કાળસૂધી ત્યાં રહેવાથી ત્યાંના શ્રાવકો મોહનજીથી સારા પરિચિત અને રાગી હતા, તેમણે સંવેગી થયેલા મોહનમુનિજીને આગમમાં કહેલી વિધિ પ્રમાણે વાંદ્યા. (૮) ત્યાગ કરતી વખતે લખનૌમાં ખરચવા વાસ્તે કાઢી રાખેલું દ્રવ્ય ત્યાંના શ્રાવકોને પણ મોહનમુનિજીએ જણાવ્યું, ત્યારે તેમણે જિનમંદિર વિગેરેમાં તે તરત ખરચ્યું. (૯) પછી દિલ્લીના પ્રદેશમાં

न दविष्ठे न नेदिष्ठे ग्रामादाराम एकदा ॥
विदधुर्वसतिं संध्या–मासन्नां वीक्ष्य मोहनाः ॥११॥
श्वापदानामरण्येषु सौलभ्यादर्धरात्रके ॥
शार्दूलः पुच्छमास्फाल्य गर्जन् संमुखमागमत् ॥१२॥
संनद्धेन सदा स्थेयं मुनिना मरणं प्रति ॥
धर्मध्यानं विधेयं चे–त्येवं तेऽस्मार्षुरागमम् ॥१३॥
एगो मे सासउ अप्पा नाणदंसणसंजुउ ॥
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥१४॥
खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे ॥
मित्ती मे सव्वभूएसु वेरं मज्झ न केण इ ॥ १५ ॥

તથા આગ્રાપ્રાંતમાં વિહાર કરતા મોહનમુનિજી અનુક્રમે જયપુરના રાજ્યમાં આવ્યા. (૧૦) એક વખતે મોહનમુનિજી સંધ્યાનો સમય નજીક આવેલો જાણીને ગામથી બહુ દૂર પણ નહીં, તથા નજીક પણ નહીં, એવા એક બગીચામાં રહ્યા. (૧૧) વગડામાં જનવરો જ્યાં ત્યાં હોવાથી મધ્યરાત્રે એક વાઘ પૂછડું પછાડીને ગર્જના કરતો મોહનમુનિજીના સામે આવ્યો. (૧૨) "સાધુએ હમેશાં મરણને વાસ્તે તૈયાર રહેવું, તથા ધર્મધ્યાન કરવું," એવું આગમનું વચન મોહનમુનિજીને યાદ આવ્યું. (૧૩) પછી કાઉસગ કરીને તેમણે મનમાં ભાવના કરી તે આ રીતેઃ–"જ્ઞાન અને દર્શન એ મારા જીવનું ખરૂં સ્વરૂપ છે. તેમજ મારો જીવ શાશ્વત (ત્રણે કાળમાં રહેવાવાળો) અને એક એટલે રાગાદિરહિત છે. બાકી સર્વ વસ્તુ સંયોગથી આવેલી છે, માટે તે મારાથી જૂદીજ છે. હું સર્વ જીવોને ખમાવું છું, અને તે સર્વ જીવો પણ મારાથી થયેલા અપરાધને ખમો, સર્વ જીવોને વિષે હું મિત્રભાવ રાખું છું. કોઇપણ જીવની જોડે

कायोत्सर्गं विधायैवं ध्यायन्तस्ते चिदात्मनि ॥
तल्लीनतामवाप्याशु तत्यजुर्ममतां तनोः ॥ १६ ॥
महानुभावान् दृष्ट्वा तान् शार्दूलोऽगात्पराङ्मुखः ॥
कः सर्वभूतसुहृदं हन्तुं जगति शक्नुयात् ॥ १७ ॥
सद्धर्मो जयतीत्येवं वदन्तो मोहनर्षयः ॥
स्मृत्वा पञ्चनमस्कारं कायोत्सर्गमपारयन् ॥ १८ ॥
वियद्वह्न्यङ्केधरणी–मिते विक्रमवत्सरे ॥
श्रीमोहनपदैः पूत–मभूज्जयपुरं पुरम् ॥ १९ ॥
द्रव्यतो भावतश्चैव निर्ग्रन्था यतयोऽथ ते ॥
सर्वसावद्यविरता न्यवसंस्तत्र संमदात् ॥ २० ॥
अथासन्नतमं वर्षा–वासं तत्र चिकीर्षवः ॥
श्रीमोहनर्षयोऽभूवं–स्तपःस्वाध्यायतत्पराः ॥ २१ ॥

મારો વૈરભાવ નથી.” એવી ભાવના કરીને ચૈતન્યસ્વરૂપમાં તલ્લીન થયેલા મોહનમુનિજીએ તેજ વખતે શરીરઉપરની મમતા છોડી દીધી. (१४–१५–१६) મહાનુભાવ એવા મોહનમુનિજીને જોતાંજ વાઘ મોઢું ફેરવીને પાછો ગયો. “સર્વ જીવોની જોડે ભાવથી મિત્રભાવ જે રાખેછે તેને આ જગતમાં કોણ ઉપદ્રવ કરી શકે?” (१७) પછી મોહનજીએ “કેવલિભાષિત ધર્મ જયવંતો છે.” એવું વચન આનંદથી કહ્યું, અને નવકાર સંભરીને કાઉસગ પાર્યો. (१८) સંવત્ ઓગણીસેં ત્રીસ–(१९३०)માં મોહનમુનિજીના ચરણસ્પર્શથી જયપુર પવિત્ર થયું. (१९) પછી દ્રવ્યથી તથા ભાવથી નિર્ગ્રંથ થએલા મોહનમુનિજી સર્વ સાવદ્યવ્યાપારનો ત્યાગ કરીને ત્યાં ખુશીમાં રહ્યા. (२०) નજીક આવેલું ચોમાસું ત્યાં કરવાની ઇચ્છાથી મોહનમુનિજીએ તપસ્યા તથા ભણવુંગ-

तापत्रितयसंतप्तान् भव्यान्धर्मपरायणान् ॥
देशनामृतवर्षिण्या गिरा ते निरवापयन् ॥ २२ ॥
अतिक्रान्तासु वर्षासु निर्यातायां शरद्यपि ॥
विजिहीर्षन्ति स्म तदा–जयमेरुपुरे वरे ॥ २३ ॥
संविग्नकल्पमाश्रित्य गुप्ताश्च समितास्तया ॥
भव्यबोधं वितन्वन्तः पुरात्तस्मात्प्रतस्थिरे ॥ २४ ॥
प्राप्ता अजयमेर्वाख्ये पत्तने पत्तनोत्तमे ॥
धर्मध्यानोचितायां ते वसतावववसन्मुदा ॥ २५ ॥
मूर्छारहितमात्मानं देशं च विहृतिक्षमम् ॥
विज्ञायाथ क्रियोद्धारं विधित्सन्ति स्म ते पुनः ॥ २६ ॥
कलिकातराजधान्यां सामान्येन पुरा कृतः ॥
स एव विधिनैतस्मिन् व्यधायि जिनसाक्षिकम् ॥ २७ ॥

ણવું શરૂ કર્યું. (૨૧) ધર્મકરણીમાં તત્પર પણ તાપત્રયથી પીડાયલા ભવ્યજીવોને દેશનારૂપ અમૃત પાઇને તેમણે શાંત કર્યા. (૨૨) વર્ષા તથા શરદ્ એ બે ઋતુ વીતી ગયાપછી મોહનમુનિજીને અજમેર તરફ વિહાર કરવાની ઇચ્છા થઈ. (૨૩) પછી સંવેગીકલ્પ સ્વીકારીને ત્રણ ગુપ્તિથી ગુપ્ત અને પાંચ સમિતિથી સમિત એવા મોહનમુનિજી દુખી થયેલા ભવ્યજીવોને બોધ કરતા જયપુરથી વિદાય થયા. (૨૪) સુખસમાધિથી અજમેરમાં આવેલા મોહનમુનિજી જેથી ધર્મધ્યાનની વૃદ્ધિ થાય એવી વસતિમાં સુખે રહ્યા. (૨૫) પછી પોતાને પરિગ્રહની મૂર્છા બિલકૂલ રહી નથી, તથા દેશપણ વિહાર કરવા લાયક છે, એમ જાણીને મોહનમુનિજીએ ફરીથી ત્યાં ક્રિયોદ્ધાર કરવાનો વિચાર કર્યો. (૨૬) પૂર્વે કલકત્તા રાજધાનીમાં દ્રવ્યત્યાગનો સંકલ્પ કરીને જે સામાન્ય ક્રિયોદ્ધાર કર્યો હતો, તેજ અજમેરમાં પાછો શ્રીસંભવનાથ ભગવાનની સામે

महाव्रतधरास्तेऽथ संविग्ना मोहनर्षयः ॥
छेदोपस्थापनं तत्र विधायाथ प्रतस्थिरे ॥ २७ ॥
विहारेणोद्यतेनाथ विहरन्तः क्रमेण ते ॥
मरुदेशान्तर्गतायां पल्ल्यां पादाब्जमादधुः ॥ २९ ॥
श्रीमोहनपदद्वन्द्व–मभिवन्द्य पुनः पुनः ॥
तत्रत्याः श्रावकाः प्रापु–र्मोदं वाचामगोचरम् ॥ ३० ॥
अथ ते मोहनमुख–परिपूर्णेन्दुनिःसृतम् ॥
देशनामृतमापीय तिरश्चक्रुर्दिवौकसः ॥ ३१ ॥
अत्यासन्नां वीक्ष्य वर्षाः पल्लीस्थाः श्रावकास्तु तान् ॥
अत्रैव वर्षावसतिं कुरुतेति व्यजिज्ञपन् ॥ ३२ ॥
समीक्ष्य देशं कालं च श्राद्धानप्यनुरागिणः ॥
श्रीमोहनमुनीन्द्रास्त–द्वचनं प्रतिपेदिरे ॥ ३३ ॥

મોહનમુનિજીએ યથાવિધિ કર્યો. (૨૭) પંચમહાવ્રતના ધારક અર્થાત્ સંવેગી થયેલા મોહનમુનિજી છેદોપસ્થાપન કરીને અજમેરથી નીકળ્યા. (૨૮) પછી ઉગ્ર વિહાર કરતા મોહનમુનિજીએ અનુક્રમે મારવાડ દેશમાં આવેલા પાલી શહેરમાં ચરણકમલ મૂક્યાં. (૨૯) ત્યાંના શ્રાવકોએ મોહનમુનિજીનાં ચરણકમલ વારંવાર વાંદ્યા, અને તેથી જે કંઈ તેમને હર્ષ થયો તે વાણીથી કહી શકાય એમ નથી. (૩૦) મોહનમુનિજીના મુખરૂપી પૂર્ણચંદ્રમાંથી નીકળેલું દેશનારૂપી અમૃત પીને તે શ્રાવકો દેવતાઓને પણ તુચ્છ માનવા લાગ્યા. (૩૧) પછી ચોમાસું નજીક આવેલું જોઈને પાલીના રહીશ શ્રાવકોએ મોહનમુનિજીને વિનંતિ કરી કે, "આપ અહીંજ ચોમાસું કરો." (૩૨) દેશ તથા કાળનો વિચાર કરીને અને વિનંતિ કરનારા શ્રાવકો રાગી છે, એમ જોઈને મોહનમુનિજીએ તે લોકોની વિનંતિનો અંગીકાર કર્યો. (૩૩)

तदङ्घ्रिपङ्कजालीना–मवत्पल्ली यदा तदा ॥
नामधेयमभूत्तस्या योगरूढं सुविश्रुतम् ॥ ३४ ॥
षष्ठाष्टमाष्टाह्निकादि तपः कुर्वन् यथाबलम् ॥
पल्लीनिवासी श्रीसंघ–श्चतुर्मासीमयापयत् ॥ ३५ ॥
इन्द्रो मुनीन्द्रात्को वान्यो गुरुः सद्गुरुतोऽपि वा ॥
देशनायाः सुधा कान्या पल्लीत्थं स्वर्गतामगात् ॥३६॥
मोहोज्झिता अपाकुर्यु–र्मोहमत्र किमद्भुतम् ॥
चित्रं यन्मोहनोऽप्येषां दृष्टिमोहमपाकरोत् ॥ ३७ ॥
शुभकर्मोदयाद्भ्रा–स्तदा मोहनपादयोः ॥
शिरो निधाय भावेन कर्माशुभमसूदयन् ॥ ३८ ॥

જ્યારે પંલ્લી (પાલી શહેરના શ્રાવકો) મોહનમુનિજીને પગે લીન થઈ ગઈ ત્યારે તેનું જગત્માં પ્રસિદ્ધ “ પાલી ” એવું નામ સાચું થઈ ગયું. (૩૪) પોતાની શક્તિ માફક છઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇ વિગેરે તપસ્યા કરીને પાલીના રહીશ શ્રીસંઘે ચોમાસું ગાળ્યું. (૩૫) મુનિરાજને મૂકીને બીજો ઇંદ્ર તે કોણ, સદ્‌ગુરૂથી બીજો ગુરૂ (બૃહસ્પતિ) તે કોણ, તેમજ ધર્મની દેશના કરતાં અમૃત તે બીજું શું; ઉપર કહેલી ત્રણે વસ્તુનો યોગ મળી આવ્યાથી પાલી શહેર સ્વર્ગજેવું થયું. (૩૬) મોહરહિત થયેલા જ્ઞાની લોકો ભવ્યજીવોનો મોહ દૂર કરે તેમાં શી નવાઈ? પણ આશ્ચર્ય એ છે કે, આ મુનિરાજએ પોતે “ મોહન ” એવું નામ ધરાવ્યું છે તોપણ પાલીના શ્રાવકોની દર્શનમોહિની દૂર કરી. (૩૭) તે વખતે શુભકર્મના ઉદયથી શ્રાવકોએ મોહનજીને પગે ભાવથી માથું નમાવીને પોતાનું અ-

---

૧ “પલ્લી” એ શબ્દમાં “પદ્” અને “લી” એવાં બે પદ છે. પદ્ એટલે પગ અને લી એટલે લય પામનારી.

वर्धयन्तः पूर्वचितं तपः षष्ठाष्टमादिना ॥
बोधयन्तश्च भविका–न्मुदासन्मोहनर्षयः ॥ ३९ ॥
विक्रमार्काब्धिंशशात–स्यैकत्रिंशे वितेनिरे ॥
पक्ष्यां ते प्रथमां वर्षा–वसतिं मुनिवासवाः ॥ ४० ॥
मार्गशीर्षेऽथ संप्राप्ते श्राद्धा विरहकातराः ॥
नाकामयन्त तान्मोक्तुं बद्धा रागेण भूयसा ॥ ४१ ॥
विहतौ सन्ति यावन्तो गुणा जगति विश्रुताः ॥
चिरमेकत्र वसतौ दोषास्तावन्त एव हि ॥ ४२ ॥
इति निश्चित्य ते श्राद्धा निवासनपरा अपि ॥
प्रत्याख्याताः शीघ्र–मेतैर्विजिहीर्षुभिरग्रतः ॥ ४३ ॥
प्रायो मरुप्रदेशेषु विहरन्तो यथारुचि ॥
चिरादवापुर्विश्रान्त्या अर्बुदेशापुरं प्रति ॥ ४४ ॥

શુભકર્મ ખપાવ્યું. (૩૮) પૂર્વે સંચિત કરેલી તપસ્યાને છઠ, અઠ્ઠમ વિગેરે કરી વધારતા અને ભવ્યજીવોને બોધ કરતા એવા મોહનમુનિજી ત્યાં સુખથી રહ્યા. (૩૯) વિક્રમ સંવત્‌ના ઓગણીસેં એકત્રીશ–(૧૯૩૧) માં પહેલું ચોમાસું મોહનમુનિજીએ પાલીમાં કર્યું. (૪૦) પછી માગસર મહિનો આવે છતે મોહનમુનિજીનો વિયોગ થશે એમ જાણીને દુખી થએલા ઘણા રાગી શ્રાવકો તેમને છોડી શક્યા નહીં. (૪૧) વિહાર કરવામાં જેટલા ગુણો રહેલા છે, તેટલાજ દોષ ઘણા કાળસૂધી એક ઠેકાણે રહેવાથી ઉપજે છે, તે પણ જગત્‌માં જાણીતા છે. (૪૨) આગળ વિહાર કરવાની ઇચ્છા કરનારા મોહનમુનિજીએ એવો નિશ્ચય કરેલો હોવાથી ઘણો આગ્રહ કરનારા પાલીના શ્રાવકોનું કહેવું તેમણે કબૂલ કર્યું નહીં. (૪૩) પછી રૂચિભાફક મારવાડમાંજ ઘણો ખરો વિહાર કરતા મોહનમુનિજી વિસામો લેવા વાસ્તે અર્બુદ રા-

राजपुत्रान्ववायेन राज्ञा तत्प्रतिपालितम् ॥
पुरं शिरोहीति नाम्ना सांप्रतं प्रथितं भुवि ॥ ४५ ॥
मरोर्भागद्वये योऽल्प–मरुरित्यभिधीयते ॥
तत्र प्रधानं नगर–मेतदेव वदन्ति हि ॥ ४६ ॥
तत्र प्रसन्नमनसो–ऽवसंस्ते मुनिसत्तमाः ॥
धर्मध्यानं यत्र भवे–त्स देशो मुनिसंमतः ॥ ४७ ॥
तत्रापि देशनास्वाति–पयः श्रावकचातकाः ॥
निपीय विजहुस्तृष्णां तृष्णा हि भववर्धिनी ॥ ४८ ॥
बालं मध्यं बुधं चैव देशकालानुसारतः ॥
तत्तदर्होपदेशेन बोधयन्ति स्म ते सदा ॥ ४९ ॥

જાની રાજધાનીમાં આવ્યા. (૪૪) રજપૂત વંશમાં થયેલા રાજાએ રક્ષણ કરેલું તે નગર હમણાં "શિરોહી" એવા નામથી જગત્માં પ્રસિદ્ધ છે. (૪૫) મારવાડના બે ભાગ છે. તેમાં જે નાની મારવાડ કહેવાય છે તેની અંદર એ નગર મુખ્ય છે, એમ લોકો કહે છે. (૪૬) પછી તે શિરોહીમાં મોહનમુનિજી પ્રસન્ન મનથી રહ્યા, જ્યાં ધર્મધ્યાન થઈ શકે તે દેશ મુનિઓને પસંદ હોય છે. (૪૭) તે ઠેકાણે પણ શ્રાવકરૂપી ચાતકોએ મોહનમુનિજીની દેશનારૂપ સ્વાતિનક્ષત્રનું પાણી ઇચ્છા માફક પીને તૃષ્ણા (તૃષા તથા વિષયની અભિલાષા) છોડી દીધી. કારણ કે, તૃષ્ણા જે છે તે સંસારને વધારે છે. (૪૮) બાલ (અણસમજુ), મધ્યમ,

---

૧ સિદ્ધાંતમાં બાલ, મધ્યમ અને બુધ (જાણુ) એમને ઉપદેશ કરવાની રીત કહી છે તે આ રીતે:–બાલકના ઉપદેશમાં લોચનો વિધિ, પગરખા વિગેરે નહીં પહેરવાં, રાત્રે બે પોહોર જમીન ઉપર સૂઈ રહેવું, શીતના તથા ઉષ્ણુના પરિગ્રહ ખમવા, છઠ, અઠ્ઠમ વિગેરે વિવિધ પ્રકારની તપસ્યા મહાકષ્ટથી કરવી, ઉપકરણ થોડાં અને શુદ્ધ રાખવાં, પિંડવિશુદ્ધિ સારી પેઠે પાળવી, વિગેરે વાતો બાલના ઉપદેશમાં લાવવી. આઠ પ્રવચન માતાનો હમેશાં આદર કરવો, વિધિપૂર્વક સિદ્ધાંત સાંભળવા, ગુરૂના અધીનમાં રહેવું, તેનું બહુમાન કરવું વિગેરે વાતો મધ્યમના ઉપદેશમાં લેવી. કેવલી ભગવાનના વચનની આરાધનાથી ધર્મ થાય છે, અને તેનું ઉત્થાપન કરે તો દોષ લાગે છે એજ ધર્મનું તત્ત્વ છે, વિગેરે વાતો બુધના ઉપદેશમાં આદરવી.

यत्र यस्य भवेद्धर्मे–ऽभिनिवेशश्चतुर्विधे ॥
तत्र तस्यारुचिर्न स्या–त्तथा ते तत्त्वमूचिरे ॥ ५० ॥
आर्द्राप्रवेशोऽत्यासन्ने श्राद्धानामुपरोधतः ॥
तत्रैव तेषामभव–द्वर्षावासविनिश्चयः ॥ ५१ ॥
तदा लाभाद्उदाराणां सद्गुरूणां मनीषिणाम् ॥
वितेनुर्विविधं श्राद्ध–स्तत्रत्या उत्सवं मुदा ॥ ५२ ॥
देशनामृतमातृप्तेः पिबन्तः श्रावकोत्तमाः ॥
मरुदेशान्तर्गतं त–न्मेनिरेऽनूपसंनिभम् ॥ ५३ ॥
कुन्देन्दुधवलं तेषां यशः प्रसरदेकदा ॥
तत्पुराधीशनृपतेः कर्णगोचरतामगात् ॥ ५४ ॥
श्रुत्वा चमत्कारगर्भं तेषां चरितमादरात् ॥
सोऽभूत्तद्दर्शने सद्यो नृशमुत्सुकमानसः ॥ ५५ ॥

(થોડું સમજનાર) અને બુધ (જાણુ) એ ત્રણેને દેશકાલના અનુસારથી જે જેને લાયક હોય એવો ઉપદેશ કરીને તે હમેશાં બોધ કરતા હતા. (૪૯) ચતુર્વિધ ધર્મમાં જે જીવની જે ધર્મ ઉપર ઘણી શ્રદ્ધા હોય તેની તે ઉપર અરૂચિ ન થાય, એવી રીતે મોહનમુનિજી આગમનું તત્ત્વ કહેતા હતા. (૫૦) પછી આર્દ્રાપ્રવેશ ઘણો નજીક આવ્યો ત્યારે શ્રાવકોના આગ્રહથી ત્યાંજ ચોમાસું કરવાનો તેમનો નિશ્ચય થયો. (૫૧) તે વખતે મનના ઉદાર અને વિવેકી એવા સદ્‌ગુરૂનો લાભ થયાથી શિરોહીના શ્રાવકોએ આનંદથી વિવિધ પ્રકારનો ઉત્સવ કર્યો. (૫૨) તૃપ્તિ થાય ત્યાંસુધી દેશનારૂપી અમૃત પીનારા ત્યાંના ઉત્તમ શ્રાવકો, જો કે શિરોહી મારવાડની અંદર આવેલી છે, તોપણ તેને કોંકણ વિગેરે દેશની માફક પાણીથી ભરપૂર એવી માનવા લાગ્યા. (૫૩) કુંદના ફૂલ જેવો અથવા ચંદ્રમા જેવો શુદ્ધ મોહનમુનિજીનો યશ ફેલાતો છતો એક વખતે તે નગરીના રાજાના સાંભળવામાં આવ્યો. (૫૪) સાંભળતાંજ ચમ-

निर्णीतपूर्वे समये समागत्य स भूपतिः ॥
श्रीमोहनपदद्वन्द्व–मकरोदद्दिगोचरम् ॥ ५६ ॥
माध्यस्थ्यमवलम्ब्याथ तेषां बोधं वितन्वताम् ॥
वचोऽवञ्चकमाकर्ण्य भद्रभावमगादसौ ॥ ५७ ॥
शासनोन्नतिमेतां ते विलोक्य श्रावकास्ततः ॥
मोहनाङ्घ्रियुगे रागं विदधुः पूर्वतोऽधिकम् ॥ ५८ ॥
धर्मोद्द्योतं वितन्वन्त एवं ते मुनिपुङ्गवाः ॥
निन्युर्यथासुखं तत्र वर्षामासचतुष्टयीम् ॥ ५९ ॥
नयनानलनन्देन्दु–मिते विक्रमवत्सरे ॥
चतुर्मासी द्वितीयाभू–त्सादडीपत्तने शुभे ॥ ६० ॥
अथो विहारयोग्येषु संजातेषु च वर्त्मसु ॥
विजृम्भमाणे हेमन्ते विहरन्ति स्म ते द्रुतम् ॥ ६१ ॥

त्કાર ઉપજાવે એવું મોહનમુનિજીનું વૃત્તાંત સાંભળીને રાજા તેજ વખતે તેમની મુલાકાત લેવામાટે મનમાં ઘણેાજ ઉત્સુક થયેા. (૫૫) પ્રથમજ નક્કી ઠરાવેલા સમયઉપર રાજાએ આવીને મોહનમુનિજીની મુલાકાત લીધી. (૫૬) ત્યારે કેાઇપણ દર્શનઉપર પક્ષપાત ન રાખતાં મધ્યસ્થપણું સ્વીકારી ભવ્યજીવોને બોધ કરનારા મોહનમુનિજીનું વંચનારહિત વચન સાંભળીને તે રાજા ભદ્રકપણું પામ્યેા. (૫૭) એપ્રમાણે મોહનમુનિજીએ કરેલી શાસનની ઉન્નતિ જોઇને શિરોહીના શ્રાવકેા તેમના ચરણકમલ ઉપર પહેલાં કરતાં પણ વધારે રાગ રાખવા લાગ્યા. (૫૮) એ રીતે ધર્મનેા ઉદ્યોત કરનારા એ મુનિરાજાએ સુખ ઉપજે તેવીરીતે શિરોહીમાં વર્ષાકાળના ચાર મહિના ગાળ્યા. (૫૯) સંવત્ એાગણીસેં બત્રીશ–(૧૯૩૨)માં શિરોહી નગરીને મોહનમુનિજીના પગલાંનેા લાભ થયેા. (૬૦) પછી વિહાર કરી શકાય એવા માર્ગો જ્યારે શુદ્ધ થઈ ગયા,

विहारक्रमयोगेन पुनरागत्य सत्वरम् ॥
पुरमेतन्निजपदैः सनाथीक्रियतां किल ॥ ६१ ॥
एवमभ्यर्थमानांस्ते श्रावकान्विनयानतान् ॥
आगमोक्तेन विधिना बोधयन्तोऽग्रतो ययुः ॥ ६२ ॥
एकद्वित्रिचतुःपञ्च–प्रयाणानि सहाययुः ॥
अर्बुदेशपुरीवासि–श्राद्धास्तेष्वनुरागिणः ॥ ६४ ॥
अथ श्रीमोहनमुनि–विकसन्मुखपङ्कजम् ॥
विलोक्येव वनान्तःस्थं मम्लावम्भोजमण्फलम् ॥६५॥
मानूद्विहरतामेषां बाधा कापि मदातपात् ॥
इतीवालोच्योष्णरश्मि–र्नात्युष्णकिरणोऽभवत् ॥६६॥

ત્યારે હેમંતઋતુમાં મોહનમુનિજીએ શિરોહીથી શીઘ્ર વિહાર કર્યો. (૬૧) "અનુક્રમે વિહાર કરતા પાછા વેહેલા પધારીને આપના ચરણકમલથી આ નગરી દીપાવો." એરીતે વિનયપૂર્વક નમીને વિનંતિ કરનારા તે શ્રાવકોને સિદ્ધાંતમાં કહેલી રીતપ્રમાણે બોધ કરીને તે આગળ ચાલતા થયા. (૬૨–૬૩) શિરોહીના રહીશ શ્રાવકો જે મોહનમુનિજી ઉપર રાગી હતા, તે કોઈ એક, તો કોઈ બે, એમ પાંચ મુકામ સૂધી તેમની સાથે આવ્યા. (૬૪) વગડામાં સરોવરની અંદર રહેલા કમળના સમુદાયો શિયાળો શરૂ થયાથી કરમાઈ ગયા, તે ઉપરથી એમ લાગેછે કે, મોહનમુનિજીનું પ્રફુલ્લિત એવું મુખકમલ આપણા કરતાં સુંદર છે, એમ વિચારીનેજ કે શું? (૬૫) શિયાળાને લીધેજ તડકો પણ ઓછો થઈ ગયો, તે ઉપરથી એવી કલ્પના થાયછે કે, "વિહાર કરનારા મોહનમુનિજીને મારા કિરણથી કંઇપણ પીડા થવી નહીં જોઇએ." એમ મનમાં

विहरत्स्वेषु मुनिषु ऋतुस्तापोपशान्तितः ॥
शैत्यं समागात्तेनास्मिन् शीतं प्रसरति क्षितौ ॥ ६७ ॥
मरौ च मेदःपाटे च विहरन्तो यथागमम् ॥
मार्गागतानि तीर्थानि नमन्तश्च यथाविधि ॥ ६८ ॥
यथापात्रं वितन्वन्तो धर्मबोधमथान्यदा ॥
श्रीमोहनमुनीन्द्रास्ते पल्लीप्रान्तं समासदन् ॥ ६९ ॥
तदुपश्रुत्य पल्लीस्थाः श्राद्धा निर्वृतमानसाः ॥
सहसागत्य विनता मोहनाङ्घ्री ववन्दिरे ॥ ७० ॥
अवदंश्च पुनः पूज्यैः पल्ल्यां कृत्वा पदं निजम् ॥
पावनीयाश्चिराद्भीम-दर्शनोत्कण्ठिता वयम् ॥ ७१ ॥
विज्ञप्तिमुररीकृत्य पल्लीमागत्य तैः सह ॥
धर्मं विवर्धयन्तस्ते न्यवसन्वसतौ सुखम् ॥ ७२ ॥

ધારીનેજ કે શું? તેણે પોતાનો તાપ સમતોલ કર્યો. (૬૬) એ મુનિરાજ વિહાર કરવા લાગ્યા, ત્યારે ઋતુનો પણ તાપ શમાઈ જવાથી તે થંડી પડી ગઈ, તેથી આખા જગત્માં ટાઢનો ફેલાવ થઈ ગયો કે શું ? (૬૭) મારવાડમાં તથા મેવાડમાં સિદ્ધાંતમાં કહેલી રીતને અનુસરીને વિહાર કરતા, માર્ગમાં આવેલા તીર્થોને વિધિપ્રમાણે વાંદતા અને સાંભળનારની યોગ્યતા હોય તેપ્રમાણે ધર્મોપદેશ કરતા, તે મોહનમુનિજી એક વખતે પાલીના પ્રદેશમાં આવ્યા. (૬૮–૬૯) એ વાત સાંભળીને ઘણો આનંદ પામેલા પાલીના શ્રાવકોએ તત્કાળ ભેગા થઈ આવી મોહનમુનિજીને વાંદ્યા. (૭૦) અને " ફરીવાર આપસાહેબો પાલીમાં પગલાં કરીને ઘણા કાળથી આપસાહેબના દર્શનની વાટ જોતા રહેલા અમને પાવન કરો, " એવી તેમણે વિનતિ કરી. (૭૧) તે કબૂલ કરીને તેમની

कामं ववर्ष वर्षासु यथा सर्वत्र वारिदः ॥
देशनाम्बु तथैवायं मोहनाब्दोऽपि लीलया ॥ ७३ ॥
वृष्टेर्यथा कालिकायाः क्षेत्रमङ्कुरवज्भवेत् ॥
तथा धर्माङ्कुरं तस्याः केचिन्मनसि दध्रिरे ॥ ७४ ॥
तपस्यन्तमवेक्ष्यैक–मन्यो भव्योऽपि भावतः ॥
तपस्यामातनोद्धर्मा–द्धर्मोऽप्येवं प्रवर्धते ॥ ७५ ॥
विक्रमार्धैक्यत्रिनन्द–भूमिते परिवत्सरे ॥
वर्षावासस्तृतीयोऽभू–त्पट्टयां धर्मप्रवर्धकः ॥ ७६ ॥
अथ वृश्चिकगे सूर्ये समयं विहृतिक्षमम् ॥
विलोक्य शोभने लग्ने व्यहार्षुर्मोहनर्षयः ॥ ७७ ॥
वन्दमाना धर्मलाभं सास्त्रा बोधप्रदां गिरम् ॥
तथा योगं वर्तमानं पुनरागमनेच्छवः ॥ ७८ ॥

જોડે પાલીમાં આવેલા મોહનમુનિજી ધર્મધ્યાનની વૃદ્ધિ કરતા ઉપાસરામાં સુખે રહ્યા. (૭૨) ચોમાસામાં જેમ બધે ઠેકાણે વરસાદ વરસ્યો, તેમ મોહનમુનિજીરૂપ મેઘેપણ લીલાથી દેશનારૂપ ઉદકની વૃષ્ટિ કરી. (૭૩) અવસરઉપર સારા ખેતરોમાં પડેલો વરસાદ જેમ ફળદ્રૂપ થાયછે, તેમ દેશનારૂપ વૃષ્ટિથી પણ કેટલાક ભવ્યજીવોના મનમાં ધર્મરૂપી અંકુર ઉગ્યા. (૭૪) તપસ્યા કરનારા એક ભવ્યજીવને જોઈને બીજો ભવ્યજીવપણ ભાવથી તે વખતે તપસ્યા કરવા લાગ્યો. ઠીકજ છે, ધર્મથકી ધર્મપણ એ રીતેજ વધેછે. (૭૫) વિક્રમરાજાના રાજ્યાભિષેકથી ઓગણીશેં તેત્રીશ–(૧૯૩૩)મે વર્ષે મોહનમુનિજીએ ધર્મની વૃદ્ધિ થાય એવી રીતે ત્રીજું ચોમાસું પાલીમાં કર્યું. (૭૬) પછી વૃશ્ચિકરાશિનો સૂર્ય થયો, ત્યારે સમય વિહાર કરવા લાયક છે, એમ જાણીને મોહનમુ-

विविधं च तथा प्रत्या–ख्यानं धर्मक्रियारताः ॥
तदैवमुचितं तेभ्यः श्राद्धा लाभमवाप्नुवन्॥७९॥युग्मम्
क्वचिदाहारपानीयं क्वचिद्वसतिमेव वा ॥
क्वचित्तदुभयं चापि कुर्वाणास्ते यथाश्रुतम् ॥ ८० ॥
एकरात्रं द्विरात्रं वा त्रिरात्रं वा ततोऽधिकम् ॥
ग्रामादिषु वसन्तश्च देशकालाद्यपेक्षया ॥ ८१ ॥
विहृत्य धन्वसु चिरं समवापुः क्रमेण ते ॥
पुरं यत्साद्दडीनाम्ना प्रथितं सांप्रतं भुवि८३विशेषकम्
संघस्तत्रत्योऽद्ययाव–त्पपौ तेषां यशःसुधाम् ॥
अद्य भाग्योदयाल्लेभे दुर्लभं देशनामृतम् ॥ ८३ ॥

નિજીએ સારા મુહૂર્ત ઉપર પાલીથી વિહાર કર્યો. (૭૭) વંદના કરનારા લોકોને ધર્મલાભ મળ્યો, એ મુનિરાજ ઉપર ઘણો રાગ હોવાથી જેમની આંખોમાં આસું આવ્યાં, તે લોકોને બોધ થાય એવા ધર્મોપદેશનો લાભ થયો, "ફરીથી આપ વહેલા અહીં પધારશો, એવી આશા અમો રાખીએ છઇએ," એવી વિનતિ કરનારા લોકોને "વર્તમાનયોગ" એવો જબાબ મળ્યો, અને તપસ્યા વિગેરે કરવામાં તત્પર એવા લોકોને જાત-જાતનાં પચ્ચખાણ મળ્યાં, એવી રીતે તે મોહનમુનિજી પાસેથી શ્રાવક લોકોને જેની જેવી યોગ્યતા તેપ્રમાણે લાભ થયો. (૭૮–૭૯) પછી મોહનમુનિજી કોઈ ગામમાં એકલું આહારપાણીજ તો કોઈ ગામમાં એકલી વસતિજ અને કોઈ ઠેકાણે આહારપાણી તથા વસતિ એપ્રમાણે આગમાનુસાર વિહાર કરતા, તેમજ ગ્રામ, પુર, નગર ઇત્યાદિકને વિષે એક રાત બે રાત, ત્રણ રાત અથવા તે કરતાં પણ વધારે દેશ, કાળ વિગેરેનો વિચાર કરીને નિવાસ કરતા મારવાડમાં ઘણા કાળ સૂધી વિહાર કરીને અનુક્રમે, આજકાલ જે સાદ્દડીનામથી ઓળખાય છે, તે નગરમાં આવ્યા. (૮૦–૮૧–૮૨) ત્યાંનો સંઘ આજસૂધી મોહનમુનિજીની કીર્તિરૂપ અમૃતને

अथामोदमनिर्वाच्यं तत्रस्था भेजिरे जनाः ॥
यत्तत्र वर्षावसतिं मुनीन्द्रास्ते प्रपेदिरे ॥ ८४ ॥
अङ्गप्रविष्टं वा किंचि–दुपाङ्गमपि किंचन ॥
प्राक्पौरुष्यास्ततो विद्व–त्प्रणीतं चरितादिकम् ॥८५॥
धर्मव्याख्यानमेवं ते गिरा मधुरयान्वहम् ॥
श्रावयन्तः कस्य चित्तं धर्मरक्तं न चक्रिरे ॥८६॥युग्मम्॥
समन्ततो ये न्यवस–न्श्राद्धाः सरलबुद्धयः ॥
ते पर्युषणवेलाया–मागतास्तत्र सत्वरम् ॥ ८७ ॥
उत्साहवन्तः सर्वेऽतो–ऽभवत्तत्रोत्सवो महान् ॥
तथा तपोऽपि विविधं चक्रे संहननान्वितैः ॥ ८८ ॥
चातुर्मास्यभवे जाते प्रतिक्रमणकर्मणि ॥
धर्मक्रियासु पूर्णासु निर्विघ्नं निखिलासु च ॥ ८९ ॥

પીતો હતો, તેજ સંઘ આજ ભાગ્યનો ઉદય થયાથી સહેજ નહીં મળી શકે એવું દેશનારૂપી અમૃત પીવા લાગ્યો. (૮૩) પછી વચનથી કહી શકાય નહીં એવો હર્ષ સાદડીના શ્રાવકોને થયો. કારણકે, મોહનમુનિજીએ ત્યાં ચોમાસું કરવાનું કબૂલ કર્યું. (૮૪) પોરિસી ભણતા પહેલાં અગીઆર અંગમાંનું અથવા ઉપાંગમાંનું કંઇપણ સૂત્ર અને તે પછી ગીતાર્થ મુનિઓએ રચેલાં ચરિત્ર વિગેરે, એ રીતે મધુર વચનથી દરરોજ વ્યાખ્યાન સંભળાવનારા મોહનમુનિજીએ કોનું ચિત્ત ધર્મનેવિષે રાગી ન કર્યું? (૮૫–૮૬) સાદડીની આસપાસ જે ભદ્રિકશ્રાવકો રહેતા હતા, તે પર્યુસણ ઉપર ત્યાં શીઘ્ર આવ્યા. (૮૭) બધાના મનમાં ઉલટ ઘણી હતી, તેથી ત્યાં મોટો ઉત્સવ થયો, તેમજ જેનું સંઘયણ સારૂં હતું તે લોકોએ જાતજાતની તપસ્યાપણ કરી. (૮૮) પછી કાર્તિકી ચોમાસાનું પડિક્કમણું

विजिहीर्षा मुनीन्द्राणां नैराश्यमनुरागिणाम्॥
विमलत्वं वर्त्मनां च समकालमभूत्तदा ॥ ९० ॥ युग्मम्
विक्रमादब्धिवह्न्यङ्क[१९३४]–जगतीमितवत्सरे ॥
वर्षावासं तुरीयं ते विदधुः सादडीपुरे ॥ ९१ ॥
यथापूर्वं विहृत्याथ चिरात्ते मोहनर्षयः ॥
महन्मरुषु विख्यातं ययुर्योधपुरं वरम् ॥ ९२ ॥
श्रीसंघस्तन्निवास्यासी–त्पूर्वतोऽप्येषु रागवान् ॥
संविग्नानवलोक्यैनां–स्तदैवं सोऽन्वमन्यत ॥ ९३ ॥
जात्यं सुवर्णं रत्नेन प्रत्युप्तं राजतेऽधिकम् ॥
मुनिस्वर्णं तथैवेदं रत्नचारित्रयोगतः ॥ ९४ ॥
अपि भूषितसर्वाङ्गं सुन्दरं महिलावपुः ॥
तिलकेनैव लसति मुनिरत्नं व्रतेन वा ॥ ९५ ॥

અને બીજી ધર્મની ક્રિયાઓ એ બધું અંતરાયરહિત પૂરૂં થયું, ત્યારે મોહનમુનિજીના મનમાં વિહાર કરવાનો વિચાર આવ્યો, રાગી શ્રાવકોનાં મન "હવે આપણી વિનતિ મુનિરાજ કબૂલ કરશે નહીં" એમ જાણીને નિરાશ થયાં, અને વિહાર કરવાના બધા માર્ગો સપ્રાઇબંધ જોવામાં આવ્યા. એ ત્રણે વાતો તે વખતે સમકાલે થઈ. (૮૯–૯૦) સંવત્ એગણીશેં ચોત્રીશ–(૧૯૩૪)મે વર્ષે મોહનમુનિજીએ ચોથું ચોમાસું સાદડીમાં કર્યું. (૯૧) પછી મોહનમુનિજી, પૂર્વે કર્યો તેપ્રમાણે ઘણાકાળસૂધી વિહાર કરીને મોટી મારવાડમાં ઘણું પ્રસિદ્ધ જે જોધપુર કહેવાય છે ત્યાં આવ્યા. (૯૨) ત્યાંનો સંઘ પહેલાંથીજ એમના ઉપર ઘણો રાગી હતો. હવે સંવેગી થયેલા એ મોહનમુનિજીને જોઇને તેના મનમાં આવો વિચાર આવ્યોઃ–(૯૩) "સોટચનું સોનું રત્નજડિત થાય ત્યારે તે જેમ દીપેછે, તેમ આ મુનિરાજરૂપી સુવર્ણ ચારિત્રરૂપી રત્નના સંયોગથી ઘણું શોભેછે. (૯૪) કિંવા જાતજાતના નાના મોટા અલંકારથી તથા કસ-

तारकोपेतमथवा शरत्कालिकमम्बरम् ॥
राजते रजनीशेन मुनिरत्नमिदं तथा ॥ ९६ ॥
एवं दृढानुरागेण बद्धास्ते श्रावकोत्तमाः ॥
मुञ्चेयुः किं मुनीन्द्रांस्ता–न्वर्षातिक्रमणं विना ॥ ९७ ॥
तपःशस्त्रैः कर्मशत्रुः पराजिग्य इहैव यैः ॥
त एव योधास्तेषां च वासाद्योधपुरं विदुः॥ ९८ ॥
एतादृशे पुरे श्रीम–न्मोहनाङ्घ्रिसरोरुहम् ॥
रराज तत्र कियती वक्तव्या शासनोन्नतिः ॥ ९९ ॥
नूतपूर्वे चतुर्मासी–चतुष्के या पुरान्नवत् ॥
एतस्यामधिका तस्मा–द्धर्मोन्नतिरनूत्तदा॥ १०० ॥

ભિકારના વસ્ત્રથી શણગારેલી સ્ત્રી જેમ કપાળે કરેલા તિલકથી તેમ આ મુનિરાજ પણ ચારિત્રથી શોભેછે. (૯૫) અથવા ક્રોડોગમે નક્ષત્રથી શોભિતું શરત્કાળનું નિર્મળ આકાશ જેમ ચંદ્રમાના ઉદયથી શોભેછે, તેમ આ મુનિરાજ ચારિત્રથી શોભેછે." (૯૬) એ રીતે ઘણા રાગથી બંધાયલા તે ઉત્કૃષ્ટ શ્રાવકો ચોમાસું ઉતર્યા વગર એ મુનિરાજને કેમ છોડી દેશે? (૯૭) તપસ્યારૂપ શસ્ત્ર હાથમાં લઈને કર્મરૂપી શત્રુનો આ લોકમાંજ જેમણે પરાભવ કર્યો, તેજ યોધ (સુભટ) કહેવાય છે, અને તેમનો નિવાસ આ પુરમાં હોવાથી એને યોધપુર (જોધપુર) કહેછે. એવા તે જોધપુરમાં મોહનમુનિજીનાં ચરણકમળ વિરાજમાન થયાં, ત્યારે ત્યાં થયેલી ધર્મની ઉન્નતિ તે કેટલી કહેવી? (૯૮–૯૯) સંવત્ ઓગણીશેં એકત્રીશથી તે ચોત્રીશ (૧૯૩૧–૩૪) સૂધીના ગયાં ચાર ચોમાસામાં તે તે ઠેકાણે જે કંઈ શાસનની ઉન્નતિ થઈ, તે કરતાં ઘણી ઉન્નતિ જોધપુરમાં ચાલુ ચોમાસાની અંદર મોહનમુનિજીના પ્રભાવથી થઇ. (૧૦૦) ઘણું પ-

पर्व पर्युषणं पूतं तपस्या विविधापि च ॥
उत्सवादि तदा सर्वं निर्विघ्नं निरवर्तत ॥ १०१ ॥
यतिर्व्रतैकत्रिंशन्नन्दोर्वी–मितेऽब्दे मोहनर्षयः ॥
वर्षावासं पञ्चमं ते चक्रुर्योधपुरे वरे ॥ १०२ ॥
मार्गोऽयं विमलो व्यधायि न किमप्यत्रास्ति दोषोऽधुना
दीनेऽह्लाय दयां विधाय चरणस्पर्शोऽद्य मे दीयताम् ॥
मार्गाख्याविधृतेरितीव मनसो भावं स्फुटं कुर्वति
मासे तेविदधुर्विहारममलस्वान्तैर्जनैः संस्तुताः॥१०३॥

इति श्रीमत्पदवाक्यप्रमाणपारावारीण–विद्वन्मुकुटालंकार–श्रीबालकृष्णभगवच्चरणारविन्दमिलिन्दायमानान्तेवासिनः कानडोपाह्व–गोविन्दात्मज–दामोदरस्य कृतौ शाङ्के मोहनचरिते प्रथमादि–पञ्चमावधि–चातुर्मास्यवर्णनं नाम पञ्चमः सर्गः ॥५॥

વિત્ર પજુસણપર્વ તથા જાતજાતની તપસ્યા અને ઉત્સવ વિગેરે એ બધું કંઇપણ અંતરાય વગર તે વખતે પૂરૂં થયું. (૧૦૧) સંવત્ ઓગણીશેં પાત્રીશ–(૧૯૩૫)માં મોહનમુનિજીએ પાચમું ચોમાસું જોધપુરમાં કર્યું. (૧૦૨) "મે આ માર્ગ ચોખ્ખો કરી રાખ્યો છે, એની અંદર હમણાં સચિત્ત વસ્તુનો સંઘટ્ટ વિગેરે કંઇપણ દોષ નથી, વાસ્તે દીન એવા મારા ઉપર શીઘ્ર દયા કરીને આજ આપ ચરણકમળનો લાભ આપો." એવી, "માર્ગ" એવું નામ ધરાવીને મોહનમુનિજીની વિનતિજ કરતો હોયની શું? એવો માગસર મહિનો આવ્યે શુદ્ધમનના શ્રાવકોથી વખણાયલા એવા મોહનમુનિજીએ જોધપુરથી વિહાર કર્યો. (૧૦૩)

(પાચમા સર્ગનો બાલાવબોધ સમાપ્ત.)

॥ अथ षष्ठः सर्गः ॥

शङ्खलक्ष्मा शिवायास्तु यदुवंशाब्धिचन्द्रमाः ॥
यो न रेमेऽन्यरामाभि–र्मुक्तिरामारतोत्सुकः ॥ १ ॥
विहरन्तो मुनीन्द्रास्ते–ऽजयमेरुपुरं ययुः ॥
प्रायः प्रमाणं विहतौ यदृच्छा संयतात्मनाम् ॥ २ ॥
यत्रोपरोधः श्राद्धानां विशेषात्परिदृश्यते ॥
तत्रैव वर्षावसतिं नूम्ना कुर्वन्ति संयताः ॥ ३ ॥
क्रियोद्धारो यत्र चक्रे तत्र वर्षा वसाम्यहम् ॥
ईदृशी मोहनमुनि–वाञ्छानूत्सफला तदा ॥ ४ ॥
प्रायः शुभतरं यस्य कर्म स्याद्उदयोन्मुखम् ॥
तस्य धर्मक्रियायां स्या–दन्तरायः कुतोऽपि किम् ॥५॥

સર્ગ છઠ્ઠો.

મુક્તિરૂપ સ્ત્રીની જોડે રમવાની ઇચ્છાથી જેણે બીજી સ્ત્રીનો સંભોગ નહીં કર્યો, તે શંખલાંછનના ધરનારા શ્રીનેમિનાથ ભગવાન્ તમને કલ્યાણને અર્થે થાઓ.(૧) પછી મોહનમુનિજી વિહાર કરતા અજમેરમાં આવ્યા, પ્રાયેકરીને મુનિરાજનો વિહાર તેમની મરજી હોય તે તરફ થાયછે. (૨) જે ઠેકાણે શ્રાવકોનો ઘણો આગ્રહ જોવામાં આવે, ત્યાંજ ઘણુંકરીને મુનિરાજ ચોમાસું રહેછે. (૩) "જ્યાં ક્રિયોદ્ધાર કર્યો ત્યાં ચોમાસું કરવું." એવું મોહનમુનિજીના મનમાં હતું, તે ત્યાંના શ્રાવકોએ ઘણો આગ્રહ કરવાથી બની આવ્યું. (૪) જેના શુભકર્મનોજ પ્રાયે ઉદય થતો હોય

उद्वेजकत्वं वचसि सावद्यं हृदये तथा ॥
यत्र नेदं द्वयं तत्र जनः किं नानुरज्यति ॥ ६ ॥
धर्मात्पराङ्मुखा आस—न्ये जनास्तेऽपि तत्पराः ॥
धर्मक्रियायामन्नवन् मुनिराजप्रन्नावतः ॥ ७ ॥
धर्मवृद्धिः पापहानिः प्रसत्तिरपि चेतसः ॥
समाप्तिश्च चतुर्मास्याः सुखमेवान्नवत्तदा ॥ ८ ॥
सुवर्णं पार्थिवं मेरा—वतो जय्यः स कीर्त्यते ॥
धर्मस्वर्णं यतोऽत्रेद—मजयाद्यन्निधं पुरम् ॥ ए ॥
गुहास्यैवह्निनन्दोर्वी—मितेऽब्दे धर्मतत्पराः ॥
षष्ठं चातुर्मास्यमेते—ऽजयमेरुपुरे व्यधुः ॥ १० ॥

તે પુરૂષની ધર્મક્રિયામાં કોઇથી પણ અંતરાય થઈ શકે કે શું? (૫) સાંભળવાથી કોઇનેપણ ઉદ્વેગ (મનમાં ખેદ) થાય એવું વચન અને જેથી દોષ લાગે એવી સાવદ્ય વાતો જેમાં છે એવું મન, એ બે વસ્તુઓ જેની પાસે ન હોય તેની ઉપર કોણ રાગી ન થાય? (૬) જે લોકોની ધર્મકરણી કરવા ઉપર બિલકૂલ આસ્થા નહોતી, તે લોકોપણ મોહનમુનિજીના પ્રભાવથી ધર્મકરણી કરવામાં તે વખતે તત્પર થઇ ગયા. (૭) મોહનમુનિજીના પુણ્યના ઉદયથી તે સમયે ધર્મની વૃદ્ધિ અને પાપની હાનિ થઈ, ધર્મકરણી કરનારા લોકોના ચિત્તમાં પ્રસન્નતા રહી, તેમજ સુખથી ચોમાસુંપણ પૂરું થયું. (૮) મેરૂપર્વત ઉપર રહેલું સુવર્ણ દ્રવ્યરૂપ હોવાથી મૃત્તિકામય છે, તેથી તે પર્વત જીતવા લાયક છે, પણ આ અજમેરમાં તો ધર્મરૂપી ભાવસુવર્ણ ઘણું હોવાથી એ " અજયમેરૂ " એવા નામથી જગત્માં ઓળખાયછે, એમ મને લાગેછે. (૯) સંવત્ ઓગણીસેં છત્રીશ—(૧૯૩૬)ના સાલમાં મોહનમુનિજીએ સુખે છઠ્ઠું ચોમાસું અજમેરમાં

अथ तेऽवसरे प्राप्ते वितेनुर्विहृतिं लघु ॥
विहारेऽप्रतिबन्धे हि साधूनामुत्सवो महान् ॥ ११ ॥
विहरन्तो यथाकामं संयतास्ते समाययुः ॥
क्रमाद्योधपुरप्रान्तं गन्तुं तत्र समुत्सुकाः ॥ १२ ॥
तेषां प्रविशतां योध-पुरे दक्षिणमीक्षणम् ॥
तथापसव्यो बाहुश्च परस्पन्दे शोभनं हि तत् ॥ १३ ॥
पूर्णकुम्भधरा नारी संमुखं समुपागता ॥
चेरुः शकुन्ता मधुरं कूजन्तः पार्श्वयोस्तथा ॥ १४ ॥
शोभनाञ्शकुनान्दृष्ट्वा दध्युरेवं मुनीश्वराः॥
प्रतिबोधं कोऽपि भव्यो मत्तो लब्धेति निश्चितम् ॥१५॥
अथ ते संमुखायातैः श्राद्धैः सास्त्रैः समानतैः ॥
संमानिताः समागत्य वसतावावसन्सुखम् ॥ १६ ॥

કર્યું. (१०) પછી અવસર ઉપર મોહનમુનિજીએ ત્યાંથી શીઘ્ર વિહાર કર્યો. ઠીકજ છે, અપ્રતિબંધ વિહાર થતો હોય ત્યારે સાધુને મોટા ઉત્સવ જેવું લાગેછે. (११) ત્યારબાદ રૂચિમાફક વિહાર કરનારા મોહનમુનિજી જોધપુર જવાની મરજી હોવાથી અનુક્રમે તે પ્રાંતમાં આવ્યા. (१२) જોધપુરમાં પેસતાંજ તેમની જમણી આંખ તથા જમણો હાથ ફરક્યો, એને શાસ્ત્રમાં સારાં શકુન કહેછે. (१३) પાણીથી ભરેલો ઘડો માથાઉપર મૂકીને એક સુવાગણ સ્ત્રી સામે આવી. તેમજ બે બાજૂઉપર પક્ષિઓ મધુર શબ્દ કરતા જવા લાગ્યા. (१४) એવાં સારાં શકુન જોઇને મોહનમુનિજીએ મનમાં ધાર્યું કે, "કોઈ ભવ્યજીવ મારા થકી પ્રતિબોધ પામશે." (१५) પછી જેમની આંખોમાં આનંદનાં આસું આવ્યાં છે એવા અને સામા આવી નમ્ર થએલા શ્રાવકોએ મોહનમુનિજીનો ઘણો આદરસત્કાર કર્યો, ત્યારે તે ઉપાસરામાં જઇને સુખે રહ્યા. (१६)

अलंचन्द्रो नाम तत्र भव्य एकः समागमत् ॥
देशनामपि शुश्राव श्रीमोहनमुखोद्भवाम् ॥ १७ ॥
आसन्नोदयमेनं ते ज्ञात्वा सद्गुरवोऽपि हि ॥
तथोपदिदिशुर्धर्मं यथासौ प्रत्यबुध्यत ॥ १८ ॥
चारित्रमोहनीयस्य क्षयोपशमतः स तु ॥
महाव्रतानि मे दत्ते–त्येवं व्यज्ञपयद्गुरून् ॥ १९ ॥
वीक्ष्यायतिं तेऽलंचन्द्र–विज्ञप्तिं प्रतिपेदिरे ॥
मुहूर्तोऽयासन्न आसी–त्तदा दैववशाद्विभुः ॥ २० ॥
मुन्यग्निनन्दधरणी[१९३७]–मितेऽब्दे वैक्रमे शुने ॥
शुचौ सिते दशम्यां चा–लंचन्द्रो व्रतमाददे ॥ २१ ॥
सद्गुरूणां पादनख–मण्डले सति सुन्दरे ॥
अलं चन्द्रेणेति वदं–स्तन्नामायमभूत्किल ॥ २२ ॥

ત્યાં એક વખતે અલંચંદનામા એક ભવ્યજીવ આવ્યો, અને તેણે મોહનમુનિજીના મુખથી દેશના સાંભળી. (૧૭) "એના ચારિત્રનો ઉદય નજીક છે." એમ જાણીને મોહનમુનિજીએ દેશનાપણ એવી રીતે આપી કે, જેથી તે પ્રતિબોધ પામ્યો. (૧૮) પછી ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી અલંચંદે મોહનમુનિજીને એવી વિનતિ કરી કેઃ–"મને પાંચ મહાવ્રત આપો." (૧૯) પરિણામ સારો જોઇને મોહનમુનિજીએ અલંચંદની વિનતિ કબૂલ કરી, એટલામાં દીક્ષાનું સારૂં મુહૂર્તપણ તેના ભાગ્યથી નજીકજ મળી આવ્યું. (૨૦) સંવત્ ઓગણીસેં સાડત્રીશ–(૧૯૩૭)ના આષાઢ સુદી દશમી–(૧૦)ને દિવસે સારા મુહૂર્ત ઉપર અલંચંદજીએ મોહનમુનિજી પાસે સંવેગીપણાની દીક્ષા લીધી. (૨૧) "સદ્ગુરૂના ચરણના નખો ચંદ્રમાકરતાં ઘણા સુંદર છતાં "अलं चंद्रेण" એટલે ચંદ્રની શી જરૂર છે ?" એવી અલંચંદજી ભાવના કરતા

नवदीक्षितशिष्येण सहिता मोहनर्षयः ॥
वितत्य विहृतिं प्रापुः पल्लीं पल्लीनसञ्ज्ञाम् ॥ २३ ॥
ज्ञातमेव तदा तस्या–मविन्दञ्श्राद्धसत्तमाः ॥
अनुत्तरविमानस्था यथा त्रिदिवनायकाः ॥ २४ ॥
पल्लीस्थानां महद्भाग्यं यदेते मुनिसत्तमाः ॥
वर्षावासमिमं तत्र विधातुमनुमेनिरे ॥ २५ ॥
स्थानाङ्गं श्रावयामासुः श्राद्धांस्तेन विवेकिनः ॥
ज्ञानावृतेः क्षयं चोप–शमं केचिदवाप्नुवन् ॥ २६ ॥
श्रीमन्मोहनपादाब्जे–ऽवनताः श्रावकर्षभाः ॥
आत्मानमुन्नतं चक्रु–र्नमनाद्धन्नतिर्वरा ॥ २७ ॥

હતા તેથીજ કે શું ? તેનું "અલંચંદ" એવું નામ પડી ગયું. (૨૨) પછી મોહનમુનિજી નવી દીક્ષા આપેલા ચેલા–(અલંચંદજી-)ને સાથે લઈ વિહાર કરીને, જ્યાંના સારા શ્રાવકો મુનિરાજને પગે લીન થઇ રહ્યા છે, એવા પાલી શહેરમાં આવ્યા. (૨૩) અનુત્તર વિમાનમાં રહેલા દેવતાઓ જેમ કેવળ સુખજ ભોગવેછે, તેમ પાલીના રહીશ શ્રાવકોએ મોહનમુનિજી પધાર્યા ત્યારે કંઈ પણ દુખ વગર એકલું સુખજ ભોગવ્યું. (૨૪) પાલીના શ્રાવકોનું મોટું ભાગ્ય ! કારણ કે, એ મુનિરાજએ ત્યાં ત્રીજીવાર ચોમાસું કરવાનું કબૂલ કર્યું. (૨૫) ચોમાસામાં મોહનમુનિજીએ શ્રાવકોને "ઠાણાંગ સૂત્ર" સંભળાવ્યું, તેથી કેટલાક વિવેકી જીવોના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થઇ ગયો. (૨૬) મોહનમુનિજીના ચરણકમલનેવિષે શરીરથી નમેલા ઉત્તમ શ્રાવકોએ પોતાના આત્માને ઉંચે ચઢાવ્યો, એટલે મુનિરાજને વંદના કર્યાથી જે શુભકર્મ બાંધ્યું તેથી તે ઉંચી ગતિ પામવા લાયક થયા. ઠીકજ છે, વિનયથી સારી ઉન્નતિ થા-

जलै–(डै-)र्मलिनसंसर्गा–द्धेने वर्षास्वधोगतिः ॥
नव्यैस्तु साधुसत्संगा–त्तदोर्ध्वगतिराप्यत ॥ २८ ॥
विज्ञायते नैव कालो यथा विषयसंगिभिः ॥
निर्यातापि चतुर्मासी तथा नाज्ञायि धर्मिभिः ॥ २९ ॥
मुनिमोहनगीरेवा–मूलमन्त्रं हि कार्मणं ॥
यतस्तां शृणुते यः स यथोक्तं प्रतिपद्यते ॥ ३० ॥
श्रीमोहनेन गोपेन नीता आगमशाद्वले ॥
गावः पल्ल्यां लसन्ति स्म सार्या सान्नूत्तदा किल ॥३१॥

યછે. (૨૭) ચોમાસામાં મેઘજેવી મલિન વસ્તુના સંસર્ગથી જળ અધોગતિ (નીચે પડવું) પામ્યું, પણ પાલીમાં મોહનમુનિજી ચોમાસું રહ્યા ત્યારે સત્સંગથી ત્યાંના ભવ્યલોકો તો ઉંચી ગતિને પામ્યા. ઠીકજ છે, 'સોબત તેવી અસર' એ કહેવત ખરેખર સાચી છે. (૨૮) સ્ત્રી, મદિરા વિગેરે વિષયોમાં આસક્ત થયેલા લોકોને જેમ કેટલો કાળ ગયો તેની ખબર પડતી નથી, તેમ ધર્મકરણી કરવામાંજ રાતદહાડો વળગી રહેલા પાલીના ભવ્યજીવોને આખું ચોમાસું નીકળી ગયું, તોપણ તે જણાયું નહીં. (૨૯) મોહનમુનિજીના મુખમાંથી નીકળેલી વાણી તેજ એક મૂળમંત્રવગરનું કામણ છે, એમ અમને લાગેછે. કારણકે, જે માણસ તે વાણી સાંભળેછે, તે તેમના કહ્યા પ્રમાણે કબૂલ કરેછે. (૩૦) મોહનમુનિજીરૂપ ગોવાળીઆએ આગમરૂપ લીલા ઘાસવાળા બીડમાં લાવેલી ગાયો (વચનો) જ્યારે પાલીમાં શોભવા લાગી, ત્યારે પાલીનું "પલ્લી" (ગોવાળીઆનું રહેવાનું ગામ) એવું ઠામ યથાર્થ થઇ ગયું. (૩૧)

---

૧ આ શ્લોકનો ભાવાર્થ નીચે પ્રમાણે:–ગો શબ્દનો અર્થ જેમ ગાય એવો થાયછે, તેમ આ એવો પણ થઈ શકેછે. તેમજ પલ્લી શબ્દનો અર્થ ગોવાળીઆને રહેવાનો પ્રદેશ એવો " છે. એ અર્થ ધ્યાનમાં લઈ અહીં રૂપક કર્યુંછે. તેમાં મોહનમુનિજીને ગોવાળીઆસરખા જવા. તથા તેમની વાણી તે ગાયો સમજવી. અને વ્યાખ્યાનમાં જે સૂત્ર વિગેરે વાંચતા ચંદ્રે તે લીલાઘાસવાળો પ્રદેશ સમજવો.

विमला विरतौ वृष्टे–रजायन्त जला–(डा-)शयाः ॥
प्रायो नैव परोत्कर्षं सहन्ते दुर्ग्रहा जडाः ॥ ३१ ॥
दक्षिणाध्वचरस्यापि मम किं किरणावलिम् ॥
मलीमसो रुणद्ध्येष जलवाहो जडान्तरः ॥ ३२ ॥
इतीव रोषादादित्य–स्ततताप निखिलैः करैः ॥
पाटच्चरा इव तदा मेघा जग्मुर्दिशो दश ॥ ३४ ॥
पूताऽविकरस्पर्शा–न्मलिना अपि नीरदाः ॥
मालिन्यमपनिन्युः स्वं जाड्यं चान्यन्तरस्थितम् ॥३५॥
तेजस्तिग्मं वीक्ष्य पद्म–बन्धोर्विकसिताननवत् ॥
पद्मिनी तत्परिमलः प्रथते स्म समन्ततः ॥ ३६ ॥

જ્યારે વરસાદ તદ્દન રહી ગયો, ત્યારે જલાશય (જેમના મનના અધ્યવસાય ઘણા મલિન એવા જીવ, તથા તળાવ, સરોવર વિગેરે) નિર્મળ થઇ ગયા. ઠીકજ છે, કદાગ્રહથી ભરાઇ ગયેલા એવા જડમૂઢ લોકો ઘણું-કરીને બીજાની ઉન્નતિ ખમી શકતા નથી. (૩૨) "હું દક્ષિણમાર્ગ–(સીધે રસ્તે તથા દક્ષિણ દિશાતરફના પ્રદેશ-)થી ચાલું છું, તોપણ આ મલિન (મેલો તથા કાળો) અને જડાંતર એટલે જેનું મન જડમૂઢ છે, એવો તથા જેની અંદર પાણી ભરેલું છે, એવો એ મેઘ (વાદળું) મારા કિરણોને કેમ હરકત કરેછે," એવી રીશ આવવાથીજ કે શું ! સૂર્ય પોતાના તમામ (૧૫૦૦) કિરણ પ્રગટ કરીને જગત્ને તપાવવા લાગ્યો. ત્યારે ચોર જેવા બધા મેઘ દશે દિશામાં ભાગી ગયા. (૩૩–૩૪) અંદર પાણી હોવાથી રંગે કાળા, અને જડ (ભારે) એવા મેઘોએ પણ સૂર્યના પવિત્ર કિરણોના સ્પર્શવડે કરીને પોતાનો બાહર રહેલો કાળો રંગ અને અંદર રહેલું જડપણું એ બન્ને નાંખી દીધાં, એટલે શરદ્ઋતુ શરૂ થયાથી સૂર્યનો તાપ ઘણો પડવા લાગ્યો, તેમજ વાદળાં પણ ધોળાં અને હલકાં થઇ ગયાં. (૩૫) સૂર્યનો તાપ ઘણો પડવા લાગ્યો ત્યારે, તેના ઉદયથી આ-

अत्यन्तमत्ययं वीक्ष्य मेघानामपि नास्करः ॥
कवोष्णान्किरणाञ्चक्रे कोपो हि क्षणिकः सताम् ॥३७॥
प्रक्षीणे बाह्यतापेऽपि मनस्तापो व्यवर्धत ॥
पल्लीस्थानां यतः शीघ्रं विजह्रुर्मोहनर्षयः ॥ ३८ ॥
गिरिवह्न्यङ्कभूमाने वत्सरे मोहनर्षिभिः ॥
व्यधायि सप्तमी पल्ल्यां चतुर्मासी यथासुखम् ॥ ३९ ॥
अथ नागपुरं प्रापु-र्विहारेणोद्यतेन ते ॥
विनासक्तिं विहरतां किं दूरे किमु वान्तिके ॥ ४० ॥
दृढानुरागिणां तत्र श्राद्धानामुपरोधतः ॥
स्थित्वा स्तोकं पुरश्चेलु-र्विकानेरपुरं प्रति ॥ ४१ ॥
तत्प्रदेशोऽथ पर्याप्तं विहृत्यैते यथासुखम् ॥
क्रमाद्योधपुरप्रान्त-मायययुर्विमलाशयाः ॥ ४२ ॥

પણે। ઉદય થાયછે, એમ વિચારીને કમલિની ખીલી ગઈ, અને તેનો સુગંધ ચારે તરફ ફેલાયેા, એટલે, શરદૃતુમાં જ્યાં ત્યાં તલાવ વિગેરેમાં કમળેા ખીલી રહ્યાં. (૩૬) મેઘનેા તદન નાશ થઈ ગયેા એમ જાણીને સૂર્યે પણ પેાતાના કિરણ સૌમ્ય કર્યા. ઠીકજ છે, મેાટાનેા કેાપ ક્ષણમાત્રજ રહેછે. (૩૭) શિયાળામાં સૂર્યનેા તાપ ઓછેા થવાથી પાલીના રહીશ શ્રાવકેાનેા બાહરનેા તાપ મટી ગયેા, પણ અંદર તેા ઉલટેા પહેલાં કરતાં વધારે તાપ થયેા. કારણકે, મેાહનમુનિજીએ શીઘ્ર ત્યાંથી વિહાર કર્યો. (૩૮) સંવત્ ઓગણીસેં સાડત્રીશ-(૧૯૩૭)માં મેાહનમુનિજીએ પાલીમાં સાતમું ચેામાસું સુખે કર્યું. (૩૯) પછી ઉગ્રવિહાર કરીને મેાહનમુનિજી નાગેાર આવ્યા. કેાઈ ઠેકાણે આસક્તિ ન કરતાં વિહાર કરનારા સાધુઓને દૂર અથવા નજીક તે શું? (૪૦) ઘણા રાગી એવા શ્રાવકેાના આગ્રહથી ત્યાં થેાડેા વખત રહીને મેાહનમુનિજી વિકાનેર તરફ વિદાય થયા. (૪૧) શુદ્ધમનના ધણી એવા મેાહનમુનિજી વિકાનેર પ્ર-

श्रुत्वा योधपुरावास–श्रावका मोहनागमम् ॥
समेत्य सगुरून्नन्तुं निर्जग्मुरविलम्बितम् ॥ ४३ ॥
अलंचन्द्रस्य दीक्षाव–सरेऽस्माभिः कृतार्थना ॥
मोघानवदन्नाग्यान्नः सा नूयात्सफलाधुना ॥ ४४ ॥
हीनेऽस्मिन्समये प्रायो–ऽस्मादृशां गुरुकर्मणाम् ॥
युष्मादृशां सगुरूणां योगो नाग्यैर्विना कुतः ॥ ४५ ॥
कृपां कृत्वा तदस्माकं पूरणीया मनोरथाः ॥
संसृतौ सीदतां शीघ्र–मुद्धारो हि सतां व्रतम् ॥ ४६ ॥
निपीड्य चरणावेवं प्रार्थयन्तो मुहुर्मुहुः ॥
ॐमित्युत्तरमापुस्ते सत्सु नान्यर्थना वृथा ॥ ४७ ॥
गीतवादित्रपूर्वं ते श्रावकैः परया मुदा ॥
प्रवेशिता नतेभ्योऽङ्ग–र्धर्मलाभं मुनीश्वराः ॥ ४८ ॥

દેશમાં સુખ ઉપજે તેમ વિહાર કરીને અનુક્રમે પાછા જોધપુર પ્રાંતમાં આવ્યા. (૪૨) જોધપુરના રહીશ શ્રાવકો મોહનમુનિજી નજીક આવ્યા છે, એમ સાંભળીને બધા ભેગા થઈ તેમને વાંદવા વાસ્તે શીઘ્ર જોધપુરથી નીકળ્યા. (૪૩) મોહનમુનિજીને વાંદીને તેમણે વિનંતિ કરી તે આ રીતેઃ–"અલંચંદજીની દીક્ષા થઈ તે વખતે આપસાહેબની અમે ઘણી વિનતિ કરી, પણ અમારા કમનશીબને લીધે તે વૃથા ગઈ. હમણાં તેજ અમારી વિનતિ સફળ થશે એવી અમે આશા રાખીએ છએ. આ હુંડા અવસર્પિણી કાળમાં અમારાજેવા ભારેકર્મી જીવોને આપસાહેબજેવા સદ્‌ગુરૂનો યોગ ભાગ્યવિના ક્યાંથી મળે? વાસ્તે કૃપા કરીને અમારા મનોરથ પૂર્ણ કરો. સંસારમાં દુખી થતા જીવોનો ઉદ્ધાર કરવો એનેજ મોટા લોકો પોતાનું કર્તવ્ય સમજેછે." આપ્રમાણે પગે લાગીને વારંવાર વિનતિ કરનારા જોધપુરના શ્રાવકોને "ઠીક છે" એવો ઉત્તર મોહનમુનિજીએ આપ્યો. બરાબર છે, મોટા લોકોપાસે કરેલી યાચના ફોગટ જતી નથી. (૪૪–૪૭) પછી શ્રાવકોએ ઘણા ઉમંગથી

मरावल्पा मेघवृष्टिः कलङ्कमिममस्य ते ॥
निराकर्तुमिवानल्पं ववृषुर्देशनापयः ॥ ४९ ॥
ऊषरं क्षेत्रमभव–त्क्षेत्रं बीजसमन्वितम् ॥
बीजमाप्नोदङ्कुरता–मङ्कुरः क्षुपतामगात् ॥ ५० ॥
क्षुपो विटपितामाप विटपी कुसुमोद्गमम् ॥
कुसुमान्यभवञ्शीघ्रं फलदानोन्मुखानि च ॥ ५१ ॥
मिथ्यात्वमूषरं प्रोक्तं क्षेत्रं भद्रकता तथा ॥
सम्यक्त्वं बीजमित्याहु–रङ्कुरोऽणुव्रतानि च ॥ ५२ ॥
क्षुपः स्यात्सर्वविरति–र्विटपी क्षायिकं व्रतम् ॥
देवलोकस्तु कुसुमं फलं निर्वाणमुच्यते ॥ ५३ ॥

મોહનમુનિજીને જોધપુરમાં પધરાવ્યા, તે વખતે સ્ત્રિયો ધવલગીત ગાતી હતી, અને વાજાં વાગતાં હતાં. બાદ ઉપાસરામાં આવ્યા પછી જે લોકોએ વંદના કરી તેમને મોહનમુનિજીએ ધર્મલાભ આપ્યો. (૪૮) "મારવાડ દેશમાં વરસાદ ઘણો થોડો વરસેછે," એવું તે દેશનું કલંક દૂર કરવાને-વાસ્તેજ કે શું? મોહનમુનિજીએ ત્યાં દેશનારૂપ ઉદક ઘણું વરસાવ્યું. (૪૯) તે વખતે મેઘની વૃષ્ટિ તો સારા ખેતરોમાંજ ફળ આપનારી થઈ, પણ આ મોહનમુનિજીની દેશનારૂપ વૃષ્ટિ તો જેવું પાત્ર તેપ્રમાણે ફળદાયક થઈ, તે આ રીતે, જ્યાં નરદમ ખારી જમીન હતી, તે સારૂં ખેતર બની ગયું. જ્યાં સારૂં ખેતર હતું,ત્યાં બીજની વાવણી થઈ ગઇ. જ્યાં બીજની વાવણી થઇ હતી, ત્યાં અંકુરો નીકળ્યા. તથા જ્યાં અંકુરો નીકળ્યા હતા, ત્યાં નહાનાં વૃક્ષો થઈ ગયાં. જ્યાં નહાનાં વૃક્ષો થયાં હતાં, તે મોટાં ઝાડો બની ગયાં. તેમ જ્યાં મોટાં વૃક્ષો ઉગ્યાં હતાં, તેમને પુષ્પો આવ્યાં, અને જેને પુષ્પો લાગ્યાં હતાં, તેને ફળ આવવાની તૈયારી થઈ. એવી રીતે મેઘની જળવૃષ્ટિ અને મોહનમુનિજીની દેશનારૂપ વૃષ્ટિ એ બેમાં ઘણો તફાવત પડી ગયો.

अब्दवृष्टिस्तु सुक्षेत्र–मात्रे फलवती परम् ॥
यथापात्रमभूदेवं सफला धर्मदेशना ॥ ५४ ॥
तापेऽरतिप्रदेऽर्कस्य शान्तेऽथ भविका जनाः ॥
तपो विविधमातेनुः शोधनं हि तपः परम् ॥ ५५ ॥
शीतेन तापशान्तिर्हि विदिता भुवनेऽखिले ॥
तपस्तापात्कर्मतापो–च्छेदश्चित्रकरः परम् ॥ ५६ ॥
वृत्ते पर्युषणापर्व–एयभूत्तत्रोत्सवो महान् ॥
उत्साहशक्तिर्यत्रास्ति तत्रानारतमुत्सवः ॥ ५७ ॥
विक्रमादिभवैर्ह्रयङ्क–भूमिते वत्सरे शुभे ॥
चतुर्मास्यष्टमी तेषां पुरे योधपुरेऽभवत् ॥ ५८ ॥
मेदःपाटादिदेशेषु विहरन्तो यथागमम् ॥
शिरोहीनगरं प्रापुः संयता मोहनर्षयः ॥ ५९ ॥

અહીં ખારી જમીન તે મિથ્યાત્વ, સારૂં ખેતર તે ભદ્રકપણું, બીજ તે સમકીત, અંકુરા તે શ્રાવકનાં બાર વ્રતો, નહાનું વૃક્ષ એટલે સાધુપણું, મોટું ઝાડ તે ક્ષાયિક ચારિત્ર, પુષ્પ તે ઉત્કૃષ્ટ દેવલોકની પ્રાપ્તિ અને ફળ તે મુક્તિ સમજવી. (૫૦–૫૪) દુખ ઉપજાવનારો સૂર્યનો તાપ શાંત થયો, ત્યારે ભવ્યજીવો જાત જાતની તપસ્યા કરવા લાગ્યા, કારણ કે, તપસ્યા જે છે તે જીવને ઘણી શુદ્ધિ આપનારી છે. (૫૫) ઠંડી ચીજ તાપને મટાડેછે, એ વાત તો જગત્માં પ્રસિદ્ધ છે. પણ તપસ્યારૂપ તાપથી ભવ્યજીવોના કર્મરૂપી તાપનો ઉચ્છેદ થઈ ગયો, એ વાત ઘણી નવાઈ જેવી લાગેછે ! (૫૬) પજુસણપર્વ વીતી ગયા પછી ત્યાં મોટો ઉત્સવ થયો. જ્યાં ઉમંગ ઘણો હોય, ત્યાં હમેશાં ઉત્સવ થાય તેમાં શી નવાઈ? (૫૭) સંવત્ એગણીસેં આડત્રીશ–(૧૯૩૮)માં મોહનમુનિજીનું આઠમું ચોમાસું જોધપુરમાં થયું. (૫૮) પછી મેવાડ વિગેરે દેશોમાં સિદ્ધાં-

१९३९
नन्दाग्निनन्दनूमाने वत्सरे वैक्रमेऽथ ते ॥
नवमीं विदधुस्तत्र चतुर्मासीं यथासुखम् ॥ ६० ॥
ततोऽवसरमासाद्य विजह्रुर्मुनिसत्तमाः ॥
प्रायः सन्तो नावसरं विफलीकुर्वते किल ॥ ६१ ॥
विहरन्तः संयतास्ते–ऽजयमेरुपुरं ययुः ॥
ततश्च नगरे नूत्न–नगराख्येऽतिविश्रुते ॥ ६२ ॥
शुभैर्निमित्तैः कथित–शुभायतिरनाकुलः ॥
तत्रैकः श्रावकोऽभ्यागा–ज्ज्येष्ठो नाम्ना गुणैरपि॥६३॥
आसन्नोदयमैक्ष्यास्य चारित्रं मोहनर्षयः ॥
प्रतिबोधार्थमित्येव–मूचुः समयकोविदाः ॥ ६४ ॥
ज्येष्ठ त्वमिह संसारे ज्येष्ठं धर्मं समाश्रय ॥
नहि तेन विना किंचि–त्सारं जगति विद्यते ॥ ६५ ॥

તની આજ્ઞા પ્રમાણે વિહાર કરતા મોહનમુનિજી શિરોહીમાં આવ્યા. (૫૯) સંવત્ ઓગણીસેં ઓગણચાળીશ–(૧૯૩૯)માં મોહનમુનિજીએ સુખથી શિરોહીમાં નવમું ચોમાસું કર્યું. (૬૦) પછી અવસર આવ્યો ત્યારે મોહનમુનિજીએ શિરોહીથી વિહાર કર્યો. બરાબર છે, ઘણુંકરીને સારા પુરૂષો આવેલા અવસરને ફોગટ જવા દેતા નથી. (૬૧)તે મુનિરાજ વિહાર કરતા પ્રથમ અજમેર ગયા, અને ત્યાંથી ઘણું જાણીતું એવા નવા શહેરમાં આવ્યા. (૬૨) પછી તે ઠેકાણે જેઠાનામનો એક ગુણી તથા દૃઢચિત્તવાળો શ્રાવક મોહનમુનિજીની પાસે આવ્યો, તેવખતે સારા શકુન થવાથી એનો આવવાનો પરિણામ સારો નીકળશે, એવો વિચાર તેમના મનમાં આવ્યો. (૬૩) "એના ચારિત્રનો ઉદય નજીક આવેલોછે" એમ વિચારીને સમયના જાણ એવા મોહનમુનિજીએ તેને પ્રતિબોધ પમાડવા વાસ્તે ઉપદેશ કર્યો. તે આ રીતેઃ–(૬૪) રે જેઠા ! તું આ સં-

रसमिक्षोः समादाय कूर्चकस्त्यज्यते यथा ॥
देहाऽसारं तथादाया-सारमेनं समुत्सृजेत् ॥ ६६ ॥
शाताशातं कर्मफलं जीवो वेदयते हि यत् ॥
तत्राल्पं प्रायशः शातं तदपीह न शाश्वतम् ॥ ६७ ॥
उदर्को दारुणोऽत्यन्तं विषयाणामवेक्ष्यते ॥
तथापि मूर्छया तत्र सुखं जीवोऽभिमन्यते ॥ ६८ ॥
तस्माद्वैषयिकं हित्वा सुखाभासं विवेकतः ॥
चारित्रं प्रतिपद्येत जन्म तस्य प्रशस्यते ॥ ६९ ॥
विवेक एव जीवानां दुर्लभो मानवे भवे ॥
तद्बलादेव निखिला दोषा नश्यन्ति तद्यथा ॥ ७० ॥

સારમાં કેવલિભાષિત ઉત્કૃષ્ટ ધર્મનો આશ્રય કર. કારણ કે, તે ધર્મવગર આ જગત્માં બીજું કંઈ સાર નથી. (૬૫) શેલડીમાંથી રસ ચૂસી લઈને ફૂચા જેમ નાંખી દેછે, તેમ આ મનુષ્યભવમાંથી સારભૂત ધર્મ ગ્રહણ કરીને અસાર દેહનો ત્યાગ કરવો. (૬૬) શાતા અને અશાતા એવા બે પ્રકારનાં કર્મનાં ફળ જીવ જે વેદેછે, તેમાં ઘણુંકરીને શાતા વેદનીય ઓછુંજ હોયછે, અને તેપણ શાશ્વત રહેવાનું નથી. (૬૭) રૂપ, રસ વિગેરે વિષયનો ઘણો દારૂણ પરિણામ પ્રત્યક્ષ દેખાય છે, તોપણ અનાદિકાળની મૂર્છાથી જીવ તેમાંજ સુખ માની રહ્યો છે. (૬૮) ખરૂં જોતાં વિષયમાં સુખ નથી, તો તે સુખનો આભાસમાત્ર છે, વાસ્તે વિવેકથી વિષયસુખનો પરિત્યાગ કરીને જે ચારિત્રનો અંગીકાર કરે, તેનો મનુષ્યભવ આ જગત્માં વખાણવાલાયક છે. (૬૯) આ મનુષ્યભવમાં જીવને વિવેક મળવો બહુ મુશ્કેલ છે. કદાચ મળે તો તેના પ્રભાવથી તમામ દોષોનો નાશ થાયછે. એ વાત પુરોહિતપુત્રની કથા ઉ-

अस्त्यस्मिन्नेव भरते श्रीपुरं श्रीविराजितम् ॥
श्रीषेणो नाम तत्रासी–न्मतिमान्नीतिमान्नृपः ॥ ७१ ॥
पुरोहितस्तस्य सोम–शर्मा वंशक्रमागतः ॥
राजप्रसादादभव–त्पात्रं निःशेषशर्मणाम् ॥ ७२ ॥
परं पुत्रमुखं नासा–वपश्यद्दैवदोषतः ॥
वार्धक्यमासन्नमभू–न्नयक्काराणां यदालयः ॥ ७३ ॥
एकदा तं नृपः प्रोचे तवेयमनपत्यता ॥
यथा मां बाधते न त्वां तथात्र किमु कारणम् ॥ ७४ ॥
निर्व्यूढोऽभूदियत्काल–मावयोरन्वयक्रमः ॥
अतः परं को भविता मत्सुतस्य पुरोहितः ॥ ७५ ॥

પરથી જાણી લેવી. તે આ રીતેઃ–(૭૦) "આ ભરતક્ષેત્રમાંજ લક્ષ્મીના નિવાસથી શોભિતું શ્રીપુરનામા નગર છે. ત્યાં નીતિવાળો તથા બુદ્ધિમાન્ " શ્રીષેણ " નામે રાજા રાજ કરતો હતો. (૭૧) તે રાજાનો કુળપરંપરાથી ચાલતો આવેલો " સોમદત્ત " નામે પુરોહિત રાજાની ઘણી મહેરબાનીથી સર્વે જાતનાં સુખ ભોગવતો હતો. (૭૨) પણ કર્મના દોષથી તે પુરોહિતને પુત્ર થયો નહીં, અને ધિક્કારનું તો જાણે સ્થાનજ હોયની શું ? એવી તેની વૃદ્ધાવસ્થા પણ નજીક આવી. (૭૩) એક વખત રાજાએ પુરોહિતને કહ્યું કેઃ–" તને પુત્ર નહીં હોવાથી જેટલું મને દુખ થાયછે, તેટલું તને થતું નથી, તેનું શું કારણ ? (૭૪) તારો અને મારો કુલનો સંબંધ આજસૂધી બરાબર ચાલતો આવ્યો છે. આથી ઉપરાંત મારા પુત્રનો પુરોહિત કોણ થશે વારૂ ? (૭૫) કદાચિત્ દૈવના દોષથી તે નવો પુરોહિત કુલીન નહીં મળશે, તો તેના ઉપર વિશ્વાસ તે શાનો રખાય ? એ વાતની તારા મનમાં કેમ કંઈ ચિંતા થતી નથી."

कुलीनो यद्यसौ नैव लभ्येताद्दष्टदोषतः ॥
को नाम तत्र विश्वास एषा चिन्ता कथं न ते ॥ ७६ ॥
सोमोऽवदच्चिन्तयात्र किं दैवायत्तवस्तुनि ॥
नुनक्ति स्वकृतं जीवो नादत्तमुपतिष्ठते ॥ ७७ ॥
आत्मायत्ते गुणाधाने नैर्गुण्यं वचनीयता ॥
दैवायत्ते पुनः कार्ये पुंसः का नाम वाच्यता ॥ ७८ ॥
राजावोचदुपायोऽस्ति दैवं येन नवेदृजु ॥
विधाय साहसं देवी–माराधय कुलागताम् ॥ ७९ ॥
धर्माय पूज्यते वीत–रागोऽन्ये विघ्नशान्तये ॥
ते तां यदि न कुर्वीरं–स्तत्पूजा किंफला वद ॥ ८० ॥
एवं राज्ञेरितः सोमो देवीभवनमागमत् ॥
दर्भसंस्तारके तस्याः पुरः स समुपाविशत् ॥ ८१ ॥

---

(७६) એવું રાજાનું વચન સાંભળીને સોમદત્તે કહ્યું કેઃ–"હે રાજન્ ! જે વાત આપણા હાથમાં નથી, તો કેવળ નશીબનાજ હાથમાં રહેલી છે, તેની ચિંતા કરવાથી શું થવાનું ? જીવ પોતાનું કરેલું સારૂં અથવા નરસું કર્મ ભોગવેછે. જે વસ્તુ જીવે પૂર્વભવમાં ઉપાર્જેલી ન હોય, તે આ-ભવમાં તેને ક્યાંથી મળે ? (૭૭) સારા ગુણો સંપાદન કરવાનું આપણા હાથમાં છતાં જીવ જો ગુણવગરનો રહે, તો તે મોટી શરમની વાત છે ! પણ જે વાત નશીબને હાથ રહી તે ન મળે તો તેનો જીવને માથે શું દોષ ?" (૭૮) રાજાએ કહ્યું કે, "સોમદત્ત ! જેથી નશીબ અનુકૂળ થાય એવો એક ઉપાય છે. તે એજ કે, તું સાહસ કરીને આપણી કુલદે-વીની આરાધના કર. (૭૯) વીતરાગભગવાન્‌ની પૂજા ધર્મની પ્રાપ્તિ થ-વામાટે કરાયછે, અને બીજા દેવતાઓની પૂજા કરવાનું પ્રયોજન તો આ-વેલું વિઘ્ન મટાડવું એજ છે. જો બીજા દેવતાઓ આપણું કામ ન કરે તો તેની પૂજા કરવામાં શું ફળ તે કહે?" (૮૦) એમ રાજાએ કહ્યું, ત્યારે

पुत्रदानान्निवचनं यदा देवि प्रदास्यसि ॥
तदा नोक्तास्म्यहं नो चे–न्नेत्यन्निग्रहमग्रहीत् ॥८२॥
तृतीयेऽहनि सा देवी क्षुब्धा सोमस्य संततिम् ॥
अपश्यन्त्यागत्य सिद्ध–यक्षमेवमवोचत ॥ ८३ ॥
कष्टं नो वर्तते कुर्वे किमद्य यदयं द्विजः ॥
पुत्रं मां याचतेऽदृष्टे सोऽस्य नैवोपलभ्यते ॥ ८४ ॥
श्रुत्वैतदूचे यक्षोऽसौ मुग्धे सुकरमुत्तरम् ॥
तं ब्रूहि विप्रं यदहो तव पुत्रोऽस्ति किंत्वसौ ॥ ८५ ॥
पारदार्यरतो द्यूत-कारश्चौरश्च निश्चितम् ॥
दोषाणामपराणां च निधानं स भविष्यति ॥८६॥युग्मम्
एकैकमप्यनर्थाय पारदार्यादि सेवितम् ॥
यस्मिंस्त्रयमिदं तेन किं पुत्रेण करिष्यति ॥ ८७ ॥

સોમદત્ત કુલદેવીના મંદિરમાં આવ્યો, અને ન્હાઈ ધોઈ શુદ્ધ થઇને દેવી આગળ દર્ભનો સંથારો કરી તે ઉપર બેઠો. (૮૧) અને તેણે એવો અભિગ્રહ લીધો કે " હે દેવી! તું જ્યારે મને પુત્ર આપવાનું કબૂલ કરીશ ત્યારેજ હું અન્નગ્રહણ કરીશ, નહીં તો નહીં." (૮૨) તેથી ત્રીજે દિવસે દેવી ક્ષોભ પામી, અને " સોમદત્તના નશીબમાં સંતાન નથી," એમ જોઇને સિદ્ધનામા યક્ષની પાસે આવીને બોલી કેઃ– (૮૩) "હે યક્ષ! મને આજ ઘણું દુખ થાયછે, શું કરૂં? એ બ્રાહ્મણ મારીપાસે પુત્ર માગેછે, પણ તે એના નશીબમાં બિલકૂલ જણાતો નથી." (૮૪) એવું દેવીનું વચન સાંભળીને યક્ષે કહ્યું કે," ભોળી! એનો ઉત્તર સહેજમાં અપાય એમ છે. તે બ્રાહ્મણને તું એવી રીતે કહે કે, " તારા નશીબમાં પુત્ર છે, પણ તે પરસ્ત્રીનો વ્યસની, જુગારી, ચોર અને એવાજ બીજા દોષનો ભંડારજ હોયની શું ? એવો નીપજશે, એમાં કોઈ જાતનો સંદેહ નથી." (૮૫–૮૬) એવો ઉત્તર દઇશ એટલે તારી ફીકર મટી ગઈ. કારણ કે, ઉપર

प्रहृष्टा सागमद्यक्ष–प्रोक्तमूचे पुरोधसम् ॥
सोऽपि गत्वा नृपाग्र्यर्णं देवीवचनमब्रवीत् ॥ ८८ ॥
विमृश्य नृपतिः प्रोचे का ह्यनिः सोम याच्यताम् ॥
यदीदृशोऽप्यस्तु पुत्रः किं तु देवि विवेकवान् ॥८९॥
आदाय शिक्षां तां गत्वा द्विजो देवीमयाचत ॥
प्रतिपन्नं तयाप्येत–त्ततोऽसौ स्वगृहं गतः ॥ ९० ॥
अथ तस्यास्ति गणिका काचिद्विश्रम्भभाजनम् ॥
तावन्त्यहानि साप्यस्था–ज्जूस्वापा त्यक्तभोजना ॥९१॥
चेट्या निवेद्य सपदि तत्स्वरूपं बलादपि ॥
तद्गृहेऽनायि तत्रासौ स्नातभुक्तोऽवसन्निशाम् ॥ ९२ ॥

કહેલા દોષોમાંનો એક એક દોષ પણ ઘણા અનર્થનું મૂળ છે. એમ હોય તો બધા દોષ જેની અંદર રહેલા છે, એવો પુત્ર માગીને તે શું કરવાનો? (૮૭) પછી હર્ષ પામેલી દેવીએ યક્ષના કહ્યા પ્રમાણે પુરોહિતને ઉત્તર આપ્યો. ત્યારે પુરોહિતે પણ રાજાની પાસે જઈને દેવીના કહ્યા મુજબ કહ્યું. (૮૮) પુરોહિતનું વચન સાંભળીને રાજાએ ઘણો વિચાર કર્યો, અને કહ્યું કે, "હે સોમદત્ત! દેવી કહેછે તેવો પુત્ર માગવામાં તારે શી હાની છે?" વાસ્તે તું દેવીને એવી રીતે કહે કે; "તું કહેછે તેવો દુર્વ્યસની પુત્ર ભલે રહો; પરંતુ તે વિવેકી હોવો જોઇએ, એટલુંજ હું તારી પાસે માગી લઉં છું." (૮૯) પછી બ્રાહ્મણે દેવીપાસે જઈને રાજાની શીખામણપ્રમાણે પુત્ર માગ્યો, ત્યારે દેવીએ પણ બ્રાહ્મણનું વચન કબૂલ કર્યું. ત્યારબાદ તે બ્રાહ્મણ પોતાને ઘેર ગયો. (૯૦) હવે તે બ્રાહ્મણની ઘણી વહાલી અને ભરોસાદાર એવી એક ગણિકા હતી. તેપણ જે દિવસથી સોમદત્તે અભિગ્રહ લીધો; તે દિવસને આરંભીને ખાવાપીવાનું તથા બીજા બધા પરિભોગ છોડી દઈને ભોંયપર સૂતી હતી. (૯૧) સોમદત્ત રસ્તે

प्रातः स्वगृहमागच्छ–न्दध्यावेवमसौ द्विजः ॥
धिग्मां जायां सुकुलजा–मुपेक्ष्यात्र स्थितं शठम्॥९३॥
लब्ध्वा प्रसादं देव्या य–दत्रैवावसमुन्मनाः ॥
कुक्षेत्रजस्तत्पुत्रो मे भावी नूनं न चान्यथा ॥ ९४ ॥
अन्तर्विषीदन्तद्विमं नृपः प्राह पुरोधसम् ॥
हर्षस्थाने किमेवं भोः शुचाक्रान्तोऽसि तद्वद ॥ ९५ ॥
किं विप्रलब्धो देव्या वा मन्तु कंचित्समाचरः ॥
ततो यथायथं सर्व–माख्यद्भूपं पुरोहितः ॥ ९६ ॥
राज्ञोचे मा कृथाः खेद–मेतादृशि कुले यतः ॥
भवन्ति देवतादिष्टा–स्तादृशास्तव का क्षतिः ॥ ९७ ॥

જતો હતો, એટલામાં ગણિકાની દાસી ઉતાવળથી આવી, અને તેની બધી વાત કહીને જબરદસ્તીથી સોમદત્તને તેને ઘેર લઈ ગઈ. પછી ન્હાઈ ધોઈ તથા ખાનપાન કરી એક રાત્રી તે ત્યાં રહ્યો. (૯૨) સવારે સોમદત્તે પોતાને ઘેર જતાં મનમાં એવો વિચાર કર્યો કે, "રે મારાજેવા દુરાચરણીને ધિક્કાર હો? કારણ કે, સારા કુળમાં ઉપજેલી એવી પોતાની સ્ત્રીને છોડી દઈ હું આ ગણિકાના ઘરમાં રહ્યો. (૯૩) દેવીનું વરદાન પામતાં વારનેજ હું ઉત્સુકતાથી આ ગણિકાનેવિષે રત થયો, તેથી નક્કી આ નીચ ક્ષેત્ર–(સ્ત્રી–)ને વિષે મારાથી પુત્ર થશે, એમાં ફેર નથી." (૯૪) ઉપર કહ્યાપ્રમાણે મનમાં ખેદ પામતો સોમદત્ત રાજપાસે ગયો, ત્યારે રાજાએ તેને કહ્યું કે:–"સોમદત્ત! હર્ષ માનવાને બદલે તું આવડો ખેદ શામાટે કરેછે? (૯૫) શું તને દેવીએ ઠગ્યો? અથવા તારાથી તેનો કંઈ અપરાધ થયો? તે મને કહે." પછી યથાર્થ વાત હતી, તે સોમદત્તે રાજાને કહી. (૯૬) રાજાએ કહ્યું, "હે સોમદત્ત! ખેદ કરીશ મા. દેવતાના વરદાનથી મળેલા પુત્ર આવા નીચ કુળમાંજ ઉપજે છે. તેમાં તારી શી

परं तावदसौ नैव प्रकाश्यो यत्नतस्त्वया ॥
विवेकरविराविर्न यावद्दोषतमोहरः ॥ ९८ ॥
राजादेशसुधां पीत्वा सोमः स्वगृहमागमत् ॥
प्रच्छन्नां तां कारयित्वा ररक्षावहितो नृशम् ॥ ९९ ॥
समयेऽसूत सा सूनुं ततो राजानुशासनात् ॥
निन्हृतं कृतसंस्कारः सोमेनासौ व्यवर्धत ॥ १०० ॥
ततोऽध्ययनयोग्यं तं विज्ञायासौ विचक्षणः ॥
स्वयमेवाध्यापयितु–मारेभे जनकः सुतम् ॥ १०१ ॥
सुरङ्गान्तस्थितस्यास्यो–परिफुल्लकासनः ॥
छात्राणां पुरतः शास्त्रं बहिरध्यापयत्यसौ ॥ १०२ ॥
सूत्रं बध्वा निजाङ्गुष्ठे तदग्रं सूनवे ददौ ॥
संदेहेऽदश्चालनीयमिति संकेतपूर्वकम् ॥ १०३ ॥

હાની છે.” (૯૭) પણ જ્યાંસૂધી દોષરૂપી અંધકારને દૂર કરનારો વિવેકરૂપી સૂર્યનો ઉદય થયો નથી. ત્યાંસૂધી એને ઘણી હુશીઆરીથી સાચવી રાખી પ્રગટ ન કર. (૯૮) અમૃત જેવું મધુર રાજાનું વચન સાંભળીને સોમદત્ત પોતાને ઘેર આવ્યો, અને તે ગર્ભવતી સ્ત્રીને છાની રાખીને ઘણી સાવચેતીથી રક્ષણ કરવા લાગ્યો. (૯૯) સમય આવ્યો ત્યારે તે સ્ત્રીએ પુત્ર જણ્યો પછી રાજાના હુકમથી તેનો જાતકર્મ વિગેરે સંસ્કાર કોઈ ન જાણે તેમ કરીને સોમદત્ત તેનું પોષણ કરવા લાગ્યો. (૧૧૦) કાલાંતરે તે પુત્ર ભણવાગણવા લાયક થયો, ત્યારે ઘણો હુશીઆર એવો સોમદત્તજ પોતે તેને ભણાવવા લાગ્યો. (૧૦૧) તે પુત્રને ભોંયરાની અંદર રાખીને ઉપર નાખેલા પાટિયા ઉપર સોમદત્ત પોતે બેસીને બાહર સામા બેઠેલા ઘણા શિષ્યોને શાસ્ત્ર ભણાવતો હતો. (૧૦૨) અને પોતાના અંગુઠાએ

प्रज्ञाशाली सूनुरसौ जानाति स्तोकतो बहु ॥
प्रस्तावात्प्रथितं पद्य–मेतदागमदन्यदा ॥ १०४ ॥
दानं भोगश्च नाशश्च वित्तस्येदं गतित्रयम् ॥
न दत्तं नापि भुक्तं त–त्तृतीयां गतिमाप्नुयात् ॥ १०५ ॥
व्याख्यां श्रुत्वास्य कुरुते सुतः संदेहसूचनम् ॥
सोमदत्तोऽवबोधार्थं पुनर्व्याख्याति पूर्ववत् ॥ १०६ ॥
व्याख्याते द्विस्त्रिरप्येष सूत्रं चालयते पुनः ॥
सोमदत्तस्तदा रोषा–त्सर्वाञ्छात्रान्व्यसर्जयत् ॥ १०७ ॥
बहिराकृष्य तनय–मेवं स विजनेऽब्रवीत् ॥
रे मूढ सागरं तीर्त्वा कथं मज्जसि गोष्पदे ॥ १०८ ॥

દોરડી બાંધીને તેનો છેડો સોમદત્તે પુત્રના હાથમાં આપ્યો, અને કહ્યું કે, "તને કોઇ શંકા ઉપજે ત્યારે દોરી હલાવજે"–(૧૦૩) ઘણો બુદ્ધિશાળી તે પુત્ર થોડું કહેવામાં ઘણું સમજતો હતો. એક વખતે કોઇ પ્રસંગથી આગળ લખેલો શ્લોક ગ્રંથમાં આવ્યો. (૧૦૪) તેનો અર્થ આ રીતે :– "દાન, ભોગ અને નાશ એ ત્રણ પ્રકારની દ્રવ્યની ગતિ છે. જે તે દ્રવ્ય સુપાત્રને આપે નહીં, અથવા પોતે પણ ભોગવે નહીં, તો તે ત્રીજી ગતિ (નાશ) પામેછે." (૧૦૫) આ શ્લોકનો અર્થ સાંભળતાંજ તે પુત્ર સંશય જણાવવા માટે દોરડી હલાવે, અને સોમદત્તપણ, તેને બોધ થવાવાસ્તે એકવાર કહ્યું હતું, તે પ્રમાણે ફરીથી શ્લોકનું વ્યાખ્યાન કરે. (૧૦૬) એ રીતે બે ત્રણવાર શ્લોકની વ્યાખ્યા કરી તોપણ તે પુત્રે ફરીથી સંશયની સૂચના કરી. ત્યારે સોમદત્તે બીજવાઇને બધા શિષ્યોને વિદાય કર્યા. (૧૦૭) અને તે પુત્રને બાહર કાઢીને એકાંતમાં કહ્યું કે:–"રે મૂઢ! તું આખો સાગર તરીને ગાયના પગલા જેટલા પાણીમાં કેમ ડુબી જાયછે? (૧૦૮) જે તારી બુદ્ધિ મોટા ગહનશાસ્ત્રમાં પણ વગર મહેનતે પ્રવેશ પામી, તે બુદ્ધિ, બાળક પણ સમજી શકે એવા આ શ્લોકમાં કેમ

गहनान्यपि शास्त्राणि लीलया गाहते स्म या ॥
उत्तानार्थे वचस्यस्मिन् सा मूढा त्वन्मतिः कथम् १०९
सुतोऽवददहो तात यद्वित्तस्य गतित्रयम् ॥
व्याख्यातं भवता तन्न प्रतिभात्युचितं मम ॥ ११० ॥
(यतः) आयासशतलब्धस्य प्राणेभ्योऽपि गरीयसः॥
गतिरेकैव वित्तस्य दानमन्या विपत्तयः ॥ १११ ॥
सर्वोत्तमं तत्पात्रे स्या–द्दयाख्यं पुनरर्दिते ॥
वनीपके यशस्यं च बन्धुषु प्रेमवर्धनम् ॥ ११२ ॥
विघ्ननाशाय भूतादौ वैरनाशाय वैरिषु ॥
एवमौचित्येन दत्तं दानं न क्वापि निष्फलम् ॥ ११३ ॥
भोगे तु क्षणिकं सौख्य–मैहिकं केवलं भवेत् ॥
इहामुत्र विनाशाय नाशस्तस्येति निश्चितम् ॥११४॥

મુંઝાઈ?" (૧૦૯) પછી પુત્રે કહ્યું કે, " હે તાત ! દ્રવ્યની જે ત્રણ ગતિ તમે હમણાં કહી તે મને ઠીક લાગતી નથી. (૧૧૦) કારણ કે, સેંકડો કષ્ટ વેઠીને કમાવેલું અને પ્રાણથી પણ વધારે વહાલું એવા દ્રવ્યની દાન કરવું, એજ સારી ગતિ છે, અને બીજી (ભોગવવું વિગેરે) તો ગતિને બદલે વિપત્તિ (દુર્ગતિ) કહેવાય ! (૧૧૧) તે દાન સાધુ, સાધ્વી વિગેરે સુપાત્રને આપ્યું હોયતો સર્વોત્તમ દાન તથા રોગાદિકથી પીડા પામતા દીનજનોને આપેલું અનુકંપાદાન કહેવાય છે. તેમજ યાચકને દાન આપ્યું હોય તો તેથી કીર્તિ વધેછે, અને જ્ઞાતિલા તથા સગાવહાલા વિગેરે લોકોને દાન આપવાથી માંહોમાંહે રહેલો પ્રેમ દૃઢ થાયછે. (૧૧૨) ભૂત, પિશાચ વિગેરેને આપેલા દાનથી વિઘ્નનો અને વૈરીને આપેલા દાનથી વૈરનો નાશ થાયછે. એ રીતે વિવેકથી દીધેલું દાન કોઇ ઠેકાણે પણ નિષ્ફળ જતું નથી. (૧૧૩) અને દાન ન આપતાં કેવળ દ્રવ્ય ભો-

आकर्ण्य तनयस्येत्थं विवेकविशदं वचः ॥
पुरोहितः प्रहृष्टात्मा गत्वा राज्ञे न्यवेदयत् ॥ ११५ ॥
राजाह साधु साध्वेष विवेकार्कः समुज्ज्वतः ॥
आवयोर्दुःखतमसां जालं जागपनोत्स्यति ॥ ११६ ॥
तदारोप्य गजेंद्रं तं त्वरया त्वमिहानय ॥
तथा नामास्य सुमति-रित्यस्तु स्वगुणार्जितम् ११७
एवमादिश्य नृपतिः प्रेषयामास हस्तिनम् ॥
सोमोऽपि सदनं गत्वा बन्धुवर्गममेलयत् ॥ ११८ ॥
ततः शृङ्गाररुचिरं कृतस्वस्त्ययनं सुतम् ॥
गजारूढं महर्द्ध्यासौ निन्ये नृपतिमन्दिरम् ॥ ११९ ॥

ગવે તો તેથી માત્ર ઇહલોકનું ક્ષણિક વિષયસુખ મળેછે, અને દાન અથવા ભોગ ન કરવાથી પોતાની મેળે થયેલો દ્રવ્યનો નાશ તે આ લોકમાં તથા પરલોકમાં નાશજ સમજવો." (૧૧૪) એવું પુત્રનું વિવેકથી શુદ્ધ થયેલું વચન સાંભળીને પુરોહિતને ઘણો આનંદ થયો, પછી તેણે આ વાત રાજાને જઇને કહી. (૧૧૫) તે સાંભળી રાજાએ કહ્યું, "ઘણું સારૂં, એ તારા પુત્રના ચિત્તમાં ઉદય પામેલો વિવેકરૂપી સૂર્ય આપણા દુખરૂપી અંધકારના જાળને તુરત તોડી નાંખશે. (૧૧૬) વાસ્તે તું એને ગજેંદ્ર-(મોટા હાથી-)ઉપર બેસાડીને અહીં લાવ, તેમજ પોતાના ગુણથી મેળવેલું એનું "સુમતિ" એવું નામ પણ આજથી જગતમાં પ્રસિદ્ધ થાઓ." (૧૧૭) એવો હુકમ કરીને રાજાએ પરિવારસહિત પોતાનો હાથી મોકલ્યો. સોમદત્તે પણ ઘેર જઇને પોતાના જ્ઞાતિલા વિગેરેને એકઠા કર્યા. (૧૧૮) પછી મંગળસ્નાન, દેવપૂજા વિગેરે કરાવીને સારો શણગાર પહેરાવ્યાથી સુંદર દેખાતા એવા તે પુત્રને હાથીપર બેસાડી અને ઘણી ઋદ્ધિથી રાજ-

राजा संमुखमागत्य विधायोचितमादरम् ॥
पौरोहित्ये पदे चैनं न्ययोजयदतुच्छधीः ॥ १२० ॥
राजकार्यपटुः सोऽथ विवेकोदयनिर्मलः ॥
विद्यानां पारदृश्वाऽभू–त्क्रमान्नृपतिसंमतः ॥ १२१ ॥
विवेकमन्यदा तस्य परीक्षितुमना नृपः ॥
अपृच्छद्वत्स नोः कस्मा–ज्जीवानां विविधा स्थितिः १२२
प्रोवाच सुमतिं देव जानानोऽपि भवानिदम् ॥
पृच्छत्यत्र प्रसादो हि हेतुस्तत्किंचिदुच्यते ॥ १२३ ॥
कर्मणामेव वैचित्र्या–ज्जीवा वैचित्र्यमागमन् ॥
नूमिकोचितवेषाणां नानात्वाज्झरता यथा ॥ १२४ ॥
इत्यादिवचनैस्तस्य राजा प्रीतमना नृशम् ॥
चक्रेऽस्खलज्गतिं शीघ्र–मेनमन्तःपुरादिषु ॥ १२५ ॥

મંદિરમાં સોમદત્ત લઈ આવ્યો. (૧૧૯) જે તુચ્છબુદ્ધિનો નથી; એવા રાજાએ સામા આવીને તે પુત્રનો ઉચિત આદર કર્યો, અને પુરોહિતપદ ઉપર તેની સ્થાપના કરી. (૧૨૦) વિવેકના ઉદયથી જેમાં દોષ રહ્યો નથી, એવો તે સુમતિ રાજકાર્ય કરવામાં ઘણો દક્ષ (ડાહ્યો) અને બધી વિદ્યાઓમાં નિપુણ હોવાથી આગળ જતાં રાજાનો ઘણો માનીતો થયો. (૧૨૧) એકવખતે સુમતિના વિવેકની પરીક્ષા કરવાનું મનમાં આવવાથી રાજાએ તેને પ્રશ્ન કર્યો. "હે સુમતિ ! જગતમાં જીવોની વિચિત્ર સ્થિતિ ક્યાંથી થઈ?" (૧૨૨) તે ઉપર સુમતિએ કહ્યું કે, "હે રાજન્! તું એ બધી વાત જાણતાં છતાં પણ મને પૂછેછે, તેનું કારણ, તારી મારા ઉપર મેહેરબાની એજ છે. વાસ્તે કંઈ થોડું કહું છું. (૧૨૩) જેમ નટ (નાટકમાં જૂદા જૂદા વેષને ધારણ કરનાર) લોકો જેનો વેષ લેવો હોય તેના અનુસારથી ચિત્રવિચિત્ર રૂપ સ્વીકારેછે, તેમ કર્મની વિચિત્રતાથી જીવોપણ ભિન્ન ભિન્ન સ્વરૂપ પામ્યાછે." (૧૨૪) સુમતિના ઉપર કહેલા

देवतादिष्टदोषेण चलचित्तोऽयमेकदा ॥
विजने नृपतेर्हार-मालोक्यापजहार च ॥ १२६ ॥
यावत्सशङ्कः संगोप्य तं द्रुतं तरलेक्षणः ॥
निर्याति तावत्सहसा विवेकः प्रकटोऽभवत् ॥ १२७ ॥
दध्यौ च धिगहो राज्ये निखिले करवर्त्तिनि ॥
मया विनिर्ममे मोहा-ज्जर्हितं कर्म दुःखदम् ॥ १२८ ॥
अदत्तादानसदृशं पृथिव्यां नास्ति नीषणम् ॥
राजपूज्योऽपि येनाद्य रङ्कादपि बिभेम्यहम् ॥ १२९ ॥
इतीवान्तर्व्याहरता विवेकेनोपरोधितः ॥
हारं च स्तेयवृत्तिं च मुक्त्वागात्सुमतिर्बहिः ॥ १३० ॥

તથા બીજાપણ વિશ્વાસુ વચનથી રાજાએ સંતુષ્ટ થઇને "અંતઃપુર વિગેરે ગુપ્તસ્થાનમાં પણ જવાને સુમતિને મના કરવી નહીં," એમ પ્રસિદ્ધ કર્યું. (૧૨૫) દેવતાએ સોમદત્તને કહ્યું હતું કે, "તારો પુત્ર વ્યસની નીકળશે," તેથી સુમતિનું ચિત્ત એકવખતે ચંચળ થયું, તેનેલીધે તેણે એકાંતમાં રાજાનો મોતીનો હાર જોઇને તે ઉપાડી લીધો. (૧૨૬) પછી તે હાર સંતાડી દઇને શંકાથી આમતેમ જોતો છતો સુમતિ જેટલી વારમાં બાહર પડેછે, એટલામાં એકદમ તેના મનમાં વિવેક પ્રગટ થયો. (૧૨૭) તેથી તેણે વિચાર્યું કેઃ-"મને ધિક્કાર છે! કારણકે, આ બધું રાજ્ય મારા હાથમાં છતાં જગત્માં જેથી નિંદા થાય તથા દુખ ઉપજે એવું કર્મ મે કર્યું. (૧૨૮) ચોરી જેવું ભય ઉપજાવનારૂં વ્યસન જગત્માં બીજું નહીંજ હશે! કારણ કે, રાજાપણ જેની પૂજા કરેછે, એવો હું ચોરીના દૂષણને લીધે આજ રંકથી પણ ડરૂંછું." (૧૨૯) એ રીતે અંદર બોધજ કરતો હોયની શું! એવા વિવેકે રોક્યો, તેથી સુમતિ મોતીના હારની જોડે ચોરી કરવાની

अथान्यदायं लावण्य–निर्जितानङ्ग आत्मवान् ॥
राज्ञीभिः सस्पृहं दृष्टः कामबाणवशं ययौ ॥ १३१ ॥
कुमतीभूय सुमति–र्गन्तुं तत्रोद्यतोऽभवत् ॥
यावत्तावदरौत्सीत्तं विवेको बन्धुसोदरः ॥ १३२ ॥
सोऽचिन्तयच्च यदहो महामोहविजृम्भितम् ॥
विचक्रे भोगसौस्थ्येऽपि यद्राज्ञीष्वधमं मनः ॥१३३॥
शिरश्छेदोऽत्र नरको–ऽमुत्र स्यात्पारदार्यतः ॥
अकीर्तिश्च यथाहल्या–संगतः स्वःपतेरपि ॥ १३४ ॥
स हि धन्यतमो लोके यः सदा दूरतो वसेत् ॥
भुजङ्गीभ्य इवैताभ्यः कुटिलाभ्यः परित्रसन् ॥ १३५ ॥

ઇચ્છાને પણ ત્યાંજ મૂકીને તરતજ બાહર નીકળ્યો. (१३०) પછી વિવેકી એવો સુમતિ પોતાના સૌંદર્યથી કામદેવને પણ જીતે એવો હોવાથી એકવખતે અંતઃપુરમાંની રાણીઓએ તેને કામદૃષ્ટિથી જોયો, અને તેથી તે કામવાસનાને અધીન થઈ ગયો. (१३१) કામાતુર થયેલો સુમતિ કુમતિ જેવો થઇને અંતઃપુર તરફ જવામાટે તૈયાર થયો, એટલામાં સગાભાઈ જેવા વિવેકે તેને રોક્યો. (१३२) તેથી સુમતિએ વિચાર કર્યો કેઃ– "મોહનો કેવો વિચિત્ર પરિણામ છે. કારણ કે, મારાથી ભોગવાય તેટલું સ્ત્રીસુખ મને મળેછેઃ તોપણ મારૂં મન મા જેવી રાણી ઉપર વિકારને પામ્યું. (१३३) પરસ્ત્રી ભોગવનારનું આ લોકમાં રાજા માથું કાપી નાંખેછે, અને પરલોકમાં તે નરકે પડેછે. તેમજ, જેમ અહલ્યાના સંગથી સ્વર્ગના માલીક એવા ઇંદ્રની પણ દુર્દશા થઈ, તેમ ગમે તેવો મોટો માણસ હોય તોપણ તેનો અપયશ પરસ્ત્રીનો સંગ કરવાથી ફેલાયા વગર રહેતોજ નથી. (१३४) જે પુરૂષ નાગણી જેવી કુટિલ અને ઝહેરીસ્વભાવની એવી સ્ત્રીજાતથી હમેશાં ડરીને દૂર રહેછે, તેને જગતમાં ધન્ય

एवमालोच्य सुमति–स्ततो राजपरिग्रहे ॥
निर्विकारमनाः सोऽभू–त्परनारीसहोदरः ॥ १३६ ॥
कौतुकेनैकदा सोऽगा–त्सन्निकानां निवेशने ॥
तत्राद्दतो न केनापि प्रत्युतायं तिरस्कृतः ॥ १३७ ॥
गालिप्रदानं कलहं भेदनं ताडनं तथा ॥
कुर्वाणांस्तान्समालोक्य स तु गाढं व्यरज्यत ॥ १३८॥
विवेकान्मानसे चैवं व्यभावयदसौ कृती ॥
द्यूतं हि धुरि सर्वेषां व्यसनानामधिष्ठितम् ॥ १३९ ॥
यद्वा किमुच्यतेऽनेन युधिष्ठिरनलादयः ॥
विडम्बितास्तद्विडुषा नात्र स्थेयमपि क्षणम् ॥ १४० ॥
सुहृदेव विवेकेन द्यूतादेवं निवारितः ॥
सुमतिर्व्यसनत्यागा–ऽऽङ्गोऽभूदतिवल्लभः ॥ १४१ ॥

છે," (૧૩૫) એવો વિચાર કરીને રાણીઉપર થયેલો મનનો વિકાર તરત કાઢી નાંખી સુમતિ પરસ્ત્રીને પોતાની સગી બેન માફક માનવા લાગ્યો. (૧૩૬) એક વખતે જોવાના કૌતુકથી તે, જુગારી લોકો રમતા હતા ત્યાં ગયો; પરંતુ તે ઠેકાણે કોઇએ પણ તેનો આદર કર્યો નહીં, એટલુંજ નહીં, પણ તેનો તે લોકોએ ઘણો તિરસ્કાર કર્યો. (૧૩૭) માંહોમાંહે ગાળો દઈ ઝઘડો કરી મારપીટ કરનારા તે લોકોને જોઇને સુમતિના મનમાં ઘણોજ વૈરાગ્ય ઉપજ્યો. (૧૩૮) વિવેકથી તે ચતુર સુમતિએ મનમાં ચિંતવ્યું કેઃ–"દ્યૂત (જુગાર) એ સર્વ વ્યસન કરતાં મોટું છે. એમાં કોઈ જાતનો સંદેહ નથી. (૧૩૯) અથવા એમાં શું વધારે કહેવાનું ? એ દ્યૂતથી યુધિષ્ઠિર, નળ વિગેરે મોટા રાજાઓ પણ દુર્દશા પામ્યા. માટે ડાહ્યા માણસે ક્ષણમાત્ર પણ અહીં ઉભું રહેવું નહીં." (૧૪૦) મિત્ર જેવા વિવેકે એરીતે સુમતિને દ્યૂતથી વાર્યો, ત્યારે વ્ય-

विश्वासो नैव कुत्रापि राज्ञा कार्य इति श्रुतम् ॥
तत्कथं तव देवास्ति विश्वासोऽयं मयीदृशः ॥ १४१ ॥
एवं सुमतिना पृष्टो–ऽन्यदा प्रोवाच भूपतिः ॥
सुमते वरलब्धस्त्व–मस्मद्वंशापुरोधसः ॥ १४२ ॥
तदीदृशः कथं वत्स विश्वासस्त्वयि नोचितः ॥
पुरोधा विश्वासपात्रं वरलब्धो विशेषतः ॥ १४४ ॥
यद्येवं तर्हि किं गुप्तौ बाल्येऽहं निदधेऽन्वहम् ॥
विश्वस्तं नैव बध्नाती–त्येवं सुमतिनोदिते ॥ १४५ ॥
राजा प्राहोदयं वत्स विवेकस्य प्रतीक्षितुम् ॥
विवेकार्कोदये दोषाः समुज्झन्त्येव दोषताम् ॥ १४६ ॥

सननो त्यागी होवाथी ते राजाने घणो वहालो थयो. (१४१) एकवखते सुमतिए राजाने पूछयुं केः–" हे राजन्! राजनीतिमां कह्युं छे के, राजाए कोई पण माणस उपर विश्वास राखवो नहीं, एम छतां तुं मारा उपर एटलो विश्वास केम राखेछे?" (१४२) त्यारे राजाए कह्युंः–"हे वत्स! अमारा वंशपरपराथी थता आवेला पुरोहितने देवतानुं वरदान मळवाथी तुं प्राप्त थयो छे. वास्ते तारा उपर विश्वास राखवो ए उचित नथी के शुं? प्रथम पुरोहित जे छे ते विश्वास राखवा लायक छे, तेमां पण जे वरदानथी मळयो होय तेना उपर तो वधारेज विश्वास राखवो जोइए." (१४३–१४४) तेना उपर सुमतिए कह्युं केः–"जो एम हतुं तो बाल्यावस्थामां मने भोंयरामां केम छानो राख्यो हतो. कारण के, जेना उपर विश्वास होय ते माणसने कोइ प्रतिबंधमां राखतुं नथी." एवुं सुमतिनुं वचन सांभळीने राजाए कह्युं केः–" हे वत्स! तारा मनमां विवेक प्रगट थतां सूधी तने प्रतिबंधमां राख्यो हतो." कारण के, विवेकरूपी सूर्यनो उदय थाय त्यारे दोषोपण पोतानुं दोषपणुं छोडी दइने तेज सद्गुण

कुलादपि वरं शीलं वरं दारिद्र्यमामयात् ॥
राज्यादपि वरं विद्या तपसोऽपि वरं क्षमा ॥ १४७ ॥
यस्मात्कस्मात्प्रसूतोऽपि गुणवान्पूज्यते नरः ॥
सुवंशोऽपि धनुर्दण्डो निर्गुणः किं करिष्यति ॥ १४८ ॥
इत्येतद्वचनं श्लाघा-गर्भितं नृपतेर्मुखात् ॥
श्रुत्वा स सुमतिस्तस्थौ विनयावनतो नृशम् ॥१४९॥
सद्विवेकवशादेवं ध्वस्तदोषः सतां मतः ॥
सुमतिः सुगतिं प्राप सद्धर्माराधनात्क्रमात् ॥ १५० ॥
एवमन्योऽपि यो भव्यो विवेकमवलम्बते ॥
सद्गतिं समवाप्नोति स क्रमात्सुमतिर्यथा ॥ १५१ ॥

થાયછે. (૧૪૫-૧૪૬) કહ્યું છે કેઃ-" શીળ વગર સારૂં કુળ હોય તે કરતાં કુલ વગર સારૂં શીળ હોય તે વખણાય છે. દ્રવ્ય ઘણું છતાં શરીરે રોગ હોય તે કરતાં નિર્ધન હોય તોપણ નિરોગી હોય તેજ વખણાય છે. વિદ્યાવગર એકલું રાજ્ય હોય તે કરતાં રાજ્યવગરની એકલી વિદ્યા હોય તેજ વખણાય છે. તપસ્યા ઘણી હોય પણ ક્ષમા નહોય તેના કરતા તપસ્યા વગરની એકલી ક્ષમાજ વખણાય છે. (૧૪૭) તેમજ ગમે તે જાતમાં ઉપજ્યો હોય, તોપણ જે ગુણી પુરૂષ હોય તેનો જગત્માં આદરસત્કાર થાયછે. નહીં તો જેમ સારા વંશ-(વાંસડા-)થી થયેલો ધનુષ્યનો દંડ (દાંડો) નિર્ગુણી (દોરીવગરનો) હોયતો તેને જેમ કોઇ પૂછતું નથી, તેમ સારા કુળમાં પેદા થયેલો હોય તોપણ નિર્ગુણી એવા પુરૂષને કોણ પૂછે ?"(૧૪૮) એવું રાજાના મુખમાંથી નીકળેલું પોતાનું પ્રશંસારૂપ વચન સાંભળીને સુમતિ વિનયથી નીચું મોહું ઘાલીને ઉભો રહ્યો. (૧૪૯) એ રીતે સારા વિવેકના આશ્રયથી સુમતિ સત્પુરૂષોને માન્ય થયો, અને તેના તમામ દોષ નાશ પામ્યા. પછી સદ્ધર્મની આરાધના કરીને તે અનુક્રમે સારી ગતિ પામ્યો. (૧૫૦) એ

ज्येष्ठ त्वमपि वेगेन विवेकालम्बनं कुरु ॥
विवेको मानवे देहे संसृतौ स तु दुर्लभः ॥ १५१ ॥
सुखं पौद्गलिकं चैव सहजं च श्रुते श्रुतम् ॥
श्रेयस्तयोः किं तदिदं विवेकेन विनिर्णय ॥ १५३ ॥
सुखे पौद्गलिके तुच्छ–बुद्धिर्जीवस्य जायते ॥
विवेकस्य परा काष्ठा प्रोच्यते सा विवेकिभिः ॥ १५४ ॥
तुच्छबुद्धिर्यदा तस्मिन् जीवस्योत्पद्यते दृढा ॥
तदात्मरतिरेवासौ प्रायश्चारित्रमश्नुते ॥ १५५ ॥
ज्येष्ठ प्रमादमुत्सृज्य तद्विवेकं समाश्रय ॥
भवे भवे भुक्तमुक्तं सुखं पौद्गलिकं त्यज ॥ १५६ ॥
सुश्रावकोऽसि भव्योऽसि तपस्व्यसि सुधीरसि ॥
तत्त्वं विवेकालम्बेन चारित्री भव सुव्रत ॥ १५७ ॥

રીતે બીજો જે ભવ્ય જીવ વિવેકનું અવલંબન કરેછે, તેપણ સુમતિની પેઠે અનુક્રમે સારી ગતિ પામેછે. (૧૫૧) વાસ્તે રે જેઠા! તું પણ શીઘ્ર વિવેકનો આશ્રય કર. કારણ કે, તે વિવેક મનુષ્યભવમાંજ પ્રાયે ઉપજેછે. અને આ સંસારમાં મનુષ્યભવ પામવો તો ઘણોજ દુર્લભ છે. (૧૫૨) શાસ્ત્રમાં પુદ્ગલિક અને સ્વાભાવિક એવું બે જાતનું સુખ સંભળાયછે. તે બે સુખમાં કયા સુખથી આત્માનું કલ્યાણ થાય, તેનો તું વિવેકથી નિશ્ચય કર. (૧૫૩) "પુદ્ગલિક સુખ ઘણુંજ તુચ્છ છે." એવો જીવના મનમાં દૃઢ નિશ્ચય થાય તે વિવેકની ઉત્તમ સ્થિતિ સમજવી, એમ વિવેકી લોકો કહેછે. (૧૫૪) "પુદ્ગલિક સુખ તુચ્છ છે," એવી દૃઢ બુદ્ધિ જ્યારે જીવને ઉપજેછે, ત્યારે તે આત્મસુખ ભોગવતો થકો ઘણુંકરીને ચારિત્ર પામેછે. (૧૫૫) માટે હે જેઠા! તું પણ પ્રમાદ છોડી દઈને મનમાં વિવેક ધર. અને ભવભવમાં ભોગવીને મૂકી દીધેલાં પુદ્ગલિક સુખનો તું હવે આદર કરીશ નહીં. (૧૫૬) તું વ્રતધારી, સારો શ્રાવક, ભવ્ય, તપસ્વી અને

सद्गुरूणां मुखादेतां ज्येष्ठ आकर्ण्य देशनाम् ॥
गत्वा योधपुरं दीक्षा–मादास्यामीत्यभावयत् ॥ १५८॥
तेनाथ दीक्षादानार्थं विज्ञप्ता मोहनर्षयः ॥
आगच्छामो योधपुर–मित्येवं प्रतिपेदिरे ॥ १५९ ॥
वियदब्ध्यङ्कभूमाने वत्सरे शोभने क्षणे ॥
ज्येष्ठे सिते च पञ्चम्यां ज्येष्ठो दीक्षां समाददे ॥१६०॥
श्रीमोहनर्षयो वास–क्षेपावसर आगते ॥
ज्येष्ठोऽयमद्यप्रभृति यशोनामेति ते जगुः ॥ १६१ ॥
चतुर्मासीषु नवसु यत्तैर्यश उपार्जितम् ॥
यशोमुनिमिषान्मूर्तं तदेवागादिह ध्रुवम् ॥ १६२ ॥
दीक्षोत्सवस्तदा तत्र–त्यैः श्राद्धैरनुरागिभिः ॥
यथा स्याद्भासनश्लाघा तथाकारि प्रमोदतः ॥ १६३ ॥

સારો બુદ્ધિમાન્ છે, વાસ્તે હમણાં વિવેક રાખીને ચારિત્રનો અંગીકાર કર. (૧૫૭) સદ્ગુરૂના મુખથી એવી દેશના સાંભળીને જેઠાએ એવો વિચાર કર્યો કેઃ–"હું જોધપુરમાં જઇને દીક્ષા લઇશ." (૧૫૮) પછી દીક્ષા આપવાવાસ્તે તેણે મોહનમુનિજીને વિનતિ કરી ત્યારે તેમણે જોધપુર આવવાનું કબૂલ કર્યું. (૧૫૯) સંવત્ ઓગણીસેં ચાળીશ–(૧૯૪૦) ના જેઠ સુદી પાંચમને દિવસે સારા મુહૂર્ત ઉપર જેઠાએ મોહનમુનિજી પાસેથી સંવેગીપણાની દીક્ષા લીધી. (૧૬૦) વાસ ક્ષેપ કરવાનો અવસર આવ્યો ત્યારે મોહનમુનિજીએ કહ્યું કે, "આજથી એનું "જસમુનિ" એવું નામ થાઓ." (૧૬૧)ગયા નવ ચોમાસામાં આ મોહનમુનિજીએ સાધુનો આચાર સારી પેઠે પાળીને જેયશ મેળવ્યો હતો, તેજ જસમુનિજીના રૂપથી તેમની પાસે પાછો આવ્યો, એમ મને લાગેછે. (૧૬૨) તે વખતે જોધપુરના રાગી શ્રાવકોએ ઘણા

यशोमुनियुतास्तेऽथ विजह्रुर्मोहनर्षयः ॥
क्रमादजयमेर्वाख्यं पत्तनं च समागमन् ॥ १६४ ॥
व्योमाब्धिनन्दभूमाने (१९४०) वत्सरे तत्र तेनिरे ॥
दशमीं ते चतुर्मासीं यशोमुनिनिषेविताः ॥ १६५ ॥
इत्थं तैर्भविकप्रबोधकुशलैः शिक्षां सदा ग्राहितः
स्वाचारे निपुणो यशोमुनिरभूत्संसेवनात्सद्गुरोः ॥
यो भव्यं विदधाति धर्मनिपुणं बोधामृतं पाययन्
यो भव्यश्च निषेवते गुरुपदं धन्या मतास्ते भुवि १६६

इति श्रीमत्पदवाक्यप्रमाणपारावारीण–विद्वन्मुकुटालंकार–श्रीबालकृष्णभगवच्चरणारविन्दमिलिन्दायमानान्तेवासिनः कानडोपाह्व–गोविन्दात्मज–दामोदरस्य कृतौ शाङ्के मोहनचरिते षष्ठादि–दशमावधि–चातुर्मास्यवर्णनं नाम षष्ठः सर्गः ॥ ६ ॥

હર્ષથી દીક્ષાનો ઉત્સવ એવો કર્યો કે, જેથી શાસનની ઉન્નતિ થઇ. (૧૬૩) પછી જસમુનિજીને સાથે લઇને મોહનમુનિજીએ જોધપુરથી વિહાર કર્યો. અને અનુક્રમે વિહાર કરતાં તે અજમેરમાં આવ્યા. (૧૬૪) જસમુનિજી જેમની સેવામાં તત્પર છે, એવા મોહનમુનિજી સંવત્ એગણીસેં ચાળીશ–(૧૯૪૦)માં દશમું ચોમાસું કરવાવાસ્તે અજમેરમાં રહ્યા. (૧૬૫) ભવ્યજીવોને બોધ કરવામાં કુશળ એવા મોહનમુનિજીએ સાધુની સામાચારી વિગેરેની શીખામણ જસમુનિજીને દીધી ત્યારે તે સદ્‌ગુરૂની સેવાથી સાધુની કરણી કરવામાં નિપુણ થયા. જે સત્પુરુષ ભવ્યજીવને બોધરૂપી અમૃત પાઇને ધર્મકરણીમાં નિપુણ કરેછે, તેમજ જે ભવ્યજીવ સદ્‌ગુરૂના ચરણની ભાવથી સેવા કરેછે, તે બન્ને જણાને જગત્‌માં ધન્યવાદ છે. (૧૬૬)

(છઠ્ઠા સર્ગનો બાલાવબોધ સમાપ્ત.)

॥ अथ सप्तमः सर्गः ॥

शम्बूकगर्भसंकाश–कान्तिश्चन्द्रप्रभः प्रभुः ॥
अभीष्टां भवतां दद्या–द्बुद्धिं दर्शनगोचराम् ॥ १ ॥
अथ तेऽजयमेर्वाख्ये पत्तने मोहनर्षयः ॥
श्रीसंघं प्रीणयामासु–र्देशनासुधयान्वहम् ॥ २ ॥
श्रीमोहनमुनीन्द्राणां यथा पुण्योदयस्तथा ॥
तत्रोत्सवतपस्याद्य–मभवत्पूर्वतोऽधिकम् ॥ ३ ॥
चतुर्मास्यां व्यतीतायां समये शोभनेऽथ ते ॥
वियोगभीरुकान्भव्या–न्बोधयन्तो विनिर्ययुः ॥ ४ ॥
यशोमुनिस्तु भावेन वैयावृत्त्यं समाचरन् ॥
विहारं गुरुभिः सार्धं विततान महामनाः ॥ ५ ॥

સર્ગ સાતમો.

છીપની માંહેના ભાગ જેવી સફેદ કાંતિને ધારણ કરનારા શ્રીચંદ્રપ્રભ ભગવાન્ તમને ઇષ્ટ એવી દર્શનશુદ્ધિ (સમકિત) આપો. (૧) પછી તે મોહનમુનિજીએ દરરોજ દેશનારૂપી અમૃત પાઇને અજમેરના શ્રીસંઘને તૃપ્ત કર્યો. (૨) મોહનમુનિજીના પુણ્યનો ઉદય દિવસે દિવસે જેમ વધતો જાયછે, તેમ તે અજમેરમાં પહેલા ચોમાસા કરતાં પણ આ વખતે વધારે તપસ્યા તથા ઉત્સવ વિગેરે થયાં. (૩) ચોમાસું ઉતર્યા પછી સારા મુહૂર્ત ઉપર મોહનમુનિજી અજમેરથી વિદાય થયા, ત્યારે તેમના વિયોગથી દુખી થયેલા રાગી શ્રાવકોને તેમણે બોધ કર્યો. (૪) ભાવથી ગુરૂમહારાજનું વેયાવચ્ચ કરનારા, મનના મોટા જસમુનિજીએ

दक्षिणास्ते दक्षिणस्या–मथायातुं प्रयेतिरे ॥
अपूर्वापूर्वदेशेषु विहारो हि सतां मतः ॥ ६ ॥
साहाय्यं नैव काङ्क्षेयुः कस्य चिन्मुनिसत्तमाः ॥
परं यदृच्छालब्धं त–त्कुर्युर्न विफलं हि ते ॥ ७ ॥
यशोमुनेः साहाय्येन मुनीन्द्रास्ते विशेषतः ॥
विहर्तुमनसस्तीर्थ–यात्रायै निश्चयं व्यधुः ॥ ८ ॥
प्राक्पञ्चतीर्थीं कृत्वाग्रे प्रस्थितास्ते समागमन् ॥
सिद्धाचलमसंख्याताः सिद्धा यत्र शिवं ययुः ॥ ९ ॥
भव्यानां पुण्यसंघातं संपिण्डितमिवैकधा ॥
दृष्ट्वा सिद्धाचलं ते स्वं सफलं मेनिरे भवम् ॥ १० ॥
गिरिमारोहतां तेषां मोदो योऽभूत्पदे पदे ॥
लब्धबीजो भव्य एव जानीयात्तं नचेतरः ॥ ११ ॥

પણ ગુરૂની જોડે વિહાર કર્યો. (૫) પછી મનના ઉદાર તથા સરલ એવા મોહનમુનિજીએ દક્ષિણદિશાતરફ વિહાર કર્યો. નવા નવા દેશોમાં વિહાર કરવો તે સાધુઓને ઇષ્ટજ છે. (૬) મુનિરાજ કોઇની મદદની ઇચ્છા મનમાં નથીજ રાખતા, એ વાત ખરી છે, તોપણ એની મેળેજ મદદ મળે તો તે ફોગટ જવા દેતા નથી, વાસ્તે જસમુનિજીની મદદ મળી ત્યારે વધારે વિહાર કરવાની ઇચ્છા થવાથી મોહનમુનિજીએ તીર્થયાત્રા કરવાનો નિશ્ચય કર્યો. (૭–૮) પ્રથમ પંચતીર્થીની યાત્રા કરીને આગળ વિદાય થયેલા મોહનમુનિજી, જ્યાં અસંખ્યાત ભવ્ય જીવો સિદ્ધ થઇને મુક્તિ પામ્યા, એવા શ્રીસિદ્ધાચળ ક્ષેત્રમાં આવ્યા. (૯) ભવ્ય જીવોના પુણ્યનો સમુદાય ડુંગરના આકારથી જાણે એકઠોજ થઇ ગયેલો હોયની શું ? એવા વિમળાચળને જોઇને મોહનમુનિજીએ પોતાનો મનુષ્યભવ સફળ માન્યો. (૧૦) ડુંગરઉપર ચઢતાં તેમને પગલે પગલે જે હર્ષ થયો

पुण्डरीके पुण्डरीक–मृषभं च जिनर्षभम् ॥
दृष्ट्वैनोऽनादिनिचितं कथाशेषं वितेनिरे ॥ ११ ॥
राजादनीं च तच्छाये राजमानं पदद्वयम् ॥
प्रदक्षिणीकृत्य मुक्ते–र्मार्गं ते दक्षिणं व्यधुः ॥ १३ ॥
वीर्यगुप्तिर्यथा न स्या–न्न स्याच्च तदतिक्रमः ॥
तथा द्विस्त्रिः प्रतिदिन–मारोहन्विमलाचलम् ॥ १४ ॥
यात्राणां नवनवते–रासीत्परिणतिर्दृढा ॥
परं ते समयान्नावा–द्विजह्रुश्चत्रसंयुताः ॥ १५ ॥
अथ मल्लिजिनेशं ते नोयनीग्रामवासिनम् ॥
अभिवन्द्य पुरश्चेलु–र्यशसा सहिता द्विधा ॥ १६ ॥

તેને બોધિબીજ પામેલો ભવ્યજીવજ જાણી શકે, બીજા કોઇનીપણ જાણવાની શક્તિ નથી. (૧૧) પુંડરીક ગિરિઉપર જીનેશ્વરમહારાજ શ્રીઋષભ ભગવાનનાં તથા પુંડરીક ગણધરનાં દર્શન કરીને તેમણે અનાદિકાળનું સંચય કરેલું અશુભ કર્મ ખપાવ્યું. (૧૨) રાયણને તથા તેની છાયામાં શોભતા એવા શ્રીઋષભ ભગવાન્‌ના પગલાને પ્રદક્ષિણા દઇને તેમણે પોતાનો મુક્તિનો માર્ગ સીધો કર્યો. (૧૩) જેમ વીર્ય ગોપવી રાખ્યાનો તથા તેને ઓળંગવાનો પણ દોષ ન લાગે, તેમ મોહનમુનિજીએ દરરોજ વિમળાચળની (ડુંગરઉપર ચઢીને ભગવાનનું દર્શન કરવાની) બે તથા ત્રણ સુધી કેટલાક દિવસ યાત્રાઓ કરી. (૧૪) તે વખતે મોહનમુનિજીનો નવાણું યાત્રા કરવાનો દૃઢ નિશ્ચય હતો, પણ સમય નહીં હોવાથી તેમણે જસમુનિજીને જોડે લઇને ત્યાંથી વિહાર કર્યો. (૧૫) સદ્‌ગુણથી ફેલાયલો એક યશ, તથા બીજો યશ નામનો ચેલો (જસમુનિજી) એવા બે યશથી શોભતા મોહનમુનિજીએ ભોયણીમાં શ્રીમલ્લિનાથ ભગ-

क्रमात्सिद्धपुरोपान्त–मागच्छन्मोहनर्षयः ॥
संघः पट्टनवास्येषा–मभून्मार्गप्रतीक्षकः ॥ १७ ॥
सिद्धराजादयोऽभूवन् बहवो यत्र भूमिपाः ॥
येऽस्य गूर्जरराष्ट्रस्य प्रततस्तम्भसंनिभाः ॥ १८ ॥
कुमारपालो भूपालो धर्मोन्नतिसहायकः ॥
यत्राभूदतिदातृत्वात् सुरद्रुरिव जङ्गमः ॥ १९ ॥
कलिकालेऽपि सर्वज्ञ–नामधेयविभूषिताः ॥
शुष्यद्धर्मद्रुमारामो–द्भेदे जलदसंनिभाः ॥ २० ॥
मिथ्यात्वध्वान्तशमने शारदार्ककरोपमाः ॥
हेमचन्द्रा जात्यहेम–निभा यत्रोदयं ययुः॥२१॥युग्मम्
प्रबोधिता हेमचन्द्रै–र्बहवो यत्र मानवाः ॥
मिथ्यात्वं दूरतस्त्यक्त्वा जिनधर्ममशिश्रियन् ॥ २२ ॥

वानने वांद्या. (१६) अनुक्रमे मोहनमुनिजी सिद्धपुरपाटणना प्रांतमां आव्या, त्यारे पाटणनो रहीश श्रीसंघ तेमनी वाट जोतो रह्यो. (१७) गूर्जरराष्ट्ररूप मोटा महेलना जे दृढस्तंभ जेवा कहेवाय छे, एवा सिद्धराज विगेरे घणा राजाओ ते पाटणमां थइ गया. (१८) धर्मनी उन्नति करवामां घणी मदद करनारो तथा घणो दातार होवाथी जाणे मनुष्यरूपी कल्पवृक्षज होयनी शुं? एवो कुमारपाळ नामे राजापण ते पाटणमां थयो. (१९) तेमज, ए कलिकाळमां (पांचमा आरामां) पण "सर्वज्ञ" एवा नामनी पदवीथी शोभनारा, सुकाइ जता धर्मरूपी बगीचाने वृष्टि करनारा वादळानीपेठे नवपल्लव करनारा, मिथ्यात्वरूपी अंधकार दूर करवावास्ते शरत्काळना सूर्यना किरण सरखा तथा सोटचना सोना जेवा हेमचंद्र आचार्यजीपण ते पाटणमांज उदय पाम्या.(२०–२१) ते हे-

पुरातनं पत्तनं य–ज्जैनानां परिकीर्त्यते ॥
यस्मिंश्च समवासार्षु–राचार्या बहवः पुरा ॥ २३ ॥
लाभमालोक्य ते तस्मि–न्नणहिल्लाख्यपत्तने ॥
संघेन तत्रत्येनाभि–नन्दिताः प्राविशन्मुदा ॥ २४ ॥
रागिणः श्रावका बोध–निष्णाता गुरवस्तथा ॥
योग एषां भवेद्धर्म–वृद्धिस्तत्र किमद्भुतम् ॥ २५ ॥
श्राद्धानां रागिणां धर्म–लाभोऽस्त्विति विचिन्त्य ते ॥
तेषामत्युपरोधेन चतुर्मासीं समावसन् ॥ २६ ॥
अथ स्वाध्यायनिरतो यशोमुनिरभूत्तदा ॥
विहारविरतौ प्रायः स्वाध्यायो यतिनां भवेत् ॥ २७ ॥
दृढसंहननत्वेन तपः षष्ठाष्टमादिकम् ॥
विविधं तेन मुनिना चक्रे कर्मनिकृन्तनम् ॥ २८ ॥

भयंद्राचार्यजीએ પ્રતિબોધ પમાડેલા ઘણા ભવ્યજીવો મિથ્યાત્વને દૂર છોડી દઈને એ પાટણમાંજ જીનધર્મી થયા. (૨૨) એ પાટણ જૈનીઓનું પુરાતન શહેર કહેવાય છે, તથા પૂર્વકાળમાં ઘણા આચાર્યો એમાં આવીને નિવાસ કરતા હતા. (૨૩) પાટણના શ્રીસંઘે ઘણું આદરમાન કર્યું, ત્યારે મોહનમુનિજીએ ભવ્યજીવોને લાભ થશે, એમ વિચારીને આનંદથી તે શહેરમાં પ્રવેશ કર્યો. (૨૪) શ્રાવકો ઘણા રાગી તથા સદ્‌ગુરૂપણ પ્રતિબોધ કરવામાં નિપુણ એ બે વસ્તુનો જ્યાં યોગ હોય ત્યાં ધર્મની વૃદ્ધિ થાય તેમાં શું નવાઇ ? (૨૫) "રાગી શ્રાવકોને ધર્મનો લાભ થાઓ" એમ વિચારીને તેમના ઘણા આગ્રહથી મોહનમુનિજી ત્યાં ચોમાસું રહ્યા. (૨૬) ચોમાસું નકી થયું ત્યારે જસમુનિજી ભણવાગણવામાં પોતાનો વખત ગાળવા લાગ્યા. એક જગ્યાએ નકી મુકામ થવાથી વિહાર બંધ રહેછે, ત્યારેજ ઘણુંકરીને સાધુઓને ભણવાગણવાનો અવસર મળેછે. (૨૭) નિ-

प्रज्वलज्ज्वलनं यो वा–क्राम्येदनिलषन् सुखम् ॥
स एवाज्ञां सद्गुरूणां न मन्येत हताशयः ॥ २९ ॥
यशोमुनिस्तु गुर्वाज्ञा–तिक्रमं फणिमस्तके ॥
पादन्याससमं मेने सद्यात्राणामियं स्थितिः ॥ ३० ॥
पितेव सत्सुतं दृष्ट्वा सद्यात्रं मोदते गुरुः ॥
सुतेभ्यो निर्विशेषा हि यात्राः प्रोक्ता महात्मभिः॥३१॥
यशोमुनेः सद्गुणत्वा–त्तथा ते मोदमाप्नुवन् ॥
यद्यैवं मेनिरे यत्र ईदृशो दुर्लभः क्षितौ ॥ ३२ ॥
अथ पर्युषणं पर्व तथा नवपदावलिः ॥
सर्वं यथानिलषित–मभून्मोहनपुण्यतः ॥ ३३ ॥
कश्चित्किमपि भावेन प्रत्याख्यानं समाददे ॥
सद्गुरूणां सेवनेन शुभा परिणतिर्भवेत् ॥ ३४ ॥

કાચિત કર્મને પણ તોડી નાંખે એવી છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે તપસ્યા સંઘયણ સારૂં હોવાથી જસમુનિજીએ તે વખતે કરી. (२८) "સુખની અભિલાષાથી બળતા અગ્નિને જે ઉલ્લંઘન કરે તેજ નઠારો માણસ સદ્‌ગુરૂની આજ્ઞા નહીં માને," એ નિયમ ધ્યાનમાં રાખીને જસમુનિજી ગુરૂની આજ્ઞા ઓળંગવી, અને સર્પના માથાઉપર પગ મૂકવો, એ બે વાતો સરખી માનવા લાગ્યા. સારા શિષ્યોની રીત એવીજ હોયછે.(२९–३०) જેમ સદ્‌ગુણી પુત્રને જોઇને પિતા આનંદ પામેછે, તેમ સારા શિષ્યને જોઇને ગુરૂ પણ આનંદ પામેછે. કારણ કે, મહાત્મા લોકો પુત્રને અને શિષ્યને સરખાજ ગણેછે. (३१) જસમુનિજીના સારા ગુણ જોઇને મોહનમુનિજી એવા ખુશ થયા કેઃ–"આવો શિષ્ય જગત્‌માં મળવો દુર્લભ છે." એમ તેમને લાગ્યું. (३२) પછી પજુસણ પર્વ, તેમજ નવપદની ઓલી વિગેરે બધી ધર્મક્રિયાઓ મોહનમુનિજીના પુણ્યથી જેની જેવી ઇચ્છા હતી તેપ્રમાણે તે પૂરી થઈ. (३३) કેટલાક ભવ્યજીવોએ ભાવથી તેમનાથી

तत्रत्याः श्रावकाः प्राप्य मोहनर्षिसमागमम् ॥
यथाशक्त्युत्सवं तेनु–रुत्सवाद्वासनोन्नतिः ॥ ३५ ॥
नूम्यब्धिनन्दनूमाने (१९४१) वत्सरे पत्तनेऽवसन् ॥
एकादशीं चतुर्मासीं सद्मात्रा मोहनर्षयः ॥ ३६ ॥
अथासन्ने शीतकाले सौम्येष्वर्ककरेषु च ॥
शङ्खेश्वराख्यं पार्श्वं ते द्रष्टुमैच्छन्यतीश्वराः ॥ ३७ ॥
चित्रं यन्मोहनर्षीणां विहारः सुखदुःखकृत् ॥
पत्तनस्थाः प्रापुरार्तिं सुखं शङ्खेश्वरस्थिताः ॥ ३८ ॥
शङ्खेश्वरं नाम पार्श्व–मभिवन्द्य विधानतः ॥
गत्रेण सहिताश्चेलु–रग्रतो मोहनर्षयः ॥ ३९ ॥
अथ प्रह्लादनपुर–वासिनः श्रावकोत्तमाः ॥
श्रीमोहनागमं श्रुत्वा बभूवुर्वन्दनोत्सुकाः ॥ ४० ॥

પળાય એવાં પચ્ચખાણ લીધાં. ઠીકજ છે, સદ્‌ગુરૂની સેવાથી મનના પરિણામ શુભ થાયછે. (૩૪) ત્યારબાદ મોહનમુનિજીનો યોગ મળી ગયો તેથી ખુશી થયેલા પાટણના શ્રાવકોએ શક્તિમાફક ઉત્સવ કર્યો. એવા ઉત્સવ થવાથી શાસનની ઉન્નતિ થાયછે. (૩૫) સંવત્ ઓગણીસેં એકતાલીશ–(૧૯૪૧)માં મોહનમુનિજીએ પોતાના શિષ્ય જસમુનિજી જોડે પાટણમાં અગીઆરમું ચોમાસું કર્યું. (૩૬) પછી શિયાળો નજીક આવ્યો, અને સૂર્યનાં કિરણ મંદ થઇ ગયાં, ત્યારે મોહનમુનિજીને શંખેશ્વર પાર્શ્વનાથનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. (૩૭) એ મોટું આશ્ચર્ય છે કે, મોહનમુનિજીનો એકજ વિહાર કેટલાકને સુખાકારી તથા કેટલાકને દુખકારી થઇ પડ્યો. કારણકે, પાટણના રહીશ શ્રાવકો તેથી દુખ પામ્યા, અને શંખેશ્વર ગામના રહીશ શ્રાવકો તેથી સુખ પામ્યા. (૩૮) પછી શંખેશ્વરપાર્શ્વનાથને આગમમાં કહેલી રીતપ્રમાણે વાંદીને મોહનમુનિજી શિષ્યની જોડે આગળ વિહાર થયા, (૩૯) પાલનપુરના

प्रह्लादनं नाम तस्य यथार्थं समजायत ॥
यन्मोहनागमाज्ज्ञे सर्वेषां ह्लादकारि तत् ॥ ४१ ॥
प्रीत्या निवासयामासुः श्रावकास्तान्महामुनीन् ॥
अत्यासन्नां चतुर्मासीं वीक्ष्य तेऽप्यवसन्सुखम् ॥४२॥
नोक्तारः श्रावकाश्चित्रं साधवः परिवेषकाः ॥
गुरुभिः परिविष्टं ते पपुर्यद्देशनामृतम् ॥ ४३ ॥
अथैकः श्रावकस्तत्र बदरो नाम नञ्जकः ॥
आगत्य प्रत्यहं भावा–च्छृणुते धर्मदेशनाम् ॥ ४४ ॥
इङ्गितज्ञानकुशला–स्तं विज्ञाय शुभाशयम् ॥
श्रीमोहनमुनीन्द्रास्त–द्बोधनायैवमूचिरे ॥ ४५ ॥

રહીશ ઉત્કૃષ્ટ શ્રાવકો "મોહનમુનિજી નજીક આવ્યા છે" એમ સાંભળીને તેમને વાંદવાવાસ્તે ઘણા ઉત્સુક થયા. (૪૦) તે શ્રાવકોનું મોટું ભાગ્ય કે, જેથી પાલનપુરનું "પ્રહ્લાદન" એવું નામ યથાર્થ થઇ ગયું. કારણ કે, મોહનમુનિજીના પધારવાથી તે નગર સર્વ લોકોને આનંદ ઉપજાવનારું થયું. (૪૧) મોહનમુનિજીને તે શ્રાવકોએ ઘણા આનંદથી ત્યાં રાખ્યા, અને ચોમાસું બહુ નજીક આવેલું જોઇને મોહનમુનિજી પણ ત્યાં સુખે રહ્યા. (૪૨) મોહનમુનિજીએ પિરસેલું દેશનારૂપી અમૃત પાલનપુરના શ્રાવકોએ પીધું. વાહ! સાધુ પિરસનારા અને શ્રાવકો જમનારા એ વાત ઘણી આશ્ચર્ય જેવી છે! (૪૩) હાલ થોડા વખત ઉપર એક બાદરમલ્લ નામનો શ્રાવક દરરોજ ઉપાસરામાં આવીને મોહનમુનિજીની ધર્મદેશના ભાવથી સાંભળવા લાગ્યો. (૪૪) માણસનું મન જાણવામાં કુશળ એવા મોહનમુનિજીએ તેના મનના અધ્યવસાય શુભ છે, એમ જાણીને પ્રતિબોધ કરવા વાસ્તે તેને આ રીતે ઉપદેશ કર્યોઃ–

---

૧ "પ્રહ્લાદન" એ શબ્દનો અર્થ "આનંદ ઉપજાવનારો" એવો થાયછે.

बदरेह त्रवे धर्मा–दन्यत्किं सारमीक्षसे ॥
सुखं यदिह तत्सर्वं धर्मादेवोपजायते ॥ ४६ ॥
राजानोऽपि पुरा केचि–द्बुभुजाना अपि संपदम् ॥
न राज्यं धर्ममेवेह सारं सारार्थिनो विदुः ॥ ४७ ॥
तद्यथा भोजनामासी–द्राजा राजशिरोमणिः ॥
तमाह कश्चिदेवं भोः प्रेतेशस्त्वाक्षयत्ययम् ॥ ४८ ॥
श्रुत्वा तद्बोधवचनं भोजोऽभू‌द्धर्मतत्परः ॥
प्रतिबोधे बुधायादा–दुचितं पारितोषिकम् ॥ ४९ ॥
एकदा नैष्किकस्याभू–द्विलम्बो द्वारि याचकः ॥
आशिषः शतशो दत्त्वा स्वमभीष्टमयाचत ॥ ५० ॥

---

(४५) "હે બાદરમલ્લ! આ સંસારમાં એક ધર્મને મૂકીને બીજો શું સાર તારી નજરમાં આવેછે? જે કંઈ સુખ આ સંસારમાં જણાય છે, તે બધું પૂર્વભવે ઉપાર્જેલા ધર્મથકીજ થાયછે, એમાં સંશય નથી. (૪૬) સાર વસ્તુને ગ્રહણ કરવાની ઇચ્છા કરનારા, પૂર્વકાળમાં થઇ ગયેલા કેટલાક રાજાઓ રાજ્યલક્ષ્મીને ભોગવતા હતા, તોપણ "સંસારમાં ધર્મ તેજ સાર છે; રાજ્યમાં કંઇ પણ સાર નથી," એમ તેઓ માનતા હતા. (૪૭) એ વાત ધ્યાનમાં આવવામાટે તું ભોજરાજાની કથા સાંભળ. "પૂર્વકાળમાં બધા રાજાઓમાં શ્રેષ્ઠ એવો ભોજનામે રાજા હતો." તેને બોધ કરવાવાસ્તે એક વખતે કોઇ પંડિતે કહ્યું કેઃ–"હે રાજન્! તને આ ઘોડાઉપર બેઠેલો યમ બોલાવેછે." (૪૮) એવું બોધવચન સાંભળીને ભોજરાજા ધર્મકરણી કરવામાં તત્પર થયો. અને પ્રતિબોધ કરનારા પંડિતને તેણે યોગ્ય એવો સરપાવ આપ્યો. (૪૯) એક વાર તિજોરીદારને કંઇ કારણસર આવવાને વિલંબ થયો. એટલામાં રાજદ્વાર ઉપર કોઇ યાચક રાજાને સેંકડોવાર આશિષ દઇને પોતાને જે ચીજ વાહલી હતી, તે મા-

स्वालंकारं वितीर्यास्य भोजोऽभीष्टमपूरयत् ॥
तदा पार्श्वचरैः पृष्टः प्रत्याहैवं च भूमिपः ॥ ५१ ॥
उत्थयोत्थाय बोद्धव्य किमद्य सुकृतं कृतम् ॥
आयुषः खण्डमादाय रविरस्तं प्रयाति हि ॥ ५२ ॥
लोकः पृच्छति मां वार्तां शरीरे कुशलं तव ॥
कुतः कुशलमस्माक–मायुर्याति दिने दिने ॥ ५३ ॥
श्वःकार्यमद्य कुर्वीत पूर्वाह्णे चापराह्णिकम् ॥
मृत्युर्न हि परीक्षेत कृतं वास्य न वा कृतम् ॥ ५४ ॥
मृतो मृत्युर्जरा जीर्णा विपन्नाः किं विपत्तयः ॥
व्याधयो बाधिताः किं नु हृष्यन्ति यदमी जनाः॥ ५५ ॥

ગવા લાગ્યો. (૫૦) ત્યારપછી પોતાનો પહેરેલો અલંકાર ઉતારી આપીને ભોજરાજાએ તે યાચકનો અભીષ્ટ મનોરથ પૂર્ણ કર્યો. તે જોઇને પૂછનારા ખિદમતગારને ભોજરાજાએ જવાબ દીધો કેઃ–(૫૧) “ વિવેકી પુરૂષે સદા ઉઠીને વિચાર કરવો જોઇએ કે, આજે મે શું સુકૃત કર્યું ? કારણ કે, હમેશાં બધા જીવના આયુષ્યનો ભાગ લઇને સૂર્ય આથમેછે. (૫૨) લોકો મને વાતચિત કરતાં પૂછેછે કેઃ–“ તમારા શરીરે કુશળ છે ?” પણ કુશળ તે ક્યાંથી હોય ? અમારૂં આયુષ્ય એકસરખું ઓછું થતું જાયછે ! (૫૩) વાસ્તે આવતી કાલે કરવા ધારેલું કામ આજેજ કરવું. તેમજ પાછલે પહોરે કરવાનું હોય તે બપોર થતાં પહેલાંજ કરવું. કારણ કે, મૃત્યુ આવશે, ત્યારે તે એવો વિચાર નહીં કરશે કે, “આ માણસે કરવા ધારેલું કામ કર્યું કે નથી!”(૫૪) આ લોકો શું સમજીને આનંદમાં રહેતા હશે? કેમ કંઇ મૃત્યુ મરી ગયું, એવી પક્કી ખબર આવી? વૃદ્ધાવસ્થા ઘરડી થવાથી હવે આપણીપાસે ન આવી શકે કે શું ? આપદાને તો કોઇ ગળી ગયો કે શું ? અથવા મોટા મોટા રોગોને કોઇએ અટકાવ્યા કે શું ? જેથી તે હવે પછી બહાર નીક-

अनित्यभावनामेवं भावयन्स नराधिपः ॥
विधायावहितो धर्मं प्रान्ते स्वर्गतिमासदत् ॥ ५६ ॥
सत्वरं बदरैवं त्वं जिनोक्तं धर्ममाश्रय ॥
देशसर्वविरत्याख्यः स धर्मो द्विविधः श्रुतः ॥ ५७ ॥
शक्तिश्च परिणामश्च यदि स्यात्पूर्वपुण्यतः ॥
तत्सर्वविरतिं मुक्ति-रमणीदूतिकां श्रयेत् ॥ ५७ ॥
विना यत्सर्वविरतिं मुक्तिद्वारमपावृतम् ॥
कर्तुं न कोऽपि प्रभवे-त्तस्मादेषा प्रशस्यते ॥ ५९ ॥
यदि निर्वहणे शक्तिः परिणामोऽपि सुस्थिरः॥
तदिमां सर्वविरति-मुररीकुरु भद्रक ॥ ६० ॥
निशम्यैतत्सद्गुरूणां वचो निर्वेदगर्भितम् ॥
चारित्रग्रहणे गाढ-निश्चयोऽसौ तदाभवत् ॥६१॥

ળશેજ નહીં." (૫૫) એવીરીતે તે ભોજરાજા અનિત્યભાવના કરી પ્રમાદ મૂકીને ધર્મકરણીમાં તત્પર થયો, અને અંતે સ્વર્ગે ગયો." (૫૬) હે બાદરમલ્લ ! તું પણ જીનભાષિત ધર્મનો આશ્રય કર. તે ધર્મ બે પ્રકારનો આગમમાં સાંભળ્યો છે. એકનું નામ દેશવિરતિ અને બીજાનું સર્વવિરતિ. (૫૭) પૂર્વભવમાં ઉપાર્જેલા સુકૃતથી જો પાળવાની શક્તિ અને આદરવાનાં દૃઢ પરિણામ હોયતો મુક્તિરૂપ સ્ત્રીને વશ કરનારી જાણે દૂતીજ હોયની શું ! એવી જે સર્વવિરતિ (ચારિત્ર) તેનો અંગીકાર કરવો. (૫૮) સર્વવિરતિ વગર બીજું કંઇપણ મુક્તિનું દ્વાર ઉઘાડવાને સમર્થ નથી. વાસ્તે એ ઘણી વખણાયછે. (૫૯) રે ભદ્રિક ! જો તે સર્વવિરતિ પાળવાની તારામાં શક્તિ હોય, અને તે લેવાનાં પરિણામ પણ દૃઢ હોય તો તું તેનો અંગીકાર કર." (૬૦) જેની અંદર ભરપૂર વૈરાગ્ય રહેલોછે, એવું સદ્ગુરૂનું વચન સાંભળીને બાદરમલ્લનો ચા-

व्यजिज्ञपच्च मां दीनं समुद्धर्तुं भवार्णवात् ॥
चारित्रं तरणीकल्पं दयया दातुमर्हथ ॥ ६१ ॥
परिणामः परीक्ष्योऽस्य विचिन्त्येति मुनीश्वराः ॥
दक्षैर्नैश्चयिकं नैव तस्मै प्रतिवचस्तदा ॥ ६२ ॥
यथा वर्षात्यये मेघा–वरणं नाशमासदत् ॥
तथोपदेशाद्भव्यानां ज्ञानावरणमञ्जसा ॥ ६४ ॥
यथापूर्वमभूत्तत्र धर्मोन्नतिरनुत्तमा ॥
मनःप्रसत्तिश्च सर्व–भव्यानां गुरुलाभतः ॥६५॥
चातुर्मास्येऽथ निर्वृत्ते ऋतौ च विहृतिक्षमे ॥
सिध्येन्न वा ममाभीष्टं बदरश्चेत्यचिन्तयत् ॥६६ ॥
नेत्राब्धिनन्दैधरणी–मितेऽब्दे[१९४३] मोहनर्षयः ॥
तपोमितां चतुर्मासी–मूषुः प्रह्लादने पुरे ॥ ६७ ॥

श्चित्र लेवानो दृढ निश्चय थइ गयो. (६१) पछी तेणे मोहनमुनिजीनी विनति करी ते आ रीतेः–"गुरुमहाराज ! दीन एवा मने संसाररूप सागरमांथी तारवाने माटे चारित्ररूपी नौका आपसाहेब दया करीने आपो." (६२) "एनो चारित्र लेवानो परिणाम दृढ छे के नहीं ते तपासवो जोइए," एम विचारीने मोहनमुनिजीए, जेथी निश्चय थाय तेवो कोइपण जवाब ते वखते आप्यो नहीं. (६३) चोमासुं उतर्युं त्यारे आकाशमां चढेला वादळांनुं आवरण जेम नाश पाम्युं, तेमज चोमासाने अंते मोहनमुनिजीना उपदेशथी भव्यजीवोनुं ज्ञानावरण पण शीघ्र ओछुं थयुं. (६४) आजसूधी थयेला चोमासां माफक पालनपुरमां पण धर्मनी घणी उन्नति थइ, अने सद्गुरुनो समागम थवाथी त्यांना पण भव्यजीवोनां मन प्रसन्न थयां. (६५) चोमासानी बधी धर्मक्रियाओ पूरी थइ, अने ऋतुपण विहार करी शकाय एवी थइ, त्यारे आदरमल्ल एवी चिंतामां पड्यो केः–"मारी धारेली वात सिद्ध थशे के नहीं." (६६) संवत्

अथो विहारसमये विज्ञप्ता मोहनर्षयः ॥
मार्गे प्रतीक्ष्योऽवसरो बदरं तेऽवदन्निति ॥६८॥
यशोमुनिद्वितीयास्ते डीसाख्यं पुरमागमन् ॥
बदरोऽप्याजगामाशु शुभकर्मोदयेरितः ॥६९॥
श्रीमोहनानुजिघृक्षा बदरस्यागमस्तथा ॥
मुहूर्तासन्नतेत्येवं त्रितयं संगतं तदा ॥ ७० ॥
विक्रमाब्दे[१९४३] नवेदाङ्क–जगतीमितवत्सरे ॥
मार्गेऽसिते द्वितीयायां चारित्रं बदरोऽग्रहीत् ॥७१॥
यशश्चारित्रजनितं कान्त्येदानीं समागमत् ॥
इतीव विदधे कान्ति–मुनिरित्यस्य नाम तैः ॥७२॥
समं शिष्यद्वयेनाथ संयतास्ते यथाक्रमम् ॥
विहरन्तोऽर्बुदगिरौ जिनाधीशान्ववन्दिरे ॥ ७३ ॥

ઓગણીશેં બેતાળીશ–(૧૯૪૨)માં મોહનમુનિજીએ બારમું ચોમાસું પાલનપુરમાં કર્યું. (૬૭) પછી વિહારનો અવસર આવ્યો તે સમયે બાદરમલ્લે પૂર્વનીપેઠે મોહનમુનિજીની વિનતિ કરી. ત્યારે "તું માર્ગમાં અવસર જોઇ લે," "એવો મોહનમુનિજીએ તેને જવાબ આપ્યો. (૬૮) ત્યાર બાદ જસમુનિજીને જોડે લઇ મોહનમુનિજી ડીસામાં પધાર્યા. તે વખતે બાદરમલ્લ પણ શુભકર્મનો ઉદય થવાથી ત્યાં આવ્યો. (૬૯) મોહનમુનિજીની દીક્ષા આપવાની ઇચ્છા, બાદરમલ્લનું આવવું, અને સારા મુહૂર્તનો યોગ પણ નજીક, એ ત્રણે વાતો તે વખતે ભેગી થઈ. (૭૦) સંવત્ ઓગણીશેં ત્રેતાલીશ–(૧૯૪૩)ના માગશર વદી બીજને દિવસે બાદરમલ્લે મોહનમુનિજીપાસે ચારિત્ર લીધું. (૭૧) "સંવેગી દીક્ષાથી માંડીને પાળેલા ચારિત્રથી ઉત્પન્ન થયેલા યશને આજે કાંતિનો યોગ મળી ગયો." એમ ધારીનેજ કે શું ! મોહનમુનિજીએ બાદરમલ્લનું સાધુપણાનું "કાંતિમુનિ" એવું નામ પાડ્યું. (૭૨) દીક્ષોત્સવ થયા પછી બે શિ-

पञ्चतीर्थीं तथान्यानि तीर्थान्यासेव्य भावतः ॥
सशिष्या मुनिवर्यास्ते पुरं योधपुरं ययुः ॥ ७४ ॥
तत्र कान्तिमुनेस्तेऽथ छेदोपस्थापनं व्यधुः ॥
श्राद्धैस्तदानीं विदध उत्सवो भावतो महान् ॥७५॥
तत्रोपरोधात्कार्याच्च स्थित्वा मासत्रयं ततः ॥
प्रापुः पुरीं फलवतीं श्राद्धैरभ्यर्थिता नृशम् ॥ ७६ ॥
गमनागमने पूर्व–मत्राहं बहुशोऽवसम् ॥
वर्षावासः पुनर्नास्मि–न्नद्ययावदभूत्किल ॥ ७७ ॥
इति संचिन्त्य मनसि श्राद्धाशां मोहनर्षयः ॥
अपूरयन्यतः सन्तः प्रमाद्यन्त्युचिते नहि ॥ ७८ ॥

ષ્યોની જોડે અનુક્રમે વિહાર કરતા મોહનમુનિજીએ આબુ પર્વતઉપર જઈને ત્યાંના જીનેશ્વર મહારાજને વાંદ્યા. (૭૩) ત્યાંથી પંચતીર્થીની તેમજ બીજાપણ તીર્થોંની ભાવથી યાત્રા કરીને મોહનમુનિજી તથા તેમના શિષ્ય જોધપુરમાં આવ્યા. (૭૪) ત્યાં સારા મુહૂર્તઉપર મોહનમુનિજીએ કાંતિમુનિજીને વડી દીક્ષા આપી. તે વખતે ત્યાંના શ્રાવકોએ ભાવથી મોટો ઉત્સવ કર્યો. (૭૫) રાગી શ્રાવકોનો ઘણો આગ્રહ થવાથી તથા વડી દીક્ષા વિગેરે ધર્મકાર્યપણ હોવાથી ત્યાં મોહનમુનિજીનો ત્રણ મહિના સૂધી મુકામ થયો. પછી ફલોદીના શ્રાવકોએ ઘણી વિનતિ કરી તેથી તે જોધપુરથી ત્યાં પધાર્યા. (૭૬) "જતાં આવતાં મારો આ ગામમાં ઘણીવાર મુકામ થયો, પણ આજ સૂધી અહીં ચોમાસું કરવાનો યોગ આવ્યો નહોતો." એમ મનમાં વિચારીને શ્રાવકોના મનમાં ચોમાસું રાખવાની ઇચ્છા હતી તે, મોહનમુનિજીએ પૂરી કરી. ઠીકજછે, સત્પુરૂષો ઉચિતકામમાં પ્રમાદ કરતા નથી. (૭૭–૭૮) સંવત્ ઓગણીશેં તેતાલીશ–(૧૯૪૩)માં શુદ્ધ ચારિત્રના ધણી એવા મોહનમુનિજીએ તે-

गुणाब्धिनन्दभूमाने (१९४३) वत्सरे ते सुसंयताः ॥
त्रयोदशीं चतुर्मासी–मूषुः फलवतीपुरे ॥ ७९ ॥
सर्वान्नीनोऽपि सुहितो मिष्टमप्यन्नमुज्झति ॥
परं फलवतीसंघ–स्तृप्तोऽप्योज्झन्न तान्गुरून् ॥ ८० ॥
पुण्याहेऽथ विजह्रुस्ते शिष्याभ्यां सहिता मुदा ॥
पुरं जेसलमेराख्यं जग्मुश्च स्पर्शनावशात् ॥ ८१ ॥
ततो निवृत्ता निषेव्य पञ्चतीर्थीं विशुद्धिदाम् ॥
भूयो ववन्दिरे भावा–दर्बुदे तीर्थनायकान् ॥ ८२ ॥
अथावतरतां तेषा–मर्बुदाद्रेरुपत्यकाम् ॥
मुनिवेषधरः कश्चि–द्भव्यो दृष्टिपथं ययौ ॥ ८३ ॥
आगत्यासौ मोहनाङ्घ्रि–पङ्कजान्यभ्यवन्दत ॥
शातमापृच्छ्य पुरतो–ऽतिष्ठच्च विनयान्वितः ॥ ८४ ॥

૨મું ચોમાસું ફલોદીમાં કર્યું. (૭૯) ખાધડ (બહુખાનાર) માણસ પણ તૃપ્ત થાય ત્યારે લાડુ વિગેરે મિષ્ટ પદાર્થોને પણ ભાણામાં પડતાં મૂકી દેછે; પણ ફલોદીનો સંઘતો મોહનમુનિજીનું દેશનારૂપ અમૃત નિરંતર પીને ધરાયો હતો તોપણ તેમને મૂકી શક્યો નહીં. (૮૦) પછી સારાં મુહૂર્તપર જસમુનિજી અને કાંતિમુનિજી એઓને સાથે લઇને ફલોદીથી વિહાર કરી ફર્સના હોવાથી મોહનમુનિજી જેસલમેરમાં પધાર્યા. (૮૧) ત્યાંથી પાછા આવતાં જીવનો કર્મમળ દૂરકરનારી પંચતીર્થીની યાત્રા પ્રથમ કરીને બીજીવાર તે આબુજી ઉપર શ્રીજીનેશ્વર મહારાજને વાંદવા વાસ્તે ગયા. (૮૨) આબુજીની યાત્રા કરીને મોહનમુનિજી નીચે ઉતરતા હતા એટલામાં મુનિનો વેષ ધારણ કરનારો એક ભવ્યજીવ તેમની નજરે આવ્યો. (૮૩) પછી તેણે પાસે આવીને મોહનમુનિજીને વંદના કરી, અને શાતા પૂછીને આગળ વિનય સાચવી ઉભો રહ્યો.

सरलप्रकृतिर्बोध–योग्योऽयमिति निश्चयात् ॥
ऊचे तैर्मुनिभिः किं त्व–मेकाकी पर्यटन्नसि ॥ ८५ ॥
स प्राह गीतार्थो वेषः स्वयमेवायमादृतः ॥
कर्मनिर्मूलनार्थं च तीर्थयात्रां करोम्यहम् ॥ ८६ ॥
गुरवः प्रोचिरे भव्य धीरोऽसि मतिमानसि ॥
संविग्नोऽसि परं किंचि–त्कथयामि शृणुष्व तत् ॥८७॥
यथोत्पथचरो वाहो विना सूतं विनश्यति ॥
तथा चारित्रीह युवा सद्गुरूनन्तरा ध्रुवम् ॥ ८८ ॥
देवे गुरौ च धर्मे चे–द्भूयो निरतिचारिणी ॥
सफलं तर्हि कर्मात्र दृष्टान्तं लौकिकं शृणु ॥ ८९ ॥
कानने क्वचिदेकान्त आसीदेकः शिवालयः ॥
तत्रैकः शबरो नित्य–मागत्यापूजयच्छिवम् ॥ ९० ॥

---

(८४) "તે પ્રકૃતીનો સરલ અને બોધ કરવા લાયક છે," એવી ખાત્રી થવાથી મોહનમુનિજીએ તેને પૂછયું કેઃ–"તું એકલો કેમ વિહાર કરેછે?" (૮૫) તેણે કહ્યુંઃ–"અહો ગીતાર્થ મુનિરાજ ! આ સાધુનો વેષ પોતેજ લઈને કર્મનું નિર્મૂલન કરવા વાસ્તે હું તીર્થયાત્રા કરૂં છું." (૮૬) તે સાંભળી મોહનમુનિજીએ કહ્યું કે, "હે ભવ્ય ! તું ધીર, બુદ્ધિમાન્ અને સંવિગ્ન (મુક્તિની ઇચ્છા કરનારો) એવો છે," પણ કંઇ કહેવા લાયક છે, તે તને હું કહું છું, સાંભળ. (૮૭) જેમ ઉન્માર્ગે ચાલનારો ઘોડો સારથિ ન હોય તો નાશ પામેછે; તેમ આ જગતમાં ચારિત્રી થએલો જવાન પુરૂષ સદ્‌ગુરૂનું આલંબન ન હોય તો જરૂર કલંક પામેછે. (૮૮) દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ ઉપર જો નિરતિચાર શ્રદ્ધા હોય તો, જીવે કરેલી ધર્મકરણી સફળ થાયછે. એ વાત ઉપર લૌકિક દૃષ્ટાંત સાંભળ. (૮૯) "કોઈ જંગલમાં એકાંત જગ્યાએ એક શિવમંદિર હતું, ત્યાં એક ભિલ્લ

अनन्निज्ञो जातिहीनो–ऽप्यसौ श्रद्धासमन्वितः ॥
पुष्पाएयवचिनोत्यादौ गत्वाटव्यां यथारुचि ॥ ९१ ॥
स्नात्वार्द्रवपुरम्भोभि–र्मुखमापूर्य सत्वरम् ॥
पादेन शिवनिर्माल्यं निपातयति लीलया ॥ ९२ ॥
तिष्ठन्गएडूषपातेन स्नपयित्वा शिवं रयात् ॥
पुष्पाणि मस्तके क्षिप्त्वा याति शीघ्रं यथागतम्॥९३॥
विप्रोऽपि कश्चिदायाति शिवपूजार्थमन्वहम् ॥
विधिनार्चति गौरीशं स्तुत्वा नत्वा च गच्छति ॥ ९४ ॥
प्रातरायाति विप्रोऽसौ तदा पूजां स्वयंकृताम् ॥
निष्काशितां नवीनां च रचितामवलोकते ॥ ९५ ॥

રોજ રોજ આવીને શંકરની પૂજા કરતો હતો. (૯૦) જો પણ તે ભિલ્લ પૂજા વિગેરેની વિધીનો અજાણ તથા જાતનો નીચ હતો, તોપણ તેની મહાદેવ ઉપર શ્રદ્ધા ઘણી હતી, તે દરરોજ સવારમાં મોટા જંગલમાં જઇને પોતાને ગમતાં ફૂલ વીંણીને એકઠાં કરે, પછી તળાવમાં ન્હાઇને ભીને ડિલેજ મોઢામાં પાણીનો કોગળો ભરીને જલદીથી મંદિરમાં આવે, તથા જેમ બાલક રમતો હોય તે પ્રમાણે પગે કરીને મહાદેવના માથાઉપરથી નિર્માલ્ય કાઢી નાંખે, અને ઉભોઉભોજ શિવજીપર કોગળો નાંખીને તેને ન્હવરાવે, એટલુંજ નહીં, પણ ઉતાવળથી માથાઉપર ફૂલનો ઢગલો ફેંકી દઇને જેમ આવ્યો તેમ પાછો ચાલ્યો જાય. (૯૧–૯૨–૯૩) તેમજ એક બ્રાહ્મણ પણ ત્યાં શિવજીની પૂજા કરવા માટે નિરંતર આવતો હતો. તે તો શાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે મહાદેવની પૂજા કરે, અને છેવટ સ્તુતિ તથા નમસ્કાર વિગેરે કરીને પાછો જાય. (૯૪) સવારમાં બ્રાહ્મણ પહેલો પૂજા કરવા આવે, ત્યારે પોતે કરેલી આગલા દિવસની પૂજા કાઢી નાંખી કોઇ પુરૂષે નવી તુરતની કરેલી પૂજાને જુવે. (૯૫)

कोऽयं धृष्टः पूर्वकृतां पूजां निष्काश्य हेलया ॥
आरण्यकानि पुष्पाणि क्षिपति स्थाणुमूर्धनि ॥ ९६ ॥
इति संचिन्त्य कोपात्स तस्थौ तं प्रति पालयन् ॥
शबरोऽपि यथापूर्व–मागत्यापूजयच्छिवम् ॥ ९७ ॥
निर्याते शबरे विप्रो रोषारुणितलोचनः ॥
शिवं निर्भर्त्सयामास वचोभिर्निष्ठुरैर्नृशम् ॥ ९८ ॥
ततः शिवोऽवदद्विप्र–मविनीतोऽप्यसौ द्विज ॥
श्रद्धालुर्भक्तिमांश्चेति तुष्याम्यस्यार्चया नृशम् ॥९९॥
प्रातः श्रद्धास्य द्रष्टव्ये–त्येवं श्रुत्वा शिवोदितम् ॥
विप्रोऽगाद्दुर्मनाः प्रातः पुनरागाद्दिदृक्षया ॥ १०० ॥
द्वारमुद्घाट्य नत्वा च शिवमूर्तिमवेक्षते ॥
दक्षिणं नयनं ताव–दस्या उत्कृत्तमैक्षत ॥ १०१ ॥

તે જોઇ એક દિવસે બ્રાહ્મણે વિચાર કર્યો કે. "કોણ એવો ધીઠો પુરૂષ છે? કે જે મારી પહેલાં કરેલી પૂજાને કાઢી નાંખી મહાદેવના માથાઉપર આ જંગલી ફૂલો ચઢાવેછે. (૯૬) એમ વિચારીને ઘણો રોષ આવ્યાથી તે બ્રાહ્મણ પૂજા કાઢી નાંખનારની ત્યાં વાટ જોતો રહ્યો. એટલામાં ભિલ્લપણ રોજની પેઠે આવીને શિવજીની પૂજા કરી. (૯૭) ભિલ્લ પાછો ગયો ત્યારે તે બ્રાહ્મણે રોષથી આંખો લાલચોળ કરીને નિષ્ઠુરવચનથી શિવજીની ઘણી નિર્ભર્ત્સના કરી. (૯૮) પછી મહાદેવે બ્રાહ્મણને કહ્યું કે, હે બ્રાહ્મણ! એ ભિલ્લ વિનયરહિત છે, તોપણ મારાઉપર શ્રદ્ધા અને રાગ ઘણો રાખેછે. માટે એની પૂજાથી હું ઘણો રાજી થાઉં છું. (૯૯) એની શ્રદ્ધા કેટલીછે, તે તારે જોવી હોય તો કાલે સવારે જોજે. એવું શિવજીનું વચન સાંભળીને બ્રાહ્મણ મનમાં વિલખો થઇને ઘેર ગયો, અને સવારમાં ચમત્કાર જોવાની ઇચ્છાએ પાછો ત્યાં આવ્યો.(૧૦૦) મંદિરનાં બારણા ઉઘાડી

अनर्चनीया नन्नेयं प्रतिमेत्यपसृत्य सः ॥
दूरेऽस्थाद्ब्बरं द्रष्टुं नृशमुत्सुकमानसः ॥ १०२ ॥
आगत्य शबरो मूर्तिमद्भिद्दीनां विलोक्य च ॥
निजमुत्कृत्य नयनं तस्यां शीघ्रं न्यवेशयत् ॥ १०३ ॥
ततः प्रसन्नः शबरा–नीष्टं शंनुरपूरयत् ॥
विप्रस्तु विमनाः श्रद्धा–माहात्म्यमबुधत्स्वयम्॥१०४॥
एवं त्वमपि देवादि–त्रिके श्रद्धायुतो नव ॥
आज्ञावर्ती सद्गुरूणां नूत्वा सुखमवाप्नुयाः ॥ १०५ ॥
श्रुत्वैतद्वचनं सोऽथ गुरवः शरणं मम ॥
इत्युक्त्वा मोहनमुनि–चरणान् नावतोऽनमत्॥१०६॥
स्वयमादृतवेषाय तस्मै दीक्षां यथाविधि ॥
दद्युर्मुनिवरास्तेऽथ खराडीसंनिवेशने ॥ १०७ ॥

નમસ્કાર કરીને શિવજીની મૂર્તિ તરફ જુવેછે, એટલામાં તેની જમણી આંખ ઉખેડી નાંખેલી બ્રાહ્મણની નજરે પડી. (૧૦૧) તે જોતાં વેંતજ "એ ભાંગેલી પ્રતિમા દર્શન તથા પૂજા કરવા લાયક નથી," એમ વિચારીને બ્રાહ્મણ એકતરફ ખૂણામાં જઇ બેઠો, અને ઘણી ઉત્સુકતાથી ભિક્ષની વાટ જોતો રહ્યો. (૧૦૨) એટલામાં તે ભિક્ષ આવ્યો, અને મહાદેવની જમણી આંખ કોઇએ ઉખેડી નાંખેલી જોતાંજ તુરત તેણે પોતાની જમણી આંખ કાઢીને તે ઠેકાણે બેસાડી. (૧૦૩) તેથી પ્રસન્ન થયેલા મહાદેવે ભિક્ષના ઇષ્ટ મનોરથ પૂર્ણ કર્યા, અને બ્રાહ્મણે તો મનમાં ખેદ પામીને શ્રદ્ધાનું માહાત્મ્ય કેટલું છે, તે પોતે જાણ્યું." (૧૦૪) એ રીતે તુંપણ દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ વસ્તુ ઉપર ઘણી શ્રદ્ધા રાખ, અને સદ્‌ગુરૂની આજ્ઞામાં રહીને સુખી થા." (૧૦૫) એવું મોહનમુનિજીનું વચન સાંભળીને તેણે "આપ સદ્‌ગુરૂ મને શરણ છો," એમ કહી મોહનમુનિજીનાં ચરણકમલને ભાવથી વાંદ્યાં. (૧૦૬) જેણે પોતાની

यतोऽस्य दीक्षावसरे ननन्दुरखिला जनाः ॥
ततो हर्षमुनिर्नूया–न्नाम्नायमिति तेऽब्रुवुः ॥ १०८ ॥
अब्ध्येंब्धिनन्दनूमाने वैक्रमे वत्सरे शुभे ॥
चैत्रे सिते तथाष्टम्यां ललौ हर्षमुनिर्व्रतम् ॥ १०९ ॥
यशःकान्ती लभेयातां सुकृतैः पूर्वसंचितैः ॥
हर्षः संगच्छेत तत्र यदि तद्युक्तमेव तत् ॥ ११० ॥
शिष्यत्रययुतास्तेऽथ संविग्ना मोहनर्षयः ॥
विहरन्तः क्रमाद्राज–नगरं समवाप्नुवन् ॥ १११ ॥
धर्मक्रियासु कुशलान् श्राद्धांस्तत्र विवेकिनः ॥
दृष्ट्वापरिमितं मोद–मासदंस्ते सुसंयताः ॥ ११२ ॥
दृष्ट्वा क्षेत्रं गुणोपेतं श्रावकान्निपुणांस्तथा ॥
रागिणामुपरोधं च वर्षावासं प्रपेदिरे ॥ ११३ ॥

મેળેજ સાધુનો વેષ લીધો એવા તે ભવ્યજીવને મોહનમુનિજીએ શાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે આનંદથી ખરાડી ગામમાં દીક્ષા આપી. (૧૦૭) "એની દીક્ષાને અવસરે બધા લોકો હર્ષ પામ્યા, માટે એનું "હર્ષમુનિ" એવું નામ થાઓ" એ રીતે મોહનમુનિજીએ કહ્યું. (૧૦૮) સંવત્ ઓગણીસેં ચુમાળીશ–(૧૯૪૪)ના ચૈત્ર સુદી આઠમને દિવસે ખરાડી ગામમાં હર્ષમુનિજીનો દીક્ષોત્સવ થયો. (૧૦૯) યશ અને કાંતિ એ બે વાંનાં જ્યાં હોય ત્યાં હર્ષ પોતાની મેળે આવે તે વાત ઉચિતજ છે, એટલે મોહનમુનિજીના બીજા ચેલા જસમુનિજી, ત્રીજા કાંતિમુનિજી અને ચોથા હર્ષમુનિજી થયા. (૧૧૦) પછી સંવેગી એવા મોહનમુનિજી અનુક્રમે વિહાર કરતા ત્રણ શિષ્યોની જોડે અમદાવાદ આવ્યા. (૧૧૧) ત્યાંના શ્રાવકો ધર્મકરણી કરવામાં કુશળ અને ઘણા વિવેકી છે, એમ જોઈને મોહનમુનિજીને પારવિનાનો આનંદ થયો. "સાધુને ચોમાસું રહેવા લાયક

यथापूर्वमभूत्तत्र चतुर्मासी निरत्यया ॥
तपस्या विविधा यस्मा–त्तत्रत्यानां हि सा प्रिया॥११४॥
ततः सिद्धाचलं गन्तु–मैच्छंस्ते मुनिपुङ्गवाः ॥
परं हर्षमुनेर्गात्रे वाताऽदभवद्रुजा ॥ ११५ ॥
यशोमुनिं वैयावृत्त्य–कृते तत्र न्यवासयन्॥
स्वयं च कान्तिमुनिना विजह्रुर्मोहनर्षयः ॥ ११६ ॥
वेदार्णवाङ्कभूमाने (१९४४) वत्सरे राजपत्तने ॥
चतुर्दशीं चतुर्मासीमूषुस्ते मुनिनायकाः ॥ ११७ ॥
गच्छन्तो भोयनीवासि–मल्लिनाथं च वर्त्मनि ॥
अभिवन्द्य तथान्यानि तीर्थान्यासेव्य भावतः॥११८॥

જેજે ક્ષેત્રો કહ્યાંછે, તેમાંના ઘણા ખરા ગુણ અમદાવાદમાં છે," એમ જોઇને તથા ધર્મક્રિયામાં નિપુણ અને રાગી એવા ત્યાંના શ્રાવકો ચોમાસું રહેવા માટે આગ્રહ કરેછે, તે વાત પણ ધ્યાનમાં લઇને મોહનમુનિજીએ ત્યાં ચોમાસું કરવાનું નક્કી કર્યું. (૧૧૨–૧૧૩) પહેલાંની પેઠે અમદાવાદનું ચોમાસું પણ કોઇ જાતના અંતરાયવગર પાર પડ્યું, અને ત્યાં જાત જાતની તપસ્યા પણ થઈ. કારણકે, ત્યાંના લોકોને બીજી ધર્મક્રિયાઓ કરતાં તપસ્યાજ ઘણી વહાલી લાગેછે. (૧૧૪) ચોમાસું ઉતર્યા પછી મોહનમુનિજીને સિદ્ધાચલજીની યાત્રા કરવાની ઇચ્છા થઈ, પણ તેટલામાં વાયુના વિકારથી હર્ષમુનિજીના શરીરે મંદવાડ થયો. (૧૧૫) ત્યારે જસમુનિજીને હર્ષમુનિજીનું વેયાવચ્ચ કરવાવાસ્તે રાખીને મોહનમુનિજી પોતે કાંતિમુનિજીને જોડે લઇને વિહાર કરી ગયા. (૧૧૬) સંવત્ ઓગણીસેં ચુમાલીશ–(૧૯૪૪)માં મોહનમુનિજીએ ચૌદમું ચોમાસું અમદાવાદમાં સુખે કર્યું. (૧૧૭) પછી અમદાવાદથી નીકળેલા મોહનમુનિજી વિહાર કરતાં ભોયણીમાં શ્રીમલ્લિનાથ ભગવાનને વાંદીને તથા રસ્તામાં

तत्र तत्र निवासेन कृत्वा धर्मपरान्नरान् ॥
क्रमात्सिद्धाचलं दृष्ट्वा सिद्धार्थं जन्म मेनिरे ॥ ११९ ॥
एकोनशतयात्रास्ते पूर्वोद्दिष्टाः प्रचक्रिरे ॥
सुकृतोदयतस्तत्र नान्तरायस्तु कोऽप्यभूत् ॥ १२० ॥
तदा कान्तिमुनिः श्रीम–द्गुरूणां सेवयानिशम् ॥
समयं यापयामास वैयावृत्त्यं हि दुर्लभम् ॥ १२१ ॥
एकोनशतयात्रासु पूर्णास्वथ समन्ततः ॥
विहृत्य वर्षावसतिं पुनः सिद्धगिरौ व्यधुः ॥ १२२ ॥
सत्तीर्थसांनिध्यात्तत्र सद्गुरूणां च लाभतः ॥
भविका बहवो जीवा–श्चतुर्मासीं तदावसन् ॥ १२३ ॥
श्रीमोहनमुखोद्भूतां सुधां श्रवणगोचराम् ॥
जपत्यकाया ऽदृष्टव्यं सिद्धाद्रिं दृक्सुधां तथा ॥ १२४ ॥

આવેલા બીજાપણ તીર્થોની ભાવથી યાત્રા કરીને તેતે ઠેકાણે ભવ્યજીવોને પ્રતિબોધ કરતા અનુક્રમે સિદ્ધગિરિ ક્ષેત્રમાં આવ્યા, અને ત્યાં ભગવાનનાં દર્શન કરીને તેમણે પોતાનો મનુષ્યભવ સફળ માન્યો. (૧૧૮–૧૧૯) મોહનમુનિજીનો નવાણું યાત્રા કરવાનો વિચાર પ્રથમથીજ હતો, તે પ્રમાણે તે તેમણે શરૂ કરી. પૂર્વભવના પુણ્યનો ઉદય હોવાથી તે યાત્રામાં કોઇપણ જાતનો અંતરાય આવ્યો નહીં. (૧૨૦) તે વખતે કાંતિમુનિજી, ગુરૂમહારાજ મોહનમુનિજીનું વેયાવચ્ચ કરવામાંજ ઘણો ખરો વખત ગાળતા હતા. ઠીકજ છે, સદ્‌ગુરૂનું વેયાવચ્ચ મળવું ઘણું દુર્લભ છે. (૧૨૧) નવાણું યાત્રા પૂરી થઇ ત્યારે આસપાસ કેટલાક દિવસ વિહાર કરીને મોહનમુનિજી પાલીતાણામાં ચોમાસું રહ્યા. (૧૨૨) પાલીતાણા જેવું તીર્થ અને મોહનમુનિજી જેવા સદ્‌ગુરૂ એ બે વસ્તુનો લાભ થવાથી ઘણા ભવ્યજીવો ત્યાં ચોમાસું કરવામાટે રહ્યા. (૧૨૩) મોહનમુનિજીના મુખથી

पिबन्तः श्रावका एक–सुधापानान् दिवौकसः॥
जहसुः सत्तीर्थगुर्वोः सेवया किं सुदुर्लभम् ॥ १२५ ॥
महाव्रतनदीश्वरैरङ्कधरणी मिते वत्सरे ॥
निषेव्य मुनिमोहनाङ्घ्रिकमलं मुदा नावुकाः ॥
यथासुखमयापयन्व्रतरताश्चतुर्मासकम्
झटित्यघहरे तदा विमलगिर्युपान्त्ये पुरे ॥ १२६ ॥

इति श्रीमत्पदवाक्यप्रमाणपारावारीण–विद्वन्मुकुटालंकार–श्री बालकृष्णनाम्नावच्चरणारविन्दमिलिन्दायमानान्तेवासिनः कानडोपाह्व-गोविन्दात्मज–दामोदरस्य कृतौ शाङ्के मोहनचरित एकादशादि–पञ्चदशावधि चातुर्मास्यवर्णनं नाम सप्तमः सर्गः ॥ ७ ॥

નીકળેલું દેશનારૂપી અમૃત કાનવડે પીને તથા તલેટી ઉપરથી દર્શન કરાય એવા સિદ્ધગિરિરૂપી અમૃત દૃષ્ટિથી ચાખીને ચોમાસું રહેલા ભવ્યજીવોએ એકજ જાતનું અમૃત પીનારા દેવતાઓનો તિરસ્કાર કર્યો. ઠીકજ છે, સારૂં તીર્થ અને સારા ગુરૂ એમની સેવાથી શી વસ્તુ દુર્લભ છે? (૧૨૪–૧૨૫) સંવત્ એગણીસેં પિસ્તાલીશ–(૧૯૪૫)માં મોહનમુનિજીના ચરણની સેવાથી ભવ્યજીવોએ પાલીતાણામાં સુખે ચોમાસું કર્યું. (૧૨૬)

(સાતમા સર્ગનો બાલાવબોધ સમાપ્ત.)

॥ अथाष्टमः सर्गः ॥

शंभुर्मुक्तिसुखप्राप्ति–हेतुत्वाद्यः प्रकीर्त्यते ॥
स आद्यनाथो भवतां सुमतिं ददताद् द्रुतम् ॥ १ ॥
अथ श्रीमोहनमुनि– कीर्तिदूती धरातले ॥
परिभ्रमन्ती संप्राप पत्तनं सुरताभिधम् ॥ २ ॥
मन्त्रयित्वाथ किमपि श्रावकश्रवयोरसौ ॥
वशीचकार तान्दौत्यं परं संवननं यतः ॥ ३ ॥
मिलित्वा तेऽथ सिद्धाद्रिं सद्गुरूंश्चाभिवन्दितुम् ॥
प्रतस्थिरेऽल्पपुण्यानां योगोऽयमतिदुर्लभः ॥ ४ ॥
विमलाद्रिपुरे श्रीम–न्मोहनाङ्घ्रिसरोरुहम् ॥
अभिवन्द्याध्यरोहंस्ते श्रावका विमलाचलम् ॥ ५ ॥

સર્ગ આઠમો.

ભાવથી પૂજા કરનારા ભવ્યજીવોને મુક્તિસુખના દાતાર હોવાથી "શંભુ" એવા નામથી જે ઓળખાયછે, તે આદિનાથભગવાન્ તમને શીઘ્ર ભલી મતિ આપો. (૧) પછી મોહનમુનિજીની કીર્તિરૂપ દૂતી (સંદેશો પહોંચાડનારી સ્ત્રી) જગત્માં ચારે તરફ ભમતી સુરત શહેરમાં આવી. (૨) તેણે કાનમાં કંઈ વાતચિત કરીનેજ કે શું? બધા શ્રાવકોને વશ કર્યા. ઠીકજ છે, જાસૂદનું કામ એવું છે કે, તેનાથી ચઢતું બીજું કોઇપણ વશીકરણ દુનયામાં નહીં હશે. (૩) પછી સુરતના શ્રાવકો ભેગા થઇ સિદ્ધાચલજીને તથા સદ્ગુરૂ શ્રીમોહનમુનિજીને વાંદવા વાસ્તે સુરતથી નીકળ્યા. જેની ગાંઠે પુણ્ય ઓછું હોય, એવા લોકોને તીર્થયાત્રા કરવાનો તથા સદ્ગુરૂને વાંદવાનો યોગ મળવો બહુજ દુર્લભ છે. (૪) પાલીતાણામાં આવી તેમણે પ્રથમ મોહનમુનિજીનાં ચરણકમલને

अथ श्रीमोहनमुनीन् विनीतास्ते व्यजिज्ञपन् ॥
श्रीमद्भिः सूर्यनगरं पाव्यतां पादपांसुभिः ॥ ६ ॥
आगामिनी चतुर्मासी श्रीमच्चरणसेवया ॥
नूयान्नः सफलेत्येवं चिरमाशास्महे वयम् ॥ ७ ॥
एवमभ्यर्थिताः श्राद्धैः प्रत्यूचुर्मोहनर्षयः ॥
यत्र स्यात्स्पर्शना तत्र जीवोऽयं नीयते बलात् ॥ ८ ॥
आरभ्य कार्तिक्या यात्रा यावन्त्यो मनसीप्सिताः ॥
तासु पूर्णासु गुरवो बभूवुर्विजिहीर्षवः ॥ ९ ॥
तदावसरमालोक्य विज्ञप्तास्ते पुनः पुनः ॥
प्रपेदिरे श्राद्धवचो नावः किं विफलो भवेत् ॥ १० ॥

વાંધાં, ત્યારપછી તે શ્રાવકો ડુંગરઉપર યાત્રા કરવા ગયા. (૫) શક્તિમાફક યાત્રાઓ કરીને તેમણે વિનયથી નમીને મોહનમુનિજીની આ રીતે વિનતિ કરી કેઃ–"ગુરૂમહારાજ ! આપસાહેબ ચરણકમળની રજથી સુરત શહેરને પવિત્ર કરો." (૬) ઘણા દિવસ થયા, અમે આશા રાખીએ છીએ કેઃ–"આપસાહેબના ચરણકમલની શક્તિમાફક સેવા કરીને આવતું ચોમાસું સફળ કરીશું." એ પ્રમાણે સુરતના શ્રાવકોએ વિનતિ કરી ત્યારે મોહનમુનિજીએ જવાબ આપ્યો કેઃ–"જ્યાં જીવની ફર્સના હોય, ત્યાં તેનું કર્મ બલાત્કારથી પણ લઇ જાયછે." ચોમાસું ઉતર્યા પછી કાર્તિકી પુનેમથી માંડીને જેટલી ડુંગરની યાત્રાઓ કરવાની મોહનમુનિજીએમનમાં ધારી હતી, તેટલી પૂરીથઇ ત્યારે તેમણે પાલીતાણેથી વિહાર કરવાનો વિચાર કર્યો. (૯) તેસમયે અવસર જાણીને સુરતના શ્રાવકોએ ફરીથી વિનતિ કરી, ત્યારે તે મોહનમુનિજીએ કબૂલ કરી. બરાબર છે, ભવ્યજીવોના મનમાં રહેલો ભાવ (શુદ્ધ પરિણામ) સ-

प्राक्तनं सुकृतं येषा–मुदियाय सुकर्मणाम् ॥
ते तान्विहरतः सेव–माना अनुययुः पथि ॥ ११ ॥
विहारक्रमतः प्राप्ता गुरवः स्तम्भनं पुरम् ॥
तत्र श्रीपार्श्वमानम्य नृगुकच्छमथासदन् ॥ १२ ॥
सुव्रतस्वामिपादाब्जं नत्वा तत्र मुनीश्वराः ॥
सुश्रावकैर्युताः सूर्य–पुरप्रान्ते पदं न्यधुः ॥ १३ ॥
तदा सूर्यपुराच्छ्रुत्वा गुरूंस्तानभिवन्दितुम् ॥
आयातास्तान्समालोक्य प्रमोदं घनमासदन् ॥१४॥
प्रशंसद्भिस्ततः सूर्य–पुरस्थैः श्रावकैर्युताः ॥
सुलग्ने गात्रसहिता गुरवः प्राविशन्पुरम् ॥ १५ ॥
तदा मङ्गलगीतेन वादित्राणां रवेण च ॥
जयघोषेण भव्याना–मभूद्ध्वनिमयं पुरम् ॥ १६ ॥

ફળ થયા વગર રહેતોજ નથી. (૧૦) જે લઘુકર્મી જીવોનું પૂર્વભવમાં ઉપાર્જેલું સુકૃત તે વખતે ઉદય પામ્યું, તે ભવ્યજીવો મોહનમુનિજીએ પાલીતાણેથી વિહાર કર્યો ત્યારે સેવામાં તત્પર રહીને પગરસ્તેજ તેમની સાથે ગયા. (૧૧) પછી અનુક્રમે વિહાર કરતા મોહનમુનિજી ખંભાતમાં શ્રીથંભણ પાર્શ્વનાથને નમીને ભરૂચ શહેરમાં આવ્યા. (૧૨) ત્યાં શ્રીસુવ્રત સ્વામીના ચરણકમલને તેમણે વાંદ્યા. પછી સુરતના શ્રાવકોએ ઘણું આદરમાન કર્યું, ત્યારે તેમણે પોતાના શિષ્યોને જોડે લઇ સુરતપ્રાંતમાં પગલાં કર્યાં. (૧૩) ત્યારે ગુરૂમહારાજ શ્રીમોહનમુનિજીને વાંદવા વાસ્તે સુરતથી આવેલા ઘણા શ્રાવકો એમને જોઇને બહુ આનંદ પામ્યા. (૧૪) પછી સુરતના શ્રાવકોએ વખણાયલા મોહનમુનિજીએ સારા મુહૂર્તઉપર આનંદથી પોતાના શિષ્યો સહિત સુરત શહેરમાં પ્રવેશ કર્યો. (૧૫) તે

वातायनस्थवामानां विकचैर्मुखपङ्कजैः ॥
मुनीनां मूर्ध्नि पुष्पाणि किरन्तीव पुरी बभौ ॥ १७ ॥
जैनविद्योत्तेजिकया पर्षदागमवर्त्मनि ॥
नृत्यन्तीव पुरी रेज–ज्जृम्भितैर्ध्वजतोरणैः ॥ १८ ॥
अथ सर्वगुणोपेते क्षेत्रे तस्मिन्विचक्षणाः ॥
धर्मबोधं वितन्वाना न्यवसन्मोहनर्षयः ॥ १९ ॥
केषांचित्सुरते रम्ये निरतानामपि क्षणात् ॥
देशतो विरतिर्जज्ञे सद्गुरूणां प्रसादतः ॥ २० ॥
कश्चिद्द्रव्यपरीणामं कश्चिद्दिग्विरतिं तदा ॥
एवं सद्गुरुतः श्राद्धाः प्रत्याख्यानं ललुर्मुदा ॥ २१ ॥

વખતે સ્ત્રિયેાનાં ધવલગીત તથા વાજિંત્રના મધુરશબ્દેા અને સાથે ચાલનારા શ્રાવકવર્ગોએ કરેલેા જયઘેાષ એ ત્રણવડે કરીને આખી સુરત ધ્વનિમય થઇ ગઇ. (૧૬) મેાહનમુનિજીને જોવાવાસ્તે ગેાખમાં બેઠેલી સ્ત્રિયેાના ખીલેલા મુખરૂપી કમલને જોઇને એવી કલ્પના થાયછે કે, ગુરૂમહારાજના ચરણ ઉપર તે નગરી કમલ પુષ્પની વૃષ્ટિજ કરતી હેાયની શું? (૧૭) તે વખતે જૈનવિદ્યોત્તેજક સભાએ જે રસ્તે મહારાજજી પધારવાના હતા તે રસ્તેા વાવટા તથા તેારણ વિગેરેથી શણગાર્યો હતેા. તેથી એમ લાગેછે કે, વાવટાનું તથા તેારણનું બહાનું કરીને તે નગરી મેાહનમુનિજી પધારવાના તે હર્ષથી જાણે નાચતીજ હતી કે શું? (૧૮) જેમનેા સુરતમાંજ હમેશાં નિવાસ એવા લેાકેાને પણ સદ્‌ગુરૂનેા લાભ થવાથી દેશવિરતિ (શ્રાવકનાં વ્રત) લેવાની ઇચ્છા થઇ. ઠીકજ છે, સત્પુરૂષના સમાગમથી શું ન મળે? (૧૯) પછી આગમમાં કહેલા બધા ગુણ જેની અંદર રહ્યા છે, એવા તે સુરત ક્ષેત્રમાં સાધુની ક્રિયામાં ઘણા વિચક્ષણ એવા મેાહનમુનિજી ધર્મીલેાકેાને ધર્મલાભ દેતા થકા સુખે રહ્યા. (૨૦) કેાઇએ દ્રવ્ય રાખવાનું પરિમાણ તેા કેાઇએ દશે દિશામાં જવા આવ-

प्रकृत्योदारचित्तास्ते श्राद्धाः सुरतवासिनः ॥
श्रीमोहनपदस्पर्शा–दन्नवन्धर्मतत्पराः ॥ २१ ॥
कषायबहुला धर्म–विमुखाः श्रावका अपि ॥
श्रुत्वा श्रीमोहनर्षीणां देशनां धर्मिणोऽभवन् ॥ २२ ॥
केचिद्ढुण्ढकसंसर्गा–द्भ्रष्टा धर्माज्जिनोदितात् ॥
तेऽपि सद्गुरुसांनिध्या–दन्नवन्प्रतिमार्चकाः ॥ २४ ॥
अथो महेशानवासी कश्चिद्ऊयमनामभाक् ॥
तथापरो मालवीयो राजमल्लाभिधस्तदा ॥ २५ ॥
श्रीमोहनेन्दुसंभूतां पीत्वा सद्देशनासुधाम् ॥
सुखं वैषयिकं सर्वं–ममन्येतां विषोपमम्॥२६॥युग्मम्॥

वानुं એ રીતે ગુરૂમહારાજ શ્રીમોહનમુનિજી પાસેથી ભવ્યજીવોએ આનંદથી પચ્ચખાણ લીધાં. (२१) સુરતના રહીશ લોકો સ્વભાવથીજ ચિત્તના ઉદાર હોયછે, તેમાં શ્રી મોહનમુનિજીના ચરણકમળનો યોગ મળ્યો, ત્યારે તો તે પહેલાં કરતાં પણ વધારે ધર્મકરણી કરવામાં તત્પર થયા. (२२) જે લોકો કેવળ વિષયસુખ ભોગવવામાં તત્પર હતા, અને ધર્મ તે શું, એટલું પણ જાણતા નહોતા, તે લોકો શ્રીમોહનમુનિજીની ધર્મદેશના સાંભળીને ધીમે ધીમે કેવલિભાષિત ધર્મ ઉપર શ્રદ્ધા રાખનારા થયા. (२३) કેટલાક શ્રાવકો ઢુંઢિયાની સોબતથી ભગવાનની પૂજા વિગેરે મૂકી બેઠા હતા, તે લોકો પણ મોહનમુનિજીના સમાગમથી પ્રતિબોધ પામ્યા. (२४) પછી મેસાણાનો ઉજમભાઇ નામનો એક શ્રાવક તથા બીજો માળવાનો રાજમલ્લ નામનો શ્રાવક એ બન્ને જણાઓ તે વખતે મોહનમુનિજીના મુખરૂપી ચંદ્રમાથી નીકળેલું દેશનારૂપી અમૃત પીને "રૂપ, રસ વિગેરે વિષયોવડે જે કંઈ સુખ થાયછે તે બધું વિષતુલ્ય છે," એમ માનવા લાગ્યા. (२५–२६) સંવેગનો લાભ થવાથી ચારિત્ર લે-

संवेगलाभाच्चारित्रं लिप्सुभ्यां मोहनर्षयः ॥
ताभ्यामभ्यर्थिता दीक्षां ददुः संसारतारिणीम् ॥ २७ ॥
विक्रमार्विंशशतक–षट्चत्वारिंशवत्सरे ॥
ज्येष्ठस्य कृष्णैकादश्या–मेष दीक्षोत्सवोऽभवत् ॥२८॥
उद्द्योतनामा प्रथमो द्वितीयो राजनामकः ॥
भूयादित्यवदन्वास–क्षेपे श्रीमोहनर्षयः ॥ २९ ॥
यशःकान्ती हर्षराजा–उद्द्योतश्चेति पञ्चकम् ॥
यदीयपादसंलग्नं तन्माहात्म्यं ब्रुवे कियत् ॥ ३० ॥
चतुर्मास्यां प्रवृत्तायां मुनिमोहनदेशनाम् ॥
श्रोतुं समाययुः श्राद्धाः शतशोऽथ सहस्रशः ॥ ३१ ॥
गात्राणां पञ्चकं वैया–वृत्त्ये तपसि चानघे ॥
स्वाध्याये चासक्तमभू–च्चयमेतन्मतं सताम् ॥ ३२ ॥

વાની ઇચ્છા કરનારા તે બન્ને જણાએ વિનતિ કરી ત્યારે મોહનમુનિજીએ તેમને સંસારસાગરથી તારનારી સંવેગી દીક્ષા આપી. (૨૭) સંવત્ ઓગણીસેં છેતાલીશ–(૧૯૪૬)ના જેઠ વદી અગ્યારસને દિવસે ઉપર કહેલી દીક્ષાઓનો ઉત્સવ થયો. (૨૮) પછી વાસક્ષેપ કરતી વખતે મોહનમુનિજીએ કહ્યું કેઃ–"પહેલાનું (ઉજમભાઇનું) "ઉદ્યોત" એવું અને બીજાનું (રાજમલ્લનું) " રાજમુનિ " એવું નામ આજથી પ્રસિદ્ધ થાઓ." (૨૯) જેમના ચરણકમલની પાસે જશ, કાંતિ, હર્ષ, રાજા અને ઉદ્યોત એ પાંચે નમીને સેવામાં તત્પર છે, તેમના મહિમાનું વર્ણન કેટલું કરાય? એટલે જસમુનિ, કાંતિમુનિ, હર્ષમુનિ, રાજમુનિ અને ઉદ્યોતમુનિ એ પાંચે ચેલાઓ મોહનમુનિજીની સેવામાં તત્પર રહ્યા. (૩૦) ચોમાસું શરૂ થયું ત્યારે મોહનમુનિજીની દેશના સાંભળવા વાસ્તે સેંકડો તથા હજારો ભવ્યજીવો આવવા લાગ્યા. (૩૧) ઉપર કહેલા પાંચે ચેલાઓ

वार्षिकं पर्व महता महेन श्रावकास्तदा ॥
धर्मं चतुर्विधं भावा–दाराध्य सफलं व्यधुः ॥ ३३ ॥
आष्टाह्निकोत्सवः स्नात्रं पूजा च विविधं तपः ॥
श्रीमन्मोहनमाहात्म्या–न्निर्विघ्नमभवत्किल ॥ ३४ ॥
शोभनानि निमित्तानि विहारं निकटागतम् ॥
वीक्ष्य ते भविकः कश्चि–द्बुध्येतेत्यनुमेनिरे ॥ ३५ ॥
अथ लाटनिवास्यागा–त्कश्चिच्छगणनामकः ॥
श्रीमोहनमुनीन्नत्वा देशनां शुश्रुवेऽमलाम् ॥ ३६ ॥
लाभमालोक्य भूयोऽपि बोधितो मोहनर्षिभिः ॥
स धर्मतत्त्वं विज्ञाय परं संवेगमासदत् ॥ ३७ ॥

કોઇ વેયાવચ્ચ, તો કોઇ સારી તપસ્યા, તેમજ કોઇ ભણવુંગણવું, વિગેરે ધર્મકરણીમાં તત્પર થયા. ઠીકજ છે, વેયાવચ્ચ, રૂડી તપસ્યા અને ભણવું-ગણવું એ ત્રણ પ્રકારની સાધુની ક્રિયા સત્પુરૂષોને માન્ય છે. (૩૨) પજુસણ પર્વ આવ્યું ત્યારે મોટા ઉત્સવની સાથે બધા શ્રાવકોએ દાન, શીલ, તપ અને ભાવના એ ચાર પ્રકારના ધર્મની આરાધના કરીને આવેલું પર્વ સફલ કર્યું. (૩૩) તે પર્વ ઉતરી ગયા પછી અઠ્ઠાઇ ઉત્સવ, સ્નાત્ર, ઘણીપ્રકારની પૂજાઓ તથા જાતજાતની તપસ્યાઓ થઈ, તે બધું શ્રીમોહનમુનિજીના પ્રભાવથી અંતરાયરહિત પાર પડ્યું. (૩૪) ત્યારબાદ મોહનમુનિજીનો વિહાર કરવાનો અવસર નજીક આવ્યો, અને સારાં શકુન થવા લાગ્યાં, તે ધ્યાનમાં લઈ મોહનમુનિજીએ તર્ક કર્યો કેઃ– "કોઇ ભવ્યજીવ મારાથકી પ્રતિબોધ પામશે." (૩૫) એટલામાં લાટ દેશનો (ભરૂચ પ્રાંતનો) રહીશ કોઇ "છગન" નામનો શ્રાવક મોહનમુનિજીને વાંદીને તેમની પવિત્ર દેશના સાંભળવા બેઠો. (૩૬) મોહનમુનિજીએ પણ લાભ જોઇને દેશના પૂરી થયા પછી ફરીથી તેને ધર્મોપદેશ કર્યો, ત્યારે

दृढां परिणतिं ज्ञात्वा तस्मै ज्ञवतितीर्षवे ॥
मुनीन्द्रास्ते ददुर्दीक्षां कर्मसंघातनाशिनीम् ॥ ३८ ॥
मुन्यब्धिनन्दज्नूसंख्ये वैक्रमेऽब्दे समाददे ॥
माघेऽसिते च पञ्चम्यां ज्ञगणः स महाव्रतम् ॥ ३९ ॥
तस्याख्या देवमुनिरि–त्यज्ञवत्सद्गुरूदिता ॥
छेदोपस्थापनमथ पूर्वदीक्षितयोरज्नूत् ॥ ४० ॥
ततो यशोमुनेरेज्ञात्रो गुणनामात्तसंयमः ॥
रुजार्दितोऽज्नवत्पूर्व–कृतकर्मोदयादसौ ॥ ४१ ॥
वैयावृत्त्यार्थमेतस्य तत्र राजमुनिं न्यधुः ॥
स्वयं ज्ञात्रयुतास्तेऽथ विहर्तुमनसोऽज्नवन् ॥ ४२ ॥

ધર્મનું તત્વ જાણવામાં આવ્યાથી તેને ઘણો સંવેગ ઉપજ્યો. (૩૭) સંસારસાગરમાંથી તરવાની ઇચ્છા કરનાર એવા તે શ્રાવકનો ચારિત્ર લેવાનો દૃઢ પરિણામ છે, એમ જાણીને મોહનમુનિજીએ કર્મના સંઘાતને તોડી નાંખનારી સંવેગી દીક્ષા તેને આપી. (૩૮) સંવત્ એગણીસેં સુડતાલીશ–(૧૯૪૭)ના માહા વદી પાંચમને દિવસે "છગન" શ્રાવકે મોહનમુનિજી પાસેથી દીક્ષા લીધી. (૩૯) મોહનમુનિજીની આજ્ઞાથી તેનું સાધુપણાનું "દેવમુનિ" એવું નામ પ્રસિદ્ધ થયું. ત્યારપછી પૂર્વે જ્યેષ્ઠ મહિનામાં દીક્ષા લીધેલા ઉદ્યોતમુનિ તથા રાજમુનિ એ બે જણાને વડી દીક્ષા આપવાનો ઉત્સવ થયો. (૪૦) એટલામાં જસમુનિજીના નવી દીક્ષા આપેલા ગુણમુનિ નામના ચેલાને પૂર્વભવમાં ઉપાર્જેલા અશુભ કર્મના ઉદયથી હરસ નામના રોગનો વિકાર થયો. (૪૧) તેનું વેયાવચ્ચ કરવામાટે રાજમુનિને રાખીને બાકી પરિવારસહિત મોહનમુનિજીનો વિહાર કરવાનો વિચાર થયો. (૪૨) એટલામાં મુંબઇના રહીશ શેઠિયા લોકોએ ભેગા થઇને મોહનમુનિજીને ઘણા આદરથી વિનતિ કરી કે, "આપ પધારીને મુંબઇનગરી પા-

तदा मोहमयीवासी संघस्तान्मुनिसत्तमान् ॥
व्यजिज्ञपन्मोहमयी पावनीयेति सादरम् ॥ ४३ ॥
प्रस्तुतां षोम्शीमेतां चतुर्मासीं यथासुखम् ॥
निवस्य ते मुनिवरा विजह्रुः समये शुभे ॥ ४४ ॥

विज्ञप्तिमुररीकृत्य प्रस्थिता दक्षिणां दिशम् ॥
समं छात्रैः श्रावकैश्च दमनाख्यं पुरं ययुः ॥ ४५ ॥
तत्र मोहमयीवासी संघः सहयियासया ॥
आगत्य मोहनमुनी–न्ववन्दे हृदि रागवान् ॥ ४६ ॥

श्रीमोहनमुखाद्धर्म–लाभं श्रुत्वा सुदुर्लभम् ॥
अलब्धपूर्वमानन्द–माप्नोत्संघः स भाग्यवान् ॥ ४७ ॥
मोहमय्या नातिदूरे पुरमाकाशनामकम् ॥
चैत्रेऽसिते समाजग्मुः ससंघा मोहनर्षयः ॥ ४८ ॥

વન કરેા.” (૪૩) સંવત્ એાગણીસેં સુડતાલીશ–(૧૯૪૭)માં સેાળમું ચેામાસું સુરતમાં સુખે રહીને મેાહનમુનિજીએ સારા મુહૂર્ત ઉપર ત્યાંથી વિહાર કર્યો. (૪૪) મુંબઇના લેાકેાની વિનતિ કબૂલ કરીને દક્ષિણ દિશીતરફ વિહાર કરનારા મેાહનમુનિજી પેાતાના ચેલા તથા સાથે ચાલનારા કેટલાક શ્રાવકેા એ બધાની જોડે દમણમાં આવ્યા. (૪૫) મેાહનમુનિજીની સાથે મુંબઈ જવા વાસ્તે ત્યાંના કેટલાક શ્રાવકેાનેા સંઘ દમણમાં આવ્યેા. અને હૃદયમાં ઘણેા રાગ રાખીને તેણે મેાહનમુનિજીને વાંદ્યા. (૪૬) મેાહનમુનિજીના મુખમાંથી “ધર્મલાભ” એવેા દુર્લભ શબ્દ સાંભળીને ભાગ્યશાળી સંઘને પૂર્વે કેાઇપણ વખતે નહીં થયેલેા હર્ષ થયેા. (૪૭) પછી ચૈત્ર વદીમાં સંઘની સાથે મેાહનમુનિજી, જે મુંબઇથી ઘણું દૂર નથી એવા

तत्रस्थजिनचैत्येऽनू–ज्जुत्सवो दिवसत्रयम् ॥
मुम्बापुर्याश्च बहव आजग्मुर्नविका जनाः ॥ ४९ ॥
चैत्रे सिते तिथौ षष्ठ्यां मुम्बापरिसरे शुभे ॥
उद्यानान्तर्वाटिकाया आगमन्मोहनर्षयः ॥ ५० ॥
सप्तम्यां मोहनमुनि–स्वागताय समाययुः ॥
सहस्त्रशो जनाः प्रात–र्गुरुपादान्ववन्दिरे ॥ ५१ ॥
विचित्रवेषालंकारै–श्चारुपुष्पस्रजस्थितैः ॥
वाजित्रसहितैरग्रे–यायिभिर्बालकैः शुभैः ॥ ५२ ॥
मधुरान्दूणवाजित्र–स्वरानाकर्ण्य नन्दितैः ॥
पृष्ठानुयातैः शृङ्गार–रुचिरैः श्रावकैर्वरैः ॥ ५३ ॥

"આગાશી" ગામમાં આવ્યા. (૪૮) ત્યાંના જિનમંદિરમાં પૂજા, અંગી, ભાવના વિગેરે ઉત્સવ ત્રણ દિવસ સૂધી થયો. તેમજ પૈસાદાર શ્રાવકોએ સાધર્મિવાત્સલ્ય પણ કર્યું, તે વખતે મુંબઇથી ઘણા શ્રાવકો મોહનમુનિજીને વાંદવાવાસ્તે આવ્યા. (૪૯) સંવત્ ઓગણીસેં સુડતાલીશ–(૧૯૪૭)ના ચૈત્ર સુદિ છઠ્ઠને દિવસે મોહનમુનિજી પરિવારસહિત ભાયખાળાઉપરશેઠ મોતીશાહની વાડીમાં પધાર્યા. (૫૦) પછી સાતમને દિવસે સવારમાંજ મોહનમુનિજીનું સ્વાગત કરવાવાસ્તે હજારો ભવ્યજીવોએ સાંભેલા સાથે ત્યાં આવી મોહનમુનિજીના ચરણ વાંદ્યા. (૫૧) ત્યારબાદ ભાયખાળેથી મોહનમુનિજીને પધરાવવાવાસ્તે મોટી ધામધૂમથી તૈયાર કરેલા વરઘોડા સાથે ગુરૂમહારાજ મોહનમુનિજીને તેડવા ગયેલા તમામ લોકો તેમને આગળ કરીને ત્યાંથી નીકળ્યા. તે વખતે વરઘોડાની રચના અપૂર્વ બની હતી. તેમાં જાતજાતના પોશાક તથા ઘરેણાં પહેરીને સુંદર ગાડીમાં બેઠેલી છોડીઓ તથા છોકરાઓ વાગતાં વાજાંની સાથે આગળ ચાલતા હતા. અંગ્રેજી વાજાંના મધુરશબ્દ સાંભળીને આનંદ પામેલા તથા તરેહતરેહનાં

नेपथ्यरत्नालंकार–रुचिराभिः सहस्त्रशः ॥
श्राविकाभिश्च मधुरं गायन्तीभिर्गुरोर्गुणान ॥ ५४ ॥
जयघोषैश्च गम्भीरै–रुद्घुष्टैरन्तरान्तरा ॥
मध्ये विराजमानैश्च सशिष्यैर्मोहनर्षिभिः ॥ ५५ ॥
मनोहरं समालोक्य प्रवेशोत्सवमादरात् ॥
मुम्बापुरीस्थाः सफलं मेनिरे दृष्टिसौष्ठवम् ५६ कुलकम्
ततः सपरिवारास्त आजग्मुर्मोहनर्षयः ॥
वसतिं नगरीमध्य–वर्तिनीं प्राशुकां वराम् ॥ ५७ ॥
देशनायां च संबाध–स्तत्राभूद्रागगोचरः ॥
तिलोऽप्युपरिवर्ती य–न्नान्तरन्तरमासदत् ॥ ५८ ॥
व्याख्यानशालां विस्तीर्णां तदा संघो न्यवेशयत् ॥
सहस्त्रपञ्चकं यत्रो–पविशेच्चूएवतां नृणाम् ॥ ५९ ॥

ઉચાં વસ્ત્રો પહેરવાથી સુંદર દેખાતા એવા ઘણા સુખી શ્રાવકો પાછળ ચાલતા હતા. ઘણી ઉંચી કિનખાબની સાડીઓ પહેરેલી તથા મોતીના અને રત્નજડિત અલંકારો પહેરેલી હજારો સુંદર સ્ત્રીઓ મધુર સ્વરે મોહનમુનિજીના ગુણ ગાતી હતી. રસ્તે જતાં વચ્ચે વચ્ચે રાગી શ્રાવકો ગંભીરધ્વનિથી " મોહનલાલ મહારાજકી જય " એવો શબ્દ વારંવાર બોલતા હતા. વરઘોડાની વચમાં ચેલાઓના પરિવારસહિત શ્રીમોહનમુનિજી વિરાજ્યા હતા. એવી વરઘોડાની મનોહર શોભા આદરથી જોઈને મુંબઈના રહીશ બીજા લોકોને પણ આવો સમારંભ જોવાથી આપણાં નેત્ર સફળ છે, એમ લાગ્યું. (૫૨–૫૬) પછી પરિવારસહિત મોહનમુનિજી સાધુને રહેવા લાયક અને શહેરના મધ્યભાગે આવેલા લાલબાગમાં આવ્યા. (૫૭) ત્યાં દરરોજ સવારમાં મોહનમુનિજીનું વ્યાખ્યાન શરૂ થયું, ત્યારે કહેવાય નહીં એટલી ભીડ થવા લાગી, તે એટલી કે, ઉપર પડેલો તલપણ અંદર પેસી શકે નહીં! (૫૮) ત્યારે સંઘે

पुरी मोहमयी तत्र व्याख्याता मोहमोहनः ॥
यदि तत्किं नरा नैव बुध्येरन्नुपदेशतः ॥ ६० ॥
धर्मश्रवणतो भव्या व्यधित्सन्विविधं तपः ॥
गुर्वाज्ञया पञ्चरङ्गी–तपः प्रागाद्रियन्त च ॥ ६१ ॥
व्रतिनां सप्तशत्या त–दन्वष्ठीयत भावतः ॥
ततः पर्युषणं पर्व दुर्लभं च समागमत् ॥ ६२ ॥
द्विषष्टिभक्तप्रत्याख्या चतुर्भिरुररीकृता ॥
द्वाभ्यां वेदाब्धिसंख्यानां भक्तानां त्याग आदृतः॥६३॥
चत्वारिंशन्मितं चैकः प्रत्याख्यादशनादिकम् ॥
चतुस्त्रिंशन्मितानि द्वौ द्वौ द्वात्रिंशन्मितानि च ॥ ६४ ॥
द्वाविंशतिं च द्वाभ्यां ता–मधिकां च शतं नराः ॥
सार्धद्विशत्या भक्तानि त्यक्तान्यष्टादशापि च ॥ ६५ ॥

વિચાર કરીને, સાંભળનારા પાંચ હજાર માણસ અંદર બેસી શકે, એવી મોટી વ્યાખ્યાનશાળા તુરત બનવાવી. (૫૯) નગરીનું નામ મોહમયી (મુંબઈ) અને મોહનેપણ મોહ પમાડે એવા મોહનમુનિજી ત્યાં વ્યાખ્યાન આપનારા એવો યોગ મળી ગયો, ત્યારે તે નગરીના રહીશ લોકો ધર્મદેશના સાંભળીને પ્રતિબોધ નહીં પામે કે શું ! (૬૦) તે વખતે ધર્મવ્યાખ્યાન સાંભળવાથી ભવ્યજીવોને જાતજાતની તપસ્યા કરવાની ઇચ્છા થઈ, પછી ગુરૂમહારાજની આજ્ઞાથી તેમણે પંચરંગી તપ પ્રથમ આદર્યું. (૬૧) તે તપ આસરે સાતસો માણસોએ ભાવથી આદરીને પૂરૂં કર્યું. એટલામાં પુણ્યવિના મળવું દુર્લભ એવું પજુસણપર્વ નજીક આવ્યું. (૬૨) ત્યારે ચાર જણાએ એક મહિનાના ઉપવાસનું પચ્ચખાણ ગુરૂમહારાજ પાસેથી લીધું. તેમજ બે જણાએ એકવીસ ઉપવાસનું, એક જણાએ ઓગણીસ ઉપવાસનું, બે જણાએ સોળ ઉપવાસનું, બે જણાએ

शतैश्च पञ्चदशभि-स्तपोऽष्टममुरीकृतम् ॥
षष्ठानां चोपवासानां संख्यां कर्तुं क्षमेत कः ॥ ६६ ॥
एवंविधा तपस्याभू-त्तदा पर्वणि शोभने ॥
कल्पोत्सवो भोगिचन्द्र-श्राद्धेनाकारि भावतः॥ ६७ ॥
ततोऽक्षयनिधिं नाम तपः स्वीचक्रुरार्हताः ॥
शतत्रयमितास्तच्च विना विघ्नं समाप्यत ॥ ६८ ॥
आश्विने च सिते भव्यै-रागमाख्यं महत्तपः ॥
चक्रे त्रिंशत्या तदाभू-त्पूजास्नात्रादि शान्तिदम् ६९
समेताऽश्च समव-सरणस्यागमस्य च ॥
संनिवेशो यथाशास्त्रं संघेनाकारि भावतः ॥ ७० ॥

પંદર ઉપવાસનું, એક જણાએ દશ ઉપવાસનું અને અઢીસો જણાએ આઠદિવસના ઉપવાસનાં પચ્ચખાણ લીધાં. (૬૩–૬૪–૬૫) પંદરસો જણાએ અઠ્ઠમ તપ કર્યું, અને છઠ્ઠની તથા ઉપવાસની તો ગણતરીજ નહીં! (૬૬) એ રીતે પજુસણ જેવા રૂડા પર્વ ઉપર ઘણી તપસ્યાઓ થઈ. તે અવસરે બાબૂસાહેબ ભોગીલાલ પુનમચંદ તરફથી કલ્પસૂત્રની પધરામણીનો વરઘોડો વિગેરે ઉત્સવ થયો. (૬૭) પછી ભવ્યજીવોએ "અક્ષયનિધિ" નામનું તપ આદર્યું. તેમાં આસરે ત્રણસો જણાએ ભાગ લીધો હતો, દેવગુરૂના પ્રસાદથી તે કામ કોઈ પણ અંતરાયવગર પૂરૂં થયું હતું. (૬૮) આશો મહિનામાં પિસતાલીશ આગમના તપની શરૂઆત થઈ, તેમાં પણ આસરે ત્રણસો માણસોએ ભાગ લીધો હતો. તે વખતે જાતજાતની પૂજા, વિઘ્નની શાંતિ કરે એવું સ્નાત્ર, વરઘોડો વિગેરે ઘણી ધામધૂમ થઈ (૬૯) પછી સમેત શિખરની, સમવસરણની અને પિસતાળીશ આગમની રચના શાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે મુંબઇના

तस्योत्सवः प्रवर्तते नृणामुत्साहवर्धनः ॥
प्रत्यहं महती पूजा–नवद्वीपोत्सवोऽपि च ॥ ७१ ॥
पूजादीपोत्सवाद्यासु तदा धर्मक्रियासु च ॥
धनाढ्याः श्रावकाश्चक्रुः स्पर्धया ऽविणव्ययम् ॥ ७२ ॥
मासं यावदनूदेव–मुत्सवो मोदवर्धनः ॥
सपादलक्षप्रमितं ऽव्यं विव्याय तत्र च ॥ ७३ ॥
तदा नव्यशतं नावा–च्चतुर्थं व्रतमाददे ॥
परस्त्रीत्यागनियमं सहस्राणां चतुष्टयम् ॥ ७४ ॥
एवं सहस्रशः प्रत्या–ख्यानानि नविका जनाः ॥
श्रीमोहनमुनीन्द्राणां सकाशाल्लेनिरे तदा ॥ ७५ ॥
बुद्धिसिंहाभिधः श्रेष्ठी श्रीमोहननिदेशतः ॥
शालार्थमददाद्वित्तं सहस्राणि च षोडश ॥ ७६ ॥

રાગી સંઘ તરફથી કરવામાં આવી. (૭૦) રચના થયાબાદ જેથી ભવ્યજીવોની ધર્મકરણી કરવાની ઇચ્છા વધે, એવો મોટો ઉત્સવ શરૂ થયો, ત્યારે દરરોજ સેંકડો રૂપીઆના ખરચથી મોટી પૂજાઓ, દીપોત્સવ વિગેરે ધર્મકાર્યો થવાં માંડ્યાં. (૭૧) પૂજા, દીપોત્સવ વિગેરે ધર્મકરણીમાં મોટા શેઠિયા લોકોએ ઉલટથી માંહોમાંહે સ્પર્ધા (હરીફાઇ) રાખીને વધારે ખર્ચ કર્યો. (૭૨) એવો આનંદને વૃદ્ધિ કરનારો મહોત્સવ એકમહિના સૂધી ચાલ્યો હતો. તેમાં તથા બીજી ધર્મક્રિયાઓમાં મળીને આસરે સવાલાખ રૂપિયાનો ખર્ચ થયો. (૭૩) પછી મોહનમુનિજી પાસેથી સો જણાએ ચોથાવ્રતની બાધા લીધી, તેમજ ચારહજાર લોકોએ શીલવ્રતનાં પચ્ચખાણ લીધાં. (૭૪) એ રીતે ગુરૂમહારાજ મોહનમુનિજી પાસેથી ભવ્યજીવોએ તે વખતે હજારો જાતનાં પચ્ચખાણ લીધાં. (૭૫) તે વખતે મકસુદાબાદના રહીશ બાબૂસાહેબ બુદ્ધિસિંઘજીએ મોહન-

एवं धर्मोन्नतिकरीं चतुर्मासीं महर्षयः ॥
ऋषुः सप्तदशीं मुम्बा–पुर्यां गात्रसमन्विताः ॥ ७७ ॥
अथैको राजनगर–वासी सकलनामकः ॥
तथानन्दपुरावासो हरिगोविन्दनामभाक् ॥ ७८ ॥
द्वावेतौ मोहनमुनि–मुखादाकर्ण्य देशनाम् ॥
संसारानित्यतां ज्ञात्वा प्रव्रज्यां लातुमैच्छताम् ॥ ७९ ॥
चतुर्मासीमुपासातां मोहनाङ्घ्रिसरोरुहम् ॥
तदा प्रसादं लेभाते सेवया हि स लभ्यते ॥ ८० ॥
सिते मार्गस्य पञ्चम्यां चारित्रं ललतुश्च तौ ॥
अभूदभूतपूर्वश्च तदा निष्क्रमणोत्सवः ॥ ८१ ॥

મુનિજીના ઉપદેશથી મોટા લાલબાગની ધર્મશાળા સુધરાવી તૈયાર કરાવવાવાસ્તે શોળહજાર રૂપિયા આપ્યા. (૭૬) ઉપર કહ્યાપ્રમાણે ધર્મની ઉન્નતિ કરનારૂં સત્તરમું ચોમાસું પરિવારસહિત મોહનમુનિજીએ મુંબઇમાં કર્યું. (૭૭) પછી અમદાવાદનો રહીશ "સાકળચંદ" નામે તથા વડનગરનો રહીશ "હરગોવન" નામે એ બે શ્રાવકોને મોહનમુનિજીના મુખથી ધર્મદેશના સાંભળીને "સંસારમાં દેખાતી બધી વસ્તુ ક્ષણભંગુર છે," એવો બોધ થવાથી તેઓને ચારિત્ર લેવાની ઇચ્છા થઈ. (૭૮–૭૯) તે બે જણાઓએ આખું ચોમાસું મોહનમુનિજીની સેવા કરી, તેથી તેમના ઉપર મોહનમુનિજીની પ્રસન્નતા થઈ. ઠીકજ છે, સદ્‌ગુરૂનો પ્રસાદ સેવા કરવાથીજ મળેછે. (૮૦) માગશર સુદી પાંચમને દિવસે ઉપર કહેલા બે શ્રાવકોએ મોહનમુનિજી પાસેથી ચારિત્ર લીધું. તે વખતે વરઘોડા વિગેરેનો જે અપૂર્વ ઉત્સવ થયો, તે જોઇને ઘરડાલોકો પણ કહેવા લાગ્યા કે, " આવો ડાઠ

प्रथमः सुमतिर्नाम द्वितीयो हेमनामकः ॥
अभूतां तौ सद्गुरूणां प्रसादात्किं नु दुर्लभम् ॥ ८१ ॥
अथैकदा धर्मचन्द्र–नामा धर्मक्रियापरः ॥
श्रीमोहनमुखाद्धर्मं श्रुत्वाभिग्रहमाददे ॥ ८२ ॥
चतुर्विधेन संघेन न यावद्धिमलाचलम् ॥
गन्तव्यं विधिना तावद्– दैक्षवं मे न कल्पते॥८४॥युग्मम्
विजिहीर्षून्मोहनर्षीन् रागिणः श्रावकाः पुनः ॥
न्यवासयन्को नु वाञ्छे–द्वियोजयितुममृतम् ॥ ८५ ॥
विहारनिश्चयमथो ज्ञात्वा तेषां महात्मनाम् ॥
संघः संमील्य तान्प्रेम्णा सत्त्वकार मुनीश्वरान् ॥ ८६ ॥

અમે આજસૂધી કદી જોયો નથી.” (૮૧) પહેલાનું (શાકળચંદનું) સાધુપણાનું નામ “સુમતિમુનિ” અને બીજાનું “હેમમુનિ” એવું નામ મોહનમુનિજીએ રાખ્યું. ઠીકજ છે, સદ્‌ગુરૂના પ્રસાદથી શી વસ્તુ દુર્લભ છે? (૮૨) પછી એક વખતે ધર્મકરણી કરવામાં તત્પર એવા ધરમચંદનામા શ્રાવકે મોહનમુનિજીના મુખથી ધર્મદેશના સાંભળીને અભિગ્રહ લીધો તે આરીતેઃ–“ચતુર્વિધ સંઘને સાથે લઇ છરી પાળીને જ્યાં સૂધી હું સિદ્ધાચળની યાત્રા ન કરૂં ત્યાંસૂધી ગોળ, ખાંડ, સાકર વિગેરે કોઇપણ ગળપણ મને ન ખપે.” (૮૩–૮૪) પછી વિહાર કરવાની ઇચ્છા કરનારા મોહનમુનિજીને ઘણા આગ્રહથી રાગી શ્રાવકોએ કેટલાક દિવસસૂધી રાખ્યા. ઠીકજ છે, પાસે રહેલું અમૃત દૂર કરવા કોણ ઇચ્છે? (૮૫) ત્યારબાદ રહેવાનો ઘણો આગ્રહ છતાં પણ મોહનમુનિજીનો વિહાર કરવાનો નિશ્ચય જાણીને મુંબઇનો સંઘ લાલબાગમાં ભેગો થયો, તેમાં મોટા મોટા શેઠિયાઓએ “આપસાહેબે અહીં પધારીને ચોમાસું કર્યું. તથા ઉપદેશ દઇને શાસનની ઘણી ઉન્નતિ કરી” એમ કહી મોહનમુનિજીને બહુમાન

माघेऽसिते तृतीयायां प्रज्ञाते मोहनर्षयः ॥
विहृत्य सपरीवारा मुम्बापरिसरे ययुः ॥ ८७ ॥
दयाचन्द्रस्योपरोधा–त्स्थित्वा तत्र कियच्चिरम् ॥
यथागतं विहृत्याथ प्राप्नुवन् सुरतं क्रमात् ॥ ८८ ॥
अष्टादशीं चतुर्मासीं तत्रैव न्यवसन्मुदा ॥
धर्मोन्नतिर्हि यत्र स्या–त्तिष्ठेयुस्तत्र संयताः ॥ ८९ ॥
श्रीमोहनोपदेशेन मुम्बायां सुरतेऽपि च ॥
तस्थुषां नविनां चित्तं धर्मरक्तमनूनृशम् ॥ ९० ॥
अथ पर्युषणे पर्व–ण्यागतेऽनव्यदुर्लभे ॥
श्राद्धानां धर्मबुद्धिस्तु जागरूकानवनृशम् ॥ ९१ ॥
इतः सूर्यपुरासन्ने ग्रामे कान्तारनामनि ॥
जिनचैत्यं च शाला च जीर्णोनूत्कालयोगतः ॥ ९२ ॥

આપ્યું. (૮૬) માહાવદિ ત્રીજને દિવસે પ્રભાતકાળમાં પરિવારસહિત મોહનમુનિજી વિહાર કરીને ભાયખાળાઉપર આવ્યા. (૮૭) ત્યાં દયાચંદ મલુકચંદના ઘણા આગ્રહથી ચારપાંચ દિવસ મુકામ કરીને પછી જે રસ્તે આવ્યા તેજ રસ્તે અનુક્રમે વિહાર કરીને સુરત પધાર્યા. (૮૮) પરિવારસહિત મોહનમુનિજી સુખે અઢારમું ચોમાસું કરવાવાસ્તે સુરતમાંજ રહ્યા. ઠીકજ છે, જ્યાં ધર્મની ઉન્નતિ થાય, એમ લાગે ત્યાં સંવેગી સાધુઓ રહેછે. (૮૯) મોહનમુનિજીના ઉપદેશથી મુંબઇના અને સુરતના રહીશ ભવ્યજીવોનું મન ધર્મકરણી કરવામાં ઘણુંજ તત્પર થઇ ગયું. (૯૦) પછી અભવ્યજીવોને મળવું દુર્લભ એવું પજુસણપર્વ આવ્યું, ત્યારે શ્રાવકલોકોની ધર્મકરણી કરવાની બુદ્ધિ ઘણી જાગૃત થઈ. (૯૧) આણીતરફ સુરતથી એક ગાઉઉપર આવેલા કતાર ગામમાં ધર્મ-

प्राग्जीर्णतरशालायाः समुद्धारो विधीयताम् ॥
एवं निरणयत्सङ्घः श्रीमोहननियोगतः ॥ ९३ ॥
पर्षद्यभयचन्द्राख्यः श्रेष्ठी तु प्रथमेऽहनि ॥
सङ्घं व्यजिज्ञपद्वित्तं यथाशक्ति प्रदीयताम् ॥ ९४ ॥
सहस्रपञ्चकं प्रादा– द्विष्णुचन्द्रोऽग्रतस्ततः ॥
वितेरुरन्ये भावेन वित्तं धर्मपरायणाः ॥ ९५ ॥
देवधर्मगुरूणां च प्रसादात्तत्कृणेऽभवन् ॥
पादलक्षमिता मुद्रा–स्तदास्मिन्धर्मकर्मणि ॥ ९६ ॥
चतुर्मास्यां व्यतीतायां धर्मचन्द्रो व्यजिज्ञपत् ॥
सार्धमागमनेनायं संघोऽलंक्रियतामिति ॥ ९७ ॥
तीर्थयात्रा भवेद्भाव्या–वाप्तापि सफलेति ते ॥
विचिन्त्य वचनं तस्य धर्मवृद्ध्यै प्रपेदिरे ॥ ९८ ॥

શાળા તથા જીનમંદિર જીર્ણ થઇ ગયાં હતાં. (૯૨) "ઘણી જીર્ણ થઇ ગયેલી ધર્મશાળાનો પ્રથમ ઉદ્ધાર કરવો" એવો મોહનમુનિજીની આજ્ઞાથી ત્યાંના સંઘે ઠરાવ કર્યો. (૯૩) પજુસણને પહેલે દિવસે અભયચંદ કસ્તુરચંદે પરખદામાં સંઘની વિનતિ કરી કે, "જેની જેવી શક્તિ હોય તે તે પ્રમાણે ધર્મશાળા સમારવાના કામમાં આંકડા ભરે." (૯૪) પછી કલકત્તાના રહીશ બાબૂસાહેબ વિસનચંદજીએ પ્રથમ પાંચહજાર રૂપિયાનો આંકડો મૂક્યો, ત્યાર બાદ કોઇએ પંદરસો, કોઇએ અગીઆરસો, હજાર, પાંચસો વિગેરે પોતપોતાની શક્તિમાફક આંકડા ભર્યા. (૯૫) દેવના, ધર્મના તથા ગુરૂમહારાજ શ્રીમોહનલાલજીના પ્રસાદથી ઉપર કરેલા ધર્મના કામમાં પચીસ હજાર રૂપિયાની રકમ ભેગી થઇ. (૯૬) ચોમાસું ઉતર્યું ત્યારે ધરમચંદે આવીને મોહનમુનિજીની વિનતિ કરી કે, "આપસાહેબ સાથે આવી પાલીતાણે જતા મારા સંઘને શોભાવશોજ." (૯૭) પછી "સિદ્ધગિરિની યાત્રા થશે, અને એ સુશ્રાવક ધરમચંદની

अथ श्रीमोहनमुनि–नाम्ना संयतवेषभाक् ॥
गुमाननामाजगाम मोहनाङ्घ्रिसरोरुहम् ॥ ९९ ॥
अथ हेमसुमत्योश्च गुमानाख्यमुनेस्तथा ॥
छेदोपस्थापनं चक्रे सुलग्ने मोहनर्षिभिः ॥ १०० ॥
पौषेऽसिते च पञ्चम्यां सार्धं शिष्यैरथाष्टभिः ॥
संघं विभूषयन्तस्ते विजह्रुर्मोहनर्षयः ॥ १०१ ॥
भृगुकच्छे स्तम्भनके तथान्येषु पुरादिषु ॥
निवसन्नध्वनि सुखं संघः स्वागतमासदत् ॥ १०२ ॥
नरा नार्यश्च शिशवः सर्वे सुखमवाप्नुवन् ॥
पदातयो ययुः पञ्च–शतं भव्या मुनीश्वरैः ॥ १०३ ॥

वांछा पण पूरी थशे," એम विचारीने धर्मनी उन्नति थवा माटे मोहन-मुनिजीએ तेनी विनति कबूल राखी. (९८) એटलामां मोहनमुनि-जीना नामथी पोतेज साधुनो वेष पहेरी डभोइमां चोमासुं करी गु-मानमुनि नामना साधु मोहनमुनिजीपासे आव्या. (९९) सारा मुहू-र्तઉपर सिद्धांतमां कहेली रीतप्रमाणे गुमानमुनिजी, हेममुनिजी अने सुमतिमुनिजी એ त्रणे जणाने वडी दीक्षा मोहनमुनिजीએ सारा लग्नઉपर आपी. (१००) पोष वदी पांचम गुरुवारने दिवसे आठ शिष्योनो प-रिवार साथे लईने संघने शोभावता એवा मोहनमुनिजीએ सुरतथी विहार कर्यो. (१०१) पछी ते ते गामना संघे करेला साधर्मिवात्सल्यनो अंगीकार करनारो धरमचंदनो संघ भरुच, खंभात, तथा रस्ते आ-वेलां बीजां पण गामडाओमां अने शहेरोमां मुकाम करतो पाली-ताणा तरफ गयो. (१०२) संघनी अंदर रहेला मरदो, बायडीओ अने छोकराओ એ बधां रस्तामां घणुं सुख पाम्यां, तेमज मो-

---

१—એ पोषमास उत्तरनो समजवो. अहीनो तो मागसर थाय.

संघवात्सल्यमन्नव–त्स्थाने स्थाने मनोहरम् ॥
धर्मोऽपि वित्तमवप–च्चैत्यादौ धर्मतत्परः ॥ १०४ ॥
संघान्तर्वर्तिनः श्राद्धा धनाढ्याः प्रत्यहं व्यधुः ॥
भावतः संघवात्सल्यं संघः पूज्यो हि सर्वदा ॥ १०५ ॥
माघासितत्रयोदश्यां संघेशः संघसंयुतः ॥
सद्गुरूणां प्रसादेन पादलिप्तं समासदत् ॥ १०६ ॥
तत्रत्यो नृपतिः संघ–स्वागतार्थं पदानुगान् ॥
अश्ववारान् गजादींश्च प्रेषयामास संमुखम् ॥ १०७ ॥
रथयात्रादि सकलं विधाय विधिनाथ सः ॥
धर्मचन्द्रो मोहनाङ्घ्री निपीड्य निरगात्ततः ॥ १०८ ॥

હનમુનિજીની જોડે આશરે પાંચસે માણસો છરી પાળીને પગે ચાલતા હતા. (૧૦૩) ઠેકાણે ઠેકાણે તે તે ગામના લોકોએ ધરમચંદના સંઘને જમાડયો, તથા પ્રભાવના પણ કરી, તેમજ ધર્મકરણીમાં તત્પર એવા ધરમચંદે પણ કાવી, ગંધાર વિગેરે ગામોમાં જીનમંદિર, જીવદયા વિગેરે ધરમખાતામાં ઘણું દ્રવ્ય વાવર્યું. (૧૦૪) સંઘની જોડે આવેલા ઘણા ધનાઢય શ્રાવકોએ દરરોજ ભાવથી સંઘનું વાત્સલ્ય કર્યું. ઠીકજ છે, શ્રાવકોને હમેશાં શ્રીસંઘ પૂજનીક છે. (૧૦૫) માહા વદી તેરસને દિવસે સવારમાં સંઘવી ધરમચંદ ગુરૂમહારાજ શ્રીમોહનમુનિજીના પ્રસાદથી સંઘસાથે પાલીતાણે પહોંચ્યા. (૧૦૬) ત્યારે પાલીતાણાના રાજાએ સંઘનું સ્વાગત કરવા વાસ્તે દેશી લશ્કરની એક ટુકડી, ઘોડેસ્વાર, હાથી, ઉંટ વિગેરે પરિવાર સામે મોકલ્યો. (૧૦૭) પાલીતાણામાં પ્રવેશ કર્યા પછી રથયાત્રા, નોકારસી, તથા માળાની પહેરામણી વિગેરે ધર્મક્રિયા શાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે ધરમચંદે કરી, અને મોહનમુનિજીના ચરણને ભાવથી વાંદીને સંઘને સાથે લઇ પાલી-

श्रेष्ठी धनपतिर्नाम तदाञ्जनशलाकिकाम् ॥
विधातुं मोहनमुनि–प्रतीक्षां पुरतोऽकरोत् ॥ १०९ ॥
श्रीमोहनमुनीन्द्रास्त–त्कार्यं निर्विघ्नमाचरन् ॥
ईदृशी विमला कीर्ति–र्विना पुण्यैर्न लभ्यते ॥ ११० ॥
परिवारयुतास्तत्र सुखं श्रीमोहनर्षयः ॥
न्यवात्सुः सिद्धशैलस्थ–जिनेशार्चनतत्पराः ॥ १११ ॥
ततः समन्ततः स्तोकं विहृत्य पुनरागताः ॥
सार्धं शिष्यैश्चतुर्मासीं न्यवसंस्तत्र संयताः ॥ ११२ ॥
आषाढे च सिते षष्ठ्यां भव्यमेकमदीक्षयन् ॥
श्रीमोहनमुनीन्द्राः स ऋद्धिनाम्ना प्रथामगात् ॥ ११३ ॥

ताणाथी ते नीकळ्यो. (१०८) आणीतरफ मफ्सुदाबादना रहीश रावबहादूर धनपतिसिंहजी अंजनशलाका करवा वास्ते मोहनमुनिजीनी आगळथीज वाट जोई रह्या हता. (१०९) गुरुमहाराज श्रीमोहनमुनिजीना हाथथी अंजनशलाकानुं मोटुं काम अंतरायरहित पार पड्युं. आवां मोटां कामो पूर्वभवे करेलां घणा पुण्यना उदयथीज थायछे. कारण के, पुण्यवगर माणसने सारा कामभां यश मळतो नथी. (११०) पछी परिवारसहित मोहनमुनिजी सिद्धगिरि उपर विराजता श्रीआदिनाथ भगवाननी सेवा करवावास्ते पालीताणामांज रह्या. (१११) वचमां भावनगर, गोधा, महुवा, दाढा विगेरे आजूबाजूना गामोमां विहार करीने थोडा दिवसमां पाछा परिवारसहित आवी मोहनमुनिजी पालीताणामां चोमासुं रह्या. (११२) त्यां बिकानेर तरफना रहीश एक गौडब्राह्मणे मोहनमुनिजीनो उपदेश सांभळी वैराग्य उपजवाथी आषाढ सुदी पांचमने दिवसे तेमनी पासेथी चारित्र लीधुं. तेनुं "ऋद्धिमुनि" एवुं

श्रीमोहनमुनीन्द्राणां सांनिध्याज्ञविका घनाः ॥
सिन्धाञ्जिनिकटे वस्तुं चतुर्मासीं समागमन् ॥ ११४ ॥
वार्षिके पर्वणि तपो–ऽकारि यज्ञविकैर्नरैः ॥
तेनाज्ञूवीरज्ञगव–ज्ञासनोन्नतिरद्भुता ॥ ११५ ॥
ततः समवसृत्यादि–संनिवेशं सुशिल्पिज्ञिः ॥
कारयित्वाथ संघेन चक्रे तत्रोत्सवो महान् ॥ ११६ ॥
मार्गे सिते च षष्ठ्यां च ज्ञव्यमेकं मुनीश्वराः ॥
अदीक्षयन्स ज्ञगण–नाम्नाज्ञूत्प्रथितो ज्ञुवि ॥ ११७ ॥
नन्दोदध्यङ्कधरणी–मितेऽब्दे वैक्रमेऽवसन् ॥
ऊनविंशां चतुर्मासीं सिन्धक्षेत्रे मुनीश्वराः ॥ ११८ ॥
अथ सूर्यपुरस्थानां श्राद्धानामुपरोधतः ॥
श्रीमोहनर्षयः प्रापुः सज्ञिष्याः सुरतं पुनः ॥ ११९ ॥

નામ ગુરૂની આજ્ઞાથી પ્રસિદ્ધ થયું. (૧૧૩) મોહનમુનિજી પાલીતાણામાં ચોમાસું રહ્યાછે, એ વાત સાંભળીને ઘણા ભવ્યજીવો ત્યાં ચોમાસું રહેવા-વાસ્તે આવ્યા. (૧૧૪) સંવત્સરી પર્વ ઉપર ત્યાં ભવ્યલોકોએ છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇ વિગેરે જે તપસ્યા કરી તેથી શ્રીવીરભગવાનના શાસનની ઘણી આશ્ચર્યકારક ઉન્નતિ થઈ. (૧૧૫) પછી ચોમાસું રહેલા લોકોની સહાયતાથી ત્યાંના શ્રીસંઘે સમવસરણ, અષ્ટાપદજી, મેરૂપર્વત, આબુ તથા સમેતશિખર એ પાંચેની રચના કરાવી મોટો ઉત્સવ કર્યો. (૧૧૬) માગશર સુદી છઠને દિવસે એક છગનનામા શ્રાવકે પ્રતિબોધપામી મોહ-નમુનિજી પાસેથી સંવેગી દીક્ષા લીધી. તેનું મોહનમુનિજીએ "છગ-નમુનિ" એવું નામ રાખ્યું. (૧૧૭) એ રીતે સંવત્ ઓગણીસેં ઓ-ગણપચાસ–(૧૯૪૯)માં મોહનમુનિજીએ પાલીતાણામાં ઓગણીસમું ચોમાસું કર્યું. (૧૧૮) પછી સુરતના રહીશ રાગી શ્રાવકોના ઘણા આગ્ર-

यथापूर्वं चतुर्मास्यां तपस्याद्यन्नवद्बहु ॥
प्रावर्तताथ कान्तार–ग्रामे तत्रोत्सवो महान् ॥११९॥
शालायां नूतनायां च संनिवेशः शुभोऽभवत् ॥
समेतशिखरादीनां प्रान्ते स्नात्रं तथा महत् ॥ १२१ ॥
आष्टाह्निकोत्सवे तत्र समन्ताद्वासिनो नराः ॥
आसन्नलक्षा आजग्मु–स्तेन संघोऽतुषद्भृशम्॥१२२॥
तदा तिलकचन्द्रादि–श्रेष्ठिनो धर्मतत्पराः ॥
चैत्योद्धारार्थमदुः सहस्राणि च विंशतिम् ॥ १२३ ॥
श्रीमोहनमुनीन्द्राणां सुकृतोदयतोऽखिलम् ॥
निरन्तरायमभव–त्पूजास्नात्रादि शोभनम् ॥ १२४ ॥
एवं विंशचतुर्मास्यां कृत्वा धर्मोन्नतिं पराम् ॥
विहर्तुमैच्छन्मुनयः परिवारेण संयुताः ॥ १२५ ॥

હથી તેઓ પાછા પરિવારસહિત સુરત પધાર્યા. (૧૧૯) પહેલાંની માફક સુરતના ચોમાસામાં તપસ્યા, આંગી, પૂજા, શાંતિસ્નાત્ર વિગેરે ઘણી ધર્મકરણી થઈ, ચોમાસું ઉતર્યા પછી પૌષમહિનામાં કતાર ગામે આવેલી ધર્મશાળામાં મોટો ઉત્સવ શરૂ થયો. (૧૨૦) ત્યાં નવી બંધાવેલી સુંદર ધર્મશાળામાં સમેતશિખરની રચના કરી હતી. તથા છેલ્લે દિવસે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવ્યું હતું. (૧૨૧) તે અઠ્ઠાઈ ઉત્સવમાં આસપાસના રહીશ આશરે એક લાખ શ્રાવકો દર્શન કરવા આવ્યા હતા. તેથી સુરતના શ્રીસંઘને ઘણો હર્ષ થયો. (૧૨૨) તે વખતે તલકચંદ માણેકચંદ, નગીનચંદ કપુરચંદ, ધરમચંદ ઉદેચંદ વિગેરે ધનાઢ્ય શ્રાવકોએ જીર્ણમંદિરનો ઉદ્ધાર કરવાવાસ્તે માહોમાહે ટીપ કરીને વીશ હજાર રૂપિયા ભેગા કર્યા. (૧૨૩) તે સમયે મોહનમુનિજીના પુણ્યના ઉદયથી પૂજા, આંગી, અષ્ટોત્તરીસ્નાત્ર, નોકારસીઓ વિગેરે બધાં ધરમનાં કામો અંતરાયરહિત પાર પડ્યાં. (૧૨૪) એ રીતે

अथ मोहमयीवासि–श्राद्धा एवं व्यजिज्ञपन् ॥
निजैः पदैः पुनर्मुम्बा पावनीया प्रसादतः ॥ १२६ ॥
रागिणः श्रावका–न्देशकालाद्यालोच्य संयताः ॥
अरीकृत्य विज्ञप्तिं विजह्रुश्चात्रसंयुताः ॥ १२७ ॥
श्रावकैः सेव्यमानास्ते मुम्बापरिसरं क्रमात् ॥
आजग्मुरष्टभिः शिष्यै रागिणां मोदवर्धनाः ॥१२८॥
श्रीमोहनमुनीन्द्राणां प्रवेशस्योत्सवो महान् ॥
सप्तम्यां भविता प्रात–र्वार्तेयं पप्रथेऽग्रतः ॥ १२९ ॥
परिष्कृताः पुष्परथाः प्रजाते सपरिच्छदाः ॥
सनाथा भूषितैर्बालैः शतशस्तूर्णमासदन् ॥ १३० ॥

વીશમા ચોમાસામાં સુરતની અંદર ઘણી ધર્મની ઉન્નતિ કરીને મોહનમુનિજીએ પરિવારસહિત વિહાર કરવાનો વિચાર કર્યો. (૧૨૫) પછી મુંબઇના શેઠિયાઓએ મોહનમુનિજીની વિનતિ કરી કેઃ–" આપસાહેબ ફરીથી પગલાં કરીને મુંબઇને પવિત્ર કરો." (૧૨૬) " વિનતિ કરનારા શ્રાવકો ઘણા રાગી છે " એમ વિચારીને તેમજ દેશ, કાલ, દ્રવ્ય અને ભાવ એમનો પણ વિચાર કરીને મોહનમુનિજીએ મુંબઇના શ્રાવકોની વિનતિ કબૂલ કરી. અને પરિવારસહિત વિહાર કર્યો. (૧૨૭) રાગી શ્રાવકો રસ્તામાં જેમની ઘટતી સેવા કરવા તૈયાર છે, એવા મોહનમુનિજી આઠ શિષ્યોને સાથે લઇને અનુક્રમે વિહાર કરતા ભાયખાળા ઉપર આવ્યા. ત્યારે મુંબઇના રાગી શ્રાવકોને ઘણો હર્ષ થયો. (૧૨૮) " ચૈત્ર સુદિ સાતમને દિવસે પ્રભાતકાળમાં પરિવારસહિત મોહનમુનિજી મુંબઇશહેરમાં પ્રવેશ કરશે, અને તે વખતે વરઘોડા વિગેરેનો મોટો ઉત્સવ થશે. " એ વાત કેટલાક દિવસ આગળથીજ શહેરમાં ફેલાઇ હતી. (૧૨૯) સાતમને દિવસે સવારમાંજ પૂર્વે કરેલા ઠરાવ માફક સેંકડો

चतुर्विधानां वाद्यानां वादने कुशला गणाः ॥ १३१ ॥
पञ्चाशत्प्रमिताः शीघ्रं ढूणानां समुपस्थिताः ॥
कान्तैर्वसनभूषाद्यै–र्द्योतयन्तो दिशो दश ॥
सहस्रशो नरा नार्यः स्वागताय समागमन् ॥ १३२ ॥
ततः संघं प्रीणयन्तः श्रीमोहनमुनीश्वराः ॥
परिवारेण महता मुम्बायां प्राविशन्मुदा ॥ १३३ ॥
नारीणां च नराणां च द्विधा लक्षेण सस्पृहम् ॥
प्रवेशस्योत्सवस्तेषां ददृशे संयतात्मनाम् ॥ १३४ ॥
वसतौ नूतनायां ते निवसन्तश्च सांप्रतम् ॥
देशनासुधया संघं प्रीणयन्ति मुनीश्वराः ॥ १३५ ॥

शणगारेली सुंदर गाडीओ भायखाळा उपर आवी. तेमां केटलीक चार घोडानी तथा बाकी बे घोडानी हती. तेनी जोडे शिपाइप्यादानो परिवार हतो, अने अंदर जातजातनां कपडां तथा घरेणां पहेरेली बाळकीओ तथा बाळको बेठां हतां. (१३०) चार प्रकारनां वाजित्र वगाडवामां निपुण एवा अंग्रेज वाजंत्रीओ वगाडनारा लोकोनी आशरे पचास टकडीओ तेज वखते हाजर थई. (१३१) जातजातनां दीपतां वस्त्र तथा अलंकारवडे दशे दिशाओने प्रकाशित करनारी हजारो स्त्रियो तथा पुरुषो मोहनमुनिजीनुं स्वागत करवावास्ते आव्या. (१३२) पछी उपर कहेला मोटा आडंबरसहित मोहनमुनिजीए आपणा आठ शिष्योने साथे लइने मुंबइ शहेरमां प्रवेश कर्यो. त्यारे मोहनमुनिजीना पधारवाथी मुंबइना संघने घणो हर्ष थयो. (१३३) रस्ते जतां लाखो नगरवासी स्त्रियोओ तथा पुरुषोओ लक्ष दइने घणी उत्सुकताथी मोहनमुनिजीनो प्रवेशोत्सव (वरघोडो विगेरे) दीठो. (१३४) पछी लालबागमां नवा तयार थयेला उपासरामां मोहनमुनिजीए वसति करी.

यथेक्षुरसमाधुर्य–मग्रेऽग्र्योऽधिकमङ्घ्रिषु ॥
सुकृतं मोहनर्षीणां तथा विद्याद्यथोत्तरम् ॥ १३६ ॥
अतः पूर्वाधिकैतस्यां चतुर्मास्यां भविष्यति ॥
अधर्मोत्सादजननी प्रवरा शासनोन्नतिः ॥ १३७ ॥
श्रीमोहनमुनीन्द्राणा–मलंचन्द्रादयो दश ॥
शिष्याः पञ्च प्रशिष्याश्च वर्तन्ते सांप्रतं किल ॥ १३८
सुदुर्लभाः सांप्रतं यद्धर्मोन्नतिकरा जनाः ॥
चिरं तत्सपरीवारा जीयासुर्मोहनर्षयः ॥ १३९ ॥
विस्रसाविशदा येषां मूर्ध्नि पुण्याङ्कुरा इव ॥
उल्लसन्ति शिरोजास्ते जीयासुर्मोहनर्षयः ॥ १४० ॥

હાલમાં ત્યાં દરરોજ દેશનારૂપ અમૃત પાઇને મોહનમુનિજી મુંબઇના સંઘને તૃપ્ત કરેછે. ઉપરથી મૂળિયા તરફ આવેલા શેલડીના ગાંઠામાં જેમ ઉત્તરોત્તર મીઠાશ વધારે હોયછે, તેમ મોહનમુનિજીના સુકૃતનો ઉદય પણ દિવસે દિવસે વધારેજ થતો જાયછે. (૧૩૬) વાસ્તે, પહેલા ચોમાસા કરતાં આ ચોમાસામાં અધર્મને દશે દિશીએ નસાડનારી ઘણી શાસનની ઉન્નતિ થશે. (૧૩૭) શ્રીમોહનમુનિ મહારાજના ૧ અલંચંદજી, ૨ જસમુનિજી, ૩ કાંતિમુનિજી, ૪ હર્ષમુનિજી, ૫ ઉદ્યોતમુનિજી, ૬ રાજમુનિજી, ૭ દેવમુનિજી, ૮ ગુમાનમુનિજી, ૯ સુમતિમુનિજી અને ૧૦ હેમમુનિજી એ દસ ચેલાઓ તથા અલંચંદજીના બે, જસમુનિજીના ગુણમુનિજી અને ઋદ્ધિમુનિજી એ બે ચેલાઓ તથા રાજમુનિજીનો છગનમુનિજી નામનો એક ચેલો, એ બધા મળીને એમના સંઘાડામાં હાલ પન્દર સાધુઓ છે. (૧૩૮) ધર્મની ઉન્નતિ કરનારા મહાત્માઓ હાલના વખતમાં ઘણા દુર્લભ છે, વાસ્તે મોહનમુનિજી આપણા પરિવારસહિત ચિરકાળ જયવંતા રહો. (૧૩૯) અવસ્થાથી સફેદ થયેલા

पक्षपातेन रहिता येषां रुच्या वचःसुधा ॥
वशीकरोति भव्यांस्ते जीयासुर्मोहनर्षयः ॥ १४१ ॥

इति मुनिवरमोहनप्रकृष्ट-
गुणगणरुचिराम्बुजासनायाः ॥
वचनकुसुममालिका सुकण्ठे-
ऽनवरतमिह राजतां शिवाय ॥ १४२ ॥

इति श्रीमत्पदवाक्यप्रमाणपारावारीण–विद्वन्मुकुटालंकार–श्रीबालकृष्णभगवच्चरणारविन्दमिलिन्दायमानान्तेवासिनः कानडोपाह्व–गोविन्दात्मज–दामोदरस्य कृतौ शाङ्के श्रीमोहनचरिते षोडशादि–विंशावधि–चातुर्मास्यवर्णनं नामाष्टमः सर्गः ॥ ८ ॥

જેમના માથાના વાળ ઉદય પામતા સુકૃતનાં અંકુરોજ હોયની શું? એવા શોભેછે, તે મોહનમુનિજી ચિરકાળ જીવતા રહો. (૧૪૦) પક્ષપાતરહિત જેમની મધુર વાણી ભવ્યજીવોને વશ કરેછે, તે મોહનમુનિજી ચિરકાળ જીવતા રહો. (૧૪૧) મોહનમુનિજીના સર્વોત્કૃષ્ટ ગુણના આધારથી શોભતી એવી એ મારી વચનરૂપી ફૂલની માળા સંસ્કૃતભાષારૂપ સરસ્વતીના સુંદર કંઠમાં ભદ્રિક જીવોના કલ્યાણને અર્થે ચિરકાળ શોભતી રહો. (૧૪૨)

(આઠમા સર્ગનો બાલાવબોધ સમાપ્ત.)

गोविन्दाचार्यपुत्रेण श्रीकृष्णाकुक्षिजन्मना ॥
मनोज्ञकृष्णाकूलस्थ—वैराजक्षेत्रवासिना ॥ १ ॥
प्राणायि कानडोपाह्वश्रीदामोदरशर्मणा ॥
श्रीमोहनर्षिचरितं श्रेयसे भव्यजन्मिनाम् ॥ २ ॥ युग्मम् ॥
देवकर्णादयः श्रेष्ठि—वर्या अस्याङ्कने ददुः ॥
साहाय्यमुचितं तेन नन्दन्तु भुवि ते चिरम् ॥ ३ ॥